શ્રી બલ્લાલ વિરચિત સંસ્કૃત

ભોજપ્રબન્ધ.

તેનું ગુજરાતી ભાષાંતર.

Ino - 292

શ્રી બલ્લાલ વિરચિત સંસ્કૃત

ભોજપ્રબન્ધ.

ત્હેનું

ગુજરાતી ભાષાંતર.

રચી પ્રસિદ્ધ કરનાર,

ચુનીલાલ પિતાંબર ભટ્ટ.

શ્રી નવિન વૈદ્યવિદ્યા વિગેરેના કર્તા—

રાયપુર, અમદાવાદ.

અમદાવાદ—"હિતેચ્છુ" પ્રેસમાં હરિપ્રસાદ પિતાંબરદાસ મહેતાએ છાપ્યો.

આવૃત્તિ ૧ લી. નકલ ૧૨૦૦

સંવત ૧૯૭૧ સને ૧૯૧૫

કિંમત રૂ. ૧।

લલ્લુભાઈ નાનાભાઈ ભટ્ટ.



જન્મ વિ. સં. ૧૯૧૪ ચૈત્ર શુક્લ ૯.

MUKUND ART PRESS AHMEDABAD.

अर्पण पत्रिका.

મુરબ્બી કાકાશ્રી

ઝલ્લુભાઇ નાનાભાઇ ભટ્ટ.

હરિગીત છંદ

માતા પિતા ગુજરી જતાં ઉછરૂં હું જેના પ્યારમાં,
જેની નજર મીઠી વડે વિચરૂં વિષમ વ્યવહારમાં;
ઉત્તમ અધીકારી છતાં સાદું જીવન જે ગાળતા,
સાધુ રૂપે રહી આત્મવત્ અમને સદા સંભાળતા.
આજ્ઞા વડીલની શું ? અને કેવી રીતિથિ પળાય છે,
કાકા ! જીવનમાં આપના એ પળ પળેજ ભળાય છે;
વૃદ્ધો તણા ઉપકારનો બદલો કંઇ શું વળાય છે ?
ના નહી; છતાં કૃતી રાંકડી અર્પી હૃદય હરખાય છે.

લી૦ આપનો,

નમ્ર અને આજ્ઞાંકીત ભત્રીજો.

ચુનીલાલ પિતાંબર નાનાભાઇ ભટ્ટ.

ઉપોદ્‌ઘાત.

ઉત્તમ જ્ઞાન સાથે ઉત્તમ ગમ્મત આપનારો કવિરાજ શ્રી બલ્લાલનો રચેલો આ મહાન્ ગ્રંથ શ્રીભોજપ્રબંધ ધારાનગરીના જગત્ વિખ્યાત મહારાજા ભોજની મહાન્ કવિવર કાલીદાસ સાથેની રસીકતા અને વિદ્વાનો સાથેની ઉદારતા બતાવનાર આ મહાન્ ચિત્ર મ્હારા વાંચકવૃંદ આગળ મુકતાં મ્હને આજે અતિશય હર્ષ થાય છે. મ્હારા કરતાં સમર્થ લેખકોએ આ ગ્રંથ જુદી જુદી રીતે બ્હાર પાડયો છે છતાં આ પગલું મ્હને ભરતો જોઈ કોઈને કાંઇક પ્રશ્ન થશે તેના જવાબમાં એટલું જણાવવા રજા લઉં છું કે જુદા જુદા લેખકોના હાથથી એકનો એક વિષય જુદી જુદી રીતે લખાવાથી તેમાં કાંઇ અલૌકીકજ ખુબી જણાય છે. સાહિત્યના શોખીનોને તુલના કરવાને વધારે વસ્તુ મળે છે અને મ્હારા જેવા રંક લેખકોનાં રંક લખાણુથી ઉત્તમ ગ્રંથકારોનાં ઉત્તમ લખાણુની સારી રીતે સાબીતી કરી શકાય છે:—

ધારાનગરીનું, કવિવર કાળીદાસનું અને મ્હારાજા ભોજરાજનું કાંઇક વર્ણન અત્રે આવશ્યક છે. ધારાનગરી વીશે ચાલતી એક બે દંત કથાઓ નીચે પ્રમાણે છે.:—

ઉજજયિની નગરીમાં પહેલાં એક આકાશ ગમની વિદ્યા જાણુનાર મહા પ્રતાપી અને ચમત્કારી અગ્નિવૈતાળ નામનો દૈવી પુરૂષ હતો. આવો પ્ર-

તાપી છતાં પુર્વે જન્મના કંઇક અયોગ્ય સંસ્કારથી તે તેજ નગરમાં રહેતી **ધારા** નામની ગુણિકા જોડે પ્રેમ-વ્યવહારમાં પડયો હતો. લોકલાજ, આબરૂ, સર્વેને કોરાણે મુકી રાત્રી દીવસ તે તેનું શેવન કરતો હતો. પ્રસંગાનુસાર કાંઇકિ વાત નીકળતાં રાજાના કાને ચમત્કારીક લંકાપુરીનું અલૌકીક વર્ણન આવ્યું અને તે ઉપરથી લંકાપુરી જેવું એક નગર વસાવી તેમાં પોતાની રાજ્યધાની કરવાનો વીચાર થયો. નગરમાં રાજાએ દાંડી પીટાવી કે લંકાપુરીનો નકશો કરી લાવનારને મોં માગ્યું ધન આપવામાં આવશે. લંકાનો નકશો કરી લાવવાનું સાહસ ઉઠાવવાની કોઇની હીંમત ચાલી નહી. ગુણિકા **ધારા** પોતાના પ્રીયતમ **અગ્નિવૈતાળ**ની સાહ્યતાથી એ કામ કરી આપવા બહાર પડી અને પોતાના પ્રીયતમના ખભે બેશી લંકા નગરીમાં ગઇ અને તેનો આબેહુબ નકશો ચીતરી લાવી રાજ્ય સભામાં રાજાના સન્મુખ રજુ કર્યો. રાજા તથા કચેરી મંડળ નકશો જોઇ ખુશ થયું અને રાજાએ ધારાને મોં માગ્યું ધન આપવાને કબુલ કર્યું. ગુણીકા પોતે ધનવાન હતી તેને પૈસાની કાંઇ દરકાર નહોતી તેથી બોલી મ્હારાજ મ્હારે કાંઇ પણ ધન જોઇતું નથી. મહેનતનો બદલો કોઇ પણ રીતે આપવાને રાજાએ ઇચ્છા બતાવી અને બીજુ કાંઇ માગવાનું કહ્યું તે વખતે **ધારા**એ કહ્યું કે જે નગર આપ વસાવો તે નગરનું નામ મ્હારા નામ ઉપર રાખો તે પરથી રાજાએ તે નગરીનું નામ **ધારાનગરી** પાડી ત્યાં પોતાની રાજ્યધાની સ્થાપી.

બીજી વાત આ પણ ચાલે છે કે:—

ઉજ્જયિની નગરીની ચોગરદમ ભોજરાજના વખતમાં જાહોજલાલી ચાલી રહી છે અને વ્હેપાર વણજને માટે તે મહાન અલૌકીક નગર થઇ પડયું જે વસ્તુ ત્યાં જાય છે

તેનાં બમણું તમણું નાણું ઉપજે છે. જે કાંઇ લઇને ત્યાં જાય ત્હેને તેનાં ખરીદનાર મળવાનાંજ આવી આવી વાતો એક ટીંખળી વણઝારાને કહાને આવતાં તે વાર્તા ખોટી પાડવાના ઇરાદાથી તે પાંચ પચાસ પોઠો રેતીની ભરીને ઉજ્જયિની નગરીમાં વેચવા ગયો. એમ કહેવાય છે કે તે નગરીને ચોરાશી ચૌટાં હતાં ત્યાં તે તમામ ચૌટામાં ફર્યો પણ રેતીની ગુણો કોઇએ રાખી નહી એટલુંજ નહી પણ એકે ગુણ ખરીદનાર આશામી તેને મળ્યો નહી તેથી તે નગરીની નીંદા કરતો કરતો વેશ્યાઓ જે જે દરવાજા આગળ વસતી હતી ત્યાં થઇ નગર-નીબ્હાર જતો હતો. ધારા નામની ગુણીકાએ આ પ્રમાણે નગરની નીંદા થતી સાંભળી તેની તમામ ગુણો ખરીદી લીધી અને નગરીનું જતું નાક રાખ્યું. ચર્ચાતી ચર્ચાતી આ વાત રાજાને કાને ગઇ અને તેણે ધારાને બોલાવી તમામ વાતનો ખુલાસો પુછ્યો. ધારા-એ તમામ હકીકત સવીસ્તર કહી સંભળાવી. રાજા ઘણો પ્રસન્ન થયો ને વરદાન માગવાનું કહ્યું ધારાએ કહ્યું એ રેતીના ઢગલા ઉપર નગર વસાવી તે નગરને મ્હારૂં નામ આપી ત્યાં આપ આપની રાજ્યધાની સ્થાપો. તે પરથી ધારાનગરી વસાવી રાજાએ ત્યાં પોતાની રાજ્યધાની કરી.

મહા કવિવર કાળીદાસઃ—

આ પુસ્તકમાં વિધા વિનોદમાં કવિવર કાલીદાસનું નામ વારંવાર આવે છે. કવિરાજની બાબતમાં પણ કાંઇ વાર્તાઓ ચાલે છે. તે વખતમાં કાંઇ એક રાજાની કન્યા તથા પ્રધાન પુત્ર એક શાળામાં ભણતાં હતાં બેઉ સ્વરૂપ વાન તથા વિધા વીલાસી હતાં. સમાન રૂપ ગુણને વય વાળાં હોવાથી અને સદાય સાથે અને એકજ ગુરૂની

છાયામાં હરનિષ રહેવાથી ઉભય વચ્ચે પ્રેમ થયો અને આ પ્રેમનું સ્વરૂપ પ્રધાન પુત્રના હૃદયમાં જુદીજ રીતે થતાં એક દીવસ તેણે તે રાજ્ય કન્યાના હાથની માગણી કરી. આ માગણી થતાં રાજ્ય કન્યા તીરસ્કારથી બોલી કે ગમેતેવો રૂપાળો, ભણેલો, વિધા વિલાસી, ચતુર તું છે તોપણુ તું મ્હારા પીતાના પ્રધાનનો પુત્ર છે. એટલે કે મ્હારા પીતાશ્રીના નોકરનો પુત્ર છે–નોકર છે–તો નોકરને હું મ્હારૂં હૃદય દાંન આપવા કોઈ પણ રીતે ખુસી નથી. મ્હારૂં હૃદય તો હું કોઇ રાજવંસીને આપીશ. પોતાના આ અપમાનથી પ્રધાન પુત્રને ઘણું ખોટું લાગ્યું અને રાજ્ય કન્યાને નીચી પાડી વૈર લેવા નીશ્ચય કરી તુરના તુરત તો પોતે અપમાનનો ઘુંટડો ગળી ગયો. સમય જતાં કન્યા મોટી થઇ એટલે રાજાએ પોતાના પ્રધાનને રાજ્ય કન્યા માટે કોઈ રાજવી વર શોધી લાવવા ફરમાવ્યું. આ તકનો લાભ લઇ પ્રધાન પુત્રે કહ્યું મ્હારાજ મ્હારા પીતા વૃદ્ધ થયા છે તેમનાથી દેશાટન થશે નહી આજ્ઞા હોય તો કુંવરી માટે યોગ્ય વરની તજવીજ કરવા હું જઊં રાજાએ હા પાડવાથી પ્રધાન પુત્ર વર શોધવાને બ્હાને પોતાનું વૈર તૃપ્ત કરવા નીકળી પડયો. તેણે કોઇ રાજવંસી પંડીત રાજકુંવર પસંદ કરવાને બદલે કોઇ મહા મુખ શીરોમણી શોધી કાઢવા નીશ્ચય કર્યો. પ્રસંગાનુ સાર વર શોધતાં શોધતાં તે એક જંગલમાંથી પસાર થતો હતો તે વખતે એક ઝાડની ડાળપર બેસી એક માણુસને તેજ ડાળ કાપ તો જોયો. આ ચમત્કાર કાંઇક નવીન લાગવાથી પ્રધાન પુત્રે પુછયું “અલ્યા મુર્ખના શીરોમણી જે ડાળે તું બેઠો છે તેજ ડાળ તું કાપે છે તો નીચે પડીશ નહી?” મુર્ખ રાજે ઉત્તર આપ્યો “હું એટલુંજ માગુંછું ચઢતાં તો ઉપર ચઢયો પણ મ્હને નીચે ઉતરતાં હવે ફાવતું નથી માટે ડાળ કાપી નીચે આવવાની તજવીજ કરૂંછું.”

પ્રધાન પુત્રને આ મુર્ખ શીરોમણી રાજ્ય કન્યાનો ગર્વ ઉતારવા માટે યોગ્યજ વર છે એમ નીશ્ચય થયો ને તેને નીચે ઉતારી સમજાવી પોતાની સાથે લીધો ગામમાં લાવી તેને પોપટીઆ જ્ઞાન આપી રાજ્ય દરબારમાં કેમ વર્તવું, કેમ બોલવું, કેમ ચાલવું, એ તમામ સીખવી દીધું. અને તેમની રાજાની સાથે મુલાકાત કરાવી. મુર્ખ રાજ શીરોમણીની વાક્ય ચાતુરીથીજ રાજા કોણ જાણે કેમ અંજાઈ ગયો કે વગર વિચારે પુત્રીનાં લગ્ન ઉતાવળથીજ કરી નાંખ્યાં. પ્રથમ રાત્રી સમાગમમાં નાના નાના પ્રકારના શણગારો સજી કુંવળી શયન ભવનમા આઇ તો પોતાના પતીને વસ્ત્રા ભુષણ સહીત એક ખુણામાં નીદ્રાધીન થએલો જોયો રાજકુમારીએ આવી ઉઠાડી વાર્તાલાપ કરવા યત્ન કર્યો પણ પઠાવી તૈયાર કરેલો ગમારપતી કંઇ પણ બોલ્યો નહી આથી રાજ કન્યાને પ્રધાન પુત્ર સાથે અગાઉ થએલી વાતચીત યાદ આવી અને વૈરને લીધે પ્રધાન પુત્રે આ ગમાર પોતાને માથે માર્યો છે એ વાતનું ભાન થતાં રાજ કન્યા અત્યંત દીલગીર થઇ. પોતાના પતીની શી ન્યાત જાત છે તે નક્કી કરવા રાજ્ય મહાલયનાં નવ નવાં રંગ બેરંગી જાત જાતનાં ચીત્રો બતાવતાં શ્રીકૃષ્ણ પરમાત્માનું બંસી સાથેનું ગામો સાથે વીહાર કરતું ચીત્ર જોઇને બહુજ પ્રસન્ન થયો આથી રાજ્ય કન્યાએ તેની જાત ભરવાડ છે એમ નકકી કર્યું. છતાં પુરી ખાત્રી કરવા તેણે પોતાના પતિને ધમકાવતાં કહ્યું કે "સાચે સાચું કહો તમે શી જાત છો? નહી તો સીપાઇઓ પાસે મારી નંખાવીશ." મોતના ડરથી તે કરગરતાં બોલ્યો, "હું જાતનો બ્રાહ્મણ છુ." ને પ્રધાન પુત્ર મ્હને

આડું અવળું સમજાવી તેમ લાગ્યો છે. મ્હને કૃપા કરી જવાદો" રાજ્ય કન્યાએ તેને પોતાના રાજ્યની હદમાં રહેવું નહી ને ચાલ્યા જવું એ શરતે જવા દીધો. મોતથી બચ્યો જાણી રાજ કન્યાનો પતિ તો બીચારો એકદમ ચાલ્યો અને રાતોરાત કાલીકા દેવીના મંદીરમાં આવી ભરાઇ બેઠો સ્હેજ ચિત્તસ્થિર થતાં તેને વિચાર આવ્યો "અરેરે આ ગામમાં સ્ત્રીઓ પણ આવી હોંશીઆર ને ભણી ગણી છે. અને હું પુરૂષ છતાં પણ આવો ગમાર રહ્યો. લાવ માતાજી પાસે વરદાન માગી લઊં આપે તો તેમ નહી તો તેને બ્રહ્મહત્યા આપુ. "નીશ્ચય કરી પોતાને વિદ્વાન કરે નહી તો જીવ આપું એમ પ્રતીજ્ઞા કરી મરવા તૈયાર થયો. તેનો પાકો નીશ્ચય જોતાં માતાજી ગભરાયાં ને બ્રહ્મહત્યા ન થવા દેવા પોતે મુર્ખ રાજને પ્રત્યક્ષ થઇ વર માગવા કહ્યું. તેના જવાબમાં મ્હને મોટો વિદ્વાન બનાવ કહી મુર્ખરાજ શાંત રહ્યા. શ્રી કાલીકા માતાએ તેને જીભ બહાર કાઢવા કહ્યું તેણે તેમ કર્યું ને તેની જીભપર સરસ્વતી મંત્ર માતાજીએ લખ્યો અને ત્યારથી આ મહા મુર્ખ શીરોમણી મહા વિદ્વાન થયો. કાલીકાના પ્રભાવથી પોતે વિદ્વાન થયો તેથી તેણે પોતાનું નામ **કાળીદાસ** રાખ્યું તેજ જગતમાં અમર નામના કરી ગએલા શ્રી કાળીદાસ પંડીત પ્રભાત થતાં રાજ્ય કન્યા નીત્ય નીયમ પ્રમાણે શ્રી કાળીકાદેવીની પુજા કરવા આવી તે વખતે પોતાના પતીને એક ચીત્તે શ્રી કાળીકાદેવીની સ્તુતી કરતાં જોયો. રાતે અણઘડ જેવો સુતો હતો અને અત્યારે શ્રી કાલીકાની એક ચીતે પુજા અને સ્તુતી કરે છે એ જોઇ રાજ કન્યાને કાંઇ નવાઇ લાગી અને પરીક્ષા કરવા પોતાની સખી પ્રત્યે બોલી.

अनिल स्यागमो नास्ति द्विपदानै वदष्यते।
जल मध्ये स्थितं पद्मं कंपितं केन हेतुना ॥

આ વખતે પવન પણુ પણુ જરા ૦ડાતો નથી. પક્ષી વિગેરે કોઈ અત્રે દેખાતું નથી છતાં પાણીમાનું કમળ શાથી હાલતું હશે ? આ પ્રશ્ન સાંભળી સ્વર સ્તુતી કરતા કાળીદાસના કાનમાં જતાં તે બોલ્યો.

पावकोछिष्ट वर्गस्य शर्वर्या बँधनं कृतं ।
मोक्षोन लभते कान्ते कंपितं केन हेतुना ॥

કૃષ્ણુ વર્ણુવાળો ભમરો રાત્રી પડવાના કારણુથી કમળમાં ભરાઇ ગયો છે તે ભ્રમર હે કાન્તે સુર્યોદય થવા પહેલાં મુક્ત થવા અસમર્થ છે.

આવું વિદ્વતા ભરેલું બોલવું સાંભળી રાજ કન્યા લજવાઇ ગઇ તેણે જાણ્યું કે પોતાનો પતિ ગમાર નથી પણુ મહા સમર્થ વિદ્વાંન છે અને વખતે પોતાની પરીક્ષા કરવા રાત્રે મુર્ખ બની ગયો હશે અને તેવા સમર્થ વિદ્વાનોને વિના કારણે પોતે કાઢી મુકયો જાણી આવી પોતાના પતિના પગમાં પડી માફી માગતાં બોલી अस्ति कश्चित् वाग्विशेष હજુ વાણીમાં વિશેષ કહેવાનું છે. આ ઉપરથી મહા કવિ કાળીદાસે પોતે પ્રથમના ત્રણુ શબ્દોથી શરૂ થતાં કાવ્યો રચ્યાં જેમનાં નામ. કુમારસંભવ મેઘદુત અને રઘુવંશ જે પુસ્તકો હાલ વિદ્વાનોમાં માનીતાં છે.

મહારાજા શ્રી ભોજઃ—

ઉજ્જયિનીમાં શ્રી હર્ષ નામે રાજા પ્રથમ રાજ્ય કરતો હતો તેને પેટે કાંઇ સંતાન નહોતું. એક વખતે રાજા શીકાર કરવા ગયો હતો અને શીકારમાંથી પાછા આવતાં સરકટના વનમાં મુંજના ભોથામાંથી તેને એક પુત્ર મળ્યો અને પોતાને કાંઇ સંતાન ન હોવાથી પોતાના પુત્ર તરીકે તેને પાળવાના વિચારથી તે પુત્રને લઇને પોતાની રાજ્યધાનીમાં આવ્યો. મુંજના ભોથામાંથી તે મળી આવ્યો માટે રાજાએ તેનું નામ **મુંજરાજ** રાખ્યું. અને તેને રાજ્ય પુત્રને યોગ્ય તમામ કેળવણી આપવાનું કામ શરૂ કર્યું. એટલામાં રાજા શ્રી હર્ષને બીજો પુત્ર થયો તેનું નામ **સીંધુલ** પાડવામાં આવ્યું પોતાને પુત્ર થવા છતાં એક વચની રાજાએ મરણ સમયે રાણી શ્રી શૃંગારસુંદરીના આગ્રહથી ગાદી **મુંજરાજને** આપી.

રાજ્યની લગામ હાથમાં લીધા પછી મુંજરાજને નાનો ભાઇ સીંધુલ તામસી પ્રકૃતિનો તોફાનીને અવિચારી માલમ પડયો તેને તેની નીતી રીતી સુધારવા માટે મુંજરાજે ઘણોએ સમજાવ્યો પણ પોતે એકનો બે ન થવાથી મુંજરાજે તેને દેશપાર કર્યો. સીધુળ ગુજરાતમાં આવો સીકારનો શોખીન સીંધુલ એક રાતે હાથમાં ધનુષ્ય બાણ લઇ સીકારની શોધમાં ફરતો હતો ત્યાં થોડે છેટે તેને કોઇ પશુનો આભાસ દેખાયો, તરતજ ઘુંટણીએ પડી તે તીર સાધવામાં એક તાર થયો તે એટલેસુધી કે તેની નીચે એક શબ પડયું હતું તેનું પણ તેને ભાન રહ્યું નહી. તેની એકાગ્રતાની પરીક્ષા કરવા

એટલામાં વસતા કોઈ વનવાસી ભુતે એ શબમાં પ્રવેશ કરીને શબને હલાવ્યું તોપણ સીંધુલને તે બાબતની કાંઇ ગમ પડી નહી. સીકાર માર્યા પછી તેને ઘસડી લાવતાં તે શબપર પગ મુકી તેણે નીશાન તાકયું હતું તે શબ આગળ તે આવ્યો તે વખતે શબ ઉભું થઇ ખડ ખડ હસવા મંડયું સ્થીર હૃદયનો સીંધુલઆથી જરા પણ ન ગભરાતાં શબની સ્હામે જઇને ઉભો, તે વખતે શબમાં પ્રવેશ કરનાર આત્મા બોલ્યો ધન્ય છે. શાબાશ છે. હું ત્હારી હીમત જોઇ પ્રસન્ન થયોછું તે જોઇએ તે વર માગી લે. સીંધુલે વર માગ્યો કે મ્હારૂં બાણ પૃથ્વી પર પડે નહી તેવો વર આપ તથાસ્તુ કહી વળી બીજો વર માગવાનું કહેતાં સીંધુલે વર માગ્યો કે આખા જગતની લક્ષ્મી મ્હારી ગાદીને વશ થાય તેનો પણ ઉત્તર તથાસ્તુમાં મળ્યો. આથી રાજા ભોજનો ભંડાર અખુટ હતો એમ કહેવાય છે. વરદાન મળ્યા પછી સીંધુલ પોતાના નગરમાં પાછો આવ્યો હતો. વળી રાજા મુંજે તેના બળની અદેખાઇ કરી તેને કેદમાં પુરાવ્યો હતો અને તેની આંખો પણ ફોડાવી નંખાવી હતી. આ અરસામાં સીંધુલને એક પુત્ર રત્ન પ્રાપ્ત થયું તેજ મહા પ્રતાપી રાજા ભોજ. દીવસ જતાં રાજા ભોજ મોટો થવા પામ્યો એક દીવસે રાજા મુંજના દરબારમાં જયોતીષિયો આવ્યા અને તરેહવાર પ્રશ્નો પુછતાં રાજા ભોજ સંબંધમાં પ્રશ્નો પુછતાં તેઓએ જણાવ્યું કે તે મહા પ્રતાપી રાજા થઇ આ રાજ્યાસનને દીપાવશે. જોશીઓના કહેવાથી ભય પામી રાજા મુંજે ભોજરાજને મારી નાંખવા પોતાના **વત્સરાજ** નામના મંત્રી સાથે મારા મોકલ્યા અને ભોજરાજને વનમાં લઇ જઈ મારી

નંખાવવાનો હુકમ કર્યો. રાજા ભોજને જંગલમાં લઇ જઇ કાકા મુંજનો હુકમ કહી સંભળાવી વત્સરાજે તૈયાર થવા સુચવ્યું તે વખતે દૈવને આધીન આખું વિશ્વ છે તો મ્હારૂં શું ગજું કહી કર્મવાદી રાજા ભોજ મરવા તૈયાર થયો પણ મરતાં પહેલાં પોતાના કાકાને આપવાને એક પત્ર લખી આપું છું તે તેમને આપજો કહી એક વડના પાંદડા પર લોહીથી નીચેનો શ્લોક લખ્યો.

मान्धाता च महीपतिः कृतयुगा लङ्कार भूतोगतः
सेतुर्य्येन महोदधौ विरचितः क्वासौ दशास्य न्तकः
अन्ये चापि युधिष्ठिर प्रभुतयो याता दिवं भूपते
नैकन पि समङ्गता व मतां नूनं त्वया यास्यति॥

આ શ્લોકનો ભાવાર્થ એ છે કે માંધાતા, યુધિષ્ટિર, રામ આદિ મોટા રાજાઓ થઈ ગયા તેમની સાથે આ પૃથ્વી ગઇ નથી પણ અહીંની અહીંજ પડી રહી છે પણ તમારી સાથે તો તે જરૂર સ્વર્ગમાં આવશે એમ મ્હારૂં માનવું છે. આ ભાવાર્થનો શ્લોક વાંચી મુંજરાજને વૈરાગ્ય ઉત્પન્ન થયો ને પોતાના આવા જ્ઞાની ભત્રીજાનો નાશ કરાવવા માટે પસ્તાવો કરવા લાગ્યો અને ચીતામાં બળી મરવા તૈયાર થયો. અંતઃકરણનો તેનો પસ્તાવો જોઇ વત્સરાજે ભોજરાજને હાજર કર્યો ને મુંજરાજને સોંપ્યો. મુંજરાજાએ પછી રાજ ભોજને સોંપી દીધું. અને પોતે રાજ્ય ભારથી છુટો થયો. રાજા ભોજ ગાદીએ બેઠો વિક્રમ સં. ૧૦૭૮ માં રાજા ભોજ માળવાનું રાજ્ય કરતા હતા એમ જણાય છે. તેમ ॥ રાજ્ય વ ી.

વટ અલૌકીક અને અસાધારણ ઉદારતા, કવિશ્વરો અને અનુપમ કાવ્યો પર તેમની પ્રીતી, ઉત્તમોત્તમ વાર્તા વીનોદ વિગેરેનો આ ગ્રંથ અનુપમ સંગ્રહ છે. એ વિદ્વાન વાંચકવૃંદના હસ્ત કમળમાં મુકતાં મને અનહદ આનંદ થાય છે. તેમાં રહેલા દોષો વાંચકવૃંદ ક્ષમા કરી ગુણગ્રાહી થશે એજ વિનંતી.

રાયપુર—હવેલી,
તા. સન૧૯૧૫

લી. સેવક,
ચુનીલાલ પીતાંબર ભટ્ટ.
ભાષાન્તર કર્તા—

॥ श्रीः ॥

अथ

भाषाटीकासमेतः

भोजप्रबन्धः

श्री गणेशाय नमः ॥ स्वस्ति श्रीम नराजाधिराजस्य भोजराजस्य प्रबंधः कथ्यते । आदौ धाराराज्ये सिंधुलसंज्ञो राजा चिरं प्रजाः पर्यपालयत् । तस्य वृद्धत्वे भोज इति पुत्रस्समजनि । स यदा पंचवार्षिकस्तदा पिता ह्यात्मनो जरां ज्ञात्वा मुख्यामात्यानाहूय अनुजं मुंजं म ।बलमालाक्य पुत्रं च बालं वीक्ष्य विचारयामास। यदाहं राजलक्ष्मीभारधारणसमर्थं सोदरमपहाय राज्यं पुत्राय प्रयच्छामि तदा लोकापवादः। अथवा बालं मे पुत्रं मुंजो राज्यलोभाद्विषादिना मारयिष्यति । तदा दत्तमपि राज्यं वृथा ।पुत्रहानिर्वंशोच्छेदश्च॥

गणेशं गुरुगौरीशौ नत्वा श्री गरुडध्वजम् ।

भोजप्रबंधशास्त्रस्य भाषाटीका विरच्यते ॥

પૂર્વે ધારા નગરીમાં સિંધુલ નામે રાજા રાજ્ય કરતા હતા. તે રાજાને તેમની વૃદ્ધાવસ્થામાં ભોજ નામે કુંવર પ્રાપ્ત થયો. કુંવરનું વય જ્યારે પાંચ વર્ષનું થયું ત્યારે,

સિંધુલ રાજાએ પોતાની વૃદ્ધાવસ્થા, નાના ભાઇ મુંજરાજનું સામર્થ્ય, અને કુમારની કીશોરવય જોઇ મુખ્ય મંત્રીયોને બોલાવી વિચાર કરવા માંડયો કે "જો હું રાજ્યના ઐશ્વર્યને ધારણ કરવાને સમર્થ ન્હાના ભાઇ મુંજરાજનો ત્યાગ કરી, રાજ્યપુત્રને અર્પણ કરીશ તો લોકમાં નિંદાને પાત્ર થઇશ અથવા તો રાજ્યલોભથી મુંજરાજ મ્હારા બાલકુંવરનું વિષ વિગેરેથી મૃત્યુ નીપજાવશે અને જો આમ થાય તો આપેલું રાજ્ય નીરર્થક જાય અને પુત્રનું મરણ થતાં વંશનો પણ નાશ થાય.

लोभः प्रतिष्ठा पापस्य प्रसूतिर्लोभ एव च ॥
द्वेषक्रोधादिजनको लोभः पापस्य कारणम् ॥१॥

લોભ પાપનું મૂળ છે, લોભ પાપનું ઉત્પત્તિસ્થાન છે અને દ્વેષ ક્રોધ આદિને ઉત્પન્ન કરનાર લોભ તેજ સર્વ પાપનું કારણ છે ૧

लोभात्क्रोधः प्रभवति क्रोधाद् द्रोहः प्रवर्त्तते ॥
द्रोहेण नरकं याति शास्त्रज्ञोपि विचक्षणः ॥२॥

લોભથી ક્રોધ ઉત્પન્ન થાય છે અને ક્રોધથી દ્રોહની ઉત્પત્તિ થાય છે અને દ્રોહ કરવાથી શાસ્ત્રજ્ઞ અને વિચીક્ષણ પુરૂષ પણ નર્કમાં જાય છે. ૨

मातरं पितरं पुत्रं भ्रातरं वा सुहृत्तमम् ॥
लोभाविष्टो नरो हंति स्वामिनं वा सहोदरम् ॥३॥

લોભમાં આશક્ત પુરૂષ માતા, પિતા, પુત્ર, ભાઈ (સુહૃદ) અંત્યંત સારા મીત્ર, સ્વામી અથવા સહોદરને પણ મારી નાંખે છે. ૩

इति विचार्य राज्यं मुंजाय दत्त्वा तदुत्संगे भोजमात्मजं मुमोच। ततः क्रमाद्राजनि दिवंगते

संप्राप्तराज्यसंपत्तिर्मुंजो मुख्यामात्यं बुद्धिसागर-नामानं व्यापारमुद्रया दूरीकृत्य तत्पदे अन्यं स्था-पयामास । ततोगुरुभ्यः क्षितिपालपुत्रं वाचयति । ततः क्रमेण सभायां ज्योतिः शास्त्रपारंगतः स-कलविद्याचातुर्यवान् ब्राह्मणः समागमत् । राज्ञे स्वस्तीत्युक्त्वा उपविष्टः । स चाह देव लोकोयं मां सर्वज्ञं वक्ति तत्किमपि पृच्छ ।।

આ પ્રમાણે વિચાર કરી સિંધુલ રાજાએ રાજ્ય મુંજરાજને સોંપી પોતાના કુંવર ભોજને તેના ખોળામાં બેસાર્યો, પછી સમય જતાં તે રાજા પરલોકવાસી થયા ત્યારે રાજ્યનું પૂર્ણ ઐશ્વર્ય જેના હાથમાં આવેલું હતું તેવા મુંજરાજે બુદ્ધિસાગર નામના મુખ્ય આમાત્યને તેના સ્થાનકથી દુર કરી અન્યને તે સ્થાને નિમ્યો અને પછી ગુરૂજનને ભોજકુંવરનું ભવિષ્ય પુછવા લાગ્યો. કાળ ક્રમણ થતાં જ્યોતિઃ શાસ્ત્રમાં પારંગત સંપૂર્ણ વિદ્યા ચાતુર્યવાળો એક બ્રાહ્મણ આવ્યો અને રાજાને આશીર્વચન આપી બેઠો, અને કહેવા લાગ્યો કે હે! દેવ! આ સંસાર મ્હને સર્વજ્ઞ કહે છે માટે આપ પણ કાંઈ પૂછો.

कंठस्था या भवेद्विद्या सा प्रकाश्या सदा बुधैः ।।
या गुरौ पुस्तके विद्या तया मूढः प्रवार्यते ।।४।।

કંઠમાં સ્થિતિ કરી રહેલી વિદ્યાનો વિદ્વ જજનોએ હમેશાં પ્રકાશ કરવો જોઈએ, જે વિદ્યા ગુરૂના પુસ્તકમાં રહેલી છે તેથી મૂઢજન હમેશાં રોકાઈ જાય છે. ૪

इति राजानं प्राह । ततो राजापि विप्रस्या-भावमुद्रया चमत्कृतां तद्वार्तां श्रुत्वा अस्माकं ज-

न्मत आरभ्यैतत्क्षणपर्यंतं यद्यन्मयाचरितं यद्यत्कृतं तत्सर्वं वदसि यदि भवान्सर्वज्ञ एवेत्युवाच । ततो ब्राह्मणोपि राज्ञा यद्यत्कृतं तत्सर्वमुवाच गूढ व्यापारमपि । ततो राजापि सर्वाण्यप्यभिज्ञानानि ज्ञात्वा तुतोष । पुनश्च पंचषट्पदानि गत्वा पादयोः पतित्वा इंद्रनीलपुष्परागमरकतवैडूर्यखचितसिंहासने उपवेश्य राजा प्राह ॥

આ પ્રમાણે રાજાને કહ્યું તેથી રાજા પણ તે બ્રાહ્મણની અહંકાર ભરેલી મુખમુદ્રા તેમજ તેણે કહેલી વાર્તાથી ચમત્કાર પામી કહેવા લાગ્યા, કે મ્હારા જન્મની ઘડીથી અત્યાર સુધીમાં મેં જેજે આચરણ વા કાર્યો કર્યા છે તેમનો સંપુર્ણ હેવાલ આપો તો હું આપને સર્વજ્ઞ માનું ત્યાર પછી તે બ્રાહ્મણે રાજાએ કરેલાં સર્વ આચરણ તથા કાર્યો કહી આપ્યાં તેની સાથે તેના ગુપ્ત વ્યવહારો પણ કહ્યા. રાજા તે બ્રાહ્મણની સર્વજ્ઞતાથી પ્રસન્ન થયો અને પાંચ છ કદમ ચાલી તેના ચરણમાં પડયો અને તે બ્રાહ્મણને ઇંદ્રનીલમણિ, પુષ્પરાજ, મરકતમણિ વેડુર્યમણિ આદિ રત્નોથી જડીત સિંહાસન ઉપર બેસારી કહેવા લાગ્યો કેઃ—

मातेव रक्षति पितेव हिते नियुंक्ते ।
कांतेव चाभिरमयत्यपनीय खेदम् ॥
कीर्तिं च दिक्षु विमलां वितनोति लक्ष्मीं ।
किं किन्न साधयति कल्पलतेव विद्या ॥५॥

વિદ્યા માતાની માફક રક્ષા કરે છે, પિતાની માફક સારાં કાર્યોમાં જોડે છે, સ્ત્રીની માફક ખેદ-પરિશ્રમને દૂર

કરી રમણુ કરાવે છે, સર્વ દિશામાં નિર્મળ કીર્તિને ફેલાવે છે અને લક્ષ્મીને વધારે છે એવી કલ્પલતા સમાન વિદ્યા શું શું સિદ્ધ કરી શકતી નથી?! સર્વ મનવાંછિત ફળને આપે છે. ૫

ततो विप्रवराय दशाश्वानाजानेयान् ददौ । ततः सभायामासीनो बुद्धिसागरः प्राह राजानं। देव भोजस्य जन्मपत्रिकां ब्राह्मणं पृच्छेति। ततो मुंजः प्राह । भोजस्य जन्मपत्रिकां विधेहीति । ततोऽसौ ब्राह्मण उवाच । अध्ययनशालाया भोज आनेतव्य इति । मुंजोपि ततः कौतुकादध्ययनशालामलंकुर्वाणं भोजं भटैरानाययामास । ततः साक्षात्पितरमिव राजानमानम्य सविनयं तस्थौ । ततस्तद्रूपलावण्यमोहिते राजकुमारमंडले प्रभूतसौभाग्यं महीमंडलमागतं महेंद्रमिव साकारं मन्मथमिव मूर्तिमत् सौभाग्यमिव भोजं निरूप्य राजानं प्राह दैवज्ञः । राजन् भोजस्य भाग्योदयं वक्तुं विरंचिरपि नालं कोहमुदरंभरिर्ब्राह्मणः । किंचित् तथापि वदामि स्वमत्यनुसारेण । भोजमितोध्ययनशालायां प्रेषय। ततो राजाज्ञया भोजे ह्यध्ययनशालां गते विप्रः प्राह ॥

પછી રાજાએ તે વિપ્રવરને ઉત્તમ જાતના દશ ઘોડા આપ્યા જ્યારે સભામાં બેઠેલા મંત્રી બુદ્ધિસાગરે રાજાને કહ્યું હે! દેવ! ભોજકુંવરની જન્મપત્રિકા પુછો એટલે

રાજાએ તે બ્રાહ્મણને ભોજનું ભવિષ્ય કહેવાને કહ્યું. તે વખતે તે બ્રાહ્મણે ભોજને પાઠશાળામાંથી બોલાવવાને કહ્યું, એટલે ભોજકુંમાર જે પાઠશાળાના ભૂષણરૂપ હતો તેને મુંજરાજે અનુચર મોકલી આનંદથી બોલાવરાવ્યો. ભોજકુંવર સાક્ષાત્ પિતાને પ્રણામ કરતો હોય તેમ પ્રણામ કરી સવિનયથી ઉભો રહ્યો, જેનું અનુપમ રૂપ તથા લાવણ્ય જોઇ સભાજનો-રાજકુમારોનું મંડળ મોહીત થઇ ગયું. આવા બહુ સૌભાગ્યવાળા પૃથ્વી ઉપર ઉતરેલા ઇંદ્ર જેવા-મૂર્તિમાન કામદેવ વા સૌભાગ્ય જેવા ઉભેલા ભોજ કુંવરને જોઇ-પૂરેપૂરા નિહાળીને તે દૈવજ્ઞ બ્રાહ્મણ કહેવા લાગ્યો કે હે! રાજન્!! ભોજના ભાગ્યોદયનું વર્ણન કરવાને વિરંચી બ્રહ્મા પણ સમર્થ નથી તો હું એક પેટભરો બ્રાહ્મણ તો શુંજ કરી શકુ?! તોપણ મ્હારી અલ્પ મતિથી કાંઇ કહું છું, ભોજને અહીંથી પાઠશાળામાં વિદાય કરો, પછી રાજાની આજ્ઞાથી ભોજ પાઠશાળામાં ગયો ત્યારે તે બ્રાહ્મણે કહ્યું કેઃ—

पंचाशत्पंच वर्षाणि सप्तमासान्दिनत्रयम् ॥
भोजराजेन भोक्तव्यः सगौडो दक्षिणापथः ॥६॥

પંચાવન વર્ષ સાત મહીના અને ત્રણ દિવસ એટલા કાળ સુધી બંગાળા દેશ સહીત દક્ષિણ દિશાનો મુલક ભોજરાજના અમલમાં રહેશે અર્થાત્ તેટલા દેશ ઉપર ભોજરાજ રાજ્ય કરશે.

इति तत्तदाकर्ण्य राजा चातुर्यादपहसन्निव सुमुखोपि विच्छायवदनोभूत् । ततो राजा ब्राह्मणं प्रेषयित्वा निशीथे स्वशयनमासाद्य एकाकी सन्न्यचिंतयत् । यदि राजलक्ष्मीर्भोजकुमारं गमिष्यति तदाहं जीवन्नपि मृतः ॥

આ પ્રમાણેની ત્હેની વાત સાંભળતાંજ ચતુરાઇ (ઢાંગ)થી હસતો હોય તેવી મુખા કૃતિ રાખતો મુંજરાજ કાંતિ રહિત થઈ ગયો અને પછી તે બ્રહ્મ દેવને વિદાય કરી મધ્ય રાત્રીના સમયે પોતાની શય્યામાં સુતો સુતો વિચાર કરવા લાગ્યો કે જો રાજ્યની લક્ષ્મી ભોજકુંવરનેજ પ્રાપ્ત થાય તો પછી મ્હારે જીવતાં મુવા જેવુંજ છે. કારણકેઃ-

तानींद्रियाण्यविकलानि तदेव नाम ।
सा बुद्धिरप्रतिहता वचनं तदेव ॥
अर्थोष्मणा विरहितः पुरुषः क्षणेन ।
सोप्यन्य एव भवतीति विचित्रमेतत् ॥७॥

તેજ સ્વસ્થ ઇંદ્રિયો, તેજ નામ, અખંડિત બુદ્ધિ અને વાણીનું લાવણ્ય હોવા છતાં ફક્ત દ્રવ્ય રહીત થતાં માત્ર એક ક્ષણમાજ તે પુરૂષ બદલાઈ જાય છે એ એક મ્હોટુ આશ્ચર્ય છે. ૭:—

किंच—शरीरनिरपेक्षस्य दक्षस्य व्यवसायिनः ॥
बुद्धिप्रारब्धकार्यस्य नास्ति किंचन दुष्करम् ॥८॥

જેને શરીરની અપેક્ષા નથી, ચતુર અને નિશ્ચય વૃત્તિ વાળો છે અને બુદ્ધિથી કાર્યનો આરંભ કરે છે, ત્હેને કાંઈ પણ દુષ્કર નથી અર્થાત્ તે સર્વ કામ સ્હેલાઈથી કરી શકે છે. ૮

असूयया हतेनैव पूर्वोपायोद्यमैरपि ॥
कर्तृणां गृह्यते सम्यक् सुहृद्भिर्मंत्रिभिस्तथा ॥९॥

સગાં સંબંધિયો તથા મંત્રિયો પણ જો ઇર્ષ્યાના ઉશ્કેર્યા શરૂઆતથી પાકા ઉપાયો અને ઉદ્યમ કરે છે તો પોતાના સ્વામીની લક્ષ્મી-સંપત્તિને લઈ શકે છે. ૯

ततोद्यमे किं दुःसाध्यम् ॥

એટલા માટે ઉદ્યમને શુ અસાધ્ય છે?!

अतिदाक्षिण्ययुक्तानां शंकितानां पदे पदे ॥
परापवादभीरूणां दूरतो यांति संपदः ॥१०॥

અત્યંત ચતુરાઇથી કામ કરનારા તેમ પગલે પગલે શંકા શીલ રહેનારા અને પરનિંદાથી ડરનારા પુરૂષોથી લક્ષ્મી પણ ડરી દુર રહે છે. ૧૦

किंच–आदानस्य प्रदानस्य कर्तव्यस्य च कर्मणः॥
क्षिप्रमक्रियमाणस्य कालः पिबति संपदः॥११॥

દાન લેવાનું, આપવાનું, અને અવશ્ય જે કાર્યે કરવા જેવુંજ છે તેવાં કાર્યો જો યોગ્ય સમયે કરવામાં આવતાં નથી તો કાલ ત્હેની સંપત્તિનો નાશ કરે છે. આવાં કાર્યો તરતજ કરવાં જોઇએ કારણ કે યોગ્ય સમય વિત્યા બાદ પુનઃતેવી તક ભાગ્યેજ મળે છે. ૧૧

अवमानं पुरस्कृत्य मानं कृत्वा च पृष्ठतः ॥
स्वार्थं समुद्धरेत्प्राज्ञः स्वार्थभ्रंशो हि मूर्खता ॥१२॥

બુદ્ધિમાન્ પુરૂષે પોતાનું કાર્ય સિદ્ધ કરવાને અપમાનને આગળ કરી માનને પાછળ મુકવું. પોતાની કાર્ય સિદ્ધિને માટે જે પુરૂષ આ પ્રમાણે ન કરતાં પોતાના સ્વાર્થનો નાશ થવા દેછે ત્હેને મૂર્ખ માણસ સમજવો.

न स्वल्पस्य कृते भूरि नाशयेन्मतिमान्नरः ॥
एतदेवातिपांडित्यं यत्स्वल्पाद्भूरिसाधनम् ॥१३॥

બુદ્ધિમાન્ પુરૂષે થોડા કાર્યની સિદ્ધિને માટે વધારે (દ્રવ્યાદિક) નો નાશ ન કરવો જોઇએ. કેમકે થોડા સાધનથી બહુ સાધ્ય કરે એજ અતિ બુદ્ધિવાન છે. ૧૩

जातमात्रं न यः शत्रुं व्याधिं वा प्रशमं नयेत् ॥
अतिपुष्टांगयुक्तोपि स पश्चात्तेन हन्यते ॥१४॥

શત્રુઓ અને વ્યાધિને જન્મથી જો મારી નાંખવામાં આવતા નથી તો ગમેતેવા પુષ્ટ શરીરવાળા પણ અંતે હેમનાથી નાશ પામે છે. ૧૪

प्रज्ञागुप्तशरीरस्य किं करिष्यंति संहताः ॥
हस्तन्यस्तातपत्रस्य वारिधारा इवारयः ॥१५॥

જેવીરીતે જેના હાથમાં છત્રી છે હેને અસંખ્ય જળ ધારાઓ કોઇ પણ પ્રકારે દુઃખ કરી શકતી નથી તેજ પ્રમાણે જે ડાહ્યા પુરૂષો પોતાના શરીરનું બુદ્ધિથી રક્ષણ કરે છે હેને એકઠા થયેલા શત્રુઓ પણ કાંઈ કરી શકતા નથી. ૧૫

अफलानि दुरंतानि समव्ययफलानि च ॥
अशक्यानि च वस्तूनि नारभेत विचक्षणः॥१६॥

પંડિતોએ જે કાર્ય કરવાથી કાંઈ ફળની પ્રાપ્તી થનાર નથી અથવા તો જે કાર્ય અતિશય શ્રમથી થઈ શકે તેવું છે અથવા જેમાં પરીણામે લાભ અને નુકશાન સરખાં છે તેવાં કાર્યનો આરંભજ કરવો નહી. ૧૬

ततश्चैवं विचिंत्य एष भुक्ते एव दिनस्य तृतीये यामे एक एव मंत्रयित्वा वंगदेशाधीश्वरस्य महाबलस्य वत्सराजस्य आकारणाय स्वमंगरक्षकं प्राहिणोत् । स चांगरक्षको वत्सराजमुपेत्य प्राह । राजा त्वामाकारयतीति । ततः स्वरथमारुह्य परिवारेण परिवृतस्समागतो रथादवतीर्य राजानमव-

लोक्य प्रणिपत्योपविष्टः । राजा च सौधं निर्जनं विधाय वत्सराजं प्राह ॥

આ પ્રમાણે વિચારમાં પડેલા મુંજરાજે તે દિવસના ત્રીજા પ્હોર સુધી ભોજન પણ લીધું નહી, પછી પોતાનાજ મન સાથે કરેલા મનસુબા પ્રમાણે બંગદેશાધિપતી મહા બલવાન વત્સરાજને બોલાવવાને માટે પોતાના એક અંગરક્ષકને મોકલ્યો. તે અંગરક્ષકે વત્સરાજની પાસે જઇને કહ્યું કે "રાજા આપને બોલાવે છે" વત્સરાજ પરિવાર સાથે સજ્જ થઇ રથમાં બેસીને આવ્યો અને રથમાંથી ઉતરી મુંજરાજને પ્રણામ કરી બેઠો એટલે મ્હેલમાંથી સર્વે કચેરી બરખાસ્ત કરી મુંજરાજ વત્સરાજને કહેવા લાગ્યો.

राजा तुष्टोपि भृत्यानां मानमात्रं प्रयच्छति ॥
ते तु संमानितास्तस्य प्राणैरप्युपकुर्वते ॥१७॥

રાજા જો પ્રસન્ન થાય તો પોતાના શેવક વર્ગને માત્ર માન આપે છે પરંતુ તેવા માનને પાત્ર થનારા શેવકો પોતાના સ્વામીને પ્રાણુના જોખમે પણ ઉપકાર કર્યે વિના રહેતા નથી. ૧૭

ततस्त्वया भोजो भुवनेश्वरीविपिने हंतव्यः प्रथमयामे निशायाः । शिरश्चांते पुरमानेतव्यमिति । स चोत्थाय नृपं नत्वाह ॥

એવા કારણથી ત્હમારે રાત્રીના પ્હેલા પ્હોરમાં ભોજ કુંવરને ભુવનેશ્વરીના વનમાં મારી નાંખવો અને ત્યાર પછી ત્હેના મસ્તકને નગરમાં પાછું લાવવું.

देवादेशः प्रमाणम् । तथापि भवल्लालनात्किमपि वक्तुं क्षमोस्मि ततस्स पराधमिति मे वचः क्षंतव्यम्

વત્સરાજે ઉભા થઈ પ્રણામ કરી કહ્યું "હે! દેવ! આપની આજ્ઞા હું માથે ચઢાવું છું, છતાં આપની મ્હારા તરફ જે કૃપા છે તેનો લાભ લઇ કાંઈ કહેવાની રજા માગું છું, કદાચ મ્હારા તેમ કરવામાં આપને અપરાધ જણાય તોપણ ક્ષમા કરશો.

भोजे द्रव्यं न सेना वा परिवारो बलान्वितः ॥
परं पोत इवास्तेद्य स हंतव्यः कथं प्रभो ॥१८॥

ભોજકુંવર જેની પાસે દ્રવ્ય અથવા સૈન્ય અને બલવાન માણુસો પણ નથી તેવા એ બાલકને શા હેતુથી હે! દેવ! આપ મારવાને ઇચ્છો છો ?!

पारंपर्य इवासक्तस्त्वत्पाद उदरंभरिः ॥
तद्वधे कारणं नैव पश्यामि नृपपुंगव ॥१९॥

હે નૃપવર! ભોજકુંવર હમેશાં પોતાના ઉદરપોષણને માટે આપના આશ્રયમાં અને આજ્ઞામાં રહે છે તો તેને મારવાનું કોઇ પણ કારણ જણાતું નથી. ૧૯

ततो राजा सर्वं प्रातः सभायां प्रवृत्तं वृत्तमकथयत् । स च श्रुत्वा हसन्नाह ॥

આ ઉપરથી મુંજરાજે વત્સરાજને પ્રાતઃકાળે સભામાં બનેલું વૃતાંત કહ્યું તે સાંભળી વત્સરાજ હસીને કહેવા લાગ્યો.

त्रैलोक्यनाथो रामोस्ति वसिष्ठो ब्रह्मपुत्रकः ॥
तेन राजाभिषेके तु मुहूर्तः कथिता भवेत् ॥२०॥

ત્રિલોકપતિ રામચંદ્ર હતા અને વષિષ્ઠ મુની વિરંચી બ્રહ્માના પુત્ર હતા અને ત્હેમણેજ રામચંદ્રજીના પટ્ટાભિષેકનું મૂહુર્ત આપ્યું હતું:—

तन्मुहूर्तेन रामोपि वनं नीतोऽवनीं विना ॥
सीतापहारोप्यभवद्धिरिंचिवचनं वृथा ॥२१॥
जातः कोयं नृपश्रेष्ठ किंचिज्ज्ञ उदरंभरिः ॥
यदुक्त्या मन्मथाकारं कुमारं हंतुमिच्छसि ॥२२॥

આવા પ્રસંગોમાં અપાયલું મુહુર્ત હોવા છતાં રામચંદ્રજીને તેજ મુહુર્તમાં વનમાં જવું પડયું, સીતાનું હરણ થયું અને વિરંચીનું વચન વૃથા ગયું ત્યારે જેનું જ્ઞાન ઘણુંજ થોડુ હોવાથી કાંઈ પણ વિશ્વાસ ન રાખી શકાય તેવો પેટભરો આ બ્રાહ્મણ તે કોણ માત્ર કે જેનાં વચનો ઉપરથી આપ કંદર્પ સમાન કાંતીવાળા સુકોમળ કુંવરને મારી નાંખવાને ઇચ્છા ધરાવો છો !! વળી

किंच-किन्नु मे स्यादिदं कृत्वा किन्नु मे स्यादकुर्वतः॥
इति संचिंत्य मनसा प्राज्ञः कुर्वीत वा न वा ॥२३॥

અમુક કાર્ય કરવામાં શું લાભ છે અથવા ન કરવામાં શું નુકશાન છે તેનો મનથી પૂર્ણ વિચાર કરીનેજ વિદ્વાન માણસો તે કાર્ય કરે છે અથવા નથી કરતા. ૨૩

उचितमनुचितं वा कुर्वता कार्यजातं ।
परिगतिरवधार्या यत्नतः पंडितेन ॥
अतिरभसकृतानां कर्मणामाविपत्ते ।
र्भवति हृदयदाही शल्यतुल्यो विपाकः ॥२४॥

અમુક કાર્યની શરૂઆત કરતા પ્હેલાં તે યોગ્ય વા અયોગ્ય છે, અને પરિણામે શું ફળ આવનાર છે તેનો પંડીતોએ યત્નથી વિચાર કરવો કારણકે અતીશય ઉતાવળથી- વગર વિચારે કરાતાં કાર્યોનાં પરિણામ હૃદયને દગ્ધ કરનાર અને શલ્ય સમાન દુઃખદાયી નીવડે છે.

किंच—येन सहासितमशितं हसितं कथितं चरहसि
विस्रब्धम् ॥ तं प्रति कथमसतामपिनिवर्त्तते चित्तमामरणात् ॥२५॥

વળી જેની સાથે બેસવું, ખાવું, હસવું, બોલવું, અથવા એકાંતમાં વિશ્વાસથી વાત કરવી એવા માણુસોથી દુષ્ટ જનોની ચિત્તવૃત્તિ પણ મરણ સુધી પાછી હઠતી નથી. ૨૫

किंच—अस्मिन्हते वृद्धस्य राज्ञस्सिंधुलस्य परमप्रीतिपात्राणि महावीरास्तवैवानुमते स्थिताः । ते त्वन्नगरमुल्लालकल्लोलाः पयोधरा इव प्लावयिष्यंति । चिराद्रूढमूलेपि त्वयि प्रायः पौराः भोजं भुवो भर्तारं मन्यन्ते ।

વળી ભોજકુંવરનો નાશ કરવાથી સિંધુલ રાજાના પરમ પ્રિતીવાળા શુરવીરો જેઓ ત્હારી આજ્ઞામાં છે તેઓ ત્હારા નગરનો જેવી રીતે દારૂણ મેઘ વા સમુદ્ર નાશ કરે તેવી રીતે નાશ કરશે. તું ઘણા સમયથી જડ ઘાલીને મજબુત થયેલો છું છતાં પણ ઘણે ભાગે રૈયત ભોજનેજ પૃથ્વીપતી માને છે.

किंच—सत्यपिच सुकृतकर्माणि दुर्नीतिश्चेत्
श्रियं हरत्येव ॥ तैलैस्सदोपयुक्तां
दीपशिखां विदलयति हि वातालिः ॥२६॥

સત્કર્મો કરવામાં પણ જો દુર્નીતિ હોય તો તે પરિણામે સંપતિનો નાશ કરે છે; જેવી રીતે તેલથી પુરેપુરી ભરાયલી દિપકની જ્વાળાનો વાયુ નાશ કરે છે. ૨૬

देव, पुत्रवधः क्वपि न हिताय इ युक्तं वत्सरा-

जवचनमाकर्ण्य राजा कुपितः प्राह त्वमेव राज्याधिपतिः न तु सेवकः ॥

હે! દેવ! પુત્રવધથી કંઇ શ્રેય નથી. આ પ્રમાણેનાં વત્સરાજનાં વચન સાંભળી ક્રોધથી મુંજરાજે કહ્યું કે તું રાજ્યનો અધિપતી છે સેવક નથી!!

स्वाम्युक्ते यो न यतते स भृत्यो भृत्यपाशकः ॥
तज्जीवनमपि व्यर्थमजागलकुचाविवेति ॥२७॥

જે સેવક સ્વામીની આજ્ઞાને અનુસરતો નથી તે સર્વ સેવકવર્ગમાં નીચ છે અને તેહેનું જીવન બકરીના ગળાના આંચળ સમાન વ્યર્થ છે २७

ततो वत्सराजः कालोचितमालोचनीयमिति मत्वा तूष्णीं बभूव। अथ लंबमाने दिवाकरे उत्तुंगसौधोत्संगादवतरंतं कुपितमिव कृतांतं वत्सराजं वीक्ष्य समेता अपि विविधेन मिषेण स्वभवनानि प्रापुर्भीताः सभासदः। ततः स्वसेवकान्स्वागारपरित्राणार्थं प्रेषयित्वा रथं भुवनेश्वरीभवनाभिमुखं विधाय भोजकुमारोपाध्यायाकारणाय प्राहिणोदेकं वत्सराजः। स चाह पंडितम्। तात त्वामाकारयति वत्सराज। इति। सोपि तदाकर्ण्य वज्राहत इव भूताविष्ट इव ग्रहग्रस्त इव तेन सेवकेन करेण धृत्वानीतः। पंडितः तं च बुद्धिमान् वत्सराजः सप्रणाममित्याह। पंडित तात उपविश, राजकुमारं जयंतं अध्ययनशालाया आनयेति। आयांतं जयंतं कु-

मारं किमप्यधीतं पृष्टुमैषीत् । पुनः प्राह पंडितं विप्र भोजकुमारमानय इति । ततो विदितवार्ता भोजः कुपितो ज्वलन्निव शोणितेक्षणः समेत्याह । आः पाप राज्ञो मुख्यकुमारं एकाकिनं मां राजभवनात् बहिरानेतुं तव का नाम शक्तिरिति वामचरणपादुकामादाय भोजेन तालुदेशे हतो वत्सराजः । ततो वत्सराजः प्राह । भोज वयं राजादेशकारिणः इति बालं रथे निवेश्य खड्गमपकोशं कृत्वा जगामाशु महामायाभवनम् । ततो गृहीते भोजे लोकाः कोलाहलं चक्रुः । हुंभावश्च प्रवृत्तः । किं किमिति ब्रुवाणा भटा विश्रांतं आगत्य सहसा भोजं वधाय नीतं ज्ञात्वा हस्तिशालामुष्ट्रशालां वाजिशालां रथशालां प्रविश्य सर्वान् जघ्नुः ततः प्रतोलीषु राजभवनप्राकारवेदिकासु बहिर्द्वारविटंकेषु रसमांपेषु भेरीपटहझर्झरमड्डुकडिंडिमादिनिनदाडंबरेणांबरं विडंबितमभूत् । केचिद्विमलासिना केचिद्विषेण केचित्कुंतेन केचित् पाशेन केचिद्वह्निना केचित्परशुना केचिद्भल्लेन केचित्तोमरेण केचित्प्रासेन केचिदंभसा केचिद्धारायां ब्राह्मणयोषिता राजपुत्रा राजसेवका राजानः पौराश्च प्राणपरित्यागं दधुः । ततः सावित्रीसंज्ञा भोजस्य

जननी विश्वजननीव स्थिता दासीमुखात् स्वपुत्रस्थितिमाकर्ण्य कराभ्यां नेत्रे पिधाय रुदती प्राह। पुत्र पितृव्येन कां दशां गमितोसि। ये मया नियमा उपवासाश्च त्वत्कृते कृताः तेऽद्य मे विफला जाताः। दशापि दिशामुखानि शून्यानि। पुत्र देवेन सर्वज्ञेन सर्वशक्तिना मृष्टाः श्रियः। पुत्र एनं दासीवर्गं सहसा विच्छिन्नशिरसं पश्येत्युक्त्वा भूमावपतत्। ततः प्रदीप्ते वैश्वानरे समुद्भूतधूमस्तोमे मलीमसे नभसि पापत्रास दिव पश्चिमपयोनिधौ मग्ने मार्तंडमंडले महामायाभवनमासाद्य प्राह भोजं वत्सराजः। कुमार भृत्यानां दैवत राजैव, ज्योतिःशास्त्रविशारदेन केनचिद्ब्राह्मणेन तव राज्यप्राप्तावुदीरितायां राज्ञा भवद्वधो व्यादिष्ट इति। भोजः प्राह॥

વત્સરાજ સમયને વિચારી અનુસરવું એમ માની ચુપ રહ્યો ત્યાર પછી પશ્ચિમ દિશામાં ઉતરતા સૂર્યનારાયણના જેવા કોપાયમાન વત્સરાજને મ્હેલના ઉંચા ભાગમાંથી ઉતરતો જોઇને એકઠા થયેલા સર્વ સભાજનો અનેક કારણો (બ્હાનાં) કાઢીને પોતપોતાને ઘેર ગયા અને ભય પામવા લાગ્યા, પછી વત્સરાજે પોતાના સેવકોને ઘરનું રક્ષણ કરવાને મોકલ્યા અને રથને ભુવનેશ્વરીના મંદિર તરફ રાખીને ભોજકુંવરને વિદ્યાભ્યાસ કરાવનાર પંડીતને બોલાવવાને દુતને મોકલ્યો. તે અનુચર પંડીત પાસે જઇ કહેવા લાગ્યો " હે તાત ! આપને વત્સરાજ

બોલાવે છે." આ વચન સાંભળતાંજ પંડીતને જાણે વજ્રનો ઘા થયો હોય અથવા તો ભુત પ્રેતે પકડયો હોય, કે ગ્રહ ગ્રસ્ત થયો હોય તેમ થવા લાગ્યું ત્હેને વત્સરાજનો અનુચર હાથથી ઝાલી ધ્રૂજતો ધ્રૂજતો દોરી લાવ્યો. પછી બુદ્ધિમાન્ વત્સરાજે તે પંડીતને પ્રણામ કરી કહ્યું "હે! પંડીતજી! હે તાત!! આપ બીરાજો! અને રાજપુત્ર જયંતને અધ્યયન શાળામાંથી બોલાવી મંગાવો" પછી આવેલા જયંતને પાઠપઠનના પ્રશ્ન કરી પાછો મોકલ્યો અને પંડીતને કહ્યું "હે! વિપ્ર! હવે ભોજકુંવરને બોલાવો" પછી સર્વે હેવાલને જાણનાર ભોજકુંવર અતિ ક્રોધાયમાન થવાથી જેનાં નેત્રો લાલચોળ થયેલાં હતાં તેવો ત્હેની સમીપ આવી કહેવા લાગ્યો "અરે! દુષ્ટ! હું જે રાજાનો પાટવીકુંવર ત્હેને રાજ્યભુવનથી એકલો બ્હાર બોલાવી મંગાવવાની ત્હારી શી સત્તા?" એમ કહી પોતાના ડાબા પગની પાદુકા કાઢી ભોજકુંવરે વત્સરાજના માથામાં મારી. પછી વત્સરાજ બોલ્યો "હે! ભોજ! અમે રાજાની આજ્ઞાને અનુસરનાર છીએ" આ પ્રમાણે કહી બાલકુંવરને રથમાં બેસારી તરવારને મ્યાનમાંથી બ્હાર કહાઢી ત્વરાથી ભુવનેશ્વરીના મંદિર તરફ ચાલવા માંડયું પછી ભોજકુંવરને પકડી ગયા જાણતાં લોકોએ કોલાહલ કરી મુકયો સર્વત્ર હાહાકાર થઇ રહ્યો—શું થયું શું થયું છે એમ પુછતા શુરવીરો ધસમસ્યા આવવા લાગ્યા અને ભોજકુંવરનો વધ કરવાને લઇ ગયા છે એમ જાણતાં હાથીશાળા, ઉંટશાળા, હયશાળા અને રથશાળાઓમાં પ્રવેશ કરી સર્વેનો નાશ કરવા લાગ્યા. પછી ગામમાં, ગલી કુંચીઓમાં, રાજ્યભવનમાં તેમજ રાજ્યભુવનની આસપાસના ગઢમાં, શહેરના દરવાજાઓ આગળ પુરની સમીપ સર્વત્ર ભેરી, ઢોલ, ડેરૂ, મૃદંગ, તંબુર વિગેરે વાદ્યના અવાજથી આકાશ ગાજી રહેવા લાગ્યું અને શુદ્ધ તરવાર વિષ, ભાલા, ફાંશી, અગ્ની, ફરશી બરછી, તોપર ખાંડા

આદિ પ્રાણુહારક સાધનોથી બ્રાહ્મણ સ્ત્રીયો, રાજપુત્રો, સલાહકાર રાજાઓ, ખંડીયા રાજાઓ વિગેરે ગામલોકોએ પોતાના પ્રાણુ ત્યાગ કરવા માંડયા, પછી વિશ્વની માતાના જેવાં ભોજનાં માતુશ્રી જેમનુ નામ સાવિત્રી હતું જેમને દાશી દ્વારા પોતાના પુત્રના આ અશુભ સમાચાર મળ્યા હતા તે પોતાની આંખો ઢાંકી કહેવા લાગ્યાં "હે ! પુત્ર !!
"ત્હારા કાકાએ ત્હને આજે આ દશાએ પહોંચાડયો, ત્હારે"
"માટે મ્હેં જે જે નિયમો અને ઉપવાસો પાળ્યા હતા તે"
"સઘળા આજે વ્યર્થ ગયા, આજે દશે દીશાઓ શુન્ય થઇ"
"ગઈ. હે પુત્ર!! સર્વશક્તીવાન સર્વજ્ઞ ઈશ્વિરે સર્વ ઐશ્ચર્યનો"
"નાશ કર્યો. હે પુત્ર આ સર્વ દાશી સમૂહનાં કપાઇ ગયેલાં"
શીરને એક વખત તું જો" ! આ પ્રમાણે બોલતાં બોલતાં પૃથ્વી ઉપર પડી ગયાં (મૂર્ચ્છા પામ્યાં), ત્યાર પછી સળગતા અગ્નીના ધૂમાડાના સમૂહથી જેમ આકાશ મલીન થઈ જાય તેમ અંધારૂ થઈ ગયું અને થયેલાં પાપકર્મનો દેખાવ ન સહન કરી શકાવાથી જાણે સૂર્યનારાયણુ પશ્ચિમ સમુદ્રમાં ડુબતા હોય તેમ ક્ષિતીજમાં જતાં–દિવસ અસ્ત પામતાં વત્સરાજ મહામાયા ભુવનેશ્વરીના ભવનમાં આવી પહોંચી ભોજકુંવરને કહેવા લાગ્યા "હે ! કુમાર !! ભૃત્યોના દેવ !! જ્યોતિઃશાસ્ત્રને પારંગત પામેલા કોઇ બ્રાહ્મણે આપને રાજ્ય પ્રાપ્તી થશે એવું કહેવાથી રાજાએ આપનો વધ કરવાને કહેલું છું !"

रामे प्रव्रजनं बलेर्नियमनं पांडोः सुतानां वनं ।
वृष्णीनां निधनं नलस्य नृपते राज्यात्परिभ्रंशनम् ॥
कारागारनिषेवणं च मरणं संचिंत्य लंकेश्वरे ।
सर्वः कालवशेन नश्यति नरः को वा परित्रायते॥२८

આ સાંભળી ભોજકુંવર કહેવા લાગ્યા કેઃ– રામચંદ્રજીનો વનવાસ, બલીરાજાનું બંધન, પાંડવોનો વનવાશ

વૃષ્ણીયો (યાદવો)નું માંહોમાંહે લઢી નાશ પામવું, નળ રાજાને રાજ્યથી ભ્રષ્ટ થવું, લંકાપતિ રાવણનું કારાગારમાં જવું તથા મરણ પામવું આ સર્વનો વિચાર કરો. કાળને વશ સર્વ કોઇ છે અને તેનાથીજ સર્વનો નાશ છે જેમાંથી કોઇનો બચાવ થઇ શકતો નથી.

लक्ष्मीकौस्तुभपारिजातसहजस्सूनुस्सुधांभोनिधे- ।
र्देवेन प्रणयप्रसादविधिना मूर्ध्ना धृतः शंभुना ॥
अद्याप्युज्झति नैव दैवविहितं क्षैण्यं क्षपावल्लभः ।
केनान्येन विलंघ्यते विधिगतिः पाषाणरेखासखी२९

ચંદ્ર જે લક્ષ્મી, કૌસ્તુભમણી અને પારિજાતક વૃક્ષનો સહોદર છે અને ક્ષીરસાગરથી ઉત્પન્ન થયેલો છે અને અતિ પ્રસન્ન થઇ જેના ઉપર કૃપા કરી મહાદેવ-શંકરે પોતાના મસ્તક ઉપર ધારણ કરેલો છે તેવો ચંદ્રમા પણ દૈવે નિર્માણ કરેલી ક્ષીણતાનો ત્યાગ કરી શકતો નથી, હમેશાં ત્હેની કલા ક્ષીણ પામતી જણાય છે અર્થાત્ પથ્થરમાં પડેલી રેખા જેમ કાઢી શકાતી નથી તેવી વિધાતાની ગતીને કોણ કાઢી શકે છે? તે કોઇથી કાઢી શકાતીજ નથી.

विकटाव्यां प्यटनं शैलशिलारोहणमपांनिधेस्तरणम् ॥
निगडं गुहाप्रवेशो विधिपरिपाकः कथं नु संतार्यः३०

વિકટ ભુમીમાં ફરવું, શીલા, પર્વતો ઉપર ચઢવું, સાગરોનું તરવું, બંધીખાનાંમાં પડવું, ગુફામાં પ્રવેશ કરવો એ સર્વ દૈવ નિર્માણ બનાવો છે અને ત્હેમાંથી કોઇથી પણ બચી શકાતું નથી.

अंभोधिः स्थलतां स्थलं जलधितां धूलीलवःशैलतां ।
मेरुर्मृत्कणतां तृणं कुलिशतां वज्रं तृणप्रायताम् ॥

वह्निः शं तलतां हिमं दहनतामायाति यस्येच्छया।
लीलादुर्ललिताद्भुतव्यसनिने देवाय तस्मै नमः॥३१

જેની ઇચ્છાથી સમુદ્ર સ્થળરૂપ બને છે, સ્થળ જળરૂપ થઇ જાય છે, રજનાં કણુનો પર્વત થઇ જાય છે અને મેરૂ પર્વત રજ સમાન થઇ રહે છે, ઘાસનું તણુખલું વજ્ર સમાન થાય છે અને વજ્ર ઘાસના તણુખલા જેવું થઇ જાય છે અગ્નિ શીતલતાને પામે છે અને હીમ—બરફમાં ઉષ્ણુતા જણાય છે એવી લીલાના કરનાર અપાર અદ્ભુત શક્તીવાળા દેવને હું નમસ્કાર કરૂં છું.

ततो वटवृक्षस्य पत्रमादाय एकं पुटीकृत्य जंघां छुरिकया छित्त्वा तत्र पुटके रक्तमारोप्य तृणेन एकस्मिन् पत्रे कंचन श्लोकं लिखित्वा वत्सं प्राह। महाभाग एतत्पत्रं नृपाय दातव्यं त्वमपि राजाज्ञां विधेहीति। ततो वत्सराजस्यानुजो भ्राता भोजस्य प्राणपरित्यागसमये दीप्यमानमुखश्रियमवलोक्य प्राह।

પછી વડનાં પાંદડાંનો પડીયો કરી છરીથી પોતાની જંઘાને ચીરી ત્હેના લોહીને તે પડીયામાં પુરી એક પાંદડા ઉપર સળી વતી કાંઈ શ્લોક લખી વત્સરાજને કહ્યું "હે! મહાભાગ! આ પાન રાજાને આપજો અને હવે તમે રાજાની આજ્ઞા પ્રમાણે કરો" તે સમયે વત્સરાજનો નાનો ભાઇ પ્રાણુ ત્યાગ કરવાના સમયે પણુ ભોજરાજના મુખારવિંદને પ્રદિપ્ત જોઇ કહેવા લાગ્યો:-

एक एव सुहृद्धर्मो निधनेऽप्यनुयाति यः॥
शरीरेण समं नाशं सर्वमन्यच्च गच्छति॥३२॥

"ધર્મ એજ માત્ર ખરો મિત્ર છે, જે મૃત્યુ થયા પછી

"પણ સાથે રહે છે અને તેના સિવાય અન્ય સર્વ શ-"
"રીરની સાથે નષ્ટ થાય છે. ૩૨

न तत्रो हि सहायार्थे माता भार्या च तिष्ठति ॥
न पुत्रमित्रे न ज्ञातिर्धर्मस्तिष्ठति केवलः ॥३३॥

"અને શરીરનો નાશ થયા પછી માતા કે સ્રિ કોઈ
"સહાય કરવાને રહેતાં નથી તેમજ પુત્ર મિત્ર કે ભાઇ"
"ભાંડુ પણ રહેતાં નથી માત્ર ધર્મજ રહે છે. ૩૩

बलवानप्यशक्तोसौ धनवानपि निर्धनः ॥
श्रुतवानपि मूर्खश्च यो धर्मविमुखो जनः ॥३४॥

"ધર્મથી વિમુખ માણસ બળવાન છતાં નીર્બલ છે,"
"ધનવાન છતાં ધનહીણુ છે અને શાસ્રજ્ઞ હોવા છતાં"
"મૂર્ખજ છે. ૩૪

इहैव नरकव्याधेश्चिकित्सां न करोति यः ॥
गत्वा निरौषधस्थानं स रोगी किं करिष्यति॥३५॥

"આ સંસારમાં (જ્યાં જાતજાતના ઉપાયો અને ઓષધો"
"રહેલાં છે ત્યાં) જે માણુસ નર્કરૂપી વ્યાધિને ટાળવાના"
"ઉપાયો કરતો નથી તે જે સ્થળ ઔષધ રહીત છે ત્યાં"
"જઇને શું કરી શકવાનો છે? ૩૫

जरां मृत्युं भयं व्याधिं यो जानाति स पंडितः ॥
स्वस्थस्तिष्ठेन्निषीदेद्वा स्वपेद्वा केनचिद्धसेत् ॥३६॥

"સ્વસ્થ ચીત્તે રહે, આરામ કરે, સુવે અથવા હશે બેસે"
"પણ પંડીતતો ત્હેનેજ જાણુવો કે જે વૃદ્ધાવસ્થા, મૃત્યુ,"
"ભય અને રોગને સમજે છે. ૩૬

तुल्यजातिवयोरुपान् हृतान् पश्यसि मृत्युना ॥
नहि तत्रास्ति ते त्रासो वज्रवद्धृदयं तवेति ॥३७॥

"આપણા સમાન અને આપણીજ ઉમરનાં અને રૂપનાં"

"માણુસોને મૃત્યુથી નાશ થતાં ત્હમે જુઓ છો તેથી પણુ"
"જ્યારે તમને ખેદ ઉત્પન્ન થતો નથી ત્યારે તમારૂં અં-"
"તઃકરણુજ વજ્ર જેવું કઠીન છે." ૩૭

ततो वैराग्यमापन्नो वत्सराजः भोजं क्षमस्वे-त्युक्त्वा प्रणम्य तं च रथे निवेश्य नगराद्बहिर्घने तमसि गृहमागमय्य भूमिगृहांतरे निक्षिप्य भोजं ररक्ष। स्वयमेव कृत्रिमविद्याविद्भिः सुकुंडलं स्फुरद्धकं निमीलितनेत्रं भोजकुमारमस्तकं कारयित्वा तच्चादाय कनिष्ठो राजभवनं गत्वा राजानं नत्वा प्राह। श्रीमता यदादिष्टं तत्साधितमिति। ततो राजा च पुत्रत्रयं ज्ञात्वा तमाह वत्सराज खड्गप्रहारसमये तेन पुत्रेग किमुक्तमिति। वत्सस्तत्पत्रमदात्। राजा स्वभार्याकरेण दीपमानीय तानि पत्राक्षराणि वाचयति॥

ત્યાર પછી ઉપરનાં વચનોથી વૈરાગ્ય પામેલા વત્સરાજે ભોજકુંવરને પ્રણામ કરી ક્ષમા માગી અને ત્હેને રથમાં બેસારી અતિશય અંધારૂ થયુ ત્યારે નગરની બ્હાર પોતાનું એક ઘર હતું ત્હેના ભોંયરામાં લાવી રક્ષણ કરવા લાગ્યો. પછી કૃત્રિમ વિદ્યા જાણુનાર કુશળ ચિત્રકારો પાસે સુંદર કુંડળવાળુ, કાન્તીમાન્ મીંચેલાં નેત્રોવાળુ ભોજકુંવરનું મસ્તક બનાવરાવી વત્સરાજ રાજભવનમાં લાગ્યો અને રાજાને પ્રણામ કરી કહેવા લાગ્યો "શ્રીમન્! આપની આજ્ઞાનુસાર કાર્ય સિદ્ધ કર્યું છે. જ્યારે મુંજરાજ પુત્રનું મૃત્યુ જાણી વત્સરાજને પુછવા લાગ્યા " હે વત્સરાજ તરવારનો ઘા કરતી વખતે કુંવરે શું કહ્યું?" ઉપરના

પ્રશ્નના પ્રત્યુત્તરમાં વત્સરાજે ભોજકુંવરે આપેલા વડના પાંદડાને આપ્યું. રાજા રાણી પાસે દિવો મંગાવી તે પત્ર વાંચવા લાગ્યો:-

मांधाता च महीपतिः कृतयुगालंकारभूतो गतः
सेतुर्येन महोदधौ विरचितः क्वासौ दशास्यांतकः ॥
अन्ये चापि युधिष्ठिरप्रभृतयो याता दिवं भूपते ।
नैकेनापि समंगता वसुमती नूनं त्वया यास्यति॥२८

"मान्धातादि महीपति कृतयुगालंकार रुपे थया"
"बांधी सेतु समुद्रमां जळ तरी लंका विषे जे गया"
'एवा अन्य वळी युधिष्ठिर नृपो छोडी गया राज्यने"
"तेओ साथ गइ नहि वसुमति शुं त्हारी साथे थशे" ?!

राजा च तदर्थं ज्ञात्वा शय्यातो भूमौ पपात । ततश्च देवीकरकमलचालितचैलांचलानिलेन स-संज्ञोभूत्वा देवि मां मा स्पृश हा हा पुत्रघातिन-मिति विलपन् कुरर इव द्वारपालानानाय्य ब्रा-ह्मणानानयतेत्याह । ततः स्वाज्ञया समागतान् ब्रा-ह्मणान्नत्वा मया पुत्रो हतः तस्य प्रायश्चित्तं वद-ध्वमिति वदंतं ते तमूचुः राजन् सहसा वह्निमा-विशेति । ततः समेत्य बुद्धिसागरः प्राह । यथा त्वं राजाधमस्तथैव अमात्याधमो वत्सराजः तव किल राज्यं दत्त्वा सिंधुलनृपेण तेन त्वदुत्संगे भोजः स्थापितः तच्च त्वया पितृव्येणान्यत्कृतम् ॥

ઉપરના શ્લોકનો અર્થ જાણતાં રાજા શય્યામાંથી ભૂ-

છિત થઈ પૃથ્વીપર પડયો પછી રાણીના હસ્તકમલથી અને પવનથી કોઇ સચેત થતાં તે કહેવા લાગ્યો "દેવી! મ્હારો પુત્રઘાતીનો તું સ્પર્શ કરીશ નહી. આ પ્રમાણે ટીટોડીના જેવા વિલાપ કરતા રાજાએ દ્વારપાલોને બોલાવ્યા અને પંડીતોને બોલાવવાને તેમને આજ્ઞા કરી. પોતે તેડાવેલા દ્વિજોને આવતાંજ પ્રણામ કરી મુંજરાજ કહેવા લાગ્યો કે મેં પુત્ર હત્યા કરી છે માટે ત્હેના પાપથી મુક્ત થવાનું પ્રાયશ્ચિત મને કહો. બ્રાહ્મણોએ કહ્યું હે રાજન! ત્હુમારે તરતજ અગ્નિમાં પ્રવેશ કરવો જોઇએ આ સમયે ત્યાં આવેલો બુદ્ધિસાગર કહેવા લાગ્યો કે જેવી રીતે રાજાઓમાં તમો અધમ છે તેજ પ્રમાણે મંત્રીઓમાં વત્સરાજ પણ અધમ છે કારણકે સિંધુલ રાજાએ તમને રાજય સોંપી ભોજકુંવરને તમારે ખોળે બેસાર્યો હતો તેજ કુંવરને કાકા થઈ તમે આજે મારી નંખાવ્યો.

कतिपयदिवसस्थायिनि मदकारिणि यौ
वने दुरात्मानः ॥ विदिधति तथापराधं
जन्म हि तेषां यथा वृथा भवति ॥३९॥

મદને કરનારી યુવાવસ્થા જે માત્ર થોડાજ વખતને માટે રહેનારી હોય છે તેમાં દુષ્ટ સ્વભાવવાળા માણુસો એવા અપરાધ કરે છે કે જેથી તેમનું આખું જીવન વૃથા થાય છે.

संतरतृणोत्सारणमुत्तमांगा-।
त्सुवर्णकोट्यर्पणमामनंति ॥
प्राणव्ययेनापि कृतोपकाराः ।
खलाः परे वैरमिवोद्वहंति ॥ ४० ॥

સંતપુરૂષો જો કોઇ પોતાના માથા ઉપરથી એક તર-

ણા સરખાને પણ ખસેડે છે તે તેણે કરોડ સોનામ્હોર આપી હોય તેટલો તેનો ઉપકાર માને છે જ્યારે દુષ્ટ માણસો ઉપર જો કોઇ પોતાના પ્રાણુનો પણ ત્યાગ કરીને ઉપકાર કરે છે તોપણ તેના ઉપર તેઓ વેરજ રાખે છે.

उपकारश्चापकारो यस्य व्रजति विस्मृतिम् ॥
पाषाणहृदयस्यास्य जीवतीत्यभिधा मुधा ॥४१॥

જેને થયેલા ઉપકાર વા અપકારનું ભાન રહેતું નથી તેવા પત્થર સમાન હૃદયવાળા પુરૂષોનું જીવન વૃથા સમજવું એવો માણુસ જીવતાં છતાં પણ મુવોજ જાણવો.

यथांकुरः सुसूक्ष्मोपि प्रयत्नेनाभिरक्षितः ॥
फलप्रदो भवेत्काले तथा लोकः सुरक्षितः ॥४२॥

જેવી રીતે નાના કુમળા અંકુરનું પણ સારી રીતે જતન કરવામાં આવે છે તો સમય જતાં તે વધીને ફળ આપે છે તેજ પ્રમાણે સારી રીતે પાલન કરેલો માણુસ પણ કોઇ દીવસ ફળ (ગુણુ)ને આપે છે.

हिरण्यधान्यरत्नानि धनानि विविधानिच ॥
तथान्यदपि यत्किंचित्प्रजाभ्यः स्युर्महीभृताम् ॥४३॥

સુવર્ણુ, ધાન્ય, રત્ન, અનેક પ્રકારનાં ધન ધાન્ય અને અનેક વસ્તુઓ રાજાઓને પ્રજા તરફથીજ પ્રાપ્ત થાય છે.

राज्ञि धर्मिणि धर्मिष्ठाः पापे पापपराः सदा ॥
राजानमनुवर्तंते यथा राजा तथा प्रजाः ॥४४॥

રાજા ધર્મી હોય તો પ્રજા પણ ધર્મી હોય છે અને જો રાજા અધર્માચરણી હોય છે તો પ્રજા પણ તેવાંજ પાપકર્મ કરનારી થાય છે અર્થાત્ યથા રાજા તથા પ્રજા રાજા તેવી પ્રજા જાણુવી.

ततो रात्रावेव वह्निप्रवेशनंनिश्चिते राज्ञि सर्वे सामंताः पौराश्च मिलिताः। पुत्रं हत्वा पापभयात् भीतो नृपतिर्वह्निं प्रविशतीति किंवदंती सर्वत्राजनि। ततो बुद्धिसागरो द्वारपालमाहूय न केनापि भूपालभवनं प्रवेष्टव्यमित्युक्त्वा नृपमंतःपुरे निवेश्य सभायामेकाकी सन् उपविष्टः। ततो राजमरणवार्तां श्रुत्वा वत्सराजः सभागृहमागत्य बुद्धिसागरं नत्वा शनैः प्राह। तात मया भोजराजो रक्षित इति। बुद्धिसागरश्च कर्णे तस्य किमप्यकथयत्। तच्छ्रुत्वा वत्सराजश्च निष्क्रांतः। ततो मुहूर्तेन कोपि करंकलितदंतींद्रदंतदंडो विरचितप्रत्यग्रजटाकलापः कर्पूरकरंबितभसितोद्वर्तितसकलतनुर्मूर्तिमान्मन्मथ इव स्फटिककुंडलमंडितकर्णयुगलः कौशेयकौपीनो मूर्तिमांश्चंद्रचूड इव सभां कापालिकः समागतः। तं वीक्ष्य बुद्धिसागरः प्राह। योगीन्द्र कुत आगम्यते कुत्र ते निवेशश्च कापालिके त्वयि यच्चमत्कारकारिकलाविशेष औषधविशेषोप्यस्ति। योगी प्राह॥

પછી તેજ રાત્રીના અગ્નીમાં પ્રવેશ કરવાનો રાજાએ નિશ્ચય કર્યો એટલે માંડલીક રાજાઓ અને શહેરની પ્રજા એમ કહેવા લાગી કે પુત્રહત્યાના પાપથી ડરીને રાજા અગ્નીમાં પ્રવેશ કરે છે આ વાર્તા સર્વત્ર પ્રસરી રહી.

પછી બુદ્ધિસાગર મંત્રીએ દ્વારપાળોને બોલાવી કહ્યું કે રાજ્યભવનમાં કોઇને જવા દેશો નહી, અને અંતઃપુરમાં રાજાને બેસારી પોતે રાજસભામાં આવી બેઠો. રાજાના થનાર મરણની વાત સાંભળી વત્સરાજ સભામાં આવી બુદ્ધિસાગરને પ્રણામ કરી ધીરેથી કહેવા લાગ્યો "હે તાત ! મેં ભોજકુંવરને બચાવ્યો છે ! !" એટલે બુદ્ધિસાગરે ત્હેના કાનમાં કાંઇ કહ્યું જે સાંભળી વત્સરાજ ચાલતો થયો ત્યાર પછી એક મૂહુર્ત વિત્યા પછી હાથમાં હાથીદાંતના સુંદર દંડવાળા, માથા ઉપર મ્હોટી જટાવાળા, આખા શરીરે કર્પૂર મીશ્રીત ભસ્મ લગાવીને મૂર્તીમાન કામદેવ જેવા, કાનમાં સ્ફટીક મણીનાં કુંડળ પહેરેલ, રેશમી કૌપીન ધારણ કરેલ એક કાપાલી યોગી જાણે સાક્ષાત્ મહાદેવ હોય તેવા સભામાં આવ્યા. આ યોગીશ્વરને જોઇ બુદ્ધિસાગર કહેવા લાગ્યો "હે ! યોગીન્દ્ર ! ! આપ કયાંથી પધારો છો ? આપનું સ્થાનક કયાં છે ? ત્હમારી યોગ વિદ્યામાં ઔષધ વા ચમત્કાર હશે ?" પ્રત્યુતરમાં યોગીએ કહ્યું.

देशे देशे भवनं भवने तथैव भिक्षान्नम् ॥
सरसि च नद्यां सलिलं शिवशिवतत्त्वार्थयोगिनां पुंसाम् ॥४५॥

"શીવ શીવ એ નામને જપનારા યોગીઓને દેશે દેશ ઘર હોય છે અને પ્રત્યેક ઘેર ભિક્ષા પણ તૈયારજ હોય છે. સરોવર તેમજ નદીયોમાં સ્વચ્છ જળ પણ મળે છે.

ग्रामे ग्रामे कुटी रम्या निर्झरे निर्झरे जलम् ॥
भिक्षायां सुलभं चान्नं विभवैः किं प्रयोजनम् ॥४६॥

રહેવાને માટે ગામેગામ ઝુંપડી હોય છે, પર્વતનાં ઝરણોનું સ્વચ્છ જળ પીવાને મળે છે, અને ભિક્ષાને માટે

અન્ન પણ મળે છે ત્યારે વૈભવ અને ઐશ્વર્યનું શું પ્રયોજન રહે છે?

देव अस्माकं नैको देशः। सकल भूमंडलं भ्रमामः। गुरूपदेशे तिष्ठामः। निखिलं भुवनतलं करतलामलकवत्पश्यामः। सर्पदष्टं विषयव्याकुलं रोगग्रस्तं शस्त्रभिन्नशिरस्कं कालशिथिलितं तात तत्क्षणादेव विगतसकलव्याधिसंचयं कुर्म इति। राजापि कुड्यांतर्हित एव श्रुतसकलवृत्तांतः समागत्य कापालिकं दंडवत्प्रणम्य योगींद्र स्वकल्य परोपकारपरायण महापापिना मया हतस्य पुत्रस्य प्राणदानेन मां रक्षेत्याह। अथ कापालिकोपि राजन् मा भैषीः। पुत्रस्ते न मरिष्यति शिवप्रसादेन गृहमेष्यति परं स्मशानभूमौ बुद्धिसागरेण सह हीमद्रव्याणि प्रेषयेत्यवोचत्। ततो राजा कापालिकेन यदुक्तं तत्सर्वं तथा कुर्विति बुद्धिसागरः प्रेषितः। ततो रात्रौ गूढरूपण भोजोपि तत्र नदीपुलिने नीतः। योगिना भोजो जीवित इति प्रथा च समभूत्। ततो गजेंद्रारूढो बंदिभिः स्तूयमानो भेरीमृदंगादिघोषैर्जगद्बधिरीकुर्वन् पौरामात्यपरिवृत्तो भोजराजो राजभवनमगात्। राजा च तमालिंग्य रोदिति। भोजोपि रुदंतं मुंजं निवार्य अस्तौषीत्। ततः संतुष्टो राजा

निजसिंहासने तस्मिन्निवेशयित्वा छत्र ामराभ्यां भूषयित्वा तस्मै राज्यं ददौ। निज त्रेभ्यः प्रत्येकमेकैकं ग्रामं दत्त्वा परमप्रेमास्पदं जयंतं भोजनिकाशे निवेशयामास। ततः [illegible]मपरि णा मुंजोपि निजपट्टराज्ञीभिः सह तपोवनभूमिं गत्वा परं [illegible]स्तेपे। ततो भोज पालश्च देवब्राह्मणप्रसादाद्राज्यं पालयामास।

હે દેવ! અમારે એકજ દેશ હોતો નથી, અમેતો સંપૂર્ણ ભૂમંડળમાં ફરતા ફરીએ છીએ, ગુરૂના ઉપદેશમાં સ્થિત રહીએ છીએ, અને આખા ભૂમંડળને હાથમાં રહેલા આમફળની માફક પ્રત્યક્ષ અવલોકીએ છીએ! હે તાત! અમે સર્પનાથી ડસાયલા, વિષથી વ્યાકુળ થયેલા રોગથી પીડાયલા, શસ્ત્રથી જેનું શીર ભેદાયલું હોય તેને, અને કાળથી શીથીલ થયેલા મૃત્યુ પામેલાને પણ સ્હજમાં રોગ મુક્ત કરીએ છીએ." ભીંતની સાથે સજ્જડ લપાઇને ઉભેલો રાજા યોગીન્દ્રનો આ હેવાલ સાંભળી સભામાં આવી યોગીન્દ્રને પ્રણામ કરી કહેવા લાગ્યો "હે યોગીશ્વર હે શીવસમાન! હે પરોપકાર કરવામાં તત્પર! મેં મહા પાપીએ પુત્રવધ કરેલો છે તે પુત્રને જીવન આપી મ્હારી રક્ષા કરો" પછી તે યોગીએ કહ્યું "હે રાજા! તું ડરતો નહી ત્હારો પુત્ર મૃત્યુ પામ્યો નથી! પણ શીવજીની કૃપાથી તે પાછો ઘેર આવશે, પરંતુ બુદ્ધિસાગર સાથે સ્મશાનભુમી ઉપર યજ્ઞ કરવાને માટેની સર્વ સામગ્રી પ્હોંચાડી દેજો" પછી યોગીના કહેવા પ્રમાણેનું સર્વ કામ રાજાએ કર્યું અને બુદ્ધિસાગરને પણ ત્યાં મોકલ્યો. પછી રાત્રીના ગુપ્ત રૂપ ધારણ કરીને ભોજ પણ નદી ઉપર તે સ્થાનકે

ગયો અને યોગીએ ભોજકુંવરને જીવતો કર્યો એવી પ્રસીદ્ધી થઈ.

પછી શહેરના લોક તથા મંત્રીઓથી વીંટાયલો ભોજકુંવર હાથી ઉપર આરૂઢ થઇ ગામમાં આવ્યો અને બંદીજનો તેની સ્તુતી કરવા લાગ્યા અને આખુ નગર મૃદંગ આદી વાજીંત્રોથી ગાજી રહ્યું. ભોજકુંવર રાજભવનમાં આવ્યા પછી મુંજરાજ ત્હેને મળી રોઈ પડયો. ભોજે રોતા મુંજરાજને બંધ પાડી તેની સ્તુતી કરી પછી ભોજકુંવર ઉપર પ્રસન્ન થયેલા રાજાએ પોતાના સિંહાસન ઉપર ભોજકુંવરને બેસારી છત્ર ચામરથી શણગારી રાજ્ય ત્હેને અર્પણ કર્યું અને પોતાના પુત્રોને વાસ્તે જુદાં જુદાં એક એક ગામ આપ્યાં, પોતાના મુખ્ય પુત્ર–પ્રેમના સ્થાન જયંતને ભોજના ખોળે બેસાર્યો. પછી પરલોકના ભયથી મુક્ત થયેલો મુંજરાજ પોતાની પટરાણીયો સાથે તપોવનમાં જઈ તપ કરવા લાગ્યો અને ભોજકુંવર દેવતાઓ તથા બ્રાહ્મણોની કૃપાથી રાજ કરવા લાગ્યો.

इति भोजराजस्य राज्यप्राप्तिप्रबंधः ॥

ઈતી ભોજને રાજ્ય પ્રાપ્ત થયું તે પ્રબંધ સંપૂર્ણ.

ततो मुंजे तपोवनं याते बुद्धिसागरं मुख्यामात्यं विधाय स्वराज्यं बुभुजे भोजराजभूपतिः। एवमतिक्रामति काले कदाचिद्राज्ञा क्रीडतोद्यानं गच्छता कोपि धारानगरवासी विप्रो लक्षितः। स च राजानं वीक्ष्य नेत्रे निमील्य आगच्छन् राज्ञा पृष्टः द्विज त्वं मां दृष्ट्वा न स्वस्तीति जल्पसि विशेषेण लोचने निमीलयसि तत्र को हेतुरिति। विप्र आह। देव त्वं वैष्णवोसि विप्राणां नोपद्रवं करिष्यसि ततस्त्वत्तो न मे भीतिः, किंतु कस्मैचित्किमपि न प्रयच्छसि, तेन तव दाक्षिण्यमपि नास्ति। अतस्ते किमाशीर्वचसा। किं च 'प्रातरेव कृपणमुखावलोकनात् परतोपि लाभहानिः स्यात्' इति लोकोक्त्या लोचने निमीलिते॥

મુંજરાજના તપોવનમાં ગયા પછી ભોજરાજે બુદ્ધિસાગરને પુનઃ મુખ્ય મંત્રીનું સ્થાન આપ્યું અને પોતે રાજ્ય ચલાવવા માંડયું. આ પ્રમાણે રાજ્ય કરતાં કેટલોક સમય થયા પછી એક દિવસે ભોજ રાજા પોતાના ક્રીડા સ્થાન-બગીચા તરફ જતા હતા ત્યારે રસ્તામાં ત્હેમને ધારા નગરીનો રહેવાસી એક બ્રાહ્મણ સામો મળ્યો. આ બ્રાહ્મણે રાજાને જોતાં પોતાનાં નેત્ર બંધ કર્યાં તે ઉપરથી વિસ્મિત થયેલા રાજાએ પૂછયું "હે દ્વિજ ત્હમે મ્હને જોઇને સ્વસ્તી એ આશિષ તો આપતા નથી પણ ઉલટાં ત્હમારાં નેત્ર પણ બંધ કરો છો ત્હેનું શું કારણ છે?" ત્યારે તે બ્રાહ્મણે કહ્યું "હે! રાજા! આપ વૈષ્ણવ

છે એટલે બ્રાહ્મણોને ઉપદ્રવ કરનાર નથી એમ હું જાણું છું તેથી મ્હને ત્હમારા તરફથી બીલકુલ ડર નથી પણ ત્હમે કોઇને કાંઈ પણ દાન આપતા નથી તેથી ત્હમા-શમાં ઉદારતા નથી માટે ત્હમને આશીર્વાદ દેવામાં શું ફળ થનાર હતું એમ જાણી મેં આપને આશીર્વાદ કહ્યા નહી અને સ્હવારના પ્હોરમાં કૃપણનું મુખ જોવાથી લો-કોની એવી પણ કહેવત છે કે ત્હેના તરફથી તો અલબત કાંઈ લાભ થતો નથી પણ બીજેથી થનાર લાભને પણ તે હાનીકારક છે તેથી આપને જોતાંજ મ્હેં મ્હારાં નેત્ર બંધ કર્યાં હતાં.

अपिच–

प्रसादो निष्फलो यस्य कोपश्चापि निरर्थकः ॥
न तं राजानमिच्छंति प्रजाः षंढमिव स्त्रियः ॥४७॥

જે રાજાની કૃપા તેમજ ક્રોધ કાંઇ પણ ફળ આપ-નારાં નથી તેવા રાજાને જેવી રીતે સ્ત્રિ નપુંશકને ચ-હાતી નથી તેમ પ્રજા પણ ચ્હાતી નથી:

अप्रगल्भस्य या विद्या कृपणस्य च यद्धनम् ॥
यच्च बाहुबलं भीरोर्व्यर्थमेतत्त्रयं भुवि ॥ ४८ ॥

ચતુરાઈ વિનાની વિદ્યા, કંજુસ પાસેનું દ્રવ્ય, અને બ્હીકણનું બાહુબળ એ ત્રણ વાનાં આ પૃથ્વી ઉપર નકામાંજ સમજવાં:

देव मत्पितावृद्धः काशीं प्रति गच्छन् मया शिक्षां पृष्टः तात मया किं कर्त्तव्यमिति । पित्रा चेत्थम-भ्यधायि ॥

હે! પ્રભુ! મ્હારા વૃદ્ધ પિતા જ્યારે કાશી જતા હતા ત્યારે મ્હેં ત્હેમની શીખામણ માગી કે હે તાત! મ્હારે શું કરવું યોગ્ય છે! ત્યારે ત્હેમણે એમ કહ્યું કે!

यदि तव हृदयं विद्वन्! सुनयं स्वप्नेपि मास्म सेविष्ठाः॥
सचिवजितं षंढजितं युवतिजितं चैव राजानम् ॥४९

સંસ્કારી પુત્ર! જો તારૂં હૃદય સુનીતિવાળુ હોય તો મંત્રીઓ, નપુંશક અને સ્ત્રિયો આ ત્રણમાંથી કોઇને પણ વશ થયેલા રાજાતી સ્વપ્ને પણ ત્હારે શેવા કરવી નહીં:

पातकानां समस्तानां द्वे परे तात! पातके॥
एकंदुस्सचिवो राजा द्वितीयं च तदाश्रयः॥५०॥

સર્વ પાપોમાં બે પાપ ઘણાંજ મ્હોટાં છે. જે રાજાના મંત્રીઓ સારા ન હોય તે અને તેવા રાજાનો આશ્રય લેવો તે:

अविवेकमतिर्नृपतिर्मंत्रिषु गुणवत्सु वक्रितग्रीवः॥
यत्र खलाश्च प्रबलास्तत्र कथं सज्जन वसरः॥५१॥

જ્યાં રાજા મૂઢ હોય અને ગુણુવાન મંત્રીઓની સલાહ આદિ વખતે વાંકુ મ્હોં કરતો હોય અથવા સારી સલાહ પ્રતી અલક્ષ્ય કરતો હોય, જ્યાં દુષ્ટ માણુસોનું ઘણું જોર ચાલતું હોય-જ્યાં આવી અવ્યવસ્થિત સ્થિતી હોય ત્યાં સજ્જનોને ત્હેમની સજ્જનતા બતાવવાનો અને અન્યને સારો રસ્તો બતાવવાનો અવસર ક્યાંથી જ મળે ?

राजा संपत्तिहीनोपि सेव्यः सव्यगुणाश्रयः॥
भवत्याजीवनं तस्मात्फलं कालांतरादपि॥५२॥

સંપત્તિથી હીન થયેલો ગુણુવાન રાજા હોય તો ત્હેની સેવા કરવી કારણુ કે કાળ જતાં તે જરૂર ફળ આપ્યા વિના રહેતો નથીઃ ત્હેનો વખત સુધરતાં ત્હેની પાસેથી અવશ્ય ફળ મળે છેજ.

अदातुर्दाक्षिण्यं नहि भवति । देव पुरा कर्ण-दधीचिशिबिविक्रमप्रमुखाः क्षितिपतयो यथा पर-लोकमलंकुर्वाणाः निजदानसमुद्भूतदिव्यनवगु-णैर्निवसंति महीमंडले तथा किमपरे राजानः ॥

હે! રાજન જે રાજા દાન કરતો નથી ત્હેનામાં ચાતુર્ય પણ હોતું નથી. પ્હેલાંના કાળમાં કર્ણ, દધિચિ, શિબી અને વિક્રમ જેવા રાજાઓ થઈ ગયા તે સર્વ સ્વર્ગના ભૂષણ રૂપ ગણાયા છે અને પૃથ્વીમાં પણ ત્હેમના ગુણો તે થકી અમર છે તેવા રાજાઓ કયાં જોવામાં આવે છે?

देहे पातिनि का रक्षा यशो रक्ष्यमपातवत् ॥
नरः पतति कायोपि यशःकायेन जीवति ॥५३॥

જે દેહ અવશ્ય પડનારજ છે ત્હેનું રક્ષણ શા માટે કરવું જોઇએ.? જે યશ હમેશાં અમરજ છે ત્હેનું રક્ષણ કરવું જોઈએ, શરીર નાશ પામે છે તેમ છતાં યશરૂપી કાયાથી મૃત્યુ પામેલું માણસ પણ જીવતું રહે છે:

पंडिते चैव मूर्खे च बलवत्यपि दुर्बले ॥
इश्वरे च दरिद्रे च मृत्योस्सर्वत्र तुल्यत ॥५४॥

પંડિત, મૂર્ખ, બળવાન, દુર્બળ, ઐશ્વર્યવાળા અને દરીદ્રિ એ સર્વને મૃત્યુ તો એકજ સરખી રીતે આવે છે:

निमेषमात्रमपि ते वयाग च्छन्न तिष्ठति ॥
तस्माद्देहेष्वनित्येषु कीर्तिमेकामुपार्जयेत् ॥५५॥

ત્હમારી અવસ્થા ચાલીજ જાય છે એક ક્ષણ માત્ર પણ કાળ ત્હેના કામમાં પ્રમાદ કરનાર નથી ત્યારે હે મનુષ્ય અનિત્ય દેહ છે તેમાં તું કીર્તિનો સંચય કરી લે.

जीवितं तदपि जीवित मध्ये ।
गण्यते ॄ श्रुतिभिः किमु पुंसाम् ॥
ज्ञानविक्रमकला कुललज्जा ।
त्यागभोगरहितं विफलं यत् ॥ ५६ ॥

જે જ્ઞાન વિક્રમ, કલા, કુળ લજ્જા, દાન અને ભોગથી રહીત છે તે જેમ વ્યર્થ છે તેમ જે જે માણસનું જીવતર પણ તે તે સર્વેથી રહીત છે તે જીવતરને પણ જ્ઞાની માણસો જીવતર ગણતા નથી અર્થાત્ તે તે ગુણો વિનાનો માણસ જગતમાં જીવતાં છતાં મુવા સમાનજ છે:

राजापि तेन वाक्येन पीयूषपूरस्नात इव परब्रह्मणि लीन इव लोचनाभ्यां हर्षाश्रूणिमुमोच । प्राह च द्विजं विप्रवर श्रृणु ॥

તે વિપ્રનાં આવાં વચન સાંભળીને રાજાને જાણે અમૃત રસથી ભરપુર સરોવરમાં પોતે સ્નાન કરતો હોય તેટલો આનંદ થયો અને પોતે પરબ્રહ્મમાંજ લીન થયો હોય તેમ તેની આંખમાંથી હર્ષાશ્રુ પડવા લાગ્યાં અને તેણે કહ્યું "હે વિપ્રવર સાંભળો:-

सुलभाः पुरुषा लोके सततं प्रियवादिनः ॥
अप्रियस्य च पथ्यस्य वक्ता श्रोता च दुर्लभः॥५७॥

આ સંસારમાં હમેશાં પ્રિય વચનો બોલનાર સુલભ છે પણ સામાને અપ્રિય થઇ પડે તેવાં પથ્ય વચનો કહેનાર (હિત ચિંતક) અને તેવાંજ વચનો પોતાના હીતનાં જાણી સાંભળનારતો દુર્લભજ છે:

मनीषिणः संति न ते हितैषिणो ।
हितैषिणः संति न ते मनीषिणः ॥

सुहृच्च विद्वानपि दुर्लभो नृणां ।
यथौषधं स्वादु हितं च दुर्लभम् ॥५८॥

જે માણુસ બુદ્ધિમાન છે તેઓનામાં અન્યનું હીત કરવાને પથ્ય શબ્દો બોલવાની શક્તિ હોતી નથી અને જેઓ હીત કરનાર છે તેઓનામાં બુદ્ધિ નથી અર્થાત્ સ્હામાને અપ્રિય ન લાગતાં હીત થાય તેમ બોલવાની શક્તી હોતી નથી. જે પ્રમાણે રોગને મટાડવાને માટે સ્વાદિષ્ટ ઔષધ મળવું મુશ્કેલ છે તેજ પ્રમાણે પોતાનું હીત કરવાને માટે બુદ્ધિવાન અને સ્વાદિષ્ટ વચનો બોલનારો માણુસ મળવો પણુ દુર્લભજ છે.

इति विप्राय लक्षं दत्त्वा किं ते नामेत्याह । विप्रः स्वनाम भूमौ लिखति गोविंद इति । राजा वाचयित्वा विप्र प्रत्यहं राजभवनमागंतव्यं न ते कश्चिन्निषेधः । विद्वांसः कवयश्च कौतुकात् सभामानेतव्याः । कोपि विद्वान् न खलु दुःखभागी भवति एनमधिकारं पालयेत्याह । एवं गच्छत्सु कतिपयदिवसेषु राजा विद्वत्प्रियः दानवित्तेश्वर इति प्रथामगात् । ततो राजानं दिदृक्षवः कवयो नानादिग्भ्यः समागताः । एवं वित्तादिव्ययवयं कुर्वाणं राजानं प्रति कदाचित् मुख्यामात्येनेत्थमभ्यधायि । देव राजानः कोशबलाः एव विजयिनो नान्ये ॥

આ પ્રમાણે તે વિપ્રને કહીને રાજાએ ત્હેને એક લાખ રૂપીયા આપ્યા અને પછી ત્હેનું નામ પુછ્યું. બ્રાહ્મણે "ગોવિંદ" એ પ્રમાણે જમીન ઉપર પોતાનું નામ લખ્યું. પછી તે નામ વાંચી રાજાએ ત્હેને કહ્યું "હે વિપ્રવર

ત્હમે હમેશાં રાજભવનમાં આવજો-ત્હમારે આવવાને માટે કાંઇ પણ નિષેધ નથી-ત્હમારે હમેશાં નવ નવા કવિ અને વિદ્વાનોને રાજ-સભામાં લાવવા. અને તે સર્વ ઉપરાંત હું ત્હમને એટલો પણ અધિકાર આપું છું કે આજથી મ્હારા રાજમાં કોઇ પણ વિદ્વાન દુઃખી થવો જોઇએ નહી."

આ પ્રમાણે રોજ સભામાં નવ નવા કવિઓ અને વિદ્વાનો આવવા લાગ્યા. તેમ ઘણા દિવસો થયા ત્યારે ભોજ રાજા વિપ્રોના હેતસ્વી તથા દાન આપનારાઓમાં ઉત્તમ ગણાવા લાગ્યા અને ત્હેમનાં દર્શન માટે સર્વ દેશે દેશથી કવીઓ આવવા લાગ્યા. આ પ્રમાણે રાજા હમેશાં ખર્ચ કરવા લાગ્યા તેથી એક દિવસે મુખ્ય મંત્રીએ ત્હેમને કહ્યું: "હે દેવ! ભંડારના બળવાળા રાજાઓ વિજયી નીવડે છે. બીજા જય મેળવી શકતા નથી,

स जयी वरम तंगा यस्य कस्यास्ति मेदिनी ॥
कोशो यस्य स दुर्धर्षो दुर्ग यस्य स दुर्जयः॥५९॥

રાજા જય કોણ મેળવી શકે છે? જે રાજાના પાસે ઘણા હાથીઓ છે તથા અખૂટ દ્રવ્ય છે તથા જેની પાસે મજબુત કીલ્લા છે તે પણ અજીત છે.

देव लोकं पश्य

હે દેવ આ જગતનો વિચાર કરો.

प्रायो धनवतामेव धने तृष्णा गरीयसी ॥
पश्य कोटिद्वया सक्तं लक्षाय प्रवणं धनुः ॥६०॥

દુનીયામાં ઘણે ભાગે જેની પાસે વધારે પૈસો હોય છે ત્હેને પૈસા મેળવવાને માટે વધારે ઇચ્છા રહે છે જેની પાસે બે કરોડ છે તે લાખને માટે પ્રયત્ન કરે છે આ શ્લોકનો અર્થ બે રીતે થાય છે-બીજો અર્થ ધનુષ્યના ઉપર જ્યારે નિશાન તાકવાનું હોય છે ત્યારે પણચ અને

સોટી રૂપી જે કરોડ તેની પાસે હોય છે છતાં નીશાન રૂપી લક્ષ મેળવવાને માટે પ્રયત્ન કરે છે.

इति राजा च तमाह ॥

આવાં મંત્રીનાં વચન સાંભળી રાજાએ ત્હેને કહ્યુંઃ-

दानोपभोगवंध्या या सुहृद्भिर्या न भुज्यते ॥
पुंसां समा॒िता लक्ष्मीरलक्ष्मीः क्रमशो भवेत्॥६१॥

જે લક્ષ્મી વંધ્યત્વને પામેલી છે અર્થાત્ જે લક્ષ્મીનો દાન અથવા અન્ય કાંઇ ઉપયોગ થતો નથી અથવા તો જેનો મીત્રો અથવા સંબંધીઓ પણ ઉપયોગ કરી શકતા નથી એવી લક્ષ્મી માણસ ઘણે ઘણે પ્રયત્ને એકઠી કરે છે છતાં પણ કાળે કરીને તે અલક્ષ્મી થઈ જાય છે.

इत्युक्त्वा राजा तं मंत्रिणं निजपदाद्दूरीकृत्य तत्पदेन्यं दिदेश । आह च तम् ॥

એ પ્રમાણે કહી રાજાએ તે ખજાનચીને ત્હેની પદવી ઉપરથી દુર કર્યો અને તે સ્થળે બીજાને નીમ્યો અને ત્હેને કહ્યુંઃ-

लक्षं महाकवेर्देयं तदर्धं विबुधस्य च ॥
देयं ग्रामैकमर्थ्यस्य तस्या प्यर्धं तदर्थिनः ॥६२॥

હે મંત્રી ત્હમારે મહા કવીને એક લાખ રૂપૈયા આપવા, પંડીત હોય ત્હેને પચાસ હજાર રૂપીયા આપવા, અર્થ સમજાવનારને એક ગામ આપવું, અને અર્થ કહ્યા પછીથી બરાબર સમજે ત્હેને ત્હેનાથી અર્ધું દાન આપવું.

यश्च मे अमात्यादिषु वितरणनिषेधमनाः स हंतव्यः । उक्तंच ॥

આ પ્રમાણે મ્હારા દાન કરવાના નિયમમાં જે આડે

આવશે અને મ્હારા વૃત્તનો ભંગ કરાવશે તેને હુ મારી નાંખીશ.

यद्ददाति यदश्नाति तदेव धनिनां धनम् ॥
अन्ये मृतस्य क्रीडंति दारैरपि धनैरपि ॥ ६३ ॥

માણસ ઘણોજ દ્રવ્યવાન હોય છે પણ ત્હેનું ખરૂં ધન તો તેટલુંજ કહેવાય છે કે જેનો ત્હેણે પોતે ઉપયોગ કર્યો હોય અને જેનું ત્હેણે કામ કર્યું હોય છે કારણે મૃત્યુ પછી ત્હેનાજ ધનનો બીજાઓ ઉપયોગ કરે છે અને તેની સ્ત્રિને પણ અન્ય પુરૂષો ભોગવે છે.

प्रियः प्रजानां दातैव न पुनर्द्रविणेश्वरः ॥
अगच्छन् कांक्ष्यते लोकैर्वारिदो न तु वारिधिः॥६४॥

સંસારમાં પણ જે માણસની પાસે દ્રવ્ય છે ત્હેને સર્વ કોઇ ચહાતું નથી પણ જેની પાસે દ્રવ્ય છે અને તે દ્રવ્યને જે દાન રૂપે વાપરે છે તેનેજ સર્વ કોઇ ચહાય છે જે પ્રમાણે સંસાર વરસાદની રાહ જુવે છે પણ કોઇ સાગરની આશા રાખતું નથી.

संग्रहैकपरः प्रायः समुद्रोपि रसातले ॥
दातारं जलदं पश्य गर्जंतं भुवनोपरि ॥६५॥

આમાં વાસ્તવીક જોતાં સંચય કરવામાં તૈયાર સમુદ્ર પૃથ્વીપર છે, અને જળ આપનાર મેઘને લોકો ઉપર ગર્જના કરતો જુએ છે સમુદ્ર પ્રુથ્વી ઉપર છે અને તેમાં ઘણાજ પાણીનો સંચય છે અને વર્ષાદ તો આકાશમાંજ ગર્જના કરતો હોય છે તેમ છતાં પણ લોકો વર્ષાદની આકાંક્ષા રાખે છે.

एवं वितरणशालिनं भोजराजं श्रुत्वा कश्चित्कलिंगदेशात्कविरुपेत्य मासमात्रं तस्थौ । न च क्षो-

णींद्रदर्शनं भजति आहारार्थे पाथेयमपि नास्ति ।
ततः कदाचिद्राजा मृगयाभिलाषी बहिर्निर्गतः ।
स कविर्दृष्ट्वा राजानमा . ॥

ભોજરાજની અપાર દાનશક્તિ સાંભળીને એક વખત કલીંગ દેશમાંથી એક કવી ધારાનગરીમાં આવી પહોંચ્યો, અહીં આવીને રહ્યા ને તેને લગભગ એક માસ થઇ ગયો પણ રાજાનું દર્શન થયું નહીં અને ત્હેની પાસે જે કાંઇ હતું તે ખરચાઇ જતાં તેને પોતાનું ગુજરાન કેમ ચલાવવું ત્હેનો પણ વિચાર થઇ પડયો એટલામાં એક દિવસે રાજા મૃગયા રમવાને જવાના હતા ત્યારે તે સમયનો લાભ લઈ બ્રાહ્મણ રાજાનાં દર્શન કરવાને આવ્યો અને રાજાને જોઈ બોલ્યો.

दृष्टे श्रीभोजर जंद्रे गलंते त्रीणि तत्क्षणात् ॥
शत्रोः शस्त्रं कवेः कष्ठं नीवीबंधो मृगीदृशाम्॥६६॥

"નૃપવર ભોજરાજાને જોતાં શત્રુઓનાં શસ્ત્ર, કવિનાં કષ્ટ, અને મૃગાક્ષીઓનાં વસ્ત્રના બંધ છુટી જાય છે".

राजा लक्षं ददौ । ततस्तस्मिन्-ृगयारसिके राजनि कश्चन पुलिंदपुत्रो गायति । तेन गीतमाधुर्येण तुष्टो राजा तस्मै पुलिंदपुत्राय पंचलक्षं ददौ । तदा कविः तद्दानमत्युन्नतं किरातपोतं च दृष्ट्वा नरेंद्रपाणिकमलस्थपंकजमिषेण राजानं वदति ॥

આ શ્લોક સાંભળી પ્રસન્ન થયેલા રાજાએ તે બ્રાહ્મણને એક લાખ રૂપીયા દાન આપ્યા, અને પોતે મૃગયાને માટે સીધાવ્યા ત્યાં આગળ એકાદ ભિલના છોકરાને ગાતો સાંભળ્યો અને તેના સુસ્વરથી પ્રસન્ન

થતા રાજાએ ત્હેને પાંચ લાખ રૂપીયા બક્ષીસ કર્યા. આ દાનને ઘણુંજ હુદ ઉપરનું તથા ભીલ પુત્રને જોઈ તે સમયે જે કવી તેની પાસે હતો તેણે રાજાના હાથમાં રહેલા પંકજની અન્યોક્તિથી રાજાને કહ્યું !

एते गुणाः पंकज संतोपि न ते प्रकाशमायांति ॥
यल्लक्ष्मीवसतेस्तव मधुपैरुपभुज्यते कोशः ॥ ६७ ॥

"હે ! પંકજ ત્હારામાં ઘણા ઘણા ગુણોએ વાસ કર્યો છે પણ તેઓ પ્રકાશ પામતા નથી કારણ કે તું લક્ષ્મીનું સ્થાનક છે છતાં પણ ત્હારા અંતર ભાગને ભ્રમરો ભોગવે છે".

भोजस्तमभिप्रायं ज्ञात्वा पुनर्लक्षमेकं ददौ । ततो राजा ब्राह्मणमाह ॥

આ શ્લોકનો અર્થ જાણી રાજાએ પુનઃ પેલા ભિલ્લના છોકરાને એક લાખ રૂપીયાનું દાન આપ્યું અને પેલા કવીને કહ્યું કેઃ—

प्रभुभिः पूज्यते विप्र कलैव न कुलीनता ॥
कलावान् मान्यते मूर्ध्नि सत्सु देवेषु शंभुना ॥ ६८ ॥

"હે ! વિદ્વાન્ મ્હોટા માણસો કોને પૂજે છે ? કલાવાનને પણ કુલીનને નહી. જેવી રીતે આટલા બધા દેવતાઓ છે છતાં શ્રી શંકરે કલાવાન ચંદ્રનેજ પોતાના માથાના અલંકારરૂપે સ્વિકાર્યો છે".

एवं वदति भोजे कुतोपि पंचषाः कवयः समागताः तान्दृष्ट्वा राजा विलक्षण इवासीत् । अद्यैव मया एतावद्वित्तं दत्तमिति । ततः कविस्तमभिप्रायं ज्ञात्वा नृपं पद्ममिषेण पुनः प्राह ॥

આ પ્રમાણેનો રાજાનો અને કવીનો વાદ ચાલતો

હતો તેટલામાં તે સ્થળે એકાએક પાંચ છ બીજા કવી આવી પહોંચ્યા જેમને જોતાં હવે શું આપીશ એવા વિચારથી જેણે પોતાની પાસે હતું તે સર્વનું દાન કરી નાંખ્યુંછે તેવો રાજા શરમાઇ ગયો. રાજાના મનની સ્થિતિને પાર પામેલા તે કવિએ પૂનઃ કમળનીજ અત્યોક્તીથી કહ્યું.

किं कुप्यसि कस्मै वानवसौरभसाराय हि निजमधुने ॥
यस्य कृते शतपत्र तेद्यप्रति पत्रं मृग्यते भ्रमरैः ॥६९॥

હે! કમળ ત્હારી સુગંધ અને તેમાં રહેલી મધુરતાને માટે ભમરાઓ ત્હારા ફુલની પાંખડીએ પાંખડીએ ભ્રમણ કરે છે ત્યારે તે ભ્રમરોના ઉપર તું શું કામ ક્રોધ કરે છે?

ततः प्रभुं प्रसन्नवदनमवलोक्य प्रकाशेन प्राह॥
न दातुं नोपभोक्तुं च शक्नोति कृपणः श्रियम् ॥
किं तु स्पृशति हस्तेन नपुंसक इव स्त्रियम् ॥७०॥

કવીના શ્લોકથી રાજાનો શોકથી છવાયલો ચ્હેરો પુનઃ ખુશનુંમા થયો તે જોઇ તે કવીએ કહ્યું "રાજા! જેવી રીતે એક ષ્યંઢ સ્ત્રિનો ભોગ કરી શકતો નથી પણ ત્હેની સુકોમળ કાયાને પોતાના હસ્તાસ્પર્શથી ભોગવી આનંદ માને છે તેમજ કૃપણ પોતાના ધનને દાન રૂપે કરી ભોગવી શકતો નથી પણ ત્હેને ગણી અથવા વધારી સંચય કરીજ પોતાના પંડને સુખી માને છે.

याचितो यः प्रत्हृष्येत दत्त्वा च प्रीतिमान् भवेत् ॥
तं दृष्ट्वाप्यथवा श्रुत्वा नरः स्वर्गमवाप्नुयात् ॥ ७१॥

જે માણુસ કોઇએ કાંઈ માગ્યું હોય છે ત્હેનું પ્રસન્ન થઇને દાન કરે છે તેવા માણુસનું દર્શન તેમ શ્રવણુ સ્વર્ગ સુખને આપનાર છે.

ततस्तुष्टो राजा पुनरपि कलिंगदेशवासिकवये लक्षं ददौ। ततः पूर्वकविः पुरःस्थितान् षट् कवीन्द्रान्दृष्ट्वाह। हे कवयोत्र महासरस्सेतुभूमौवासी राजा यदा भवनं गमिष्यति तदा किमपि ब्रूतेति। ये च सर्वे महाकवयोपि सर्वं राज्ञः प्रथमचेष्टितं ज्ञात्वावर्त्तत तेष्वेकः सरोमिषेण नृपं प्राह॥

આ પ્રમાણેની અન્યોક્તિથી પ્રસન્ન થયેલા રાજાએ સંતુષ્ટ થઇને તે કલીંગ દેશના કવિને ફરીથી એક લાખ રૂપીયા દાનમાં આપ્યા પછી પેલા કવીએ ત્યાં આવીને ઉભેલા છ કવિઓને કહ્યું "હે કવેન્દ્રો અહીંયાં આવેલા મહા સરોવરની પાળ ઉપર બેઠેલા આ રાજા જ્યારે ઘર તરફ પાછા ફરે ત્યારે તમે કાંઇ બોલજો" આથી રાજાના પ્હેલા કહેલા સર્વ વિચારો વિગેરે જેમણે જાણ્યા હતા તે છ કવિઓ ઉભા થયા અને તેમાંથી એક જણે કહ્યું કે

आगतानामपूर्णानां पूर्णानामप्यगच्छताम्॥
यदध्वनि न संघट्टो घटानां तत्सरोवरम्॥ ७२॥

"હે! રાજન! આ સરોવરમાંથી નિર ભરવાને માટે જે ખાલી થયેલા ઘડાઓ આવે છે અને જેઓ સરોવર કૃપાથી પૂર્ણ ભરાઇને જાય છે તેવા ઘડાઓની જ્યારે રસ્તામાં ઘણી ભીડ ન થાય ત્યારે તે સરોવરની કૃપા સમજવી અર્થાત્ તેવું સરોવર હમેશાં સજીવન હોય છે. એટલે એક વાર ભરાયલો ઘડો કાંઇ બીજીવાર આવતો નથી એમ નથી પણ પાછો ખાલી થઇને આવે છે તેજ પ્રમાણે હે રાજન! તમો પણ સજીવન સરોવર જેવા જ છો કે તમારી પાસે અનેક નિર્ધન વિદ્વાનો આવે છે અને તેમને તમો દાન આપો છો પણ તેથી તે દાનથી તેઓ પૂર્ણ સંતુષ્ટ પામતા નથી અને પુનઃ પુનઃ તમારી

પાસે આવે છે અને તમો ત્હેમને વારંવાર દાન આપો છો.

इति। तस्य राजा लक्षं ददौ। ततो गोविंद-पंडितस्तान् कवींद्रान्दृष्ट्वा चुकोप। तस्य कोपाभिप्रायं ज्ञात्वा द्वितीयः कविराह॥

તે કવીનાં આવાં વચન સાંભળી રાજાએ હર્ષથી તેને એક લાખ રૂપીયા દાન આપ્યું રાજાના આ દાનથી કુપિત થયેલા ગોવિંદ કવિને જોઇને છ કવીમાંના બીજા કવિએ કહ્યું.

कस्य तृषं न क्षिपयसि पिबति न कस्तव पयः प्रविश्यांतः॥ यदि सन्मार्गसरोवर नक्रो न क्रोडमधिवसति॥ ७३॥

" હે શ્રેષ્ઠ માર્ગવાળા સરોવર જો ત્હારા પાંણીમાં (ત્હારી નજીક) મગર મચ્છ ન હોય તો તું કોની તરસ ન મટાડી શકે, સર્વેની તરસ છીપાવે તારા પાણીમાં ઉતરી સર્વે કોઇ પાણી પી શકે ભાવાર્થ-હે રાજન! જો તમારી પાસે કોઈ દાન કરવામાં તમને રોકનાર ન હોય તો તમે કોનું દારીદ્રય ન નીવારત સર્વે કોઈ તમારા દાનથી દ્રવ્યવાન થાત અને તેમનું દારીદ્રય દુર થાત.

राजा तस्मै लक्षद्वयं ददौ। तं च गोविंदपंडितं व्यापारपदाद्दूरीकृत्य त्वयापि सभायामागंतव्यं परं तु केनापि दौष्ट्यं न कर्तव्यम्। इत्युक्त्वा ततस्तेभ्यः प्रत्येकं लक्षं दत्त्वा स्वनगरमागतः ते च यथायथं गताः। ततः कदाचिद्राजा मुख्यामात्यं। प्राह॥

આ પ્રમાણે બોલનાર કવીને રાજાએ બે લાખ રૂપીયા

દાન આપ્યું અને બાકીના દરેકને લાખ લાખ રૂપીયા આપ્યા અને ગોવીંદ કવીને તેણે કરેલી ઈર્ષાને માટે ત્હેના અધિકાર ઉપરથી દૂર કરી કહ્યું "હે કવીયોના શીરોમણી આજથી તમારે સભામાં આવવું પણ કોઈ કવીની ત્હમારે ઈર્ષા કરવી નહી" પછી સર્વ કોઇ સૌ સૌને સ્થાનકે ગયા, ત્યાર પછી રાજાએ પોતાના મુખ્ય મંત્રીને કહ્યું ત્હમો આજ એવી આજ્ઞા ગામમાં ફેરવો

विप्रोपि यो भवेन्मूर्खः स पुराद्बहिरस्तु मे ॥
कुंभकारोपि यो विद्वान् स तिष्ठतु पुरे ममेति॥७४॥

કે બ્રાહ્મણ હોય પણ મુર્ખ હોય ત્હેણે ગામનો ત્યાગ કરી ગામ બ્હાર જવું અને કુંભાર હોય પણ વિદ્વાન હોય ત્હેણે ગામમાં આવીને રહેવું.

अतः कोपि न मूर्खोभूद्धारानगरे। ततः क्रमेण पंचशतानि विदुषां वररुचिबाणमयूररेफणहरिशंकरकलिंगकर्पूरविनायकमदनविद्याविनोदकोकिलतारेन्द्रमुख्याः सर्वशास्त्रविचक्षणाः सर्वज्ञाः श्रीभोजराजसभामलं चक्रुः एवं स्थिते कदाचिद्विद्वद्वृंदवंदिते सिंहासनासीने कविशिरोमणौ कवित्वप्रिये विप्रा[illegible]वे भोजेश्वरे द्वारपाल एत्य प्रणम्य व्यजिज्ञपत्। देव कोपि विद्वान् द्वारि तिष्ठतीति। अथ राज्ञा प्रवेशय तमिति आज्ञप्ते सोपि दक्षिणेन पाणिना समुन्नतेन विराजमानो विप्रः प्राह ॥

આ પ્રમાણે કરવાથી ધારાનગરીમાં કોઈ મુર્ખ રહ્યો નહી અને વરરૂચી, બાણ, મયૂર, રેફણ, હરિશંકર, કલિંગ, કર્પૂર, વિનાયક, મદન, વિદ્યાવિનોદ, કોકિલ, નારેન્દ્ર,

એવા એવા પાંચશો વિદ્વાનથી ભોજરાજાની સભા વિભુષિત જણાવા લાગી.

એક સમયે આવા વિદ્વાનોથી વિભુષિત સભામાં વિદ્વાનસમુહે વંદિત્ કવિઓમાં શિરોમણિ, તથા સર્વ કાવ્ય રસનો રસિયો વિપ્ર પ્રિય બાંધવોથી યુક્ત ભોજરાજા પોતાના રાજ્ય સિંહાસનપર બેઠેલો હતો ત્યારે દ્વારપાળે આવી પ્રણામ કરી કહ્યું "રાજાધિરાજ દ્વારપર એક વિદ્વાન આવ્યા છે અને દર્શનને માટે ઇચ્છા જણાવે છે." રાજાએ કહ્યું "ત્હેમને સત્વર પ્રવેશ કરાવો."

દ્વારપાળ દ્વારા ભોજ રાજાની આજ્ઞા સાંભળી તે વિદ્વાન પોતાનો જમણો હાથ જેમાં એક પત્ર હતો તે ઉંચો કરી સભામંડપમાં આવ્યો અને કહ્યું.

राजन्नभ्युदयोस्तु शंकर ज्वे किं पत्रिकायामिदं ।
पद्यं कस्य तवैव भोजनृपते पापठ्यतां पठ्यते ॥
एतासामरविंद सुंदरदृशां द्राक् चामरां दोलना-।
दुद्वेलद्भुजवल्लिकंकणझणत्कारः क्षणं वार्यताम्॥७५

"હે મહારાજા આપનો અભ્યુદય થાવ" એમ આશીર્વાદ બોલ્યો-કવીના ઉંચા કરેલા હાથમાં એક પત્ર જોઈ ભોજરાજે પુછ્યું "કવિવર આ પત્રમાં શું લખ્યું છે".

કવિ–મહારાજ શ્લોક છે.

ભોજરાજ–કોનો છે?

કવિ—આપ શ્રીનો.

રાજા—જરા વાંચો જોઈએ.

કવિ—જેવી આજ્ઞા પણ આ સુંદર કમળ સમાન નેત્રોવાળી સ્ત્રિઓ જેમની ભુજલતાઓ અંબર હલાવવાથી ડોલાયમાન થઈ રહેલી છે અને જે કારણથી તેમના કનક પલવો ઝણઝણાટ કરી રહેલાં છે તે થોડો વખત

બંધ કરો. આ પ્રમાણે કહ્યા પછી તે કવીવર પોતાનો બનાવેલો શ્લોક બોલ્યા જેનો અર્થ એમ થતો હતો કે;

यथा यथा भोजयशो विवर्धते ।
सितां त्रिलोकीमिव कर्तुमुद्यतम् ॥
तथा तथा मे ह्रदयं विदूयते ।
प्रियालकालीधवलत्वशंकया ॥ ७६ ॥

"જેમ જેમ હે ભોજરાજ ત્હમારો શ્વેત–યશ વધતો જાય છે અને જાણે આખા ત્રૈલોકયને ધોળુ કરી નાંખતો હોય તેમ જણાય છે તેમ તેમ કદાચ મ્હારી પ્રિયાની અલકાવલી (અંબોડો) ધોળો થઈ જશે એવી શંકાથી મ્હારૂ હૃદય ખીન્ન થયાં કરે છે અર્થાત્ હે રાજન્ ત્હમારી કિર્તીની ધવલતાને લીધે મ્હારી પ્રિયાના વાળ સરખા પણ ધોળા થઇ જશે."

ततो राजा शंकरकवये द्वादशलक्षं ददौ । सर्वे विद्वांसः विच्छायवदना बभूवुः । परं कोपि राजभयान्नावदत् । राजा च कार्यवशात् गृहं गतः । ततो विभूपालं सभां दृष्ट्वा विबुधगणस्तं निनिंद । अहो नृपतेरज्ञता किमस्य सेवया । वेदशास्त्रविचक्षणेभ्यः स्वाश्रयकविभ्यः लक्षम नद । किमनेन वितुष्टेनापि । असौ च केवलं ग्राम्यः कविः शंकरः । किमस्य प्रागल्भ्यं इत्येवं कोलाहलरवे जाते कश्चिदभ्यगात् कनकमणीकुंडलशाली दिव्यांशुकप्रावरणो नृपकुमार इव मृगमदपंककलंकितगात्रो नवकुसुमसमभ्यर्चितशिराश्चंदनांगरागेण विलोभ-

यन् विलास इव मूर्तिमान् कवितेव तनुमाश्रितः शृंगाररसस्य स्यंद इव सस्यंदो महेंद्र इव महीवलयं प्राप्तो विद्वान्। तं दृष्ट्वा सा विद्वत्परिषत् भयकौतुकयोः पात्रमासीत्। स च सर्वान्प्रणिपत्य प्राह। कुत्र भोजनृप इति। ते तमूचुरिदानीमेव सौधांतरगत इति। ततोसौ प्रत्येकं तेभ्यस्तांबूल दत्त्वा गजेंद्रकुलगतः मृगेंद्र इवासीत्। ततः स महापुरुषः शंकरकविप्रदानेन कुपितान् तान् बुद्ध्वा प्राह। भवद्भिः शंकरकवये द्वादशलक्षाणि प्रदत्तानीति न मंतव्यम्। अभिप्रायस्तु राज्ञो नैव बुद्धः। यतः शंकरपूजने प्रारब्धे शंकरकविस्त्वेकेनैव लक्षेण पूजितः। किंतु तदुद्दिष्ट तन्नाम्ना विभ्राजितानेकादश रुद्रान् शंकरानपरान् मूर्तान्प्रत्यक्षान् ज्ञात्वा तेषां प्रत्येकमेकैकं लक्षं तस्मै शंकरकवय एव शंकरमूर्तये प्रदत्तमिति राज्ञोभिप्राय इति। सर्वेपि चमत्कृतास्तेन। ततः कोपि राजपुरुषः तद्विद्वत्स्वरूपं द्राग्राज्ञे निवदयामास। राजा च स्वमभिप्रायं साक्षाद्विदिवंतं तं महेशमिव महापुरुषं मन्यमानः सभामभ्यगात्। स च स्वस्तित्याह राजानम्। राजा च तमालिंग्य प्रणम्य निजकरकमलेन तत्करकमलमवलंब्य सौधांतरं गत्वा प्रोत्तुंगगवाक्ष उपविष्टः

प्राह । विप्र भवन्नाम्ना कान्यक्षराणि सौभाग्य वलंबितानि । कस्य वा देशस्य भवद्भिरहः सुजन दां बाधत इति । ततः कविर्लिखति राज्ञो हस्ते कालिदास इति । राजा वाचयित्वा पादयोः पतित । ततस्तत्र सीनयोः कालिदासभाजर जगोरासां संध्या । राजा सखे संध्यां वर्णयेत्यवादीत् ॥

આવા શ્લોકને સાંભળી તેથી વિસ્મય પામેલા રાજાએ તે શંકરકવીને બાર લાખ રૂપીયાનું દાન કર્યું, જેથી કરીને સભાના સર્વ કવીયો નિસ્તેજ થઇ ગયા અને માંહેમાંહે એક બીજાના સામું જોવા લાગ્યા; એટલામાં રાજાને કામ પ્રસંગે મ્હેલમાં જવું પડ્યું. રાજા વિનાની સભા થતાં સર્વ પંડીતો એક બીજાની સાથે રાજાની નિંદા સંબંધી વાત કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે આવા અજ્ઞાન રાજાને સેવવામાં શું લાભ છે? આપણા જેવા વેદજ્ઞ અને હમેશના રહેના આશ્રીત વિદ્વાનોને રાજા માત્ર એક એક લાખ રૂપીઆજ દાન આપેછે જ્યારે શંકરકવી જેવા એક ગામડીયા કવી જેની ભાષા પણ ઘણી કઠોર છે તેને એકદમ બાર લાખ આપી દીધા. આ પ્રમાણે વિબુધગણ જ્યારે રાજાની નિંદા કરવામાં રોકાયલા હતા તેવામાં એક બીજો વિદ્વાન ત્યાં આવી ચઢયો જેણે સોનાનાં કુંડળ મણી અને ઉમદા વસ્ત્રાભૂષણો પેહેર્યા હતાં. શરીરે ઘણો કદાવર અને કાંતીવાળો જાણે કામદેવ પોતેજ વસંત ખેલવાને માટે ઉતરી આવ્યો હોય અથવા મેઘ સાથે ઇંદ્ર રાજા પૃથ્વી ઉપર ઉતરી પડ્યા હોય તેવો એક રાજકુમારના જેવા આડંબરવાળો, સઘળા શરીરે કસ્તુરી અને સુગંધ દ્રવ્યોનું લેપન કરેલો દેખાતો હતો-કવીઓના શ્રૃંગાર રૂપ હતો તેની વાચા સ્પષ્ટ અને કવીતાના રસથી

ભરપૂર જણાતી હતી. આવા વિદ્વાનને જોઈ સર્વ કોઈ આશ્ચર્ય પામ્યા. તેણે સભામાં પ્રવેશ કરી ત્યાં આગળ બીરાજેલા કવીઓને પ્રણામ કરી પુછ્યું "મહારાજા ક્યાં છે?" "રાજા હમણાંજ કામ પ્રસંગે મ્હેલમાં પધાર્યા છે" આ પ્રમાણેનો ત્હેમના તરફથી પ્રત્યુત્તર મળતાં પ્રત્યેક વિદ્વાનને એક એક પાનની બીડી આપી તેમની વચ્ચે એક આસનપર ગજ સમુહમાં એક કેશરી (વનરાજ) બીરાજે તેમ તે બેઠો અને સભાના પંડીતોનાં શંકર કવીને અનહદ દ્રવ્ય મળ્યાના કારણથી ક્રોધાયમાન મન જોઇને કહેવા લાગ્યો "હે વિદ્વાનો—શંકર કવીનેજ રાજાએ બાર લાખ આપી દિધા નથી અને તેમ સમજી આપે કોઈએ અસંતોષ રાખવો નહી. રાજા વિદ્વાન છે અને તેણે પૂર્ણ વિચાર કરીનેજ બાર લાખ આપ્યા છે, અને તેમાં પણ શંકર કવીને તો માત્ર આપ પ્રત્યેકની માફક એકજ લાખ આપ્યા છે. પરંતુ શંકર બાર છે અર્થાત્ બીજા અગીયાર શંકરો (રૂદ્રો) શંકરકવીમાં સમાયલા જાણી તેવા પ્રત્યેકને એક એક લાખ આપવાના સમજીને રાજાએ શંકરકવીને બાર લાખ આપ્યા છે કારણ કે શંકરકવી શંકરનું રૂપ છે એવો રાજાએ અર્થ ગ્રહણ કર્યો છે. આ પ્રમાણેનો ખુલાસો કરી સર્વના સંશયને દૂર કર્યો તેથી સભામાં બેઠેલા સર્વ કવીયો પ્રસન્ન થઇ આશ્ચર્ય પામ્યા. આ બનાવની મ્હેલમાં રાજાને સભામાંથી એક માંણસે ખબર આપી.

આ પ્રમાણે પોતાના મનના અભિપ્રાયને સમજનાર કવિને આવેલો જોઈ રાજા ઘણોજ ખુશ થયો અને તરતજ મ્હેલમાંથી સભાગૃહમાં આવ્યો અને ત્હેને શંકરના સમાન ગણીને માન આપવા લાગ્યો. રાજાને આવતો જોઇ બ્રાહ્મણે ત્હેને 'સ્વસ્તિ' આપનું કલ્યાણ થાવ એવો આશીર્વાદ આપ્યો. રાજાએ ત્હેને પોતાના હસ્તકમળથી ઝાલીને ઉઠાડયો અને મ્હેલમાં એક દિવ્ય ઝરૂખામાં બે-

સાડી પુછવા લાગ્યા કે હે મહર્ષી આપના નામથી કયા અક્ષરો અલંકૃત થયા છે? આપનું અહીં આવાગમન થવાથી કયા દેશને વિયોગ થયો છે અને કયા દેશના સજ્જને। આપના વિરહના ભોગ થઇ પડયા છે? રાજાના આ પ્રશ્નોના ઉત્તરમાં તે કવિએ રાજાની હથેલીમાં "કાલિદાસ" એ પ્રમાણેનું નામ લખ્યું. આ નામ વાંચી રાજા પૂનઃ ત્હેના ચરણકમળમાં પડયો. આ પ્રમાણે વાર્તા વિનોદ કરતા બેઠેલા કાવ્ય રસના રસીયા ભોજરાજ અને કવિતાના રસના સાગરરૂપ કવિવર કાલિદાસને ઘણો વખત થયો અને સાયંકાળ થઇ ત્યારે ભોજરાજે કહ્યું "હે મિત્ર સંધ્યાનું વર્ણન કરો"!

व्यसनिन इव विद्या क्षीयते पंकजश्री- ।
गुणिन इव विदेशे ऽन्यमायांति भृंगाः ॥
कुनृपतिरिव लोकं पीडयत्यंधकारो ।
धनमिव कृपणस्य व्यर्थतामेति चक्षुः ॥७७॥

હે રાજન "જેવી રીતે કામાદિક વ્યસનોમાં આસક્ત થયેલા વિદ્વાનની વિદ્યા પણ કાળ જતાં ક્ષિણ થાય છે, તેજ પ્રમાણે રાત્રી પડતાં કમળની શોભા પણ ક્ષીણ થાય છે, જે પ્રમાણે પરદેશ સેવતા ગુણી માણસો પણ દિન જેવા જણાય છે, તેજ પ્રમાણે સંધ્યા સમય થતાં ભ્રમરો દિન જણાય છે, જે પ્રમાણે ક્રુર અને અનિતીવાન રાજા પોતાની પ્રજા ઉપર જુલમ ગુજારે છે તેજ પ્રમાણે અંધકાર સૃષ્ટીપર જુલમ ગુજારે છે અને જેમ કૃપણ માણસ પાસે ગમે તેટલું દ્રવ્ય હોયછે પણ ત્હેનો કાંઇ ઉપભોગ થતો નથી અને તેથી વ્યર્થજ છે તેજ પ્રમાણે નેત્રો હોવા છતાં અંધકાર થતાં તે વ્યર્થ થઈ જાય છે." આ પ્રમાણેનું સંધ્યાનું વર્ણન છે.

पुनश्च र जानं स्तौति कविः

આ સાંભળીને પૂનઃ રાજા તે કવિની સ્તુતી કરવા લાગ્યા.

उपच र: कर्तव्यो यावद्‍ुत्पन्नसौहृदाः पुरुषाः ॥
उत्पन्नसौ हृदाना‍ुपचारः कैतवं भवति ॥ ७८ ॥

જ્યાં સુધી એક બીજામાં મીત્રભાવ ઉત્પન્ન થયો નથી ત્યાં સુધીજ એકબીજાની પ્રશંસા તથા આદરસત્કાર ની જરૂર છે પણ જ્યાં સ્નેહ બંધાયો છે ત્યાં પછી તે પ્રમાણે કરવાથી ઢોંગ સમજાય છે.

दत्ता तेन कविभ्यः पृथ्वी सकलापि कनकसं ्णा॥
दिव्यांसुकाव्यरचनांक्रमं कवीनां च यो विजानाति॥७९॥

જે રાજાઓ કવિયોના ક્રમને (કવીઓના જ્ઞાનના ક્રમને,) અને ત્હેમનાં કાવ્યોની દિવ્ય રચનાને સમજે છે તેમણે તે કવીઓને સુવર્ણથી ભરેલી પૃથ્વીનું દાન કર્યું છે એમ સમજવું.

सुकवेः शब्दसौभाग्यं सत्कविर्वेत्ति नापरः ॥
वंध्या न हि ि जाना ते परां दौह्‍दसंपद म्॥८०॥

જેવી રીતે ગર્ભીણીના અભિલાશ ગર્ભના અનુભવવાળીજ સમજે છે અને વંધ્યા સ્રિ સમજી શકતી નથી તેવી રીતે ઉત્તમ કવિયોનાં ઉત્તમ રસવાળાં કાવ્યોને સારા જ્ઞાનવાળા કવિઓજ સમજે છે બીજા સમજી શકતા નથી.

इति। ततः क्रमेण भोजकालिदासयाः प्रीतिरजायत। ततः कालिदासं वेश्य लंपटं ज्ञात्वा तस्मिन्सर्वे द्वेषं चक्रुः। न कोपि तं स्पृशति। अथ

कदाचित् सभामध्ये कालिदासमालोक्य भोजेन मनसा चिंतितं, कथमस्य प्राज्ञस्यापि स्मरपीडाप्रमाद इति । सोपि तदभिप्रायं ज्ञात्वा प्राह ॥

પછી કાળ જતાં ભોજરાજનો અને કવિ કાલિદાસનો સ્નેહ દિન પ્રતિદિન વધારે વધારે ગાઢ થતો ગયો પણ કાલિદાસ વેશ્યામાં આસક્ત હતો જે ખબર સભામાં બ્હાર પડતાં વિદ્વાનો તેની નિંદા કરવા લાગ્યા અને કેટલાક તો તેનો સ્પર્શ પણ કરતા નહી. એક દિવસે ભોજ સભા ભરીને બેઠા હતા ત્યારે પોતાની સન્મુખ કાલિદાસને જોઈ રાજાના મનમાં વિચાર આવ્યો કે "આવા વિદ્વાનને પણ કામદેવ શી રીતે પીડી શકતો હશે ?" રાજાનો આ અભિપ્રાય સમજતાં કાલિદાસ કહેવા લાગ્યા.

चेतोभुवश्चापलताप्रसंगे ।
का वा कथा मानुषलोकभाजाम् ॥
यद्दाहशीलस्य पुरां विजेतु- ।
स्तथाविधं पौरुषमर्धमासीत् ॥८१॥

કામદેવની ચપલતાના પ્રસંગ સમયે મૃત્યુલોકનાં માણુસોની કાંઇ પણ વાત કરવા જેવું છેજ નહિ કારણ કે દેવલોકમાં શંકર જેમણે કામને બાળીને ભસ્મ કરી નાંખ્યો હતો તેમના પણ અર્ધા પુરૂષાતનનો તેના વાસથી નાશ થયેલો છે અર્થાત્ ત્રિપુરાસુરને જીતનાર શંકરના શરીરમાં પણ કામદેવનો વાસ છે અને તેથી પોતાના અર્ધાંગમાં પોતાની પ્રિયા પાર્વતીને સમાવેલાં છે જેથી તેમના અર્ધાપુરૂષાતનનો નાશ થયો છે.

ततस्तुष्टो भोजराजः प्रत्यक्षरं लक्षंददौ । ततः कालिदासः भोजं स्तौति ॥

આ પ્રમાણેનાં વચનોથી પ્રસન્ન થયેલા ભોજ રાજાએ એક એક અક્ષરે લાખ લાખ રૂપીઆનું દાન કર્યું જેથી સંતુષ્ટ થયેલા કાલિદાસ કવિએ ભોજની સ્તુતી કરી—

म [illegible]राज श्रीमन् जगति यशसा ते धवलिते ।
पयःपारावारं परमपुरुषोयं मृगयते॥
कपर्दी कैलासं करिवरमभौमं कुलिशभृत् ।
[illegible]थं राहुः कमलभवनो हंसमधुना ॥८२॥

હે શ્રીમન્! તમારા યશથી આખુ જગત શ્વેત થઇ ગયું છે અને તેના ગભરાટથી વિષ્ણુ ક્ષીરસાગર શોધ્યાં કરે છે, મહાદેવ કૈલાસને શોધે છે, ઇંદ્ર પોતાંના શ્વેત રંગના ઐરાવતને શોધ્યા કરે છે, રાહુ શ્વેત રંગના તેના દુશ્મન ચંદ્રની તપાસ કરે છે અને સઘળાં પશુ પક્ષીઓ ધોળાં થઇ ગયાં છે તેથી બ્રહ્માજીને પોતાનું વાહન—હંસ જડતો નથી તેથી તે પણ દરેક પક્ષીની પરિક્ષા કરવાને માટે અને હંસને શોધવાને માટે આમતેમ ગભરાયલા જેવા ફરે છે—અર્થાત્ આપના યશની સર્વત્ર-શ્વેતતા પ્રસરી રહી છે.

नीरक्षीरे गृहीत्वा निखिलख[illegible] ततांयाति नालीकजन्म ।
तक्रं धृत्वा तु सर्वानटति जलनिधींश्चक्रपाणिर्मुकुंदः॥
सर्वानु-तुंगशैलान् दहति पशुपतिःफालनेत्रेण पश्यन् ।
व्याप्ता त्वत्कीर्तिकांता त्रिजगति नृपते भोजराज क्षितींद्र ॥८३॥

કારણકે હે ભોજરાજ આપની કીર્તી એટલી તો બધી

ધોળી છે કે ઉપર પ્રમાણે પોતપોતાની વસ્તુઓ અને વાહ- નોને શોધવામાં ગભરાટમાં પડેલા દેવતાઓમાં બ્રહ્મા જળ અને દુધ બન્નેના મીશ્રણને લઇને દરેક ધોળાં દેખાતાં પક્ષીઓમાં હંસ કોણ તે તપાસી જોવાને માટે દોડે છે કારણ કે ખરો હંસ દુધપાણીમાંથી દુધ અને પાણીને જુદાં પાડી શકે છે, અને પોતાના ક્ષીરસાગરને શોધતાં વિષ્ણુ ભગવાન સર્વ પ્રવાહીને ક્ષીરસમાન જોતાં ખરો ક્ષીરસાગર કયો તેની તપાસ કરવાને માટે હાથમાં છાશ લઇને સ્થળે સ્થળે ભટકે છે, અને પોતાના રહેઠાણ કૈ- લાશપર્વતને શોધતા શંકર સઘળા ઉંચા પર્વતોને ધોળા જોતાં તેમાં ચાંદીનો કૈલાશ પર્વત કયો છે તે જાણવાને માટે પોતાના કપાળ વચ્ચેનું ત્રીજા નેત્રને ઉઘાડીને ફરે છે જેના પ્રભાવે કરીને કૈલાશ સીવાયના બીજા સર્વ પર્વતોનો નાશ થાય. ”

विद्वद्राजशिखामणे तुलयितुं धाता त्वदीयं यशः ।
कैलासं च निरीक्ष्य तत्र लघुतां निक्षिप्तवान् पूर्तये ॥
उक्षाणं तदुपर्युमासहचरं तन्मूर्ध्नि गंगाजलं ।
तस्याग्रे फणिपुंगवं तदुपरि स्फारं सुधादीधितिम् ॥८४

“ હે! વિદ્વાન અને રાજાઓમાં શીરોમણી રાજા ત- મારા યશને તોલવાને માટેના સામા ત્રાજવામાં વિધાતાએ કૈલાસ પર્વતને મુકયો પણ તેમાં તે ઘણો ઘટતો જણાયો ત્યારે સમ કરવાને માટે તે પર્વત ઉપર નંદી–શંકરના વા- હન પોઠીયાને મુકયો તેમ છતાં પણ વજન કમી થયું ત્યારે તે નંદી ઉપર પાર્વતી સહ શંકરને આરૂઢ કર્યા અને તેમ કરવા છતાં પણ જ્યારે તોલ ન મળ્યું ત્યારે શેશ નાગ, ગંગા અને અમૃત સમાન શીતળતા આપનારા સહસ્ત્ર કીરણવાળા ચંદ્રમાને મુકયા છતાં પણ તમારૂં યશનું ત્રાજવું ઉંચકાયું નહીં. ”

स्वर्गाद्गोपाल कुत्र व्रजसि सुरमुने भूतले कामधेनो
र्वत्सस्यानेतुकामस्तृणचयमधुना मुग्ध दुग्धं न तस्याः ॥
श्रुत्वा श्रीभोजराजप्रचुरवितरणं व्रीडशुष्कस्तनी सा ।
व्यर्थो हि स्यात् प्रयासस्तदपि तदरिभिश्चर्वितं
सर्वमुर्व्याम् ॥ ८५ ॥

બીજો એક સંવાદ ગોવાળનો છેઃ—

એક વખતે સ્વર્ગમાંનો કોઈ એક ગોવાળ જતો હશે ત્હેને નારદજી મળ્યા ત્હેમણે તેને પુછયું "હે ગોવાળ! તું આમ કયાં જાયછે?" ત્હેણે નમન કરી કહ્યું "હે સુરમુની! હું પૃથ્વી ઉપર કામધેનુંને માટે ઘાસચારો લેવા જાઉં છું." આ સાંભળી નારદજીએ કહ્યું "અરે મૂર્ખ એમ શું કામધેનુમાંથી દુધ જતું રહ્યું છે?" ત્યારે પેલા ગોવાળે કહ્યું "મ્હારાજ! પૃથ્વી ઉપર ભોજરાજના દાનની કીર્તી સાંભળી કામધેનુના આંચળમાંથી દુધ સુકાઈ ગયું છે" ત્યારે નારદજીએ કહ્યું કે જો એમજ છે તો ત્હારો ઘાસ લેવા જવાનો પ્રયત્ન પણ નીષ્ફળ જશે કારણકે ભોજરાજાના આવા દાન અને યશનો દ્વેષ રાખનારાઓ પૃથ્વી ઉપરના સર્વ ઘાસને તો ખાઈ ગયા છે."

तुष्टो राजा प्रत्यक्षरं लक्षं ददौ । ततः कदाचित् श्रुतिस्मृतिसारं गताः केचिद्ब्राह्मणाः कवित्वप्रियं ज्ञात्वा कश्चिन्नगराद्बहिः भुवनेश्वरीप्रसादेन कवित्वं करिष्याम इत्युपविष्टाः । तेष्वनेन पंडितंमन्ये-एकश्चरणोपाठि । भोजनं देहि राजेन्द्रेति । अन्येन-

१ तृणमपि भोजराजपराक्रान्तैः शत्रुभिर्वनवासिभिर्भक्षितम् ।

पाठि। घृतसूपसमन्वितमिति। उत्तरार्धं न स्फुरति। ततो देवताभवनं कालिदासः प्रणामार्थमगात्। तं वीक्ष्य द्विजा ऊचुः। अस्माकं समग्रवेदविदामपि भोजः किमपि नार्पयति। भवादृशां हि यथेष्टं दत्ते। ततोस्माभिः कवित्वविधानधियात्रागतम्। चिरं विचार्य पूर्वार्धमभ्यधायि उत्तरार्धं कृत्वा देहि। ततोस्मभ्यं किमपि प्रयच्छतेत्युक्त्वा तत्पुरस्तदर्धमभाणि स च तच्छ्रुत्वा, माहिषं च शरच्चंद्रचंद्रिकाधवलं दधीत्याह। ते च राजभवनं गत्वा दौवारिकानूचुः वयं कवनं कृत्वा समागता राजानं दर्शयतेति। ते च कौतुकात् हसंतो गत्वा राजानं प्रणम्य प्राहुः॥

ઉપર પ્રમાણેના સંવાદોથી ખુશ થયેલા રાજાએ પુનઃ કાલિદાસને અક્ષરે અક્ષરે લાખ લાખ રૂપીઆ આપ્યા.

પછી કેટલાક દિવસો ગયા પછી ધારાનગરીના કેટલાક વેદ તથા સ્મૃતિમાં પ્રવીણ વિદ્વાનો રાજાનો કવિતા ઉપરનો અપૂર્વ પ્રેમ જોઇ ભૂવનેશ્વરીની કૃપાથી કવિતા રચવાનો પ્રયાસ કરવાની ઇચ્છાથી નગર બહાર ભુવનેશ્વરીના વનમાં ગયા. ત્યાં ત્હેમના મંડળમાંનો એક જે અન્ય કરતાં પોતાને વધારે વિદ્વાન ગણતો હતો ત્હેણે શ્લોકના પુર્વાર્દ્ધનું એક ચરણ "भोजनं देहि राजेन्द्र" એ પ્રમાણેનું બનાવ્યું અર્થાત્ "હે રાજન ! અમને ભોજન આપો" અને બીજાએ "घृतसूपसमन्वितम्" અર્થાત્ "ઘી અને દાળ સાથે આપો" આ પ્રમાણેનું બીજું ચરણ બનાવ્યું પણ

હવે ઉત્તરાર્દ્ધ બનાવવામાં ત્હેમને મુશ્કેલી પડી ત્હેનો વિચાર કરતા તેઓ સઘળા ભુવનેશ્વરી દેવીના વનમાં બેઠેલા હતા તેટલામાં કવિ કાલિદાસ પોતાના નિત્ય નિયમ પ્રમાણે દેવીનાં દર્શન કરવાને ત્યાં આવતા જણાયા તેથી સર્વ પંડિતોએ ત્હેમને પ્રણામ કર્યા અને કહેવા લાગ્યા "હે કવિવર! અમારા જેવા વેદજ્ઞને ભોજરાજા કાંઈ પણ આપતા નથી અને આપ સરખા કવિઓને યથેષ્ટ આપે છે. આવો રાજાને કવિતાનો શોખ જાણીને અમોએ આ ભુવનેશ્વરી દેવીના વનમાં આવીને કવિતા રચવાનો પ્રયત્ન કરવા માંડયો છે પણ તેમાં માત્ર પૂર્વાર્દ્ધ જ બનાવી શકયા છીએ અને ઉત્તરાર્દ્ધ અમારાથી બનતું નથી માટે આપ કૃપા કરી અમને ઉતરાર્દ્ધ બનાવી આપો તો રાજા અમારા ઉપર કૃપા કરી દાન આપે." આ પ્રમાણેનું તે બ્રાહ્મણોનું બોલવું સાંભળી ત્હેમનાં બનાવેલાં ત્હેલાં બે ચરણ સાંભળી કવિ કાલિદાસે ઉત્તરાર્દ્ધ "माहिषंच शरचंद्र चंद्रिका धवलं दधि" "શરદ ૠતુની રમ્ય ચાંદનીના સમાન ભેંશનું શ્વેત દહીં પણ અમારા ભોજનને માટે આપો" એવા અર્થવાળું બનાવ્યું. આ પ્રમાણેનો પુર્ણ શ્લોક લઇને તેઓ કેટલાક દિવસે રાજસભામાં આવી પહોચ્યા અને દ્વારપાળને કહ્યું કે રાજાને વરધી આપો કે અમે કવિતા બનાવીને લાવ્યા છીએ. જેમના દેખાવ ઉપરથી જ સ્વાભાવિક રીતે હાસ્ય ઉત્પન્ન થાય છે તેવા વેદીઆઓને કવિતા બનાવી લાવેલા જોઇને હસ્તાં હસ્તાં દ્વારપાળે જઇને ભોજ રાજાને પ્રણામ કરી કહ્યું:-

राजमाषनिभैर्दंतैः कटिविन्यस्तपाणयः ॥
द्वारि तिष्ठन्ति राजेंद्र च्छांदसाः श्लोकशत्रवः॥८६॥

"હે રાજન! અડદ સમાન કાંતિવાળા, ખરાબ દાંતવાળા, કેડપર હાથ મુકીને ઉભા રહેલા, શ્લોક-કવિતાના હડહડતા શત્રુઓ-વેદીઆઓ દ્વાર ઉપર ઉભા રહેલા છે અને આપનાં દર્શન કરવાને ઇચ્છે છે:

इति । राज्ञा प्रवेशितास्ते दृष्ट्वा राजसदो मि-
लिताः सहैव कवित्वं पठंति स्म । राजा तच्छ्रुत्वा
उत्तरार्धं कालिदासेन कृतमिति ज्ञात्वा विप्रानाह ।
येन पुर्वार्धं कारितं तन्मुखात्कवित्वं कदाचिदपि
न करणीयम् । उत्तरार्द्धस्य किंचिद्दीयते न पूर्वा-
र्धस्येत्युक्त्वा प्रत्यक्षरलक्षं ददौ । तेषु कालिदासं
वीक्ष्य राजा प्राह । कवे उत्तरार्धं त्वया पठितमि-
ति । कविराह ॥

રાજાની આજ્ઞાથી પ્રવેશ કરાએલા વેદીઆઓએ રાજા તથા સભાને જોઇ તેમનો શ્લોક બોલી બતાવ્યો, રાજાએ શ્લોકને સાંભળી ઉત્તરાર્દ્ધ કાલિદાસનું બનાવેલું છે આવું જાણી બ્રાહ્મણોને કહ્યું "હે વિપ્રો તમારા શ્લોકના પુર્વાર્દ્ધ બનાવનારના મ્હોંથી હવે પછી હું કોઇ કવિતા સાંભળનાર નથી અને ઉત્તરાર્દ્ધની કીંમત આપું છું. પુર્વાર્દ્ધનું કંઇજ નહિ." આ પ્રમાણે કહી ઉત્તરાર્દ્ધના દરેક અક્ષરને માટે લાખ લાખ રૂપીઆ આપી તેમને વિદાય કર્યા. એટલામાં સભામાં કાલિદાસને જોઈ રાજાએ પુછ્યું "હે કવિ આ શ્લોકનું ઉત્તરાર્દ્ધ તમેજ બનાવ્યું હશે?"

अधरस्य मधुरिमाणं कुचकाठिन्यं दृशोश्च तैक्ष्ण्यं च ।
कवितायां परिपाकं ह्यनुभवरसिको विजानाति ॥८७॥

કાલીદાસે કહ્યું "શ્રીમન્! સ્ત્રિઓના અધરામૃતની મધુરતા, તેમનાં સ્તનની કઠીણતા, નેત્રોનાં કટાક્ષ તથા કવિતાના ભાવ જેઓ કાવ્ય રસનો પાર પામેલા છે તેઓજ સમજી શકેછે અર્થાત્ રસજ્ઞજ ત્હેમને સમજે છે."

राजा च सुकवे सत्यं वदसि ॥

રાજાએ કહ્યું કવિવર આપ સત્યજ કહો છે.

अपूर्वो भाति भारत्याः काव्यामृतफले रसः ॥
चर्वणे सर्वसामान्ये स्वादुवित्केवलं कविः ॥८८॥

કાવ્ય રચના જે અમૃતફળથી પણ વધારે મધુરતા ધરાવે છે ત્હેમાં સરસ્વતીના અમૃતફળનો વાસ છે અને ત્હેને સર્વ કોઈ ખાય છે પણ ખાવામાં પણ સઘળા ત્હેને ચાવે છે તો ખરાજ પણ ત્હેનો સ્વાદ તો સ્વાદના પરિક્ષકોજ સમજે છે.

संचिंत्य संचिंत्य जगत् समस्तं ।
त्रयः पदार्था हृदयं प्रविष्टाः ॥
इक्षोर्विकारा मतयः कवीनां ।
मुग्धांगनापांगतरंगितानि ॥ ८९ ॥

આખી સૃષ્ટીનો વારંવાર વિચાર કરતાં (ગોળ, સાકર, અને ખાંડ) જેઓ સઘળાં શેરડીમાંથીજ જુદા જુદા પ્રકારે બનેલાં છે તે તથા કવિઓની બુદ્ધિ અને યોવનના તોરથી મદોન્મત્ત થઇ ગયેલી યૌવનાઓનાં કટાક્ષોજ મ્હારા હૃદયમાં વશી રહેલાં છે. અર્થાત્ તે ત્રણનાં રૂપાંતરે જોવામાં આવે છે.

ततः कदाचिद्वारपालः प्रणम्य भोजं प्राह । राजन् द्रविडदेशात् कोपि लक्ष्मीधरनामा कविर्द्वारमध्यास्त इति । राजा प्रवेशयेत्याह । प्रविष्टमिव सूर्यमिव विभ्राजमानं चिरादप्यविदितवृत्तांतं प्रेक्ष्य राजा विचारयामास प्राह च ॥

પછી કેટલોક સમય ગયા પછી દ્વારપાળે આવીને

રાજાને ખબર કરી કે હે મહારાજ દ્રાવીડ દેશથી લક્ષ્મી-
ધર નામનો કોઈ કવી આવીને દ્વારમાં ઉભેલો છે,
તેને પ્રવેશ કરવાને માટે આજ્ઞા મળતાં દ્વારપાળ ત્હેને
રાજાની સમક્ષ લાવ્યો આવા સાક્ષાત્ સુર્ય સ-
માન તેજસ્વી કવિને જોઇને રાજા વિસ્મય થયો અને
ઘણા વખત સુધી ત્હેની સામે જોતાં જ્યારે ત્હેની કાંઈ
પણ ખબર ત્હેને પડી નહિ ત્યારે રાજા મનનાં વિચા-
રવા લાગ્યો કેઃ-

आकारमात्रविज्ञानसंपादितमनोरथाः ॥
धन्यास्ते ये न शृण्वन्ति दीनाः काप्यर्थिनां गिरः ९०

જ્ઞાની-સ્હામા માણસની મુખમુદ્રા જોઇનેજ ત્હેની
શી શી ઇચ્છાઓ છે તે જાણી ત્હેમને સિદ્ધ-પરિપૂર્ણ
કરે છે. અર્થાત જે ધનાઢયદાતાઓની સમીપ યાચકોને ત્હે-
મની ઇચ્છાઓ પરિપૂર્ણ કરવાને માટે દીન વચનો બોલવાં
પડતાં નથી તેવા ધનાઢયોને પણ ધનવાદ છે.

**स चागत्य तत्र राजानं स्वस्तीत्युक्त्वा तदाज्ञ-
योपविष्टः प्राह । देव इयं ते पंडितमंडिता सभा
त्वं च साक्षाद्विष्णुरसि । ततः किं नाम पांडित्यं
मम तथापि किंचिद्वच्मि ॥**

આ પ્રમાણે રાજાના અભિપ્રાયને જાણેલા તે કવિએ
પછી રાજાને સ્વસ્તિ-આશીર્વાદ આપી કહ્યું "હે દેવ!
ત્હમારી આ સભા પંડિતોથી શોભાયમાન છે અને
આપ પોતે વિષ્ણુ ભગવાનના અવતારરૂપી છો તો તેવા
ત્હમારા સર્વની સમક્ષ મ્હારી શું શક્તિ છે છતાં હું
કાંઈ બોલવાને ચાહુ છું:

भोजप्रतापं तु विधाय धात्रा ।

शेषैर्निरस्तैः परमाणुभिः किम् ॥
हरेः करेभूत्पविरंबरे च ।
भानुः पयोधेरुदरे कृशानुः ॥ ९१ ॥

વિધાત્રીએ ભોજરાજાના યશને રચ્યા પછી ત્હેમાંથી જે કાંઈ શેષ રહ્યું ત્હેનો કાંઇ ઉપયોગ કરવો એમ વિચારીનેજ ઇન્દ્રના હાથમાં રાખવાનું વજ્ર, આકાશમાં સૂર્ય, અને સમુદ્રમાં વડવાનળ અગ્નિ રચ્યા છે.

इति। ततस्तेन परिषच्चमत्कृता । राजा च तस्य प्रत्यक्षरलक्षं ददौ । पुनः कविराह । देव मया सकुटुंबेनात्र निवासाशया समागतम् ॥

આ પ્રમાણેનાં વચનોથી તે કવિએ રાજા તથા સારી સભાને પ્રસન્ન કરી તેથી રાજાએ ત્હેના પ્રત્યેક અક્ષરને માટે એક એક લાખ રૂપીઆ ધન આપ્યું પછી તે લક્ષ્મીધર કવિએ કહ્યું કે હે મહારાજ હું તો આપના રાજ્યમાં મ્હારા કુટુંબ સાથે રહેવાની ઇચ્છાથી આવેલો છું.

क्षमी दाता गुणग्राही स्वामी पुण्येन लभ्यते ॥
अनुकूलः शुचिर्दक्षः कविर्विद्वान्सुदुर्लभः ॥इति ९२

જ્યારે પૂરેપૂરાં પુણ્ય કર્યાં હોય ત્યારેજ ક્ષમાવાન, દાતા, અને ગુણવાન સ્વામી મળે છે પણ અનુકુળ, પવિત્ર, ચતુર, કવિ અને વિદ્વાન્ એવો સ્વામિ મેળવવો તે તો ઘણુજ દુર્લભ છે. ૯૨

ततो राजा मुख्यामात्यं प्राहास्मै गृहं दीयतामिति । ततो निखिलमपि नगरं विलोक्य कमपि मूर्खममात्यो नापश्यत् यं निरस्य विदुषे गृहं दी-

यते। तत्र सर्वत्र भ्रमन् कस्यचित्कुविंदस्य गृहं वीक्ष्यकुविंदं प्राह। कुविंद गृहान्निःसर तव गृहं विद्वानेष्यतीति। ततः कुविंदो राजभवनमासाद्य राजानं प्रणम्य प्राह। देव भवदमात्यो मां मूर्खं कृत्वा गृहान्निःसारयतीति। त्वं तु पश्य मूर्खः पंडितो वेति॥

જે ઉપરથી રાજાએ પોતાના મુખ્ય મંત્રીને તેડાવીને આજ્ઞા આપી કે હે પ્રધાન આ કવિને ગામમાં ઘર અપાવો. મંત્રી આખા ગામમાં ફરી વળ્યો પણ એવો કોઈ મૂર્ખ ન જણાયો કે જેને કાઢી આ પંડિતને ઘર આપે પછી શોધતો શોધતો એક વણકરના ઘર આગળ આવી પહોંચ્યો જ્યાં આવી તેણે તે વણકરને કહ્યું-"હે વણકર તું ત્હારૂં ઘર ખાલી કરીને ચાલ્યો જા અહીંયાં પંડીત રહેવા આવનાર છે!" વણકર આ ઉપરથી રાજ સભામાં ગયો અને રાજાને પ્રણામ કરી કહેવા લાગ્યો "હે રાજન્! આપનો મંત્રી મ્હને મૂર્ખ ગણીને મ્હારૂં ઘર ખાલી કરાવી વિદ્વાન્ પંડીતને રહેવા આપે છે પણ આપે હું કવિતા બનાવી જાણું છું કે નહીં તેની યોગ્ય તપાસ જ કરવી જોઇએ છીએ:"

काव्यं करोमि नहि चारुतरं करोमि।
यत्नात्करोमि यदि चारुतरं करोमि॥
भूपालमौलिमणिमंडितपादपीठ।
हे साहसांक कवयामि वयामि यामि॥९३॥

"હું કાવ્ય બનાવી શકુ છું પણ ઉત્તમ બનાવી શકતો નથી, સુંદર કાવ્ય બનાવવા જાઉ છું તો વખત વધારે થાય ત્યારે સારૂ બનાવી શકું છું, ભૂપાલોના માથાના તાજ-

ના આસન ઉપર જેના ચરણ રહે છે એવા અને મ્હને દંડ દેવાને માટેનાં લક્ષણથી યુક્ત હે ભોજરાજ હું કાવ્ય કરૂં, વણકરનું કામ કરૂં કે આપના રાજ્યનો ત્યાગ કરૂં". ૯૩

ततो राजा त्वंकारवादेन वदंतं कुविंदं प्राह । ललिता ते पदपंक्तिः । कान्ति माधुर्यं च शोभनं। परंतु कवित्वं विचार्य वक्तव्यमिति ॥

આ પ્રમાણે "તું"કારથી રાજા સાથે ભાષણ કરનાર તે વણકરને જોઇ ભોજરાજે કહ્યું "ત્હારૂં પદલાલીત્ય સારૂં છે. ત્હારા કાવ્યમાં મધુરતા પણ છે, પણ ત્હારે કવિતા બોલતાં વિચાર કરવો ઘટે છે".

ततः कुपितः कुविंदः प्राह। देव अत्रोत्तरं भाति किंतु न वदामि राजधर्मः पृथक् विद्वद्धर्मादिति । राजा प्राह अस्ति चेदुत्तरं ब्रूहीति । देव कालिदासादृतेन्यं कविं न मन्ये कोस्ति ते सभायां कालिदासादृते कवितातत्त्वद्विद्वान् ॥

રાજાનાં આવાં વચનો ઉપરથી ક્રોધાયમાન થઇ તે વણકર કહેવા લાગ્યો. "હે રાજન આપના બોલવાનો ઉત્તર આપવા જેવું છે પણ હું અત્રે કાંઇ પણ બોલવા ઇચ્છિતો નથી. કારણ કે વિદ્વાનનો ધર્મ અને રાજાનો ધર્મ એ બન્ને જુદા છે રાજાએ કહ્યું "જો મ્હારા બોલવા સામે ત્હારે કાંઇપણ કહેવા જેવું હોય તો કહે" વણકર બોલ્યો "મ્હારાજ આપની સર્વ સભામાં હું કાલિદાસ પંડીતનેજ કાવ્યરસનો જ્ઞાતા સમજુ છું અને જે કાંઈ પણ કહેવાને ઇચ્છું છું તે ત્હેમનેજ કહીશ અથવા આપની સભામાં ત્હમે કોને કાવ્યરસનો પૂરેપૂરો સમજનાર ગણો છો?

यत्सारस्वतवैभवं गुरुकृपापीयूषपाकोद्भवं ।
तल्लभ्यं कविनैव नैव हठतः पाठप्रतिष्ठाजुषाम् ॥
कासारे दिवसं वसन्नपि पयःपूरं परं पंकिलं ।
कुर्वाणः कमलाकरस्य लभते किं सौरभं सैरिभः॥९४॥

ગુરૂની કૃપાથી અમૃતપાક સમાન સરસ્વતીના પાક- વાણીનો લોભ તો જે કાવ્યરસને બરાબર સમજનાર છે તેવા કવિજ લઇ શકે છે બીજા નથી લઇ શકતા જે પ્રમાણે સારાં કમળના વનવાળા સરોવરમાં એક પાડો આખો દિવસ પડી રહે છે પણ તેથી ત્હેને કમળની સુ- ગંધીનો કાંઈ પણ લાભ થતો નથી પરંતુ સરોવરના નિરમળ પાણીને ગંદુ કરી નાખે છે પણ ભ્રમરો પાણીમાં પ્રવેશ ન કરતાં માત્ર સરોવરના કમલનેજ ભોગવે છે.

अयं मे वाग्गुंफो विशदपदवैदग्ध्यमधुरः ।
स्फुरद्बंधो वंध्यः परहृदि कृतार्थः कविहृदि ॥
कटाक्षो वामाक्ष्या दरदलितनेत्रांतगलितः ।
कुमारे निःसारः स तु किमपि यूनः सुखयति॥९५॥

જે પ્રમાણે બાળાઓનાં અર્ધ ભીંચેલાં નેત્રોનાં કટાક્ષ ન્હાનાં બાળકો ઉપર પડતાં ત્હેમની કાંઇ પણ અસર થ- તી નથી પણ યુવાન પુરૂષો ત્હેનો અર્થ પૂર્ણ સમજે છે તેજ પ્રમાણે હે રાજન્! મ્હારા પદ્યલાલિત્ય અને વાક્ય સંબંધની મધુરતાની અસર માત્ર જેઓ કાવ્યરસને બરા- બર સમજે છે તેમના હૃદયમાં વિકાસને પામે છે અને બાકીનાઓમાં તો પ્રવેશ્યા પછી વંધ્યા સ્ત્રિના ઉદરમાં પડયા સમાન વ્યર્થજ જણાય છે: ૯૫

इति । विद्वज्जनवंदिता सीता प्राह ॥

આ પ્રમાણેનો વણકર અને રાજાનો સંવાદ ચાલતો હતો ત્યારે વિદ્વાનો જેને વંદન કરતા હતા તેવી સીતા બોલી.

विपुलहृदयाभियोग्ये खिद्यति काव्ये जडो न मौर्ख्ये स्वे॥ निंदति कंचुकमेव प्रायः शुष्कस्तनी नारी॥१६॥

જે પ્રમાણે કોઈ સુષ્કસ્તની સ્ત્રી પોતાનાં શુષ્કસ્તનનો અફ્સોસ ન કરતાં પોતાના વસ્ત્રને માટે (કમખો) શીવનાર દરજીનો વાંક કાઢે છે તેજ પ્રમાણે ઘણાજ વિશાળ હૃદયવાળા, કવિતાને યોગ્ય માણસોની મુર્ખ માણસો નિંદા કરે છે પણ પોતાના અલ્પ જ્ઞાનને નિંદતા નથી.

ततः कुविंदः प्राह ॥

પછી વણકર કહેવા લાગ્યો.

बाल्ये सुतानां सुरतेंगनानां ।
स्तुतौ कवीनां समरे भटानाम् ॥
त्वंकारयुक्ता हि गिरः प्रशस्ताः ।
कस्ते प्रभो मोहतरः स्मर त्वम् ॥ १७ ॥

"હે રાજન્! બાળકપણામાં પુત્રો, વિલાસમાં સ્ત્રિ અને યુદ્ધમાં યોદ્ધાઓ સાથે "તું"કારથી ભાષણ કરવું તે વધારે પ્રશસ્ત છે તે આપ વિદ્વાન થઇ કેમ ભૂલો છો, ત્હેનું સ્મરણ કરો" ! ૧૭

ततो राजा साधु भो कुविंदेत्युक्त्वा तस्याक्षरलक्षं ददौ । मा भैषीरिति पुनः कुविंदं प्राह । एवं क्रमेणातिक्रांते कियत्यपि काले बाणः पंडितवरः परं राज्ञा मान्यमानोपि प्राक्तनकर्मतो दारिद्र्यम-

नुभवति । एवं स्थिते नृपतिः कदाचिद्रात्रावेकाकी प्रच्छन्नवेशः स्वपुरे चरन् बाणगृहमेत्यातिष्ठत् । तदा निशीथे बाणो दारिद्र्याद्याकुलतया कांतां वक्ति । देवि राजा कियद्वारं मम मनोरथमपूरयत् । अद्यापि पुनः प्रार्थितो ददात्येव । परंतु निरंतरप्रार्थनारसे मूर्खस्यापि जिह्वा जडीभवतीत्युक्त्वा मुहूर्तार्धं मौनेन स्थितः । पुनः पठति ॥

આ સાંભળી રાજાએ તે વણકરનાં વખાણ કર્યાં અને તેના શબ્દોના અક્ષરે અક્ષરના એક એક લાખ રૂપીઆ આપ્યા અને તે છતાં તે ગામ મુકીને નહી જવાને માટેનું ત્હેને અભય વચન આપ્યું.

કેટલોક સમય થયા પછી એક રાત્રીના રાજા પોતાની રૈયતનાં સુખ દુઃખ જાણુવાની ઇચ્છાથી અને નગર ચર્ચા જોવાના ઇરાદાથી પોતાનો વેશ બદલી જુના વેશે ગામમાં ફરવા નિકળ્યો, ચાલતાં ચાલતાં પોતાના વિદ્વાનોમાંથી કવિઓમાં ઉત્તમ જે બાણ કવિ હતો અને જેના ઉપર રાજાની અત્યંત પ્રીતી હતી પણ જે પૂર્વ જન્મનાં પાપને લીધે અત્યારે દરીદ્ર થઇ ગયો હતો તેના ઘર આગળ રાજા આવી પહોંચ્યો આ વખતે દારીદ્રયથી પીડીત થયેલા બાણ કવિ પોતાની સ્ત્રિને કહેતા હતા કે હે દેવી ! રાજાએ ઘણી વાર મ્હારા મનોરથ પૂર્ણ કર્યા છે અને હજી પણ જો કાંઇ માગવા જાઉં છું તો આપે છે પરંતુ નિરંતર યાચના કરનાર મૂર્ખની જીભ પણ જડ થઇ જાય છે અર્થાત્ હમેશાં યાચના કરતા રહેવું તે ઠીક નહી આ પ્રમાણે બોલી તે થોડીક વાર ચુપ રહ્યા અને પછી કહેવા લાગ્યા કેઃ—

हर हर पुरहर परुषं क्व हलाहलफल्गुयाचनावचसोः ॥
एकैव तव रसज्ञा तदुभयरसतारतम्यज्ञा ॥ ९८ ॥

હે ! હરહર ! હે ત્રિપુરાસુરનો નાશ કરનાર શદા-શીવજી! હલાહલ ઝેર અને વિના પ્રયોજન યાચના કરવી આ બેમાંથી વધારે કઠોરતા કોનામાં છે તે જણાવો ? કારણકે તે બંનેમાં કમજ્યાદાપણું શાંમાં છે તે જાણનારી તમારીજ જીભ છે કારણકે તમે હલાહલ ઝેરનું પાન કરેલું છે અને ભિક્ષા પણ માગેલી છે અર્થાત્ નિરર્થક યાચના કરવી તે ઝેર કરતાં પણ વધારે કઠોર છે."

देवि, दारिद्र्यस्यापरा मूर्तिर्याञ्चा न द्रविणाल्पता ॥
अपि कौपीनवान् शंभुस्तथापि परमेश्वरः ॥ ९९ ॥

"હે દેવી ! ધન રહીત થવામાં દારીદ્રય નથી પણ તેમ હોઇ ધનને માટે યાચના કરવી તેજ મ્હોટામાં મ્હોટું દારીદ્રય છે, અને તેટલાજ કારણથી કૌપીન માત્રથીજ પોતાના શરીરને ઢાંકનાર શીવજી વધારે ઓઢવા પહેરવાને માગતા નથી છતાં પરમેશ્વરજ કહેવાય છે."

सेवा सुखानां व्यसनं धनानां ।
याञ्चा गुरूणां कुनृपः प्रजानाम् ॥
प्रणष्टशीलस्य सुतः कुलानां ।
मूलावघातः कठिनः कुठारः ॥ १०० ॥

સુખરૂપ વૃક્ષોને જડમુળથી કાપી કાઢવાના કુવાડારૂપ ચાકરી જાણવી, અને ધનીકોના ધનનો નાશ કરવાને માટે વ્યસન તે કુવાડારૂપ છે, ગુરૂપણાની જડને કાપી નાંખવાને માટે યાચના કરવી તે કુવાડારૂપ છે, અનિતીવાન રાજા તે સારી પ્રજાનો નાશ કરનાર કુવાડો છે અને કુપુત્ર તે આખા કુળનો નાશ કરનાર મ્હોટામાં મ્હોટા કુવાડારૂપજ છે."

तत्सत्यपि दारिद्र्ये राज्ञो वक्तुं मया स्वयमशक्यम् ।

આટલાં કારણુથી દારીદ્રય હોવા છતાં પણુ મ્હારાથી રાજાને તે કહી શકાય તેમ નથી.

गच्छन् क्षणमपि जलदो वल्लभतामेति सर्वलोकस्य ॥
नित्यप्रसारित करः करोति सूर्योपसंतापम् ॥१०१॥

એક ક્ષણુ માત્ર પણુ ગમન્ કરનાર મેઘ સર્વ કોઇને પ્રિયકર થઇ પડે છે જ્યારે નિરંતર પોતાના કરરૂપી કિરણોને પ્રસારનાર સૂર્ય સર્વને સંતાપ કરનાર થાય છે.

किंच देवि, वैश्वदेवावसरे प्राप्ताः क्षुधार्ताः पश्चाद्यांतीति तदेव मे हृदयं दुनोति ॥

પરંતુ હે દેવી ! વિશ્વકર્મના સમયે આવી પહોંચેલા અભ્યાગતો અન્ન પામ્યા વિના પાછા વળે છે તેથી મ્હારા હૃદયને અતિશય દુઃખ ઉત્પન્ન થાય છે.

दारिद्यानलसंतापः शांतः सन्तोषवारिणा ॥
याचकाशाविघातांतर्दाहः केनोपशाम्यते ॥१०२॥

દારીદ્રયના અગ્નિને તો હું સંતોષરૂપી વારીથી શાંત કરી શકું છું પરંતુ અતિથીયોની આશાઓનો ભંગ થતાં ઉત્પન્ન થતા અંતર્દાહને હું કેવી રીતે શાંત કરી શકું ?

राजा चैतत्सर्वं श्रुत्वा नेदानीं किमपि दातुं योग्यः । प्रातरेव बाणं पूर्णमनोरथं करिष्यामीति निष्क्रांतो राजा ॥

આ સર્વ સાંભળી રાજા અત્યારે તેને આપવા યોગ્ય કાંઈ નથી પણ પ્રાતઃકાળ થતાં હું મહાપંડીત બાણુના સર્વ મનોરથ પૂર્ણુ કરીશ એમ વીચારી ત્યાંથી ચાલતો થયો અને મનમાં વિચારવા લાગ્યો કેઃ—

कृतो यैर्न च वाग्मी च व्यसनी तत्र यैः पदम् ॥
यैरामसदृशो नार्थी किं तैः काव्यैर्बलैर्धनैः ॥२०३॥

જે કાવ્યોથી મૂર્ખ જનનામાં વિદ્વતા ન આવી—જે સૈન્ય બળથી શત્રુઓનો પરાજય ન થયો અને જે દ્રવ્યથી યાચકોનાં દુઃખ ન ફેડાયાં તે કાવ્ય, સૈન્યબળ અને દ્રવ્ય નિરૂપયોગીજ સમજવાં.

एवं पुरे परिभ्रममाणे राजनि वर्त्मनि चोरद्वयं गच्छति । तयोरेकः प्राह शकुंतकः । सखे स्फागंधकारवितते पि जगत्यंजनवशात्सर्वं परमाणुप्रायमपि वस्तु सर्वत्र पश्यामि । परंतु संभारगृहानीतकनकजातमपि न मे सुखायेति । द्वितीयो मरालनामा चोर आह । आहृतं संभारगृहात् कनंकजातमपि न हितमिति कस्माद्धेतोरुच्यते इति । ततः शकुंतकः प्राह । सर्वतो नगररक्षकाः परिभ्रमंति सर्वोपि जागरिष्यत्येषां भेरीपटहादीनां निनादेन । तस्मादाहृतं विभज्य स्वस्वभागागतं धनमादाय शीघ्रमेव गंतव्यमिति । मरालः प्राह । सखे त्वमनेन कोटिद्वयपरिमितमणिकनकजातेन किं करिष्यसीति । शकुंतः—एतद्धनं कस्मैचिद्द्विजन्मने दास्यामि । यथायं वेदवेदांगपारगो अन्यत्र प्रार्थयति । मरालः—सखे चारु ॥

આ પ્રમાણે વિચાર કરતો રાજા જ્યારે પુરમાં ભ્રમણ કરતો હતો તે સમયે માર્ગમાં બે ચોર જતા હતા. તેમાંનો

એક જેનું નામ શકુંતક હતું તે કહેવા લાગ્યો "હે-ભાઇ મરાલ અત્રે સર્વત્ર ઘણુજ અંધારૂ ફેલાઈ રહેલું છે પરંતુ આંજેલા અંજનના પ્રભાવથી સર્વ સ્થળે હું એક પરમાણુ સરખા પણ દ્રવ્યને જોઈ શકું છું પરંતુ આજે કોઠારમાંથી લાવેલા આ દ્રવ્યથી પણ મને સુખ થનાર નથી," ત્યારે બીજો ચોર જેનું નામ મરાલ હતું તે બોલ્યો" ખજાનામાંથી લાવેલું આ દ્રવ્ય દ્વારા સુખને માટે નથી એમ ત્હેને અરૂચી થવાનું શું કારણ છે? " ત્યારે શકુંતક કહેવા લાગ્યો "નગરના રક્ષક જનો સર્વ સ્થળે જાગી રહેલા છે અને તેમના ભેરી ઢોલ વીગેરેથી આખી વસ્તી જાગી ઉઠશે માટે ચોરી આણેલા આ દ્રવ્યના આપણે દરેક જણના ભાગ પાડી તે લઇ અત્રેથી ઉતાવળથી ચાલતા થવું જોઇએ" ત્યારે મરાલે પુછયું "હે શકુંતક! બે કરોડના અવેજના આ માણેક અને સોનાને તું શું કરીશ" શકુંતક બોલ્યો "હું તેનું દાન કોઇ બ્રાહ્મણને કરીશ જેથી તે વેદવેદાંગ બ્રાહ્મણને બીજા કોઇની યાચના કરવી પડે નહીં " આ સાંભળી મરાલ બોલ્યો "ભાઇ તારો વિચાર ઘણો ઉત્તમ છે."

ददतो युध्यमानस्य पठतः पुल[illegible]थ चेत् ॥
आत्मनश्च परेषां च तद्दानं पौरुषं स्मृतम् ॥१०४॥

દાન, યુદ્ધ અને પાઠ આ ત્રણ વસ્તુઓમાં જ્યારે જ્યારે દાન લેનાર અને આપનાર બંને પક્ષો અને પાઠ ભણનાર તથા ભણાવનારનાં રૂવાં ઉભા થઈ જાય ત્યારેજ તેને ખરો પુરૂષાર્થ કહેવાય છે.

मरालः—अनेन दानेन तव कथं पुण्यफलं भविष्यतीति । अस्माकं पितृपैतामहोऽयं धर्मः यच्चौर्येण वित्तमानीयते । मरालः—शिरश्छ मंगीकृ-

त्यार्जितं द्रव्यं निखिलमपि कथं दीयते। शकुन्तः॥

મરાલ–પણ આ પ્રમાણે કરેલા દાનથી ત્હને શું ફળ થનાર છે?

શકુંતક—ચોરી કરીને ધન આણવું તે અમારા બાપ દાદાનો ધર્મ છે

મરાલ—શીર સાટે ચોરી લાવેલું આ સંપૂર્ણ ધન કેવી રીતે બીજાને આપી દેવાય?

मूर्खो न हि ददात्यर्थं नरो दारिद्र्यशंकया ॥
प्राज्ञस्तु वितरत्यर्थं नरो दारिद्र्यशंकया ॥ १०५ ॥

શકુંતક—મૂર્ખ માણુસ દારીદ્રયની શંકા (ભય)થી ડરીને ધનનું દાન કોઇને કરી શકતા નથી જ્યારે બુદ્ધિવાન પુરૂષ તો તેજ શંકાના ભયથી ડરીને ધનનું દાન કરે છે અર્થાત્ તેઓ સમજે છે કે દારીદ્રય આવવાથી સર્વ ધનનો નાશ થશે માટે દાન કરવું તેજ મુખ્ય ધર્મ છે.

किंचिद्वेदमयं पात्रं किंचित्पात्रं तपोमयम् ॥
पात्राणामुत्तमं पात्रं शूद्रान्नं यस्य नोदरे ॥ १०६ ॥

દાન કરવામાં જે વેદપાઠી અથવા તપ કરનાર છે તેઓ કાંઈ પાત્ર ગણાય છે પણ જેઓના ઉદરમાં બીલકુલ શુદ્રનું અન્નજ ગયેલું નથી તેઓ તો સર્વોતમ ગણાય છે.

शकुंतः अनेन वित्तेन किं करिष्यति भवान्। मरालः सखे काशीवासी कोपि विप्रबटुरत्रागात्। तेनास्मत्पितुः पुरः काशीवासफलं व्यावर्णितम्। ततोस्मत्तातः बाल्यादारभ्य चौर्यं कुर्वाणो दैववशात् स्वपापान्निवृत्तौ वैराग्यात्सकुटुंबः काशीमेष्य-

ति । तदर्थमिदं द्रविणजातम् । शकुंतः—महद्भाग्यं तव पितुः तथाहि ॥

શકુંતક—હવે આ દ્રવ્યનો તમે શો ઉપયોગ કરશો ?

મરાલ—હે મીત્ર કાશીમાં વાસ કરનાર કોઇ બ્રાહ્મણનો બાળક અત્રે આવેલો હતો તેણે મ્હારા પિતાની પાસે કાશીમાં રહેવાથી થતાં પૂણ્યનું વર્ણન કર્યું હતું, જેથી મ્હારા પિતાએ બાલ્યાવસ્થાથી અત્યાર સુધીમાં પોતાના ચોરીના ધંધાનો ત્યાગ કરેલો છે અને હવે દૈવેચ્છાથી પોતાના પાપકર્મથી નિવૃત્ત થઇ વૈરાગ્ય ઉત્પન્ન થવાથી સહકુટુંબ કાશીમાં વાસ કરવાને જવાના છે અને તેમના ઉપયોગ માટે આ સર્વ ધન હું આપીશ.

શકુંતક—ત્હારા પિતાનાં તે મહાભાગ્ય કહેવાય કારણકે:—

वाराणसीपुरीवासवासनावासितात्मना ॥
किं शुना समतां याति वराकः पाकशासनः॥१०७॥

એક કુતરા સરખાને પણ જો કાશીમાં વાસ કરવાની વાસના માત્ર થાય તો તે કુતરાની બરાબરી ઇંદ્ર પણ કરી શકતા નથી અર્થાત્ તેવા કુતરાના આગળ ઇંદ્ર કાંઇ પણ વીસાતમાં નથી.

ऊषरं कर्मसस्यानां क्षेत्रं वाराणसी पुरी ॥
यत्र संलभ्यते मोक्षः समं चांडालपंडितैः॥१०८॥

કાશીપુરી ક્ષારથી ભરપુર ક્ષેત્ર સમાન છે જ્યાં ક્ષારના પ્રભાવે કરીને ત્યાં રહેતાં સર્વ મનુષ્યોનાં પાપકર્મનો નાશ થાય છે અર્થાત્ પાપકર્મના કરનારને તે પ્રાયશ્ચિત રૂપ છે અને તેટલાજ કારણથી ત્યાં વસતા ચાંડાલ અને પંડીતનો પણ સરખી રીતે મોક્ષ થાય છે.

मरणं मंगलं यत्र विभूतिश्च विभूषणम् ॥
कौपिनं यत्र कौशेयं सा काशी केन मीयते॥१०९॥

જ્યાં મરણ મંગલરૂપ છે, વિભુતી તેજ ઉત્તમ આભૂષણ છે અને કૌપીન તે રેશમી વસ્ત્ર સમાન છે એવાં કાશીજીની તુલ્યના કોણ કરી શકે તેમ છે ?

एवमुभयोः संवादं श्रुत्वा राजा तुतोष । अचिंतयच्च मनसि कर्मणां गतिः । सर्वथैव विचित्रा उभयोरपि पवित्रा मतिरिति । ततो राजा विनिवृत्य भवनांतरे पितृपुत्रावपश्यत् । तत्र पिता पुत्रं प्राह । इदानीं परिज्ञातशास्त्रतत्त्वोपि नृपतिः कार्पण्येन किमपि न प्रयच्छति । किंतु ॥

શકુંતક અને મરાલનો સંવાદ સાંભળી રાજા અતી પ્રસન્ન થયો અને મનમાં કર્મની ગતીનું ચિંતવન કરવા લાગ્યો કે આ સર્વ વિસ્મય પમાડે તેવું છે ! બંને ચોરની બુદ્ધિ પવિત્ર છે ! આમ વિચાર કરતો રાજા ત્યાંથી ખશી બીજા ઘર આગળ ગયો જ્યાં પીતાપુત્ર વાતો કરતા હતા કે શાસ્ત્રોનાં તત્વોને સમજનાર રાજા પણ કૃપણતાથી કાંઈ દાન કરતા નથી.

अर्थिनि कवयति कवयति पठति च पठति
स्तवोन्मुखे स्तौति ॥
पश्चाद्यामीःयुक्ते मौनी दृष्टिं निमीलयति ॥११०॥

કોઈ ગરજવાન-અર્થી માણુસ યાચના માટે કવીતા કરી રાજા પાસે આવે છે તેને પોતેજ કવીતા કરી આપે છે, વેદપાઠી અથવા મંત્ર જાણુનારને પોતે પણ વેદમંત્ર ભણુવા લાગેછે, સ્તુતી કરનારની સાથે પણ ત્હેમાં સામેલ થાય

છે અને અર્થ સમજનાર "હું સમજુ છું" એમ કહેતો જાય છે તો તેને જોતાંજ પોતાનાં નેત્ર બંધ કરે છે.

राजा एतच्छ्रुत्वा तत्समीपं प्राप्य मैवं वदेति स्वगात्रात्सर्वाभरणान्युत्तार्य दत्त्वा तस्मै ततो गृहमासाद्य कालांतरे सभामुपविष्टः कालिदासं प्राह सखे ॥

રાજા આ સાંભળી તેની પાસે ગયો અને "આ પ્રમાણે બોલશો નહી" એમ કહી પોતાના શરીર ઉપરથી સર્વ આભૂષણો ઉતારીને પિતાપુત્રના ઉપયોગ માટે આપી એક સમયે સભામાં આવી કાલિદાસને કહેવા લાગ્યો:—

कवीनां मानसं नौमि तरंति प्रतिभांभसा ॥

ततः कविराह ॥

यत्पोतेन पयांसीव भुवनानि चतुर्दश ॥ १११ ॥

"હે કવિરાજ! હું કવિયોનાં દાનની સ્તુતી કરૂં છું જે કવિયોની પ્રતિજ્ઞા અર્થાત્ તીવ્ર બુદ્ધિ સર્વને પાર પામે છે" ત્યારે કાલિદાસ કવિ કહેવા લાગ્યા "જેવી રીતે વહાણ સાગરને તરે છે તેવી રીતે કવિયો પોતાની બુદ્ધિનું નાવ બનાવી ચૌદ ભુવનને તરી પાર પામે છે."

ततो राजा प्रत्यक्षरमुक्ताफललक्षं ददौ। ततः प्रविशति द्वारपालः। देव कोपि कौपीनावशेषो विद्वान् द्वारि तिष्ठतीति। राजा प्रवेशय। ततः प्रवेशितः कविरागत्य स्वस्तीत्युक्त्वानुक्त एवोपविष्टः प्राह ॥

१ प्रज्ञा नवनवोन्मेषशालिनी प्रतिभा, एति रुद्रः ।

કવિરાજ કાલિદાસના આ ઉતરાર્દ્ધથી પ્રસન્ન થયેલા રાજાએ પછી તેને પ્રત્યેક અક્ષરને માટે લાખ લાખ મોતી આપ્યાં એટલામાં દ્વારપાળે સભામાં આવી કહ્યું કે હે દેવ માત્ર કૌપીન ધારણ કરેલો કોઇ વિદ્વાન દ્વારપર આવેલ છે. રાજાએ તેને સત્વર પ્રવેશ કરાવવાને કહ્યું તેથી સભામાં આવી તે પંડીત "સ્વસ્તી" એ પ્રમાણેનો આશીર્વાદ આપી રાજાની આજ્ઞાથી ત્યાં બેઠો અને કહેવા લાગ્યો.

इह निवसति मेरुः शेखरो भूधराणा-।
मिह हि निहितभाराः स.गराः सप्त चैव ॥
इदमतुलमनंतं भूतलं भूरि भूतो- ।
द्भवधरणसमर्थं स्थानमस्मद्विधानाम्॥११२॥

"અપાર વિસ્તારવાળી પૃથ્વી જેમાં અસંખ્ય પર્વતો આવેલા છે અને સર્વ પર્વતોના શીખરરૂપી મેરૂ પર્વતનો પણ જેમાં વાસ છે, જેમાં સાત સાગરનો પણ સમાવેશ થયેલો છે એવી અતુલ અને અનંત પૃથ્વી અમારા જેવાને આશ્રયસ્થાન આપે તેમાં શું નવાઈ જેવું છે.?!"

राजा म.ाकव किं ते नाम अभिधत्स्व। कविः नामग्रहणं नोचितं पंडितानां, तथापि वदामि यदि जानासि ॥

રાજાએ કહ્યું "હે મહા કવિ આપનું નામ શું" ત્યારે કવિએ કહ્યું કે પોતાનું નામ કહેવું પંડીતોને યોગ્ય નથી. પણ જો આપ સમજી શકો તો હું સમસ્યાથી જણાવું છું.

नहिस्तनंधयी बुद्धिर्गभीरं गाहते वचः ॥
तलं तोयनिधेर्द्रष्टुं यष्टिरस्ति न वैणवी ॥ ११३॥

જેવી રીતે વાંસની લાકડી સમુદ્રના તળીયાને શોધી શકતી નથી તેજ પ્રમાણે સ્હેજસાજ બુદ્ધિવાળા ગુઢાર્થને સમજી શકતા નથી.

देवाकर्णय ॥

હે દેવ ! સાંભળો:—

च्युतामिंदोर्लेखां रतेकल भग्नं च वलयं ।
समं चक्रीकृत्य प्रहसितमुखी शैलतनया ॥
अवोचद्यं पश्येत्यवतु गिरिशः सा च गिरिजा ।
स च क्रीडाचंद्रो दशनकिरणापूरिततनुः ॥ ११४ ॥

રતીરમણમાં મહાદેવજીના શીર ઉપરથી ચંદ્રમાની કલા સરી પડી અને પાર્વતીનું કંકણ તુટી જઇ જમીન ઉપર પડયું પછી બંનેને બરાબર ચક્ર સમાન કરી પાર્વતી હસતાં હસતાં કહેવા લાગ્યાં! "હે શીવજી! આ જુઓ" તે શીવજી, પાર્વતી અને કીરણોથી પૂર્ણ અંગવાળો ક્રીડાચંદ્ર ત્હમારી રક્ષા કરે.

कालिदासः सखे क्रीडाचंद्र चिराद्दृष्टोसि । कथमीदृशी ते दशा मंडले मंडले विराजत्यपि राजनि बहुधनवति । क्रीडा चंद्रः ॥

આ સાંભળી કાલિદાસ કવિ બોલ્યા "હે સખે! ક્રીડાચંદ્ર, તમારાં દર્શન ઘણા દિવસેથયાં. દેશેદેશ ઘણા ધનાઢય રાજાઓ છે છતાં ત્હમારી આવી દશા કેમ થઇ ગઈ છે?" ક્રીડાચંદ્ર બોલ્યો—

धनिनोप्यदानविभवा गण्यन्ते धुरि महादरिद्राणाम् ॥
हंति न यतः पिपासामतः समुद्रोपि मरुरेव ॥ ११५ ॥

"જેઓ ઘણા ધનાઢય હોવા છતાં પોતાના ધનનું કાંઈ

દાન કરતા નથી તેઓને નિર્ધનીના અગ્રણી ગણવા જોઇએ. જેના પાણીથી તૃષા દુર થતી નથી તેવા સમુદ્રને પણ જળ રહીત અરણ્ય સમાન જાણવો."

किंच–उपभोगकातराणां पुरुषाणामर्थसंचयपरा गां॥
कन्यामणिरिव सदने तिष्ठत्यर्थः परस्यार्थे११६

"જેઓ લક્ષ્મીનો ઉપભોગ કરી શકતા નથી પણ માત્ર ત્હેનો સંચયજ કરી જાણે છે તેઓના ભુવનમાં જેમ ઉત્તમ કન્યા હોય છે પણ તે પરધન સમાન છે તેમજ લક્ષ્મી પણ અન્યને માટેજ રહે છે અર્થાત્ જેમ ઉત્તમ કન્યાને પણ ઉમરલાયક થતાં અન્યને વિવાહમાં આપવી પડેછે તેમ સંચય કરેલી લક્ષ્મી પણ અન્યનાજ ઉપયોગમાં જાયછે."

सुवर्णमणिकेयूराडंबरैरन्यभूभृतः ॥
कलयैव पदं भोज तेषामाप्नोति सारवित् ॥११७॥

"હે ભોજરાજ અન્ય રાજાઓ સુવર્ણ, મણી, માંણેક વિગેરેના અલંકારોથી અને અનેક પ્રકારના આડંબરથી વિરાજમાન રહે છે જ્યારે વિદ્વાન માણસો તે ખ્યાતિને પોતાની કલા માત્રથીજ પ્રાપ્ત કરે છે. ૧૧૭

सुधामयानीव सुधां गलंति ।
विदग्धसंयोजनमंतरेण ॥
काव्यानि निर्व्याजमनोहराणि ।
वारांगनानामिव यौवनानि ॥११८॥

"કવિયોનાં કાવ્યો અમૃતરૂપ હોય છે જેમાંથી અમૃતનાં ઝરણો વહેતાં હોય છે અને જેમાં એક પણ અક્ષર અથવા રસઅલંકાર વિકારવાળો હોતો નથી એવાં સુધારૂપ અમૃત વાક્યો પણ ચતુર વિદ્વાન વિના વૈશ્યાઓનાં યૌવન ચતુર ભોગી વિના વ્યર્થજ છે તેવાં વ્યર્થ જાણવાં." ૧૧૮

ज्ञायते जातु नामापि न राज्ञः कवितां विना ॥
कवेस्तद्व्यतिरेकेण न कीर्तिः स्फुरति क्षितौ॥११९॥

"કવિતામાં વર્ણન કર્યા વિના રાજાઓનાં નામ પણ ખ્યાતિમાં આવતાં નથી અને તેવા રાજા અને કવિતાઓ વિના પૃથ્વીપર કવિયોની પણ ખ્યાતી થતી નથી." ૧૧૯

मयूरः—

ते वंद्यास्ते महात्मा[redacted]षां लोके स्थिरं यशः ॥
यैर्निबद्धानि काव्यानि ये च काव्ये प्रकीर्तिताः१२०॥

મયૂર—"જેમણે કાવ્ય રચ્યાં છે અને જેમનું વર્ણન કાવ્યમાં થયેલું છે તેઓજ મહાત્મા છે અને પ્રણામ કરવાને યોગ્ય છે. તેઓની કિર્તી આ લોકમાં અમર થાય છે." ૧૨૦

वररुचिः—

पदव्यक्तव्यक्तीकृतसत्हृदयाबंध ललिते ।
कवीनां मार्गेस्मिन् स्फुरति बुधमात्रस्य धिषणा॥
न च क्रीडालेशव्यसनपिशुनोयं कुलवधू- ।
कटाक्षाणां पंथाः स खलु गणिकानामविषयः॥१२१॥

વરરૂચિ—"કાવ્યનાં પદબંધ રચવાથી હૃદયના અભિપ્રાયોનું દર્શન થાય છે, અને આવા મનોહર કવિયોના માર્ગને સર્વ વિદ્વાનો સારી રીતે સમજે છે કારણકે કુલવધુઓનાં ક્રિડા માર્ગનાં કટાક્ષો જે મર્યાદા વિરૂદ્ધ હોતાં નથી તેવાં કટાક્ષોથી ગણિકાઓ અજ્ઞાન હોય તે સંભવેજ કેમ?" ૧૨૧

राजा क्रीडाचंद्राय विंशतिं गजेंद्रान् ग्रामपंचकं च ददौ । ततो राजानं कविः स्तौति ॥

આ ઉપરથી ભોજરાજાએ ક્રીડાચંદ્રને વીશ હાથી અને પાંચ ગામનું દાન કર્યું. પછી તે ક્રીડાચંદ્ર રાજાની સ્તુતી કરવા લાગ્યાઃ-

कंकणं नयनद्वंद्वे तिलकं करपल्लवे ॥
अहो भूषणवैचित्र्यं भोजप्रत्यर्थियोषिताम् ॥ १२२ ॥

અહો ! એ આશ્ચર્યરૂપ છે કે ભોજરાજાના શત્રુઓની સ્ત્રિયોનાં આભૂષણો વિચિત્રજ છે. તેઓનાં બન્ને નેત્રોમાં કંકણ (આંસુની ધારાઓ) જોવામાં આવે છે અને તેઓના હાથમાં તિલક (તિલોદક) હોય છે. ૧૨૨

तुष्टो राजा पुनःप्रत्यक्षरंलक्षं ददौ । ततः कदाचित् कोपि जराजीर्णसर्वांगसंधिः पंडितो रामेश्वरनामा सभामभ्यगात् स चाह ॥

આ સાંભળી પ્રસન્ન થયેલા રાજાએ ફરીથી તેના બોલેલા પ્રત્યેક અક્ષરને માટે લાખ લાખ રૂપીયા આપ્યા.

પછી એક સમયે રામેશ્વર નામનો શિથિલ અંગવાળો વૃદ્ધ પંડીત સભામાં આવી કહેવા લાગ્યોઃ—

पंचाननस्य सुकवेर्गजमांसैर्नृपश्रिया ॥
पारणा जायते क्वापि सर्वत्रैवोपवासिनः ॥ १२३ ॥

સર્વ સ્થળે નિરાહાર અને ઉપવાસ કરનાર સિંહ અને શ્રેષ્ટ કવિને પારણું (ભોજન તૃપ્તી) હાથીના માંસથી અથવા રાજાઓના ઐશ્વર્યથીજ મળે છે. ૧૨૩

वाहानां पंडितानां च परेषामपरो जनः ॥

---

१ कंकणं उदकबिंदु । २ तिलोदकम् ।

कवींद्राणां गजेंद्राणां ग्राहको नृपतिः परः ॥१२४॥

"અન્ય વાહનો તથા સાધારણ પંડીતોનો તો સાધારણ માણસો પણ સત્કાર કરે છે પણ ગજેંદ્ર અને કવીંદ્રને તો માત્ર રાજાઓજ સ્વીકારી શકે છે." ૧૨૪

एवं हि—

सुवर्णैः पट्टचैलैश्च शोभा स्याद्वारयोषिताम् ॥
पराक्रमेण दानेन राजंते राजनंदनाः ॥१२५॥

"એવું છે કે સુવર્ણના અલંકારોથી અને રેશમી વસ્ત્રાભૂષણોથી વેશ્યાઓ શોભાય છે પરંતુ રાજાઓ તો, પરાક્રમ અને દાન કરવાથીજ શોભાય છે. ૧૨૫

इत्याकर्ण्य राजा रामेश्वर पंडिताय सर्वाभरणान्युत्तार्य लक्षद्वयं प्रायच्छत् । ततः स्तौति कविः ॥

આ પ્રમાણે સાંભળતાંજ રાજાએ પોતાનાં સર્વ વસ્ત્રાભૂષણ ઉતારી રામેશ્વર પંડીતને આપ્યાં અને વધારામાં બે લાખ રૂપીયા આપ્યા પછી તે કવિ રાજાની સ્તુતી કરવા લાગ્યા.

भोज त्वत्कीर्ति कांताया नभोभाले स्थितं महत् ॥
कस्तूरीतिलकं राजन् गुणाकर विराजते ॥१२६॥

"હે રાજન્! હે ગુણોના સમૂહ! તમારી કીર્તિરૂપી કાન્તાના મહાન્ કસ્તુરીના તિલકનું અકાશના પણ મસ્તિક ઉપર દર્શન થાય છે અર્થાત્ તમારી મહાન્ કિર્તી સ્વર્ગ સુધી પ્હોંચી છે." ૧૨૬

बुधाग्रे न गुणान्ब्रूयात् साधु वेत्ति यतः स्वयम् ॥
मूर्खाग्रेपि च न ब्रूयात् बुधप्रोक्तान्न वेत्ति सः॥१२७॥

"વિદ્વાન માણસે સાધુ પુરૂષોની સમીપ પોતાના ગુણોનું

વર્ણન કરવું નહી કારણ કે તેઓ જ્ઞાની હોવાથી વગર કહે પણ સમજી શકે છે તેજ પ્રમાણે મૂર્ખ માણસો પાસે પણ પોતાના ગુણો કહેવા નહી કારણ કે સાધુ પુરૂષ જે કહે છે તે તેઓ સ્વિકારી શકતાજ નથી. ૧૨૭

तेन चमत्कृताः सर्वे । रामेश्वरकविः प्राह ॥

આ સાંભળી સર્વ આશ્ચર્ય પામ્યા, પછી રામેશ્વર પંડીત કહેવા લાગ્યા.

ख्य ।तं गमयति सुजनःसुकविर्विदधाति केवलं ।र्यम्॥
पुष्णाति कमलमंभो लक्ष्म्या तुरविर्वियोजयति॥१२८॥

"સુંદર કવિયો તો કેવળ કાવ્યજ રચે છે અને શ્રેષ્ઠ જનોજ ત્હેને પ્રસિદ્ધિમાં મુકે છે જેવી રીતે જળ પોષણ આપી કમળને મ્હોટુ કરે છે પણ શોભા તો સૂર્યેજ ત્હેને આપે છે." ૧૨૮

ततस्तुष्टो राजा प्रत्यक्षरलक्षं ददौ । राजेंद्रं क-
विः प्राह ॥

પછી પ્રસન્ન થયેલા રાજાએ તે કવિવરને ત્હેના પ્રત્યેક અક્ષરને માટે લાખ લાખ રૂપીઆ આપ્યા અને તે કવિ ભોજરાજાને કહેવા લાગ્યો.

कवित्वं न शृ ।त्येव कृपणः कीर्तिवर्जितः ॥
न ंसकः किं कुरुते पुरःस्थितमृगीदृशा ॥१२९

"કિર્તી રહીત જે કૃપણ હોય છે તે કવિતાનું શ્રવણ સરખું પણ કરતો નથી જેવી રીતે નપુંશકના સમીપ ઉભેલી સુંદર સ્ત્રીને તે કાંઈ કરી શકતો નથી".

सीता प्राह–

हता देवेन कवयो वराकास्ते गजा अपि ॥

शोभा न जायते तेषां मंडलेंद्रगृहं विना ॥१३०॥

પંડિતા સીતાઃ—

"દૈવથી હણાયલા અર્થાત્ ભાગ્યહીણ કવિયો તથા હાથીયો ગરીબજ સમજવા કારણકે રાજાના ઘર સીવાય ત્હેમની શોભાજ નથી." ૧૩૦

कालिदासः—

अदातृमानसं क्वापि न स्पृशंति कवेर्गिरः ॥
दुःखायैवातिवृद्धस्य विलासास्तरुणीकृताः ॥१३१॥

કૃપણ પુરૂષ તો કવિની વાણીનો સ્પર્શ સરખો પણ કરી શકતો નથી જેમ યુવાન સ્રિયે કરેલા હાવભાવ અને વિલાસ અંત્યત વૃદ્ધને દુઃખકારીજ નીવડે છે. ૧૩૧

राजा प्रतिपंडितं लक्षं लक्षं दत्तवान् । ततः कदाचिद्राजा समस्तादपि कविमंडलादधिकं कालिदासमवलोक्य आयांतं परं वेश्यालोलत्वेन चेतसि खेदलवं चक्रे । तदा सीता विद्वद्वंदिता तदभिप्रायं ज्ञात्वा प्राह । देव ॥

રાજાએ પંડીતને લાખ લાખ રૂપીયા આપ્યા પછી એક સમયે સંપૂર્ણ કવિમંડળના શીરોમણી કવિ કાલિદાસને સભામાં આવતા જોઇ તે કવિ વેશ્યાંમાં આસક્ત છે એવો મનમાં વિચાર આવતાં રાજાને ખેદ ઉત્પન્ન થયો. તે સમયે રાજાના અભિપ્રાયને સમજી વિદ્વજ્જનો જેને માનનીય લાગણીથી જોતા હતા તેવી વિદુષિ બાઇ સીતા કહેવા લાગીઃ—

दोषमपि गुणवति जने दृष्ट्वा गुणरागिणो न खिद्यंते ॥
प्रीत्यैव शशिनि पतितं पश्यति लोकः कलंकमपि ॥१३२

"ગુણવાન માણસોમાં દોષને દેખવા છતાં પણ ગુણનો સ્નેહ કરનાર ખેદ પામતા નથી, જેવી રીતે ચંદ્રના કલંકને પણ સારો સંસાર પ્રેમથી જુએ છે." ૧૩૨

तुष्टो राजा सीतायै लक्षंददौ। तथापि कालिदासं यथापूर्वं न मानयति यदा तदा स च कालिदासो राज्ञोऽभिप्रायं विदित्वा तुलामिषेण प्राह॥

ઉપરના શ્લોકથી પ્રસન્ન થયેલા રાજાએ સીતાને એક લાખ રૂપીયા આપ્યા. આ પ્રમાણેનો બનાવ બન્યા પછી પણ જ્યારે રાજા કાલિદાસને પ્હેલાંની માફક માન આપવા ન લાગ્યો ત્યારે તુલાની ઉપમાથી કાલિદાસે રાજાનો અભીપ્રાય જાણી કહ્યું કેઃ—

प्राप्य प्रमाणपदवीं को नामास्ते तुलेवलेपस्ते॥
नयसि गरिष्ठमधस्तात्तदितरमुच्चैस्तरां कुरुषे॥१३३॥

"હે તુલા! પ્રમાણના અધિકારને પામ્યા પછી ત્હારે શું અભિમાન કરવું જોઇએ? તું વધારે માનવાળા (ભારવાળા) પદાર્થને નીચે ઉતારી નાંખે છે અને હલકાને ઉંચે ચઢાવે છે.!" ૧૩૩

पुनराह—

यस्यास्ति सर्वत्र गतिः स कस्मात्।
स्वदेशरागेण हि याति खेदम्॥
तातस्य कूपोयमिति ब्रुवाणाः।
क्षारं जलं कापुरुषाः पिबंति॥ १३४॥

વળીઃ—"જેની સર્વ દેશમાં ગતી હોય છે તેવા માણસે શા માટે આ પોતાનો દેશ છે એમ જાણી ખેદ પામવું જોઇએ જેવી રીતે આ મ્હારા બાપનો કુવો છે એવા

અભિમાનથી કયો મુર્ખ માણુસ કુવાના ખારા પાણીને પણુ પીએ છે?" ૧૩૪

ततो राज्ञा कृतमवज्ञां मनसि विदित्वा कालिदासो दुर्मनाः निजवेश्म ययौ ॥

પછી રાજાથી પામેલા તિરસ્કારથી ખેદ પામી કાલિદાસ ઉદાશ થઈ પોતાને ઘેર ગયા.

अवज्ञास्फुटितं प्रेम समीकर्तुं क इश्वरः ॥
संसिं न याति स्फुटितं लाक्षालेपेन मौक्तिकः १३५

જેવી રીતે તુટેલાં મોતીને લાખ લગાડવાથી સાંધી (જોડી) શકાતાં નથી તેજ પ્રમાણે તુટેલા પ્રેમને સાંધવાને કોણુ સમર્થ છે? ૧૩૫

ततो राजापि खिन्नः स्थितः। ततो लीलावती खिन्नं दृष्ट्वा राजानं विषादकारणमपृच्छत् । राजा च रहसि सर्वं तस्यै प्राह। सा च राजमुखेन कालिदासा वज्ञां ज्ञात्वा पुनः प्राह। देव प्राणनाथ सर्वज्ञोसि ॥

આથી રાજા પણુ ખિન્ન થયો અને જ્યારે રાણી લીલાતીએવ રાજાને ઉદાસીનુંકારણુ પુછયું ત્યારે રાજાએ રાણીને એકાંતમાં સર્વ વાત જણાવી. રાજાને મુખેથી થયેલા કાલિદાસના તિરસ્કારને જાણી તે બોલી "હે દેવ! હે પ્રાણુનાથ! આપ સર્વજ્ઞ છો:—

स्नेहो वि वरमघटितो न वरं संजातविघटितस्नेहः॥
त्द्दतनयनो हि विषादी न विषादी भवति स खलु जात्यंधः ॥ १३६ ॥

"સ્નેહ ન કરવો તે સારૂ છે પરંતુ પ્રેમ બાંધ્યા પછી તેનો ત્યાગ કરવો તે ઠીક નથી જેવી રીતે જન્મ-થીજ જે આંધળો છે તે દુઃખી નથી પણ જેની આંખો પાછળથી જાય છે તે ઘણો દુઃખી થાય છે." ૧૩૬

परंतु कालिदासः कोपि भारत्याः पुरुषावतारः।
तत्सर्वभावेन संमानयैनं विद्वद्भ्यः पश्य ॥

"વળી કાલિદાસ તો સરસ્વતિનો પુરૂષરૂપે અવતાર છે માટે વિદ્વાનોથી સર્વ રીતે તેમને સમજાવો—મનાવો."

दोषाकरोपि कुटिलोपि कलंकितोपि ।
मित्रावसानसमये विहितोदयोपि ॥
चंद्रस्तथापि हरवल्लभतामुपैति ।
नैवाश्रितेषु गुणदोषविचारणा स्यात् ॥१३७॥

"ચંદ્રમા સર્વ દોષની ખાણરૂપ છે. તે રાત્રીને પાડનાર છે અને તેમાં સહસ્ત્ર કીરણોથી સજ્જ થઈ ફરનાર કુટીલ પણ છે, કલંકયુક્ત છે, પોતાના મિત્રના અંત સમયે અર્થાત્ સૂર્યના અસ્ત સમયે ઉદયને પામનાર છે આટલા આટલા અવગુણો હોવા છતાં પણ તે શીવજીને પ્રિય છે આ ઉપરથી પોતાના આશ્રયમાં રહેનારના ગુણ દોષનો વિચાર કરવો જોઈએ નહી."

राजा प्रिये सर्वमेतत्सत्यमेवे त्यंगीकृत्य श्वः कालिदासं प्रातरेव संतोषयिष्यामित्यवोचत्। अन्येद्यू राजा दंतधावनादिविधिं विधाय निर्वर्तितनित्यकृत्यः सभां प्राप। पंडिताः कवयश्च गायका अन्ये प्रकृतयश्च सर्वे सभाजग्मुः। कालिदासमे-

क्रमनागतं वीक्ष्य राजा स्वसेवकमेकं तदाकारणाय वेश्यागृहं प्रेषयामास । स च गत्वा कालिदासं नत्वा प्राह । कवींद्र त्वामाकारयति भोजनरेंद्र इति । ततः कविर्व्यचिंतयत् । गतेह्नि नृपेणावमानितोऽहमद्य प्रातरेवाकारणे किं कारणमिति ॥

આ સર્વ સત્ય છે એમ વિચારી રાજા કહેવા લાગ્યા–"હે પ્રિયે! ત્હારૂ કહેવું સત્ય છે હું કાલે સવારે કાલિદાસને પ્રસન્ન કરીશ" બીજે દિવસે રાજા દંતધાવન. શૌચાદિકથી નિવૃત્ત થઇ રાજસભામાં ગયા. પંડીત, કવિ, ગાયકો અને અન્ય સઘળાને ત્યાં એકત્ર થયેલા જોયા પણ કવિ કાલિદાસને ન જોતાં રાજાએ પોતાના એક સેવકને વેશ્યાને ત્યાં કવિ કાલિદાસને બોલાવવાને મોકલ્યો. ત્હેણે જઇ કાલિદાસને પ્રણામ કરી કહ્યું "હે કવીન્દ્ર! નરેન્દ્ર ભોજ આપને બોલાવે છે" આથી કવિ કાલિદાસ વિચાર કરવા લાગ્યા કે માત્ર ગઇ કાલેજ રાજાએ મ્હારૂ અપમાન કર્યું હતું ત્યારે આજે પાછા બોલાવવાનું શું પ્રયોજન હશે?

यं यं नृपोनुरागेण संमानयति संसदि ॥
तस्य तस्योत्सारणाय यतंते राजवल्लभाः ॥१३८॥

રાજા જેજે માણસને સભામાં વધારે વધારે સ્નેહ અને માનથી સત્કાર આપતો જાય છે તેતે માણસને ત્યાંથી દુર કરવાને માટે હમેશાં રાજાના પ્રિય માણસો યત્ન કરે છે. ૧૩૮

किंतु विशेषतो राज्ञा अन्वहं मान्यम ने मयि मायाविनो मत्सरादैरं बोधयंति ॥

પરંતુ ઘણે ભાગે રાજાની મ્હારા ઉપર દિન પ્રતિદિન

વધતી જતી પ્રીતિ જોઇને મ્હારા ઉદયને ન સહન કરી શકનાર માયાવી લોકો મ્હારા તરફ રાજાને વૈરભાવથી જોવાને ઉશ્કેરે છે.

अविवेकमतिर्नृपतिर्मंत्रीषु गुणवत्सु मंत्रितग्रीवः॥
यत्र खलाश्च प्रबलास्तत्र कथंसज्जनावसरः ॥१३९॥

જ્યાં રાજાઓ જ્ઞાન-બુદ્ધિ રહીત હોય, મંત્રીયોને વશ હોય અને જ્યાં દુષ્ટ માણસો વધારે બળવાન હોય ત્યાં સજ્જન માણસોને અવસર ક્યાંથી મળે? ૧૩૯

इति विचारयन्सभामागच्छत्। ततो दूरे समायांतं वीक्ष्य सानंदमासनादुत्थाय सुकवे मत्प्रियतमाद्य कथं विलंबः क्रियत इति भाषमाणः पञ्च षट् पदानि संमुखो गच्छति। ततो निखिलापि सभा स्वासनादुत्थिता सर्वे सभासदश्च चमत्कृताः। वैरिणश्चास्य विच्छायवदना बभूवुः। ततो राजा निजकरकमलेन अस्य करकमलमवलंब्य स्वासनदेशं प्राप्य तं च सिंहासने उपवेश्य स्वयं च तदाज्ञया तत्रैवोपविष्टः। ततो राजसिंहासनारूढे कालिदासे बाणकविर्दक्षिणं बाहुमुद्धृत्य प्राह॥

આ પ્રમાણે વિચાર કરતા કાલિદાસ સભા તરફ આવવા લાગ્યા. પછી દુરથી આવતા કાલિદાસને જોઇ આનંદથી આસન ઉપરથી ઉઠી રાજા કહેવા લાગ્યા "હે કવિ! હે મ્હારા પરમ મિત્ર આજે સભામાં આવતાં કેમ આટલો વિલંબ થયો" પછી તે પાંચ છ કદમ કવિ કાલિદાસને મળવા સામા ગયા પછી સભામાં બેઠેલા સર્વ પોતપોતાને આસનેથી ઉભા થયા અને વિસ્મય પામ્યા અને

કાલિદાસનો દ્વેષ કરનારા સઘળા નિસ્તેજ થઇ ગયા પછી પોતાના હસ્તકમળથી કવિના હસ્તને ગ્રહી પોતાના સિંહાસન ઉપર તેને બેસાડી તેની રજાથી પોતે પણ ત્યાં બેઠા. કવિ કાલિદાસને સિંહાસન ઉપર બેઠેલો જોઇને બાણ કવી પોતાનો જમણો હાથ ઉંચો કરી બોલ્યાઃ—

भोजः कलाविद्रुद्रो वा कालिदासस्य माननात् ॥
विबुधेषु कृतो राजा येन दोषाकरोप्यसौ ॥१४०॥

"કલાને જાણનાર ભોજરાજ અને રૂદ્ર (મહાદેવ) છે કારણકે તેમણે દોષાકર (સર્વ દોષની ખાણ) ને પણ ઉત્તમ સ્થાન આપેલાં છે. ભોજરાજે દોષાકર કાલિદાસને બ્રાહ્મણોમાં ઉત્તમ સ્થાન આપેલું છે જ્યારે રૂદ્ર–મહાદેવ જીએ ચંદ્રમાને પણ ઉત્તમ સ્થાન આપેલું છે"

ततोस्य विशेषेण विद्वद्भिः सह वैरानलः प्रदीप्तः। ततः कैश्चिद्बुद्धिमद्भिः मंत्रयित्वा सर्वैरपि विद्वद्भिः भोजस्य तांबूलवाहिनी दासी धनकनकादिना संमानिता। ते च तां प्रत्युपायमूचुः। सुभगे अस्मत्कीर्तिमसौ कालीदासो गलयति। अस्मासु कोपि नैतेन कलासाम्यं प्रवहते। वत्से यथैनं राजा देशांतरं निःसारयति तद्भवत्या कर्तव्यमिति। दासीप्राह। भवद्भ्यो हारंप्राप्य मयाऽप्मत्कार्यं क्रियते तन्मम प्रथमं हारोदातव्य इति। ततः सा तांबूलवाहिनी तैर्दत्तं हारमादाय व्यचिंतयत्। तथाहि। बुधैरसाध्यं किं वास्ति। ततः समतिक्रामत्सु कतिपयवासुरः ...वादेकाकेनि प्रसुप्ते राजनि च-

रणसंवाहनादिसेवामस्य विधाय तत्रैव कपटेन नेत्रे निमील्य सुप्ता। ततश्चरणचलनेन राजानमीषज्जागरूकंसम्यग्ज्ञात्वा प्राह। सखि मदनमालिनि स दुरात्मा कालिदासः दासीवेषेण अंतःपुरं प्राप्य लीलादेव्या सह रमते। राजा तच्छ्रुत्वा उत्थाय प्राह। तरंगवति किं जागर्षीति। साच निद्राव्याकुलेव न शृणोति। राजा च तस्या अपध्वनिं श्रुत्वा व्यचिंतयत्। इयं तरंगवती निद्रायां स्वप्नवशं गता वासनावशाद्देव्यादुश्चरितं प्राह। स च स्त्रीवेषेणांतःपुरमागच्छतीत्येतदपि संभाव्यते। को नाम स्त्रीचरितं वेदेति। ततश्चेत्थं विचार्य राजा परेद्युः प्रातरात्मनि कृत्रिमज्वरं विधाय शयानः कालिदासं दासीमुखेन आनाय्य तदागमनानंतरं तत्रैव लीलादेवीं चानाय्य देवीं प्रत्यवदत्। प्रिये इदानीमेव मया पथ्यं भोक्तव्यमिति। इत्युक्ते सापि तथैवेति पथ्यं गृहीत्वा राज्ञे रजतपात्रे दत्त्वा तत्रमुद्गदालीं प्रत्यवेषयत्। ततो राजापि तयोरभिप्रायं जिज्ञासमानः श्लोकार्धं प्राह॥

આથી વિદ્વાનોના મંડળમાં વૈરરૂપી અગ્નિ પ્રદિપ્ત થયો અને કેટલાક બુદ્ધિવાનોએ મળી ભોજરાજાની પાન બીડાં પહોંચનારી દાસીને ધનનું દાન કરી પોતાનું કામ સિદ્ધ કરવામાં સહાયભુત થવાને માટે લલચાવી, અને

તે સઘળાઓ તે દાસીને કહેવા લાગ્યા "હે સુભગે! કવિ કાલિદાસ અમારી કિર્તીનું ખંડન કરે છે અને અમારા સર્વમાં તે કાલિદાસ સમાન બુદ્ધિવાળો કવિ કોઈ નથી માટે હે દાસી એવો કાંઇ ઉપાય શોધી કાઢ કે જેથી કરીને રાજા કાલિદાસને પ્રદેશ મોકલી દે" દાસી બોલી "તમારી પાસેથી મને એક હાર મળશે તો મહારાથી તે કાર્ય થશે માટે પહેલાં મને એક મોતીની માળા આપો" હાર લઇ તે દાસી મનમાં વિચારવા લાગી કે પંડીતોને શું અસાધ્ય છે? પછી એક સમયે રાજા સુતેલો હતો ત્યારે આ દાસી તેના પગની ચંપી કરતી હતી તે પણ ત્યાંજ સુઈ ગઇ અને પ્રપંચથી નેત્ર વીંચી (ઉંઘવાનો ઢોંગ કરી) પડી રહી અને રાજાને પગ ફેરવતો જોઇ બોલી "હે સખી મદનમાલિનિ અરેરે! એ દુરાત્મન્ કાલિદાસ દાસીને વેશે હમેશા અંતઃપુરમાં આવી રાણી લીલાવતી સાથે ક્રિડા કરે છે" આ સાંભળતાંજ રાજા બેઠો થયો અને પુછવા લાગ્યો "તરંગવતિ! શું તું જાગે છે?" તરંગવતિ જાણે નિંદ્રાગ્રસ્ત હોય તેમ ઢોંગ કરી રાજાને પ્રત્યુતર આપતી નથી. રાજા આ અમાંગલીક સમાચાર સાંભળી મનમાં વિચાર કરવા લાગ્યો કે આ દાસી નિંદ્રાથી ઘેરાયલી છે પણ તે સ્થીતીમાં વાસનાને વશ થઇ રાણીનાં કુકર્મ કહે છે.

કાળિદાસ સ્ત્રિ વેશે અંતઃપુરમાં આવતો હોય તેમ જણાય છે. સ્ત્રિયોનાં ચરિત્રોને કોણ પાર પામી શક્યું છે?! આ પ્રમાણેનો વિચાર કરી બીજેજ દિવસે પોતાને તાવ આવ્યો છે એવો ઢોંગ કરી રાજા સુઇ રહ્યો. અને દાસી દ્વારા કવિ કાલિદાસને બોલાવ્યા અને તેજ તરંગવતિ પાસે પોતાની રાણી લીલાવતીને બોલાવરાવી રાજા કહેવા લાગ્યા "હે પ્રિયે! આજે મ્હારે પથ્ય ભોજન કરવું છે" રાજાની આજ્ઞાનુસાર રાણી ત્યાં ચાંદીના પાત્રમાં પીરશી

મગની દાળ લાવી જ્યારે તેનો અભિપ્રાય જાણવાની ઇચ્છાવાળા રાજાએ શ્લોકનું પુર્વાર્ધ કહ્યું.

मुद्गदाली गदव्याली कवींद्र वितुषा कथम् ॥

"હે કવીન્દ્ર! સર્વ રોગને નાશ કરનાર આ મગની દાળ ફોતરાં વિનાની કેમ થઈ હશે?"

इति ततः कालिदासः देव्यां समीपवर्तिन्यामपि उत्तरार्धं प्राह ॥

अंधोवल्लभसंयोगे जाता विगतकंचुकी॥१४१॥

देवी तच्छ्रुत्वा परिज्ञातार्थस्वरूपा सरस्वती वतदर्थं विदित्वा स्मेरमुखी मनागिव बभूव. राजाप्येतद्दृष्ट्वा विचारयामास । इयं पुरा कालिदासे स्निह्यति अनेन एतस्यां समीपवर्तिन्यामपि इत्थमभ्यधायि इयं च स्मेरमुखी बभूव। स्त्रीणां चरित्रं को वेद ॥

આ પ્રમાણે કહ્યું એટલે રાણી સમીપ હોવા છતાં કવિ કાલિદાસે તે શ્લોકનું ઉત્તરાર્ધ કહ્યું "ભાત જે દાળને પતિ સમાન છે તેનો સંયોગ થતાં મગની દાળે પોતાની કંચુકીનો ત્યાગ કર્યો છે" આ ઉત્તરાર્દ્ધને સાંભળી સરસ્વતિ સમાન તે રાણી તેનો અર્થ સમજતાં જરાક હસી જે ઉપરથી રાજા વિચાર કરવા લાગ્યો કે રાણી કાલિદાસ સાથે સ્નેહમાંજ હશે અને તેથીજ રાણી સમીપ હોવા છતાં કવિએ આ ઉત્તરાર્દ્ધ કહ્યું જે સાંભળી રાણીને હસવું આવ્યું, સ્ત્રીયોનાં ચરીત્રોને કોણ જાણી શકે છે?

अश्वप्लुतं वासवर्जितं च ।
स्त्रीणां च चित्तं पुरुषस्य भाग्यम् ॥
अवर्षणं चाप्यतिवर्षणं च ।
देवो न जानाति कुतो मनुष्यः ॥१४२॥

દેવતાઓ પણ ઘોડાનાં કેદમ, ઇંદ્રની ગર્જના, સ્ત્રિઓનાં ચિત્ત, મનુષ્યનું ભાગ્ય, વરસાદનું વધારે ઓછું વરસવું જાણી શકતા નથી તો માણસતો શુંજ જાણે ? ! ૧૪૨

किं त्वयं ब्राह्मणः दारुणापराधित्वेन हंतव्य इति । विशेषेण सरस्वत्याः पुरुषावतार इति विचार्य कालिदासं प्राह। कवे सर्वथा अस्मद्देशे न स्थातव्यं किं बहुनोक्तेन प्रतिवाक्यं किमपि न वक्तव्यम्। ततः कालिदासोपि वेगेनोत्थाय वेश्यागृहमेत्य तां प्रत्याह । प्रिये अनुज्ञां देहि मयि भोजः कुपितः स्वदेशे न स्थातव्यमित्युवाच । अहह ॥

પરંતુ દારૂણ અપરાધી હોવા છતાં તે વિદ્વાન્ બ્રાહ્મણને મારવો તે યોગ્ય નથી, કારણ કે તે સરસ્વતીના અવતાર રૂપ છે આ પ્રમાણે વિચાર કરી રાજાએ કાલિદાસને કહ્યું "હે કવિ સર્વથા ત્હમારે મ્હારા રાજ્યમાં રહેવું નહિ, વધારે શું કહું, ઉત્તર આપશો નહી" પછી કવિ કાલિદાસ પણ ત્યાંથી તરતજ નીકળી વેશ્યા વિલાસવતીને ત્યાં આવ્યો અને ત્હેને કહેવા લાગ્યો "હે પ્રિયે! મ્હને અનુજ્ઞા આપો રાજા મ્હારા પર કોપાયમાન થયો છે અને મ્હને આજ્ઞા કરી છે કે ત્હમારે મ્હારા રાજ્યમાં રહેવું નહી—અરેરે! આથી હું ઘણો દિલગીર છું !"

अघटितघटितानि घटयति घटितघटितानि दुर्घटी-
कुरुते ॥ विधिरेव तानि घटयति यानि पुमान्नैव
चिंतयति ॥ १४३ ॥

વિધાતા અસંભવિત વાતોને સંભવીત કરે છે અને જે સંભવીત હોય છે તેને અસંભવીત કરે છે અને જે પુરૂષોના ચિત્તમાં પણ હોતી નથી તેને સિદ્ધ કરી આપે છે" ૧૪૩

किं च किमपि विद्वद्वृंदचेष्टितमेवेति प्रतिभाति।
तथा हि ॥

વળી આ સર્વ વિદ્વાનોના મંડળે કર્યું હોય તેમ મ્હને લાગે છે એમ છે કે:-

बहूनामल्पसाराणां समवायो दुरत्ययः ॥
तृणैर्विधीयते रज्जुर्बध्यंते तेन दंतिनः॥१४४॥

થોડા બળવાળા પણ મ્હોટી સંખ્યામાં મળે તો મજબુત થઈ શકે છે દોરડુ વાળાઓથી વણાય છે પણ તેનાથી બનેલા તે દોરડાથી હાથીને પણ બાંધી શકાય છે.

ततो विलासवती नाम वेश्या तं प्राह ॥
तदेवास्य परं मित्रं यत्र संक्रामति द्वयम् ॥
दृष्टे सुखं च दुःखं च प्रतिच्छायेव दर्पणे॥१४५॥

ત્યારે વિલાસવતી વેશ્યા કહેવા લાગી:-

આયના (દર્પણ)માં જેવી રીતે મ્હોં જોતાં સુખદુઃખનું પ્રતિબીંબ જણાય છે તે પ્રમાણેજ મિત્રના ઉપર સુખદુઃખની છાયા બરાબર જણાય છે તેનેજ પોતાનો પરમ મિત્ર જાણવો અર્થાત્ તેનેજ પરમ મિત્ર જાણવો જે આપણા સુખે સુખી અને દુઃખે દુઃખી થાય. ૧૪૫

दयित मयि विद्यमानायां किं ते राज्ञा किं वा राजदत्तेन वित्तेन कार्यम् । सुखेन निःशंकं तिष्ठ मद्गृहांतःकुहर इति । ततः कालिदासः तत्रैव वसन् कतिपयदिनानि गमयामास । ततः कालिदासे गृहान्निर्गते राजानं लीलादेवी प्राह । देव कालिदासकविना साकं नितांतं निबिडतमा मैत्री तदिदानीमनुचितं कस्मात्कृतं यस्य देशेप्यवस्थानं निषिद्धम् ॥

"હે પ્રિયે! જ્યાં સુધી હું જીવું છું ત્યાં સુધી આપને તે રાજા અથવા તો ત્હેના ધનની શી જરૂર છે? શંકા રહિત થઇ સુખે મ્હારા આવાસના ભોંયરામાં રહો—આ પ્રમાણે કવિ કાલિદાસે કેટલાક દિવસો ત્હેને ત્યાં ગાળ્યા પછી એક દિવસે રાણી લીલાવતી કાલિદાસના ગયા પછી રાજાને કહેવા લાગી કે હે પ્રાણનાથ આપને કવિ કાલિદાસ સાથે ઘણી ગાઢી મીત્રતા થઇ હતી તે સઘળી કાઢી નાંખી શા કારણથી આપે તેમને દેશમાંથી દુર કર્યા હશે ? !

इक्षोरग्रात्क्रमशः पर्वणि पर्वणि यथा रसविशेष ॥
तद्वत्सज्जनमैत्री विपरीतानां च विपरीता ॥१४६॥

હે નાથ! જેમ જેમ શેરડીના ગાંઠાઓના આગલા આગલા ભાગમાં વધારે વધારે મીષ્ટતા હોયછે તેમ તેમ સત્પુરૂષોનો સમાગમ જેમ જેમ ગાઢ થતો જાય છે તેમતેમ તે વધારે આનંદને આપે છે અને આનાથી વિપરિત રીતી દુષ્ટ માણસોના સમાગમમાં જોવામાં આવેછે. ૧૪૬

शोकारातिपरित्राणं प्रीतिविस्रंभ भाजनम् ॥

केन रत्नमिदं सृष्टं मित्रमित्यक्षरद्वयम् ॥१४७॥

શોક રૂપી શત્રુથી રક્ષણ કરનાર અને પ્રિતી અને વિશ્વાસનું સાચુ સ્થાન એવો બે અક્ષરનો ઉત્તમ શબ્દ મિત્ર તે કોણે રચ્યો હશે?

राजाप्येतल्लीलादेवीवचनमाकर्ण्य प्राह। देवि केनापि ममेत्यभिधायि तत्कालिदासो दासीवेषेणअंतःपुरमासाद्य देव्या सह रमत इति। मया चैतद्व्यापारजिज्ञासया कपटज्वरेणायं भवती च वीक्षितौ। ततः समीपवर्तिन्यामपि त्वय्युत्तरार्द्धमित्थंप्राह। तच्चाकर्ण्य त्वयापि कृतो हासः। ततश्च सर्वमेतद्दृष्ट्वा ब्राह्मणहननभीरुणा मया देशान्निःसारितः। त्वां च न दाक्षिण्येन हन्मीति। ततःहासपरा देवी चमत्कृता प्राह। निःशंकं देव अहमेव धन्या यस्यास्त्वं पतिरीदृशः। यत्त्वया भुक्तशीलायाः मम मनःकथमन्यत्रग च्छतियतः सर्वकामिनीभिरपि कांतोपभोगे स्मर्त्तव्योसि। अहह देव त्वं यदि मां सतीमसतीं वा अकृत्वा गमिष्यसि तर्ह्यहं सर्वथा मरिष्य इति। ततो राजापि प्रिये सत्यं वदसीति। ततः सनृपतिः पुरुषरहिमानयामास तप्तं लोहगोलकं कारयामास धनुश्च सज्जं चक्रे। ततो देवी स्नाता निजपातिव्रत्यानले

न देदीप्यमाना सुकुमारगात्री सू[illegible] वल्क्य प्राह ।
जगच्चक्षुस्त्वं सर्वसाक्षी सर्वं वेत्सि ॥

રાણી લીલાવતીનાં આ વચનો સાંભળી રાજા કહેવા લાગ્યા કે "હે દેવી! તેજ માણસ મ્હારા આગળ આવીને કહેવા લાગ્યો કે કાળિદાસ દાસીના વેષે જનાનામાં પ્રવેશ કરી રાણીની સાથે રમણ કરે છે, અને તે વાતની ખાત્રી કરવાને માટે મૃઢતાનકનો ઢોંગ કરી તમારી બન્નેની પરિક્ષા કરી. જે પ્રસંગે તમો નજીક હોવા છતાં તેમણે ઉતરાર્ધ કહ્યું અને તે સાંભળી હાસ્ય કર્યું. આ પ્રમાણે વૃત્તાંત જોઇને બ્રહ્મહત્યાથી ડરીને મેં તે કવિને મારા રાજ્યમાંથી દેશનીકાલ કર્યો અને હે ચતુરા તને-પણ સ્રિહત્યાના પાપથી મારતો નથી. આ હેવાલ સાંભળી ચમત્કાર પામેલી રાણી હસીને બોલી "હે દેવ! નિઃશંક હું ઘણીજ ભાગ્યશાળીછું કે મને આપના જેવો પતિ મળેલો છે. તમો ઘણા અનુભવથી મારા સ્વભાવને જાણોછો. મારૂં મન તો પછી અન્ય પુરૂષથી શા માટે જોડાય? હે પતી! અન્ય સર્વ સ્રીયો પણ ભોગ સમયે આપને યાર કરે તેવા આપછો. અહો! આ ઘણું ખેદ કારક છે માટે હે દેવ! હવે હું સતી કે વ્યભિચારીણી છું ત્હેની ખાત્રી કર્યા વિના આપ અહીંથી પધારશો તો હું આત્મઘાત કરીશ. તે સાંભળી રાજાએ કહ્યું "પ્રિયે તું સત્ય કહે છે" પછી રાજાએ માણસો પાસે સાપ મંગાવ્યો-લોખણ્ડનો ગોળો મંગાવ્યો, અને ધનુષ્ય ચઢાવ્યું. જે પછી સ્નાન કરી રાણી લીલાવતી પતિવૃતાનાં નેત્ર અગ્નિથી પ્રદિપ્ત દેખાયાં, ને તે સુકોમળ અંગોવાળી સૂર્ય નારાયણનાં દર્શન કરતી કહેવા લાગી "હે જગતના ચક્ષુ રૂપી સૂર્યનારાયણ તમો સર્વના સાક્ષીછો અને સર્વ જાણોછો માટેઃ—

जाग्रते स्वप्नकाले च सुषुप्तौ यदि मे पतिः ॥
भोज एव परस्त्वान्यो मच्चित्ते भावितोपि न ॥१४८॥

જાગૃતાવસ્થા–સ્વપ્નાવસ્થામાં અથવા તો સુષુપ્તાવસ્થામાં પણ જો મ્હારો પતી ભોજ ન હોય અને અન્ય હોય તો તમે મ્હારા કૃત્યને સત્ય ઠરાવશો. ૧૪૮

इत्युक्त्वा ततो दिव्यत्रयं चक्रे । ततः शुद्धायामन्तःपुरे लीलावत्यां लज्जानतशिराः नृपतिः पश्चात्तापात्पुरो देवि क्षमस्व पापिष्ठं मां किं वदामीति कथयामास । राजा च तदाप्रभृति न निद्राति न च भुंक्ते न केनचिद्वक्ति । केवलमुद्विग्नमनाः स्थित्वा दिवानिशं प्रलपति । किं नाम मम लज्जा किं नाम दाक्षिण्यं क्व गांभीर्यं हाहा कवे कविकोटिकुटमणे कालिदास हा मम प्राणसम हा मूर्खेण किमश्राव्यं श्रावितो से अवाच्यमुक्तोसीति प्रसुप्त इव ग्रहग्रस्त इव मायाविध्वस्त इव पपात । ततः प्रियाकरकमलसक्तजलसंजातसंज्ञः कथमपि तामेव प्रियां वीक्ष्यस्वात्मनि निपरः परम तिष्ठत् । ततो निशानाथहीनेवनिशा दिनकरहीनेव दिनश्रीर्वियोगिनीव योषित् शक्ररहितेव सुधर्मा न भाति भोजभूपालसभा रहिता कालिदासेन । तदा प्रभृति न कस्यचिन्मुखे काव्यं

नकोऽपि विनोदसुंदरं वचो वक्ति । ततो गतेच केचिद्दिनेषु कदाचिद्राकापूर्णेंदुमंडलं पश्यन् पुरश्चलीलादेवीमुखेंदुं वीक्ष्य प्राह ॥

આ પ્રમાણેનાં ત્રણે દિવ્ય પ્રમાણોમાં તે સાચી ઠરી અર્થાત્ સર્પ તેને ડસી શકયો નહી. તપાવેલા ગોળાથી તેને ઈજા થઇ નહી અને બાણ સ્પર્શ કરી શકયું નહી. આ પ્રમાણે મ્હેલમાં રાણી લીલાવતી શુદ્ધ ઠરતાં રાજા શરમથી નીચું મ્હોં કરી પસ્તાવો કરી કહેવા લાગ્યા "હે રાણી મને પાપીને ક્ષમા કર હું વધારે શું કહું" ત્યાર પછી રાજાને સુખે નિદ્રા પણ આવતી નહી. કોઇની સાથે બોલતા પણ નહી કેવળ ઉદાશ મનથી રાતદિવસ વિલાપ કરવા લાગ્યા. અરેરે ! શી મારી લાજ, શી મારી ચતુરાઇ, શું મારૂં ગાંભીર્ય ! ! અરેરે હે કવિ કરોડો કવિયોના મુગટરૂપ હે ! કાલિદાસ ! હે મ્હારા પ્રાણસમ સખે ! મ્હેં મુર્ખે તમને શું ન સંભળાવા જેવું સંભળાવ્યું ! શું ન કહેવા જેવું કહ્યુ ? ! આ પ્રમાણે વિલાપ કરતો જાણે રાજા ઉંઘી ગયો હોય-ભુત પ્રેતથી ઝડપાયો હોય અથવા માયાથી છવાયો હોય તેમ મૂર્છા પામ્યો. પછી રાણીના હસ્ત કમળથી છંટાયલા જળથી સચેત થતાં પણ પોતાની પ્રિય રાણીને પાસે બેઠેલી જોતાં લજ્જાથી શરમાઇ શાંત બેશી રહ્યો. પછી રાજાની કાળીદાસ વગરની સભા, ચંદ્ર વિનાની રાત્રી સમાન, સૂર્યનાપ્રકાશ વિનાના દિવસની સમાન તથા વિયોગીના મૂખારવિંદ અને ઈંદ્ર વગરની સુધર્મા સમાન શોભા રહીત થઇ ગઈ. પછી તે સભામાં સારી કાવ્ય રચના કરનાર તથા વાર્તા વિનોદ કરનાર કોઇ રહ્યા નહીં. પછી એક દિવસે પૂર્ણીમાની રાત્રીયે પૂર્ણ ચંદ્ર મંડળ ખીલી રહ્યું હતું, તે સમયે પોતાની રાણી લીલાદેવીના મુખ રૂપી ચંદ્ર-

માને જોઈ રાજાએ નીચે પ્રમાણેના અર્થવાળી એક કવિતા બનાવીઃ—

तुलणं अणु अणुसरइ ग्लौसो मुहचंदस्स खुएदा ॥

આ ચંદ્રમા આ રાણીના મુખ ચંદ્રની બરાબરી કરેછે:

कुत्र च पूर्णेपि चंद्रमसि नेदृग्विलासाः कदाचो विलसितम्। प्रातश्चोत्थितः प्रातर्विधीन्विधाय सभां प्राप्य राजा विद्वद्वरान्प्राह । अहो कवयः इयं समस्या पूर्यताम् । ततः पठति । 'तुलणं अणु अणुसरइ ग्लौसो मुहचंदस खुएदाये ॥ पुनराह । इयं चेत्समस्या न पूर्यते भवद्भिः मद्देशे न स्थातव्यमिति । ततो भीतास्ते कवयः स्वानि गृहाणि जग्मुः । चिरं विचारितेप्यर्थे कस्यापि नार्थसंगतिः स्फुरति।ततः सर्वैर्मिलित्वा बाणः प्रेषितः। ततः सभां प्राप्याह राजानम् । देव सर्वैर्विद्वद्भिरहं प्रेषितः।अष्टवासरानवधिमभिधेहि। नवमेह्नि पूरयिष्यंति ते । न चेद्देशान्निर्गच्छंति ते। राजा अस्त्वित्याह। ततो बाणः तेषां विज्ञाप्य राजसंदेशं स्वगृहमगात्। ततोष्टौ दिवसाः अतीताः । अष्टमदिनरात्रौ मिलितेषु बाणः प्राह । अहो तारुण्यमदेन राजसन्मानमदेन किंचिद्विद्यामदेन कालिदासो निःसारितोभवत्। समे भवंतः सर्व एव कवयः। विषमे स्थाने तु स

एक एव कविः। तं निःसार्य इदानीं किं नाम महत्त्वमामीत्। स्थिते तस्मिन् कथमियमवस्थास्माकं भवेत्। तन्निःसारे या बुद्धिः कृता सा भवद्भिरेव अनुभूयते ॥

પછી રાજા પ્રાતઃકાળમાં ઉઠી પ્રાતઃક્રિયા પરવારી કરીને સભામાં ચાલ્યા અને વિદ્વાનોને કહેવા લાગ્યા કે હે કવિજનો! હું જે કહું તે સમસ્યા પૂર્ણ કરો.

અને જો ત્હમારાથી આ સમસ્યા પુર્ણ ન થાય તો ત્હમો મ્હારા રાજ્યમાં રહેતા નહી. આ પ્રમાણેના રાજાના ભાષણથી ભયભિત થયેલા તે કવીયો ગોત પોતાને ઘેર જવા લાગ્યા. ઘણા કાળ સુધી અર્થ બેસારવાને માટે શ્રમ કર્યા છતાં કોઇથી સમસ્યા પૂર્ણ થઈ શકી નહી. ત્યારે સર્વે એકત્ર થઇ બાણ પંડીતને મોકલ્યા. બાણ કવિ સભામાં આવી રાજાને કહેવા લાગ્યા "હે રાજન્? સર્વ કવિવરોએ મળી મ્હને આપની પાસે આઠ દિવસની મુદત માગવા મોકલેલો છે નવમે દિવસે આપની સમશ્યા પૂર્ણ કરી આપીશું" આ વાત રાજાએ સ્વીકારી. પછી તે સંદેશો કવીઓને કહી બાણ કવી પોતાને ઘેર ગયા અને જ્યારે આઠ દિવસ પુરા થયા ત્યારે રાત્રીને સમયે પાછા સર્વ એકત્ર થયા અને બાણ કવી કહેવા લાગ્યા કે આપણે રાજાઓએ કાંઈક યુવાવસ્થાના મદે કરી કાંઈ રાજ સતાથી કુલાઈ જઇને અને કાંઈ વિદ્યાના મદથી કરીને કવિ કાળીદાસને કઢાવ્યા. સાધારણ વિષયોને માટે આપણે સઘળા કવિયો છીએ પણ વિષમસ્થાનને માટે તો માત્ર તે એકલાજ કવિ હતા. એ વાતે કાળીદાસને કઢાવ્યાથી અત્યારે શી આપણી મોટાઈ રહી છે?! તે હાલ જો અહિં હોત તો આપણી

આ દશા ન થાત. આ સર્વ ત્હેમને કઢાવવામાં જે દુર્બુદ્ધિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો ત્હેનાંજ માઠાં ફળ છે.

सामान्यद्विजप्रद्वेषे च कुलनाशो भवेत्किल ॥
उमारूपस्य विद्वेषो नाशः कविकुलस्य हि ॥१४९॥

સાધારણ બ્રાહ્મણ સાથે વેર કરવાથી પણ કુલનો નાશ થાય છે તો પ્રશંષા કરવાને યોગ્ય ઉમારૂપ કવિ કાલીદાસનો દ્વેષ કરવાથી આખા કવી કુળનો નાશ થાયજ १४९

ततः सर्वे गाढ कलहायंते स्म । मयूरादयश्च ततस्ते सर्वान् कलहान्निवार्य सद्यः प्राहुः । अद्यै-वावधिः पूर्णः कालिदासमंतरेण न कस्यचित्साम-र्थ्यमस्ति समस्यापूरणे ॥

પછી સર્વ કવિયો ગાઢ કલહ કરવા લાગ્યા ત્યારે મયૂર વિગેરે કવીઓએ ત્હેમના કલેશનું નિવારણ કરતાં જણાવ્યું કે આજની અવધ પુરી થઇ ગઈ છે અને કવિ કાળીદાસની ગેરહાજરીમાં કોઇ તે સમશ્યા પૂર્ણ કરવાને સમર્થ નથી.

संग्रामेषु भटेंद्राणां कवीनां कविमंडले ॥
दीप्तिर्वा दीप्तिहानिर्वा मुहुर्त्तेनैव जायते ॥१५०

યોદ્ધાઓ તથા કવિયોની હારજીત રણસંગ્રામમાં અને કવિ મંડળમાં માત્ર બે ઘડીમાંજ જણાઈ આવે છે. १५०

यदि रोचते ततोद्यैव मध्यरात्रे प्रमुदितचंद्रमसि निगूढमेव गच्छामः संपत्तिसंभारमादाय। यदि न गम्यते श्वो राजसेवका अस्मान्बलान्निःसारयंति त-दा देहमात्रेणैवास्माभिर्गंतव्यम् । तदाद्य मध्य

रात्रौ गमिस्याम इति सर्वे निश्चित्य गृहमागत्य बलिवर्दव्यूढेषु शकटेषु संपद्धारमारोप्य रात्रावेव निष्क्रांताः। ततः कालिदासः तत्रैव रात्रौ विलासवतीसदनोद्याने वसन् पथिगच्छतां तेषां गिरं श्रुत्वा वेश्याचेटीं प्रेषितवान्। प्रिये पश्य क एते गच्छंति ब्राह्मणा इव। ततः सा समेत्य सर्वानपश्यत्। उपेत्य च कालिदासं प्राह॥

વિદ્વાનોએ વિચાર કર્યો કે જો સર્વને રૂચે તો આજજ મધ્યરાત્રીના ચંદ્રોદય થયા પછી આપણે સર્વે પોતપોતાની સર્વે સંપત્તિ લઇને ગુહ્ય રીતે ગામનો પરિત્યાગ કરી જઇએ જો નહી જઇએ તો રાજ સેવકો જોરજુલમથી આપણને કાઢી મુકશે અને તે સમયે માત્ર આપણા દેહમાત્રને લઇ જવું પડશે પછી મધ્યરાત્રીએ નીકળવાનો નિશ્ચય કરી સર્વે પોતપોતાને ઘેર ગયા અને બળદનાં ગાડાંઓમાં પોતાનો સરસામાન ભરી ચાલતા થયા તે રાત્રે રાજકવિ કાલીદાસ વિલાસ નામના ઉદ્યાનમાં બેઠેલો હતો ત્યાંથી આ વિદ્વાન કવીઓને વાત કરતા સાંભળી તે ગુણીકાની દાશીને કહેવા લાગ્યો કે હે પ્રિયે આ વિદ્વાન કવીયો ક્યાં જાય છે તે તપાસ કર. કાલીદાસની આજ્ઞાનુસાર ત્યાં તપાસ કરી તે બોલી.

एकेन राजहंसेन या शोभा सरसोऽभवत्॥
न सा बकसहस्रेण परितस्तीरवासिना॥१५१॥

એક સારા સરોવરમાં એક હંસ માત્રથી જે શોભા જણાય છે તેની બરાબરી હજારે બગલાંઓ ત્હેના ચારે કાંઠાઓ ઉપર બેસતાં હોય છતાં જણાઈ શકતી નથી.

सर्वे च बाणमयूरप्रमुखाः पलायंते नात्र संशय इति। कालिदासः प्रिये वेगेन वासांसि भवनादानय। यथा पलायमानान् विप्रान् रक्षामि ॥

બાણ મયુર વિગેરે કવિજનોને દેશનો ત્યાગ કરી જતા જોઇ કાલીદાસે કહ્યું હે સખી સત્વર મારાં કપડાં લાવો કે જેથી ત્હેમની સહાય કરી ત્હેમનું રક્ષણ કરૂં.

किं पौरुषं रक्षति यो न आर्तान् ।
किं वा धनं नार्थिजाय यत्स्यात् ॥
सा किं क्रिया या न हितानुबद्धा ।
किं जीवितं साधुविरोधि यद्वै ॥ १५२ ॥

જે પુરૂષાર્થથી પીડીતોનું રક્ષણ ન કરાય, જે દ્રવ્યથી પીડીતોને સહાય અથવા દુઃખ મુક્ત ન કરાય, જે ક્રિયાના કરવાથી અંતે હાનીરૂપી પરીણામ નીપજે તેમજ જે જીવતરથી સાધુ પુરૂષો સાથે વૈર ઉત્પન્ન થાય તે સર્વ નીરર્થક સમજવાં.

ततः स कालिदासश्चारवेषं विधाय खड्गमुद्वहन् क्रोशार्धमुत्तरं गत्वा तेषामभिमुखमागत्य सर्वान्निरूप्य जयेत्याशीर्वचनउच्चार्य पप्रच्छ चारणभाषया। अहो विद्यावारिधयो भोजसभायां संप्राप्तमहत्त्वातिशयाः बृहस्पतय इव संभूय कुत्र जिगमिषवो भवंतः। कच्चित्कुशलं वो राजा च कुशली। अस्माभिः काशीदेशादागम्यते भो[illegible]नाय वित्तस्पृहया। ततः परिहास[illegible] निष्क्रांताः। ततस्तेषु

कश्चित्तद्गिरमाकर्ण्य तं च चारणं मन्यमानः कुतूहलेन विपश्चित्प्राह । अहो चारण शृणु त्वया पश्चादपि श्रोष्यत एव अतो मया अद्यैवोच्यते । राज्ञा किलैभ्यो विद्वद्भ्यः पूरणाय समस्योक्ता तत्पूरणाशक्ताः कुपिता राज्ञा देशांतरे क्वचिन्निर्गमिषवं एते निश्चक्रमुः । चारणः राज्ञा का वा समस्या प्रोक्ता । ततः पठति स विपश्चित् । ' तुलणं अणु अणुसरइ ग्लौसो मुहचंदस्स खुएदाये ॥ ' चारणः एतत्साध्वेव गूढार्थं एतत्पूर्णं[illegible] वीक्ष्य राज्ञापाठि । एतस्योत्तरार्धमिदं भवितुमर्हति ॥

अणुइदि बंणयदि कह अणुकिदि तस्स पडिपदि चंदस्स ॥

પછી કવિ કાલીદાસ ચારણનો વેષ ધારણ કરીને અર્ધો કોશ આગળ વધી તેઓની સન્મુખ આવી ઉભો અને તેમને સઘળાને આશીર્વચન આપી ચારણ ભાષામાં પુછવા લાગ્યો અહો ભોજ રાજાની સભાના ભૂષણરૂપ કવી વરો આપ ક્યાં પધારો છો રાજા અને પ્રજા સર્વે કુશળ તો છે; હું પણ કાશી ક્ષેત્ર તરફથી ભોજ રાજાનાં દર્શન માટે અત્રે આવ્યો છું. આ પ્રમાણે તે ચારણનાં વાક્યો સાંભળી હસ્તા હસ્તા તે કવીજનો આગળ ચાલવા લાગ્યા ત્યારે તેમનામાંથી એક કવી બોલી ઉઠયો કે હે ચારણ જ્યારે હવે પછી ત્હમે જાણવાનાજ છો ત્યારે તે સમાચાર હમણાંજ હું ત્હમને કહીશ. રાજાએ અમો કવીજનોને એક સમશ્યા પુર્ણ

કરવાને કહી હતી તે પૂર્ણ કરી ન શક્યા તેથી અમો સર્વે ત્હેના દેશનો ત્યાગ કરી જઇએ છીએ. ચારણે કહ્યું કે હે કવીજનો તે સમશ્યા શી છે તે જણાવો ત્યારે તેમણે કહ્યું કે "આ ચંદ્રમા આના મુખની સરખામણી કરતો અનુસરે છે".

આ સાંભળી ચારણનો વેશધારી કવિ કાળીદાસ કહેવા લાગ્યો કે આ રાજાની સમશ્યાનું પૂર્વાર્ધ અને સમશ્યા ઘણી ગુઢાર્થ છે, ત્હેનુ ઉત્તરાર્ધ નીચે પ્રમાણે હોવું જોઇએ. ચંદ્ર મુખચંદ્રને અનુસરતો આવે નહીં. કારણ કે પૂર્ણીમા પછી ચંદ્રની આકૃતીમાં ઘટ થવા માંડે છે અને મૂળ ચંદ્ર તો એકસરખોજ રહે છે.

सर्वे श्रुत्वा चमत्कृताः। ततश्चारणः सर्वान्प्रणिपत्य निर्ययौ। ततः सर्वे वि॰ ारयांते स्म अहो इयं साक्षात्सरस्वती पुंरूषेण सर्वेषां अस्माकं परित्राणायागता नायं भवितुम ॰ति मनुष्यः। अद्यापि किमपि केनापि न ज्ञायते। ततः शीघ्रमेव ॰ हमासाद्य शकटेभ्यो भारमुत्तार्य प्रातःसर्वैरपि राजभवनमार्गं तव्यं नचेच्चारण एव निवेदयिष्यति। ततो यहिति गच्छाम इति योजयित्वा तथा चक्रुः। ततो कवयः सभां गत्वा राजानमालोक्य स्वस्ति त्युक्त्वा प्रविशुः। ततो बागः प्राह देव! सर्वज्ञेन यच्छ्राइ उचते तदीश्वर एव वेद। केमी वराका उदरंभरयः द्विजाः तथाप्युच्यते॥

આ પ્રમાણે આવી ગુઢાર્થ સમશ્યા પૂર્ણ થઈ જાણી

કવિવરો અત્યંત આનંદ પામ્યા અને આ ચમત્કારી ચારણને સરસ્વતીના અંશરૂપે માનવા લાગ્યા. સમશ્યા પૂર્ણ થયેલી જાણી તેઓએ વિચાર કર્યો કે હવે ગાડાં પાછાં વાળી ગામમાં પોતપોતાને ઘેર જઇ અને સ્હવારમાં દરબારમાં પૂર્ણ થયેલી સમશ્યા રાજાને વિદિત કરવી અને જો તેમ કરવામાં તેઓ કસુર કરે તો તે ચારણજ તે સમશ્યા રાજા સમીપ પૂર્ણ કહી સર્વ ઇનામ લઇ જાય. આ વિચારથી પોતાની ગાડીયો પાછી વાળી તેઓ ગામમાં ગયા અને સ્હવારમાં પ્રવેશ કરતાં બાણકવીયે રાજાને આશિર્વચન કહેતાં જણાવ્યું કે હે રાજન? ત્હમારી સમશ્યા એવી વિષમ છે કે માત્ર ઇશ્વરજ ત્હેનો ભાવાર્થ સમજી શકે. અમો પેટભરા બ્રાહ્મણોનું ત્હેમાં શું ચાલે. છતાં અમારી અલ્પ મતીને અનુસરી જે ખુલાસો કરૂં છું તે ધ્યાનપૂર્વક સાંભળશો.

तुलणं अणु अणुसरइ ग्लौसो मुहचंदस्स खु एदाये ॥ अणुइदि बंणयदि कह अणुकिदि तस्स पडिपदि चंदस्स ॥१५३॥

રાણીના મુખ રૂપી ચંદ્રમાની આ ચંદ્રમા બરાબરી કરે છે આટલો અર્થ રાજાના પૂર્વાર્દ્ધનો થાય છે હવે કાલીદાસે રચેલો ઉત્તરાર્દ્ધનો અર્થ એવો થાય છે કે તે ચંદ્રમા તથા રાણીના મુખચંદ્રની બરાબરી શી રીતે કરી શકાય કારણ કે મુખરૂપી ચંદ્રમા તો એક સરખોજ રહે છે જ્યારે ચંદ્ર પોતાની કળાઓમાં પ્રતિદિન વધઘટ પામતો જાય છે એટલે પડવેનો ચંદ્ર પૂર્ણીમાના ચંદ્રની માફક રાણીના મુખચંદ્રની બરાબરી કરી શકેજ નહીં,

---

१ च्छाया–तुलनामन्वनुसरति ग्लौः सः मुखचंद्रस्य खल्वेतस्याः। अन्विति वर्ण्यते कथमनुकृतिस्तस्य प्रतिपदि चंद्रस्य ॥

राजा यथाव्यवसितस्याभिप्रायं वि॰ित्वा सर्वथा कालिदासो दिव॰॰॰॰स्थाने निवसति । उपायैश्च सर्वं साध्यम् । ततो बाणाय रुक्माणां पंचदशलक्षाणि प्रादात् । संतोषमिषेणैव विद्वद्वृंदं स्वं स्वं सदनं प्रति प्रेषितम् । गते च विद्व॰॰डले शनैर्द्वारपालायादिष्टं राज्ञा । यदि केचित् द्विजन्मान आयास्यंति तदागृहमध्यमानेतव्याः । ततः सर्वमपि वित्तमा॰य स्वगृहं गते बाणे केचित्पंडिता आहुः । अहो बाणेना॰चितं व्यधायि । यदसावपि अस्माभिः सह नगरान्निष्क्रांतोपि सर्वमेव धनं गृहीतवान् । सर्वथा भोजस्य बाणस्य रूपं ज्ञापयिष्यामः । यथा कोपि नान्यायं विधत्ते विद्वत्सु । ततस्ते राजानमासाद्य ददृशुः । राजा तान्प्राह एतत्स्वरूपं ज्ञातमेव भवद्भिर्यथार्थतया वाच्यम् । ततस्तैः सर्वमेव निवेदितम् । ततः राजा विचारितवान् सर्वथा कालिदासश्चारणवेषेण मद्भयान्मदीयनगरमध्यास्ते । ततश्चांगरक्षकानादिदेश । अहो पलाय्यंतां तुरंगाः । ततः क्रीडोद्यानप्रयाणे पटहध्वनिरभवत् । अहो इदानीं राजा देवपूजाव्यग्र इति शुश्रुमः । पुनरिदानीं क्रीडोद्यानं गमिष्यतीति व्याकुलाः सर्वे भटाः संभूय

पश्चाद्यांति । ततो राजा तैर्विद्वद्भिः सह अश्वमारुह्य रात्रौ यत्र चारणप्रसंगः समजनि तत्प्रदेशं प्राप्तः । ततो राजा चरतां चौराणां पदज्ञाननिपुणानाहूय प्राह । अनेन वर्त्मना यः कोपि रात्रौ निर्गतः तस्य पदानि अद्यापि दृश्यंते तानि पश्यंत्विति । ततो राजा प्रतिपंडितं लक्षं दत्त्वा त न्प्रेषयित्वा च स्वभवनमगात् । ते च पदज्ञा सर्वतश्चरंतोपि तमनवेक्षमाणा विमूढा इवासन् । ततश्च लंबमाने सवितरि कामपि दासीमेकं पदत्राणां त्रुटितमादाय चर्मकारवेश्म गच्छंतीं दृष्ट्वा तुष्टा इवासन् । ततस्तत् पदत्राणं तया चर्मकार करे न्यस्तं वीक्ष्य तैश्च तस्य करान्मिषणादाय रेणुपूर्णे पथि मुक्त्वा तदेव पदं तस्येति ज्ञात्वा तां च दासीं क्रमेण वेश्याभवनं विशंतीं वीक्ष्य तस्या मंदिरं परितो वेष्टयामासुः । ततश्चतैः क्षणेन भोजश्रवणपथविषयं अभिज्ञानवार्ता प्रापिता । ततो राजा सपौरः सामात्यः पद्भ्यामेव विलासवतीभवनमगात् । ततस्तच्छ्रुत्वा विलासवतीं प्राह कालिदासः । प्रिये मत्कृते किं कष्टं ते पश्य । विलासवती प्राह सुकवे ॥

આ પ્રમાણે સાંભળીને રાજા એવો નિશ્ચીત અભિપ્રાય આપ્યો કે એકજ દિવસમાં પહોંચી શકાય તેટલા અંતરમાં કવિ કાલીદાસ રહેલા હોવા જોઇએ; અને ઉપાયો યોજવાથી સર્વ કામ સિદ્ધ થઈ શકશે. ત્યાર પછી રાજાએ બાણ કવીને પંદર લાખ રૂપીઆ આપ્યા અને વિદ્વાનોના સમુહને સંતોષી સૌને પોતપોતાને સ્થાનકે વિદાય કર્યો. વિદ્વાનો વિદાય થયા પછી રાજાએ દ્વારપાળોને આજ્ઞા કરી કે હવે જો કોઇ બ્રાહ્મણ અત્રે આવે તો ત્હેને સત્વર મારી પાસે લાવવો. જ્યારે બાણ કવી સર્વ ધન લઇ પોતાને ઘેર ગયા ત્યારે અન્ય વિદ્વાનો કહેવા લાગ્યા કે જ્યારે ગામનો ત્યાગ કરીને જવા માટે આપણે સર્વે તૈયાર થયા હતા ત્યારે બાણ કવી પણ આપણી સાથે હતા માટે તેમણે એકલાએ સર્વ ધન ગ્રહણ કરી આપણને અન્યાય કરવો જોઇએ નહી. આ વાત આપણે રાજા ભોજને કહેવી ઉચીત છે એ પ્રમાણે નિશ્ચય કરી પંડીતો રાજા પાસે આવ્યા; અને બાણનું સ્વરૂપ ત્હેને સમજાવ્યું. રાજાએ ત્હેમનો વૃત્તાંત સાંભળી ત્હેમને જે બન્યું હતું તે શરૂઆતથી કહેવાને માટે વીનવ્યું; જે ઉપરથી રાજાને માલુમ પડ્યું કે કવિ કાલીદાસ મ્હારા ભયથી ચારણનો વેશ ધારણ કરી મારાજ નગરમાં ગુપ્ત રહે છે. પછી રાજાએ પોતાના અંગરક્ષકોને આજ્ઞા આપી કે ત્હમો તમારા ઘોડાઓ સજ્જ કરો અને એવો ઢંઢેરો ફેરવાવો કે હમણાં રાજા પુજામાં છે અને પછી બગીચામાં ફરવાને નીકળનાર છે. આવો હુકમ બ્હાર પડતાં સર્વ યોદ્ધાઓ વ્યાકુળ થવા લાગ્યા અને પોતપોતાના ઘોડા સજ્જ કરવા લાગ્યા. પછી રાજા પુજાથી પરવારી તે વિદ્વાનો સાથે ઘોડે સ્વાર થઈ યોદ્ધાઓને સાથે લઈ રાત્રીના વિદ્વાનોને જે સ્થળે ચારણનો મેળાપ થયો હતો તે સ્થળે આવ્યા. અને ત્યાં આગળ પગલાં

પારખનાર પગી લોકોને બોલાવી કહેવા લાગ્યા કે હે પગીઓ? આ રસ્તેથી આવેલો માણુસ જેનાં પગલાં હજી પણ જણાય છે તે કઈ દિશામાં ગયો છે તે શોધી કાઢો. આ પ્રમાણે વ્યવસ્થા કરી દરેક પંડીતને લાખ લાખ રૂપીયા આપી પોતપોતાને ઘેર જવા વિનવ્યું અને રાજા પોતે પણ પોતાના નિવાસ સ્થાને ગયા. પગલાં શોધનાર પગી લોકો ઘણી તપાસ કરવા છતાં નીષ્ફળ થયા હોવાથી મૂઢ જેવા બની ગયા હતા તેટલામાં કેટલોક કાળ વ્યતીત થયા પછી એક દિવસે એક ફાટેલો જોડો લઇ એક દાસી મોચીને ત્યાં જતી ત્હેમની નજરે પડી જેને જોઇ તેઓ અતિ પ્રસન્ન થયા. તે દાશીએ જે મોચીને તે જોડો સુધારવાને આપ્યો હતો ત્હેની પાસેથી યુક્તી પ્રયુક્તિ કરી તેઓએ તે માગી ગીરદ (રેતી)માં પડેલાં પગલાં સાથે જોડાના પડેલા બીંબને મેળવી જોયું અને ક્રમે ક્રમે તે દાશી કયાં ગઇ હતી તેનો પત્તો મેળવી વિલાસવતી નાયીકા જેની તે દાશી હતી ત્હેના આવાસને ખોળી કાઢી તેની આસપાસ પાકો બંદોબસ્ત કરી લીધો. અને પછી એક ક્ષણુમાંજ રાજા ભોજને આ સમાચાર વિદીત કર્યો.

આ સમાચાર મળતાંજ મંત્રીયો તથા પૈહળથી સજજ થયેલો રાજા વિલાસવતીના આવાસે આવી પહોંચ્યો. રાજાના આવાગમનના સમાચાર સાંભળી રાજકવિ કાલીદાસ વીલાસવતીને કહેવા લાગ્યો કે પ્રિયે જો મ્હારે લીધે ત્હને કેટલું કષ્ટ પ્રાપ્ત થાય છે. જેનો ઉત્તર આપતાં વિલાસવતી કહેવા લાગી કે હે વિદ્વાન કવી—

उपस्थिते विप्लव एव पुंसां ।
समस्तभावः परिमीयतेतः ॥
अवाति वायौ नहि तूलराशे-
र्गिरेश्च कश्चित्प्रतिभाति भेदः ॥१५४॥

જ્યાં સુધી પવન હોતો નથી ત્યાં સુધી રાઇનો બનેલો ઢગલો પણ પર્વતના જેવો જણાય છે. પણ ખરો પર્વત કયો અને રાઇના ઢગલારૂપી પર્વત કયો હેની પરિક્ષા પવન ફુંકાતાં એક ક્ષણ માત્રમાં થઇ જાય છે.

मित्रस्वजनबंधूनां बुद्धेर्वित्तस्य चात्मनः ।
आपन्निकषपाषाणो जनो जातानि सारताम् ॥१५५

વિજ્ઞપ્તિ રૂપી કસોટી ઉપર ચઢેલો માણસજ મિત્ર, સ્વજન, બંધુ, જ્ઞાન, અભય અને દ્રવ્યની પરિક્ષા કરી શકે છે અર્થાત્ ઉપર ગણાવ્યાં હેમની સર્વેની પરિક્ષા આપત્તિ સમયેજ થાય છે.

अप्रार्थितानि दुःखानि यथैवा ांते देहिनः ॥
सुखानि च तथा मन्ये ैन्यमत्रातिरिच्यते ॥१५६

શરીરધારીયોને દુઃખ જેવી રીતે અણુમાગ્યુંજ આવી પડે છે તેજ પ્રમાણે સુખ પણ આવે છે. અર્થાત્ ભાવીમાં લખ્યા પ્રમાણે માણસોને સુખ દુઃખ આવી પડે છે.

सुकवे राज्ञा त्वयि मनाक् निर त व सापे मथा सहेदं दासीवृंदं प्र सवह्नौ पतिष्यति । कालिदासः प्रिये नैवं मंतव्यं मां दृष्ट्वा विकासी ता- स्यो भोजः पादयोः पतिष्यतीति । ततो वेश्यागृहं प्रविश्य भोजः कालिदासं दृष्ट्वा ससंभ्रममाश्लिष्य पादयोः पतति । स राजा पठति च ॥

વળી હે સુકવિ જો રાજા આવીને વચન માત્રથી તમારો અનાદર કરશે તો આપ સત્ય માનજો કે હું મ્હારી દાશીયોના સમૂહ સાથે સત્વર અગ્નીમાં પ્રવેશ કરી બળીને ભસ્મ થઈ જઈશ. આ સાંભળી કવી કાલીદાસ કહેવા લાગ્યા કે

હે પ્રીયે? તે પ્રમાણે કાંઈ બનનાર છેજ નહી. મ્હને જો-તાંજ રાજા ભોજ હસ્તે મુખે મ્હારા ચરણને સ્પર્શ કરશે. આ પ્રમાણે રાજકવી કાલીદાસ અને વિલાસવતી વાત કરતાં હતાં તેટલામાં રાજા ભોજે તે ઘરમાં પ્રવેશ કર્યો; અને કવી કાલીદાસને પોતાની સામે ઉભેલો જોઇ હસતે મુખે ત્હેના ચરણે પડયો અને કહેવા લાગ્યો કે-

गच्छ स्तिष्ठतो वापि जाग्रतः स्वपतोपि वा ॥
मा भून्मनः कदाचिन्मे त्वया विरहितं कवे ॥१५७॥

હે કવિ, ચાલતાં, બેસતાં, જાગતાં અથવા સુતેલો હોવા છતાં ત્હમો હમેશાં મ્હારાથી દુર ખસતા નહી.

कालिदासस्तच्छ्रुत्वा व्रीडावनताननस्तिष्ठति ।
राजा च कालिदास[illegible]मभ्याह ॥

આ સાંભળી શરમાતો કવી કાલીદાસ નીચું જોઇ ઉ-ભો રહ્યો અને રાજા ત્હેના મુખ કમળને પોતાના તરફ ઉંચું કરી કહેવા લાગ્યો.

कालिदास कलावास दासवच्चालितो यदि ॥
राजम र्गे व्रजन्नत्र परेषां तत्र का त्रपा ॥१५८॥

હે કળાઓ નિવાસરૂપ કાલીદાસ રાજમાર્ગમાં ચાલતાં ચાલતાં મે દાસરૂપે અહી બોલાવી લીધા ત્હેમાં અન્યને શું શરમાવા જેવું છે.

धन्यां विलासनीं मन्ये कालि[illegible]सा यदेतया ॥
निबद्धः स्व[illegible]णैरष शकुंत इव पंजरे ॥१५९॥

હું તો વિલાસવતી વેશ્યાને ધન્યવાદ આપું છું જેણે પોતાના ગુણોએ કરીને સર્વ ગુણ સંપન્ન કાલીદાસને વશ કરી લીધેલો છે. અરે એક પાંજરામાં પક્ષી જેવો કરી મુકયો છે.

राजा नेत्रयोः हर्षाश्रु गर्जयति कराभ्यां कालिदासस्य । ततः तत्प्राप्तिप्रसन्नो राजा ब्राह्मणेभ्यः प्रत्येकं लक्षं ददौ । निज रग च कालिदा-समारोप्यस[प]रिवारः निजगृ यथौ । कियत्यपि कालेतिक्रांते राजा कदाचित्संध्यामालोक्य प्राह ॥

અને કાલીદાસની આંખોમાં હર્ષાશ્રુને રાજા પોતાના હાથે લુછવા લાગ્યો. પછી કાલીદાસના થયેલા મેળાપથી પ્રસન્ન થયેલા રાજાએ હરેક વિદ્વાનને એક એક લાખ રૂપીયા દાન આપ્યું. અને પોતાના ઘોડા ઉપર કવી કાલીદાસને બેસારી પોતાના રાજમ્હેલ તરફ પરીવાર સહીત રાજા પાછા ફર્યા. કેટલોક સમય પછી રાજા સંધ્યાને જોઇ કહેવા લાગ્યા કે-

परिपतति पयोनिधौ पतंगः

ततो बाणःप्राह—सरसिरुहामुदरेषु मत्तभृंगः ॥

ततो महेश्वरकविः—उपवनतरुकोटरे विहंगः ।

ततःकालिदासः—युवतिजनेषुशनैः शनैरनंगः॥

સૂર્ય સમૂદ્રમાં પડે છે. જે સાંભળી બાણ કવી શ્લોકના બીજા ચરણને પૂર્ણ કરતાં કહેવા લાગ્યા સૂર્ય કમળપુષ્પની વચ્ચે પડતા ભ્રમરની માફક પડે છે; ત્યારે મહેશ્વર કવી બોલ્યા; સૂર્ય બગીચાનાં વૃક્ષના કુહરોમાં જેમ પક્ષીયો વિરામે છે તેમ પડે છે; જ્યારે કાલીદાસે કહ્યુ કે જેવી રીતે આસ્તે આસ્તે સ્ત્રીજનોના શરીરમાં કામદેવ પ્રવેશ કરે છે તેજ પ્રમાણે ધીમે ધીમે સૂર્યનારાયણ પણ અસ્ત પામે છે. આ સંધ્યા સમયનું વર્ણન છે.

तुष्टो राजा लक्षंलक्षं ददौ । चतुर्थचरणस्य लक्षद्वयं ददौ । कदाचिद्राजा बहिरुद्यानमध्ये मार्गे त्यागच्छंतं कमपि विप्रं ददर्श । तस्य करे चर्ममयं कमंडलुं वीक्ष्य तं चातिदरिद्रं ज्ञात्वा मुखश्रिया विराजमानं चावलोक्य तुरंगं तदग्रे निधायाह । विप्र चर्मपात्रं किमर्थं पाणौ व सीति । स च विप्रः नूनं मुखशोभया मृदूक्त्वा च भोज इति विचार्य । देव व न्याशिरोमणौ भोजे पृथ्वीं शासति ल ताम्राभावः स ने तेन चर्ममयं पात्रं वहामीति । राजा भोजे शासति लोहताम्राभावे को हेतुः । तदा विप्रः पठति ॥

अस्य श्री राजस्य द्वयमेव सुदुर्लभम् ॥
शत्रूणां शृंखलैर्लो ताम्रं शासनपत्र ॥ १६१ ॥

કવિયોની ઉપર પ્રમાણેની કાવ્ય રચના જોઈ એ રાજાએ બીજા તથા ત્રીજા ચરણના રચનારને લાખ લાખ રૂપીયા દાન કર્યો અને ચોથા ચરણના બનાવનાર રાજ કવી કાલીદાસને બે લાખ રૂપીયા આપ્યા.

એક સમયે રાજા ભોજ બગીચાના માર્ગમાં ફરતો હતો. તેવામાં આઘેથી એક બ્રાહ્મણને હાથમાં ચામડાનું કમંડલ લઇને આવતો જોઈ તે અતિ દરીદ્ર છે એમ જાણી ત્હેના સન્મુખ પોતાના ઘોડાને ઉભો રાખી રાજા પુછવા લાગ્યો, હે ભૂદેવ! આપે શા કારણથી હાથમાં ચર્મપાત્ર લીધેલું છે? આ પ્રમાણે પ્રશ્ન કરનારની ઉત્તમ મુખાકૃતિને સુકોમળ વાણી ઉપરથી તે રાજા ભોજ છે એમ જાણી

લઈ તે બ્રાહ્મણ કહેવા લાગ્યો, હે દેવ! દાન દેનારમાં શીરોમણી રાજા ભોજ પૃથ્વીપાલ થયા છે ત્યારે લોખણ્ડ અને તાંબાના અભાવે કરી ચર્મપાત્ર ગ્રહણ કરવું પડ્યું છે. રાજાએ કહ્યું કે રાજા ભોજ પૃથ્વીપાલ થયા તેથી લોઢા તથા તાંબાની શી ખોટ પડી કે આપને ચર્મપાત્ર ગ્રહણ કરવુ પડ્યું? બ્રાહ્મણ બોલ્યો; રાજા ભોજના અલીલખ ખર્ચને લીધે આ બન્ને વસ્તુઓ બહુ દુર્લભ અર્થાત્ તેની અછત થઇ ગઇ છે, શત્રુઓની બેડીયો બનાવવાને માટે લોઢાનો ઘણો ખર્ચ થાય છે અને દાન કરવામાં તથા તે નીમીત્તે લખી આપવામાં આવતા તામ્રપત્રપરના લેખોમાં તાંબાનો ઘણો ખર્ચ થતાં તે પણ ઘણું અછતમાં આવી ગયું છે.

ततस्तुष्टो राजा प्रत्यक्षरं लक्षं ददौ । कदाचिद्द्वारपालः प्राह । धारेंद्र दूरदेशादागतः कश्चिद्विद्वान् द्वारि तिष्ठति तत्पत्नी च तत्पुत्राः सपत्नीकः। अतोतिपवित्रं विद्वत्कुटुंबं द्वारि तिष्ठतीति । राजा अहो गरीयसी शारदाप्रसादपद्धतिः। तस्मिन्नवसरे गजेंद्रपाल आगत्य राजानं प्रणम्य प्राह । भोजेंद्र सिंहलदेशाधीश्वरेण सपादशतं गजेंद्राः प्रेषिताः । षोडश महामणयश्च । ततो बाणः प्राह ॥

બ્રાહ્મણના ઉપર પ્રમાણેના ઉત્તરથી સંતુષ્ટ થયેલા રાજાએ ત્હેના ઉત્તરના દરેક અક્ષરને માટે એક એક લાખ રૂપીયા દાન આપ્યું. એક સમયે દ્વારપાળે આવીને રાજાને ખબર આપી કે હે! સ્વામીન્! ધારાપતિ! દૂર દેશથી કોઈ વિદ્વાન તેની સ્ત્રી, પૂત્ર અને પૂત્રવધુ દ્વાર પર આવીને ઉભાં

છે. આ એક પવિત્ર વિદ્વાન કુટુંબ છે તે સાંભળી રાજા કહેવા લાગ્યો કે દેવિ સરસ્વતીનો પ્રસાદ ઘણો ઉત્તમ હોય છે. આ અરસામાં ગજેન્દ્રપાળ રાજા સન્મુખ આવી કહેવા લાગ્યો કે હે! ભોજેન્દ્ર! સિંહલ દેશાધિપતિએ સવાસો હાથી અને સોલ અમુલ્ય મણી મોકલ્યાં છે. તે પછી બાણુ કવી કહેવા લાગ્યો કેઃ-

स्थितिः कवीनामिव कुंजराणां ।
स्वमं[illegible]रे वा नृपमंदिरे वा ॥
गृहे गृहे किं मशका इवैते ।
भवंति [illegible]पाला[illegible]षितांगाः ॥१६२॥

હે રાજન્! કવિજનોની માફક હસ્તીયો પણ પોતપોતાના આવાસે અથવા દરબારમાંજ શોભે છે તો પછી રાજાઓથી વિભુષીત છે અંગ જેમનાં ન્હેવા કવીજનોએ તથા હસ્તીયોએ મચ્છરનીમાફક ઘેર ઘેર શા માટે ભટકવું જોઇએ.

ततो राजा गजावल[illegible]य बहिरगा[illegible] । ततस्तद्विद्वत्कुटुंबं वीक्ष्य चोलपंडितो राज्ञः प्रियो[illegible]मिति गर्वं दधार । यन्मया राजभवनमध्यं गम्यते । विद्वत्कुटुंबं तु द्वारपालज्ञापितमपि बहिरास्ते । तदा राजा तच्चेतसि गर्वं विदित्वा चोलपंडितं सौधांगणा[illegible]स्स रितवान् ।काशीदेशवासी कोपि तंडुलदेवनामा राज्ञे स्वस्तीत्युक्त्वातिष्ठत् । राजा च तं पप्रच्छ । सुमते कुत्र निवासः ॥

ત્યાર પછી રાજા આવેલા હસ્તીયોને જોવાને માટે

બ્હાર ગયા. રાજદ્વાર ઉપર આવેલા વિદ્વાન તથા ત્હેના વિદ્વાન કુટુંબને જોઇને ચોલ પંડીત મનમાં એવો ગર્વ ધારણ કરવા લાગ્યો કે તે રાજાને ઘણોજ પ્રિય છે અને તે કારણથી તે રાજ મ્હેલમાં ગમે ત્યાં જઈ શકે છે જ્યારે વિદ્વાન બ્રાહ્મણનું કુટુંબ તો દ્વારપાળે બતાવેલા ઠેકાણેજ ઉભું રહે છે. ચોળ પંડીતનો આવો ગર્વ જાણીને રાજા ભોજે ત્હેને રાજદ્વાર આગળથી દુર કર્યો પછી કાશી દેશના તંડુદેવ નામના વિદ્વાને રાજાને સ્વસ્તિ એમ આશીર્વાદ કહ્યા. રાજા ત્હેને પુછવા લાગ્યો કે હે સુમતે વિદ્વન્ ત્હમારૂં નિવાસ સ્થાન ક્યાં છે?

તંડુલદેવ કહેવા લાગ્યા કે

वर्त्तते यत्र सा वाणी कृपाणी रिक्तशाखिनः ॥
श्रीमन्मालव भूपाल तत्र देशे वसाम्य हम् ॥१६३

"હે શ્રીમન્! હે માલવપતિ! પૂર્વ દેશમાં જ્યાં કંગાલ સ્થીતીમાં હોવા છતા માણુસોનાં વચનો ઘણુંજ કઠોર અર્થાત્ તરવાર જેવાં હોય છે-ત્યાં હું વસનાર છું.

तुष्टो राजा तस्मै गजेन्द्रसप्तकं ददौ। ततः कोपि विद्वानागत्य प्राहः ॥

આ વિદ્વાનથી પ્રસન્ન થઈ રાજાએ ત્હેને સાત હાથી બક્ષીસ આપ્યા એટલામાં બીજો એક વિદ્વાન આવી કહેવા લાગ્યોઃ—

तपसः संपदः प्राप्यास्तत्तपोपि न विद्यते ॥
येन त्वं भोजकल्पद्रुं दृग्गोचरमुपेष्यसि ॥१६४

જે તપથી સંતતી પ્રાપ્ત થાય છે તવા તપથી પણ અલભ્ય છે તેવા કળા વૃક્ષરૂપી ભોજરાજને મ્હારા નેત્ર આગળ હું જોઉં છું.

तस्मै राजा दशगजेंद्रान् ददौ । ततः कश्चिद्ब्राह्मणपुत्रो भूंभारवं कुर्वाणोभ्येति । ततः सर्वे संभ्रांताः कथं भूंभारवं करोषीति राज्ञा स्वदृग्गोचरं मानीतः पृष्टः स प्राह ॥

આ વિદ્વાનનાં વચનોથી પ્રસન્ન થઇ રાજાએ ત્હેને દશ હાથી ભેટ આપ્યા. પછી કોઈ બ્રાહ્મણનો છોકરો રોતો હોય તેવો અવાજ કરતો કરતો આવ્યો આથી સર્વે કોઇ વિચારમાં પડી ગયા કે આવો રડવાનો અવાજ કોણ અને શા માટે કરતું હશે તેથી રાજાએ ત્હેને પોતાની પાસે બોલાવરાવી ત્હેમ કરવાનું કારણ પુછ્યું ત્હેના જવાબમાં તે કહેવા લાગ્યો કેઃ–

देव त्वद्दानपाथोधौ दारिद्र्यस्य निमज्जतः ॥
न कोपि हि करालंबं दत्ते मत्तेभदायक ॥१६५॥

હે! દેવ! હે મહોન્મત્ત હસ્તીયોનું દાન કરનાર! ત્હમારા દાનરૂપી સમુદ્રમાં ડુબી મરતા દારીદ્રને બચાવવાને કોઇ હાથ લાંબો કરતું નથી તેથી મ્હને ભય પ્રાપ્ત થાય છે.

ततस्तुष्टो राजा तस्मै त्रिंशत् गजेंद्रान् प्रादात् । ततः प्रविशति पत्नीसहितः कोपि विलोचनो विद्वान् स्वस्तीत्युक्त्वा प्राह ॥

આથી પ્રસન્ન થયેલા તે બ્રાહ્મણ પુત્રને ત્રીસ હાથી દાન કર્યા તે પછી પોતાની પત્નિ સાથે કોઇ વિલોચન રાજાને 'સ્વસ્તિ' કહી કહેવા લાગ્યો કેઃ–

निजानपि गजान् भोजं ददानं प्रेक्ष्य पार्वती ॥
गजेंद्रवदनं पुत्रं रक्षत्यद्य पुनः पुनः ॥ १६६॥

હે રાજન્! આપને આટલા બધા હસ્તીયોનાં દાન ક-રતા જોઇને પાર્વતી પોતાના હસ્તીના જેવા મુખવાળા પુત્રની વારંવાર રક્ષા કરે છે.

ततो राजा सप्त गजान् तस्मै ददौ। ततो राजा विद्वत्कुटुंबं तदैव पुरतः स्थितं वीक्ष्य ब्राह्मणं प्राह॥

તે બ્રાહ્મણને સાત હાથી ભેટ આપ્યા પછી પોતાના આગળ ઉભેલા બ્રાહ્મણ કુટુંબને જોઈ રાજાએ કહ્યું:-

હે! વિપ્રવર મ્હારી નીચેની સમશ્યા પૂર્ણ કરો.

क्रियासिद्धिः सत्त्वे भवति महतां नोपकरणे॥

"મહાન પુરૂષો કાર્યથી પોતાની શકતી સિદ્ધ કરે છે પોતાની સામગ્રીથી કરી શકતા નથી" ત્યારે વૃદ્ધ વિપ્રે કહ્યું કે:-

वृद्धद्विजः प्राह॥

घटो जन्मस्थानं मृगपरिजनो भूर्जवसनम्।
वने वासः कंदादिकमशनमेवंविधगुणः॥
अगस्त्यः पाथोधिं यत्कृतकरांभोजकुहरे।
क्रियासिद्धिः सत्त्वे भवति महतां नोपकरणे॥१६७

જેની ઉત્પતિ ઘડામાંથી થયેલી છે, જેનુ કુટુંબ મૃગ કુળનું છે, જેને ભોજપત્રરૂપી વ્યસન છે, વનમાં વાસ છે અને કંદમૂળને જમે છે તેવા ગુણવાળા અગસ્ત્ય મુની સમૂદ્રનુ પાન કરી ગયા હતા તેટલા માટે મ્હોટા પુરૂ-ષોની ક્રિયા સિદ્ધિ ત્હેમના અંગબળમાં છે સામગ્રીમાં નથી.

ततो राजा बहुमूल्यानपि षोडशमणीन् तस्मै ददौ। ततस्तत्पत्नीं प्राह राजा अंब त्वमपि पठ। देवो॥

આ સમશ્યા પૂર્ણ કરેલી જોઇને અતિ આનંદ પામેલા

તે પંડીતને સોળ અમૂલ્ય મણી ભેટ આપ્યાં અને તે બ્રાહ્મણ બીને કહ્યું કે માત! હવે ત્હમો પણ તેજ સમસ્યા પૂર્ણ કરો. જે સાંભળી તે પંડીતાએ કહ્યું:--

रथस्यैकं चक्रं भुजगयमिताः सप्ततुरगा ।
निरालंबो मार्गश्चरणविकलः सारथिरपि ॥
रविर्यात्येवान्तं प्रतिदिनमपारस्य नभसः ।
क्रियासिद्धिः सत्वे भवति महतां नोपकरणे ॥१६८॥

એક ચક્રવાળો રથ અને ત્હેને સાત ઘોડા જેઓને સર્પવડે બાંધેલા છે, જે રથને ચાલવા માટે આકાશમાં માર્ગ છે અને જેનો સારથી પાંગળો છે તેવા સૂર્યનારાયણ પ્રતિદિન અપાર આકાશના અંતરમાં મુસાફરી કરે છે અર્થાત્ મ્હોટા માણસોની કાર્યસિદ્ધિ ત્હેમના આત્મબળ ઉપરજ આધાર રાખે છે પણ ત્હેમનાં સાધનો ઉપર આધાર રાખતી નથી.

राजा तुष्टः सप्तदश गजान् सप्त रथांश्च तस्मै ददौ। ततो विप्रपुत्र प्राह राजा। विप्रसुत त्वमपि पठ। विप्रसुतः॥

પંડીતાએ પૂર્ણ કરેલી સમસ્યાથી પ્રસન્ન થતાં રાજાએ સત્તર હાથી અને સાત રથ તેમને લેઇ આપ્યા. અને બ્રાહ્મણ પુત્રને કહેવા લાગ્યા કે હે વિપ્ર પુત્ર તું પણ એજ સમસ્યાને પૂર્ણ કરતો શ્લોક બોલ જેના ઉત્તરમાં વિપ્ર પુત્ર બોલ્યોઃ—

विजेतव्या लंका चरणतरणीयो जलनिधि- ।
र्विपक्षः पौलस्त्यो रणभुवि सहायाश्च कपयः ॥

पदातिर्मर्त्योसौ सकलमवधीद्राक्षसकुलम् ।
क्रियासिद्धिः सत्त्वे भवति महतां नोपकरणे ॥१६९॥

લંકાપુરી જીતવી હતી સમુદ્રને પાર ઉતરવો હતો અને પુલસ્ત્ય રૂષીના પુત્ર રાવણ સમાન મહા શત્રુ સાથે યુદ્ધ કરવાનું હતું અને રણભુમીમાં વાનરો સહાય કરતા હતા એવા વાહન વગરના રામચંદ્રજી મનુષ્ય હોવા છતાં પણ સારા રાક્ષસ કુળનો નાશ કરી શક્યા હતા એ ઉપરથી સમજવાનું કે મ્હાન પુરૂષોની કાર્ય સિદ્ધી ત્હેમના પુરૂષાર્થ ઉપર આધાર રાખે છે અને ત્હેમનાં સાધનો ઉપર નથી રાખતી. ૧૬૯

तुष्टो राजा विप्रसुताय अष्टादश गजेंद्रान् प्रादात् ततः सुकुमारमनोज्ञनिखिलांगात्रयवालंकृतां श्रृंगाररसोपजातमूर्तिमिव चंपकलतामिव लावण्यगात्रयष्टिं विप्रस्नुषां वीक्ष्य नूनं भारत्याः कापि लीलाकृतिरियमिति चेतसि नमस्कृत्य राजा प्राह। मातस्त्वमप्याशिषं वद । विप्रस्नुषा देव श्रृणु ॥

આ સાંભળીને પ્રસન્ન થયેલા રાજાએ તે બ્રાહ્મણ પુત્રની વધુને ચંપાની કળી સમાન ખુબસુરત જોઇને દેવી સરસ્વતીના આ અવતાર રૂપી છે એમ જાણી રાજા તેને વંદન કરી કહેવા લાગ્યો હે! માત! તું પણ આ સમશ્યાને પૂર્ણ કરતો શ્લોક કહે.

તે બ્રાહ્મણની પુત્ર વધૂ કહેવા લાગી:—

धनुः पौष्पं मौर्वी मधुकरमयी चंचलदृशाम् ।
दृशां कोणो बाणः सुहृदपि जडात्मा हिमकरः ॥

स्त्रयं चैकोनंगः सकलभुवनं व्याकुलयति ।
क्रियासिद्धिः सत्त्वे भवति महतां नोपकरणे ॥१७०

હે રાજન્ જેનું પુષ્પ તે ધનુષ્ય છે, જેની પ્રત્યંચા ભ્રમરો છે, અને ચંચળ સ્રીયોનાં નેત્રકોણ તે જેનાં બાણ છે, જડાત્મા ચંદ્રમા જેનો મીત્ર છે, અને પોતે અંગ રહીત છે તેવા એકલા હોવા છતાં અનંગ (કામદેવ) પણ સંપૂર્ણ ભૂવનને વ્યાકુળ કરી નાંખે છે માટે મોટાઓની કાર્ય સિદ્ધી ત્હેમના શરીર બળમાં છે અને સામગ્રીમાં નથી. ૧૭૦

चमत्कृतो राजा लीलादेवीभूषणानि सर्वाण्यादाय तस्यै ददौ। अनर्घ्याश्च सुवर्णमौक्तिकवैडूर्यप्रवालांश्च प्रददौ। ततःकदाचित्सोमंतनामा कविः प्राह॥

આથી ચમત્કાર પામેલા રાજાએ પોતાની રાણી લીલાદેવીનાં સર્વે આભૂષણો લાવી ત્હેને આપ્યાં અને તે ઉપરાંત ઘણાં મૂલ્યવાન મણી મોતી વીગેરે જવાહીરો આપ્યાં ત્યાર પછી કેટલોક સમય વિત્યા પછી સીમંત નામનો એક કવી આવી કહેવા લાગ્યો:—

पंथाः संसर दीर्घतां त्यज निजं तेजः कठोरं रवे ।
श्रीमन्विंध्यगिरे प्रसीद सदयं सद्यः समीपे भव ।
इत्थं दूरपलायनश्रमवनो दृष्ट्वा निज प्रेयसीः ।
श्रीमन् भोज! तव द्विषःप्रतिदिनंजल्पन्तिमूर्छन्तिच॥

હે શ્રીમાન્ ભોજરાજા ત્હમારા દુશ્મનો ત્હમારા ભયથી એટલા બધા દૂર જઈને વસે છે કે, ત્હેમની સ્રિયો શ્રમથી થાકી જતી જોઈને તેઓ કહે છે કે હે પંથ ત્હારા લંબાણને તું ટુંકું કર. હે સૂર્યનારાયણ ત્હારા

પ્રચંડ તાપને ઓછો કર, અને હે શ્રીમન્ વિંધ્યાચળ તું નજીક આવ. આમ બોલતાં બોલતાં તેઓ મુર્છા પણ પામે છે.

तस्मिन्नेव क्षणे कश्चित्सुवर्णकारः प्रांतेषु पद्मरागमणिमंडितं सुवर्णभाजनमादाय राज्ञः पुरो मुमोच। ततो राजा सीमंतकविं प्राह। सुक वे इदं भाजनं कामपि श्रियं दर्शयति। ततः कविराह॥

તે સમયે કોઇ સોની રાજાને પુષ્પરાગ મણીથી જડેલો સુવર્ણનો થાળ ભેટ કરવા આવ્યો જે જોઇ રાજા સીમંત કવીને કહેવા લાગ્યો કે હે કવી આ પાત્ર કાંઈ અલૌકીક શોભા આપે છે, જે સાંભળી કવીએ કહ્યું:—

धारेश त्वत्प्रतापेन पराभूतस्त्विषांपतिः॥
सुवर्णपात्रव्याजेन देव त्वामेव सेवते॥१७२॥

હે દેવ! ધારાપતિ, ત્હમારા પ્રતાપથી અપમાનને પાત્ર થયેલા સૂર્યનારાયણ સૂવર્ણપાત્રનું રૂપ ધારણ કરી ત્હમારી સેવા કરવાને ઇચ્છા ધરાવે છે. ૧૭૨

ततस्तुष्टो राजा तदेव पात्रं मुक्ताफलैरापूर्य प्रादात्। कदाचिद्राजा मृगयारसेन पुरः पलायमानं वराहं दृष्ट्वा स्वयमेकाकी तदा दूरं वनांतमासादितवान्। तत्र कंचन द्विजवरमवलोक्य प्राह। द्विज, कुत्र गतासि। द्विजः धारानगरम्। भोजः। किमर्थम्। द्विजः। भोजं द्रष्टुं द्रविणेच्छया। स पंडिताय दत्ते अहमपि मूर्ख न याचे। भोजः।

विप्र, तर्हि त्वं विद्वानकविर्वा । द्विजः । महाभाग कविरहम् । भोजः । तर्हि किमपि पठ । द्विजः । भोजं विना मत्पदसरणिं न कोपि जानाति । राजा । ममाप्यमरवाणीपरिज्ञानमस्ति राजा च मयि स्त्रिह्यति त्वद्गुणं च श्रावयिष्यामि । किमपि कलाकौशलं दर्शय । विप्रः । किं वर्णयामि । राजा । कलमानेतान्वर्णय । विप्रः ।

સીમંત કવીના ઉપર પ્રમાણેના ભાષણથી પ્રસન્ન થયેલા રાજાએ તે સૂવર્ણ પાત્ર મોતીથી ભરી ત્હેમને ભેટ કર્યું. કોઇ સમયે મૃગયામાં લીન થયેલો રાજા ઝડપથી નાસતા સુવરની પાછળ પડતાં ઘણે દુર વનમાં એકલો નીકળી ગયો ત્યાં કોઇ બ્રાહ્મણને જોઇ તેને પુછવા લાગ્યો કે હે બ્રહ્મદેવ! કયાં જાઓ છો? ત્હેણે જવાબ આપ્યો કે હું ધારાનગરીમાં જઉં છું.

ભોજ—શા માટે?

બ્રાહ્મણ—દ્રવ્યની ઇચ્છાથી અને ભોજ રાજાનાં દર્શન માટે. ભોજરાજ પંડીતોને દ્રવ્ય આપે છે અને હું મુર્ખની યાચના કરતો નથી.

ભોજ—હે વિપ્ર ત્હમો વિદ્વાન પંડીત છો કે કેવા છો?

દ્વિજ—હે રાજન્ હું કવિવર છું.

ભોજ—ત્યારે ત્હમે કાંઇ બોલો.

દ્વિજ—મ્હારા બોલવાના શ્લોકની પંક્તિનો અર્થ ભોજ વિના અન્ય કોઇ સમજી શકે તેમ નથી.

રાજા—મ્હને પણ દેવ વાણીનું કાંઇક જ્ઞાન છે, રાજા મ્હારા તરફ સારી લાગણી ધરાવે છે અને ત્હેં

મના આગળ હું ત્હમારા ગુણોનું વર્ણન કરીશ. માટે ત્હમારા જ્ઞાનનો કાંઇ ચમત્કાર બતાવો.

વિપ્ર—ત્યારે કહો ત્હેનું વર્ણન કરૂં.

રાજા—હે વિપ્ર! આ ખેતરોમાં ઉગેલા ધાન્યનું વર્ણન કરો.

વિપ્રઃ—

कलमाः पाकविनम्राः मूलतलोत्पन्नसुरभिकह्लाराः ।
पवनाकंपितशिरसा प्रायः कुर्वंति परिमलश्लाघाम् ॥

હે રાજન્! કલમ ચાવલ–કલમની ડાંગરનું ઘરૂ પાક ભરાવાથી નમ્ર થઇને પોતાની જડમાં પ્રાણુરહિત પડેલા સુગંધમય કમળ છે ત્હેમની પવન આવવાથી પોતાનાં માથાં હલાવી પ્રશંસા કરે છે. ૧૭૩

राजा तस्मै सर्वाभरणान्युत्तार्य ददौ । ततः कदाचित्कुंभकारवधूः राजगृहमेत्य द्वारपालं प्राह । द्वारपाल राजा द्रष्टव्यः । स आह किं ते राज्ञा कार्यम् । सा चाह । न तेभिधास्यामि नृपाय एव कथयामि । स सभायामागत्य प्राह । देव कुंभकारप्रिया काचिद्राज्ञो दर्शनाकांक्षिणी न वक्ति मत्पुरः कार्यं त्वत्पुरतः कथयिष्यति । राजा प्राह प्रवेशय । सा चागत्य नमस्कृत्य वक्ति ॥

રાજાએ પ્રસન્ન થઇ તે પંડીતને સર્વ આભરણ ઉતારી આપ્યાં. ત્યાર પછી એક સમયે કોઇ કુંભાર સ્ત્રી રાજભુવન આગળ આવી દ્વારપાળને કહેવા લાગી કે મ્હને રાજાનાં દર્શન કરાવ. દ્વારપાળે ત્હેને પુછ્યું કે બાઇ ત્હારે રાજા સાથે શું કામ પડયું છે તે બોલી મ્હારે જે કામ

છે તે હું માત્ર રાજાનેજ કહીશ જે ઉપરથી રાજસભામાં આવી દ્વારપાળ કહેવા લાગ્યો કે હે દેવ! દ્વાર ઉપર આવેલી કોઇ કુંભાર સ્ત્રી આપનાં દર્શન ઇચ્છે છે અને ત્હેનું શું કારણ છે તે માત્ર આપનેજ કહેવા માગે છે રાજાએ ત્હેને પ્રવેશ કરાવવાને આજ્ઞા આપતાંજ તે કુંભાર સ્ત્રી રાજા સમીપ આવી ત્હેમને નમસ્કાર કરી કહેવા લાગી.

देव मृत्खननाद्दृष्टं निधानं वल्लभेन मे
स पश्यन्नेव तत्रास्ते त्वां ज्ञापयितुमभ्यगाम्

राजा च चमत्कृतो निधानकलशमानयामास। तद्द्वारमुत्पाट्य यावत्पश्यति राजा तावत्तदंतर्वर्ति द्रव्यं मणिप्रभामंडलमालोक्य कुंभकारं पृच्छति। किमेतत्कुंभकार। स चाह॥

હે દેવ! માટી ખોદતાં મ્હારા સ્વામીને દ્રવ્ય જડયું છે અને તે ત્યાંજ ઉભો રહેલો છે અને તે સમાચાર આપને જાહેર કરવાને અત્રે આવેલ છું.

આ સમાચારથી આશ્ચર્ય પામેલા રાજાએ તે દ્રવ્યના કળશને પોતાની પાસે મંગાવ્યો, જે ઉઘાડી જોતાં ત્હેના મધ્ય ભાગે મૂલ્યવાન મણીથી શોભીતા દ્રવ્યને જોઇ રાજા તે કુંભારને પુછવા લાગ્યો કે આ શું હશે? કુંભાર કહેવા લાગ્યો:—

राजचंद्रं समालोक्य त्वां तु भूतलमागतम्॥
रत्नश्रेणिमिषान्मन्ये नक्षत्राण्यभ्युपागमन् ॥१७४॥

હે રાજન્! આપને ચંદ્ર સમાન જોઇને નક્ષત્રોની પંક્તિઓ પણ રત્ન રૂપ ધારણ કરી આપની પાસે આવી હોય તેમ મ્હારૂં ધારવું છે; ૧૭૪

राजा कुंभकारमुखात्श्लोकं लोकोत्तरमाकर्ण्य चमत्कृतः तस्मै सर्वं ददौ । ततः कदाचिद्राजा रात्रावेकाकी सर्वतो नगरचेष्टितं पश्यन् पौरगिर-माकर्णयन् चचार । तदा क्वचिद्वैश्यगृहे वैश्यः स्वप्रियां प्राह । प्रिये राजा स्वल्पदानरतोपि उज्जयिनीनगराधिपतेर्विक्रमार्कस्य दानप्रतिष्ठां कांक्षते सा किं भोजेन प्राप्यते । कैश्चित्तंत्रपरायणैर्मयूरादिकविभिर्महिमानं प्रापितो भोजः परंतु भोजो भोज एव । प्रिये शृणु ॥

કુંભારના મ્હોમાંથી આશા ન રાખી શકાય તેવી વાણી સાંભળી અતીશય પ્રસન્ન થયેલા રાજાએ તે સંપૂર્ણ ધન ત્હેને ભેટ કર્યું ત્યાર પછી એક સમયે રાજા રાત્રીના વખતે પોતાના નગરની ચેષ્ટા જોતો જોતો ચારે તરફ ફરતો હતો ત્યારે એક ઘરમાં એક વાણીયાને પોતાની સ્ત્રી સાથ નીચે પ્રમાણે વાત કરતો સાંભળ્યો:—

વણીક કહે છે હે પ્રિયા રાજા ભોજ સ્હેજસાજ દાન કરે છે છતાં ઉજ્જયની નગરીના રાજા વિક્રમાદિત્યના યશની ઇચ્છા રાખે છે પણ રાજા ભોજ તે તો ભોજજ એને શું વિક્રમનો યશ મળી શકે? મયૂર વિગેરે કવીયો એ રાજામાંજ તંત્ર વિગેરે નીપુણ કરી નાંખ્યા છે પણ તેથી શું?

आबद्धकृत्रिमसटाजटिलांसभित्ति-
रारोपितो यदि पदं मृगवैरिणः श्वा ॥
मत्तेभकुंभतटपाटनलंपटस्य ।
नादं करिष्यति कथं हरिणाधिपस्य ॥१७६॥

જો કોઇ બનાવટી યાળ બનાવી સીંહની ખરી યાળના સ્થાનકે તે બનાવટી યાળ બાંધે તો શું તે કુતરો સિંહ થાય. શુ તેમ હસ્તીયોનાં કુંભ સ્થળને ફાડી નાંખે તેવી સિંહની કરાડ ગર્જના કરી શકે. ૧૭૬

राजा श्रुत्वा विचारितवान्। असौ सत्यमेव वदति। ततः पुनः पुनर्वदंतं शृणोति॥

આ સાંભળી સત્ય કહે છે એમ વિચાર કરી હવે પછીની શી શી વાત થાય છે તે સાંભળવા લાગ્યો.

आपन्न एव पात्रं देहीत्युच्चारणं न वैदुष्यम्।
उपपन्नमेव देयं त्यागस्ते विक्रमार्क किं सुवर्ण्यः॥१७७

હે વિક્રમ રાજન્! ત્હમારા દાનનું શુ વર્ણન કરી શકાય? કારણ કે કોઈ વિપત્તિમાં આવી પડેલા દરિદ્ર બ્રાહ્મણે ત્હમારી પાસે પાણી વાસણ માગ્યું ત્યારે ત્હમે તેથી ઘણા દુઃખી થયા અને ત્હેને આપે સંપૂર્ણ ધન આપ્યુ જેથી ફરીથી ત્હેને યાચના કરવાની જરૂર રહી નહી. ૧૭૭

विक्रमार्क त्वया दत्तं श्रीमन् ग्रामशताष्टकम्॥
अर्थिने द्विजपुत्राय भोजे त्वन्महिमा कुतः॥१७८॥

હે વિક્રમાદિત્ય ત્હમે એક અભ્યાગત્ બ્રાહ્મણ પુત્રના નિર્વાહ માટે આઠ ગામ દાન કર્યાં તેવા ત્હમારા દાનનો મહિમા ભોજરાજમાં કયાંથી આવે? ૧૭૮

प्राप्नोति कुंभकारोपि महिमानं प्रजापतेः॥
यदि भोजोप्यवाप्नोति प्रतिष्ठां तव विक्रम॥१७९॥

હે વિક્રમાદિત્ય જો કુંભાર બ્રહ્માના સ્થાનને પ્રાપ્ત થાય તોજ રાજા ભોજ ત્હમારી પ્રતિષ્ઠાને પ્રાપ્ત થાય

અર્થાત્ ભોજ ગમે તેટલું દાન કરે પણ, ત્હમારા દાનના પ્રભાવ આગળ તે કાંઇ ગણત્રીમાં કહેવાયજ નહિ. ૧૭૯

राजाः—लोके सर्वोपि जनः स्वगृहे निःशंकं सत्यं वदति । मया वा अन्येन वा सर्वथा विक्रमार्कप्रतिष्ठा न शक्या प्राप्तुम् । ततः कदाचित्कश्चित्कविः राजद्वारं समागत्याह राजा द्रष्टव्य इति । ततः प्रवेशितो राजानं स्वस्तीत्युक्त्वा तदाज्ञयोपविष्टः पठति ॥

આ સંવાદ સાંભળી રાજા કહેવા લાગ્યો કે નિઃશંક પોતાના ઘરમાં સર્વ સત્યજ કહે છે. હું અલબત સર્વ પ્રકાર સાથે પણ રાજા વિક્રમના પ્રભાવને પ્રાપ્ત કરવાને કેવળ અશક્તજ છું. પછી કોઇ સમયે કોઇ કવિરાજ દ્વાર પર આવી કહેવા લાગ્યો કે—

कविषु वादिषु भोगिषु देहिषु ।
द्रविणवत्सु सतामुपकारिषु ॥
धनिषु धन्विषु धर्मधनेष्वपि ।
क्षितितले नहि भोजसमो नृपः ॥१८०॥

કવિ, વાદી, ભોગી, ધનીક શ્રેષ્ઠોનાં કાર્ય કરનાર, દ્રવ્યવાળા, ધનુષધારી, અને ધાર્મીક મનુષ્યોમાં પણ સારી પૃથ્વીમાં ભોજ રાજાની સમાન કોઇ અન્ય છે નહી ૧૯૦

राजा तस्मै लक्षं प्रादात् ततः कदाचिद्राजा क्रीडोद्यानं प्रस्थितो मध्येमार्गे कामपि मालिनांशुवसनां तीक्ष्णकरतपनकरविदग्धमुखारविंदां सुलो-

चनां लोचनाभ्यां आलोक्य पप्रच्छ ॥

રાજાએ કવીને એક લાખ રૂપીયા આપ્યા. પછી એક વખતે રાજા ઉદ્યાનમાં ફરવા નીકળ્યો હતો ત્યારે માર્ગમાં મલીન વસ્ત્ર ધારણ કરેલી અને સૂર્યના તીક્ષ્ણ કીરણોથી પરસેવો થયેલા મુખકમળવાળી એક સુંદર સ્ત્રીને જોઇ રાજા ત્હેને પુછવા લાગ્યો.

'का त्वं पुत्रि' सा च तं श्रीभोजभूपालं मुखश्रिया विदित्वा तुष्टा प्राह-'नरेंद्र लुब्धकवधूः'। हर्षसंभृतो राजा तस्याः पटुप्रबंधानुबंधेनाह-'हस्ते किमेतत्' सा चाह-'पलम्' । राजाह-'क्षामं किं'। सा चाह-सहजं पश्चात् सा प्राह ॥

હે પુત્રી! તુ કોણ છે? તે પણ પુછનાર ભોજ રાજા છે એમ જાણી પ્રસન્ન મુખે કહેવા લાગી હે રાજન્ હું લુબ્ધક-પારધિની સ્ત્રિ છું. આ ઉત્તરથી હર્ષ પામેલા રાજાએ તે સ્ત્રિના વસ્ત્રને છેડે કાંઇ બાંધેલું જોઇને પુછ્યું હે સ્ત્રિ ત્હારા હાથમાં કપડાએ બાંધેલું શું છે?

સ્ત્રિ—માંસ છે.

રાજા—થોડું કેમ છે?

આ પ્રશ્નનો ઉત્તર તે લુબ્ધક સ્ત્રિએ નીચે પ્રમાણે અર્ધા શ્લોકમાં આપ્યો.

गायंति त्वदरिप्रियाश्रुतटिनीतीरेषु सिद्धांगनाः।
गीतं गानमृगं चरंति हरिणास्तेनामिषं दुर्लभम् ॥१८१॥

ત્હમારા શત્રુઓની સ્ત્રિયોના વિલાપનાં આંસુથી વ્હેતી નદીયોના તટ ઉપર સિદ્ધાંગનાઓ સુસ્વરે ગાયન કરે છે. આ સાંભળવામાં કુદરતી રીતે આનંદ માનનારાં મૃગો લીન થયેલાં હોવાથી તેઓ પોતાનો ચારો બરાબર

ખાતા ન હોવાથી તેમનાં શરીર કૃષ અર્થાત્ માંસરહિત થયાં છે.

राजा तस्यै प्रत्यक्षरं लक्षं प्रादात् सर्वाभरणान्युत्तार्य तं च तुरगं ददौ। ततो गृहमागत्य गवाक्षे उपविष्टः। तत्र चासीनं भोजं दृष्ट्वा गजवर्त्मनि स्थित्वा कश्चिदाह। देव सकलमहीपाल आकर्णय॥

રાજાએ ત્હેને પ્રત્યેક અક્ષરને માટે એક એક લાખ રૂપિયાનું દાન કર્યું. એને એક સારો ઘોડો ભેટ આપ્યો.

પછી એક સમયે મ્હેલમાં આવીને ઝરૂખે બેઠેલા ભોજરાજને જોઇ એક બ્રાહ્મણ કવિ કહેવા લાગ્યો હે દેવ! મહીપાળ સાંભળો.

इतश्चेतश्चाद्भिर्विघटिततटः सेतुरुदधेः।
धरित्री दुर्लङ्घ्या बहुलहिमपंको गिरिरयम्॥
इदानीं निर्वृत्ते करितुरगनीराजनविधौ।
न जाने यातारस्तव च रिपवः केन च पथा॥१८२॥

तुष्टो भोजो वर्त्मनि स्थितस्यैव तस्मै वंश्यान् पंच गजान् ददौ। कदाचिद्राजा मृगयारसपराधीनो हयमारुह्य प्रतस्थे॥

હાથી અને ઘોડાઓનું પૂજન પૂર્ણ થતાં ત્હમારા શત્રુઓ ક્યાંથી પલાયન થશે ત્હેની મ્હને શંકા થાય છે. કારણ કે, પૂર્વે અને પશ્ચિમે સમુદ્ર અને દક્ષિણે સમુદ્રમાં શેતુની પાટ બાંધેલી છે છતાં તે પાણીના જોસથી જીર્ણ થઇ ગઇ છે અને ઉત્તરે હિમાલય પર્વત છે.

આ પ્રસંશાથી સંતુષ્ટ થયેલા રાજાએ તે બ્રહ્મણને સારા પાંચ હાથી દાન કર્યા. કોઇ પ્રસંગે શીકારમાં લીન થયેલો રાજા ઘોડા ઉપર સ્વારી કરીને જતો હતો. ૧૮૨

तता नदीं समुत्तीर्णं शिरस्यारोपितेधनम् ॥
वेषेण ब्राह्मणं ज्ञात्वा राजा पप्रच्छ सत्वरम् ॥१८३॥

તેટલામાં એક દરિદ્રિ બ્રાહ્મણને માથા ઉપર બળતણનો ભારો લઈ નદી ઉતરતો જોઇ ત્હેને બ્રહ્મણ છે એમ ઓળખી રાજાએ પુછ્યું. ૧૮૩.

कियन्मानं जलं विप्र ।
स आह-जानुदघ्नं नराधिप ॥
स चमत्कृतो राजाह-ईदृशी किम वस्थास्ते ।
स आह-न हि सर्वे भवादृशाः ॥ १८४ ॥

હે વિપ્ર નદીમાં જળ કેટલું છે?
વિપ્રે ઉત્તર આપ્યો.
હે નરાધિપ ઢાંઘ સુધીનું છે.
આ ઉપરથી આશ્ચર્યપામી રાજાએ પુનઃ પ્રશ્ન કર્યો.
ત્હમારી સ્થિતી આવી શાથી થઇ છે.
વિપ્રે જવાબ આપ્યો.
સર્વે કોઇ આપના જેવા હોતા નથી. ૧૮૪.

राजा प्राह कुतूहलात्। विद्वन् याचस्व कोशाधिकारिणं, लक्षं दास्यति मद्वचसा । ततो विद्वान् काष्ठं भूमौ निक्षिप्य कोशाधिकारिणं गत्वा प्राह । महाराजेन प्रेषितोहं । लक्षं मे दीयतां । ततस्स

हसन् आह । विप्र भवन्मूर्तिः लक्षं नार्हति । ततो विषादी स राजान मेत्याह । स पुनर्हसति देवनार्पयति ततो राजा कुतूहलादाह । लक्षद्वयं प्रार्थय दास्याति पुनरागत्य विप्रो लक्षद्वयं देयमिति राज्ञोक्तमित्याह । पुनर्हसति । पुनरपि भोजं प्राप्याह । स पापिष्ठो मां हसति नार्पयति । ततः कौतूहली लीलानिधिर्महीं शासत् श्रीभोजराजः प्राह । विप्र लक्षत्रय याचस्व अवश्यं स दास्यति । पुनरेत्य प्राह । राजा मे लक्षत्रयं दापयति । स पुनर्हसति । ततः क्रुद्धो विप्रः पुनरेत्याह । देव स नार्पयत्येव ॥

આથી ઉત્સાહમાં આવેલા ભોજરાજાએ તે વિપ્રને કહ્યું–હે વિપ્ર મ્હારા કોશાધિકારી પાસે જઇને મ્હારા વચનથી એક લાખ રૂપીયા માગી લ્યો. આ વચન સાંભળી લાકડાંનો ભારો જમીન પર નાંખી તે વિપ્ર રાજાના કોશાધિકારી પાસે જઇને યાચના કરવા લાગ્યો કે મ્હને રાજાએ આપની પાસે મોકલ્યો છે માટે એક લાખ ધન આપો. વિપ્રનાં આવાં વચન સાંભળી ત્હેની મશ્કરી કરતાં કરતાં તે અધિકારીયે કહ્યું કે હે વિપ્ર આપની મુખમુદ્રા ઉપરથી આપ તેટલા ધનને લાયકના જણાતા નથી. આ સાંભળી ખીન થયેલો તે વિપ્ર રાજા પાસે આવી કહેવા લાગ્યો કે હે રાજન આપના કોશાધિકારી તો મ્હરી મશ્કરી કરે છે અને ધન આપતા નથી. આ ઉપરથી વધારે કુતુહલથી રાજાએ તે વિપ્રને કહ્યું કે ત્હમો ફરીથી તેની પાસે જાવ અને મ્હારા નામે

બે લાખ ધન માગો. વિપ્રે તેમ કર્યું છતાં બીજી વખત પણ તે અધિકારીએ તે વિપ્રની હાંસી કરી અને ધન આપ્યું નહી આથી ક્રોધાયમાન થયેલો તે વિપ્ર રાજા પાસે જઈને કહેવા લાગ્યો કે હે રાજન ત્હમારો તે પાપી અધિકારી મ્હને ધન આપતો નથી અને હાંસી કરે છે છતાં પણ લીલાના નીધીરૂપી તે પૃથ્વીપતી ભોજરાજે તે વિપ્રને કહ્યું કે હે મ્હારાજ ત્હમે ત્રીજી વખત જાવ અને મ્હારા તરફથી તે અધિકારીને કહો કે રાજાએ મ્હને ત્રણ લાખ ધન આપવાને કહેલું છે. એટલે તે ત્હમને અવશ્ય ત્રણ લાખ ધન આપશે. રાજાનાં આ પ્રમાણેનાં વચનો સાંભળી તે વિપ્રે પુનઃ તે અધિકારી પાસે ત્રણ લાખ ધન માગ્યું પણ તે વખતે પણ ત્હેણે માત્ર ત્હેની મશ્કરી કરી અને ધન આપ્યું નહી તેથી અંતે અતી ક્રોધાયમાન થઈ તે વિપ્ર કહેવા લાગ્યો કે

राजन्कनकधाराभिस्त्वयि सर्वत्र वर्षति ॥
अभाग्यच्छत्रसंछन्ने मयि नायांति बिंदवः ॥१८५॥

હે રાજન્ આપ સર્વ સ્થળે કનકધારાના વરસાદ રૂપે વરસો છો પરંતુ હિનભાગી છત્રથી ઢંકાયલા મ્હારા ઉપર ત્હેનું એક બુંદ પણ પડતું નથી. १८५.

त्वयि वर्षति पर्जन्ये सर्वे पल्लविता द्रुमाः ॥
अस्माकमर्कवृक्षाणां पूर्वं पत्रेषु संक्षयः ॥ १८६ ॥

હે રાજા ત્હમારા વરસવાથી સર્વ વૃક્ષોને પત્રો આવી ગયાં છે જ્યારે મ્હારા અર્કવૃક્ષનાં પ્રથમનાં પલ્લવોનો પણ નાશ થઈ ગયો. १८६.

एकमस्य परमेकमुद्यमम् ।

निस्त्रपत्वमपरस्य वस्तुनः ॥
नित्यमुष्णमहसा निरस्यते ।
नित्यमंधतमसं प्रधावति ॥ १८७ ॥

આ જીવનને માટે મુખ્ય તો એકજ ઉપાય છે કે તેવાં કાર્યેથી લજ્જા પામવા જેવું કાંઈ નથી. હમેશાં દિનકરથી ગરમી પ્રાપ્ત થાય છે અને હમેશાં અંધારૂ દુર જતું જાય છે આ ક્રમ વખતો વખત થયાં કરે છે પણ તેથી શું ? ૧૮૭.

ततो राजा प्राह—
क्रोधं मा कुरु मद्वाक्याद्गत्वा कोशाधिकारिणम् ॥
लक्षत्रयं गजेंद्राश्च दश ग्राह्यास्त्वया द्विज ॥१८८॥

પછી રાજા કહેવા લાગ્યાઃ—આપ ક્રોધ ન કરો મ્હારી આજ્ઞાથી આપ ખજાનચી પાસે જાવ અને ત્હેની પાસેથી ત્રણ લાખ રૂપીયા અને દસ હાથી લ્યો. ૧૮૮.

ततस्त्वांगरक्षकं प्रेषयति । ततः कोशाधिकारी धर्मपत्रे लिखति ॥

પછી રાજાએ પોતાના એક અંગરક્ષકને મોકલી તે બ્રાહ્મણને સઘળું અપાવ્યું. જ્યારે ખજાનચીએ ધર્મ-પત્ર ઉપર લખ્યું કે

लक्षं लक्षं पुनर्लक्षं मत्ताश्च दश दंतिनः ॥
दत्ताः श्रीभोजराजेन जानुदघ्नप्रभाषिणे ॥१८९॥

ભોજરાજાએ એક બ્રાહ્મણ જેણે રાજાના પ્રશ્નના જવાબમાં ધુંટણસુધીનું પાણી છે એમ કહ્યું હતું ત્હેને

બે વાર લાખ લાખ અને પાછળથી એક લાખ એમ કરી ત્રણ લાખ રૂપીઆ અને દશ હાથી આપ્યા. ૧૮૯.

ततः सिंहासनमलंकुर्वाणे श्रीभोजनृपतौ द्वारपाल आगत्य प्राह। राजन् कोपि शुकदेवनामा कविर्द्वारि वर्त्तते। राजा बाणं प्राह। पंडितवर सुकवे तत्त्वं विजानासि। बाणः। देव शुकदेवपरिज्ञानसामर्थ्याभिज्ञः कालिदास एव नान्यः। राजाह सुकवे सखे कालिदास किं विजानासि शुकदेवकविं। आह कालिदासः। देव ॥

ત્યાર પછી સિંહાસન ઉપર બેઠેલા રાજા પાસે આવી દ્વારપાળ કહેવા લાગ્યો કે હે! દેવ! કોઈ શુક દેવ નામના કવિ દ્વારપર આવેલા છે. આ ઉપરથી ત્યાં બેઠેલા બાણ કવિને રાજા પુછવા લાગ્યા કે હે સુકવિ આપ આ શુકદેવને ઓળખો છો? બાણ કવિ કહે છે શુકદેવને જાણનાર કવિ કાલિદાસ સિવાય અન્ય કોઇ કવિ નથી, જે ઉપરથી ભોજરાજાએ કવિ કાલિદાસને શુક કવિ વિશે પુછવા માંડ્યું. તેના જવાબમાં કવિ કાલિદાસ કહેવા લાગ્યા કેઃ-

सुकविद्वितयं जाने निखिलेपि महीतले ॥
भवभूतिः शुकश्चायं वाल्मीकिस्त्रितयोनयोः॥१९०॥

હે રાજન્ સારી પૃથ્વીમાંના કવિયોમાં શ્રેષ્ઠ બે કવિ છે એમ મ્હારૂં માનવું છે અને ત્હેમમાં નામ ભવભૂતિ તથા શુક છે અને બન્નેની વચ્ચમાં વાલ્મિકિ કવિ છે. ૧૯૦.

ततो विद्वद्वृन्देवंदिता सीता प्राह ॥

ત્યારે વિદ્વાનોના સમૂહથી માન અપાતી સીતા કહેવા લાગી:-

अपृष्टस्तु नरः किंचित् यो ब्रूते राजसंसदि ॥
न केवलमसन्मानं लभते च विडंबनाम् ॥१९१॥

રાજ સભામાં વણ પુછે જે માણસ કાંઇપણ બોલે છે તે માત્ર અપમાનનેજ પાત્ર થાય એટલુંજ નહી પણ ત્હેને દુઃખ ઉત્પન્ન થાય છે. ૧૯૧.

देव तथाप्युच्यते ॥

પરંતુ હે રાજન્ વળી કહ્યું છે કે:-

का सभा किं कविज्ञानं रसिकाः कवयश्च के
भोज किं नाम ते दानं शुकस्तुष्यति येन सः॥१९२

હે ભોજરાજા! આ સભા શી? આ કવિઓનું જ્ઞાન શું? ત્હેમની રચનાની રસીકતા શી? અને ત્હમારૂં દાન શું? શાનાથી રાજ કવિ શુકદેવ પ્રસન્ન થાય? ૧૯૨.

तथापि भवनद्वारमागतः शुकदेवः सभाया-मानेतव्य एव। तदा राजा विचारयति। शुकदेव-सामर्थ्यं श्रुत्वा हर्षविषादयोः पात्रमासीत्। महा-कविरवलोकित इति हर्षः, अस्मै सत्कविकोटि-मुकुटमणये किं नाम देयमिति च विषादः। भवतु द्वारपाल प्रवेशय। तत आयांतं शुकदेवं दृष्ट्वा राजा सिंहासनादुदतिष्ठत। सर्वे पंडितास्तं

शुकदेवं प्रणम्य सविनयमुपवेशयंति । स च राजानं सिंहासने उपवेश्य स्वयं तदाज्ञयोपविष्टः। ततश्शुकदेवः प्राह। देव धारानाथ श्रीविक्रमनरेंद्रस्य या दानलक्ष्मीः सा त्वामेव सेवते। देव मालवेंद्र एव धन्यो नान्ये भूभुजः। यस्य ते कालिदासादयो महाकवयः सूत्रणद्धाः पक्षिण इव निवसंति । ततः पठति ॥

આ સાંભળી રાજદ્વાર પર આવી ઉભેલા શુક કવિને સભામાં લાવવાકે નહી લાવવા ત્હેના વિચારમાં રાજા પડયો. આ કવિના સામર્થ્યને સાંભળતાંજ રાજામાં હર્ષ અને કલેષ ઉત્પન્ન થયાં. હર્ષ આવા સમર્થ કવિનાં દર્શનના લાભથી થવા લાગ્યો અને આવા અદ્‌ભૂત શક્તિવાળા કવિને દાન આપવાને ત્હેની પાસે કંઈ લાયક વસ્તુ મળી આવશે તેથી ત્હેને શોક થવા લાગ્યો. છતાં પણ આખરે ત્હેણે દ્વારપાળને આજ્ઞા કરી કે શુકદેવ કવિને સભામાં પ્રવેશ કરાવો. શુકદેવને પ્રવેશ કરતા જોઈ રાજા પોતાના સિંહાસન ઉપરથી ઉઠયા અને સારૂં કવિ મંડળ પણ ત્હેમને નમસ્કાર કરતું ઉભુ થયું. પછી શુક કવિએ રાજાને આસન ઉપર બેસાર્યા અને ત્હેમની આજ્ઞાથી પોતે પણ કવિ મંડળ સાથે બેઠા. પછી કહેવા લાગ્યા. હે! દેવ! હે ધરાપતિ! શ્રી વિક્રમરાજાની દાન લક્ષ્મી પણ ત્હમારી દાસી તરીકે સેવા કરે છે। હે માલવેન્દ્ર! અન્ય રાજાઓ કરતાં ત્હમને ધન્ય છે કે ત્હમારી પાસે કાચે સુતરે બાંધેલાં પક્ષીઓની માફક મ્હોટી ખ્યાતિને પામેલ કાલિદાસ અને અન્ય કવિ-

ઓ પણ હમેશાં વસે છે. પછી તે નીચે પ્રમાણેનો શ્લોક બોલ્યા:-

प्रतापभीत्या भोजस्य तपनो मित्रतामगात् ॥
और्वो वाडवतां धत्ते तडित् क्षणिकतां गता॥१९३॥

ભોજના પ્રતાપથી સૂર્ય મિત્રતાને પ્રાપ્ત થઈ ગયા અને સમુદ્ર અગ્નિ વાડવતાને પામ્યા અને વિજલીમાં ક્ષણીકતા આવી ગઇ. ૧૯૩.

राजा । तिष्ठ सुकवे नापरः श्लोक पठनीयः ॥

આટલો શ્લોક સાંભળતાંજ રાજા બોલી ઉઠયા. હે કવિ હવે આપ આગળ બોલશો નહી કારણકે આપના આ એક શ્લોની દક્ષિણાજ હું ઘણા શ્રમે આપી શકીશ.

सुवर्णकलशं प्रादाद्दिव्यमाणिक्यसंभृतम् ॥
भोजः शुकाय संतुष्टो दंतिनश्च चतुःशतम्॥१९४॥

પછી પ્રસન્ન થયેલા ભોજરાજે તે શુકદેવ કવિને સુંદર મણીયોથી ભરેલો એક સુવર્ણનો કળશ અને ચાર સો હાથી ભેટ કર્યા. ૧૯૪.

इति पुण्यपत्रे लिखित्वा सर्वं दत्त्वा कोशाधिकारी शुकं प्रस्थापयामास । राजा स्वदेशं प्रति गतं शुकं ज्ञात्वा तुतोष । सा च परिषत् संतुष्टा । अन्यदा वर्षाकाले वासुदेवो नाम कविः कश्चिदागत्य राजानं दृष्टवान् । राजा सुकवे पर्जन्यं पठ । ततः कविराह ॥

એવું પુષ્યપત્ર પર લખી ખજાનચીએ તે સઘળુ શુક કવિને આપી ત્હેમને વિદાય કર્યા. શુક કવિને પોતાને દેશ ગયા જાણી રાજા તથા સર્વ સભા પ્રસન્ન થઇ. પછી વર્ષા રૂતુમાં એક વાસુદેવ નામના કવિ આવ્યા ત્હેમને જોઇ રાજા કહેવા લાગ્યા કે હે કવિ. મેઘનું કાંઇ વર્ણન કરો. કવિ કહેવા લગ્યાઃ-

नो चिंतामणिभिर्न कल्पतरुभिर्नो कामधेन्वादि-
भिर्नो देवैश्च परोपकारनिरतैः स्थूलैर्न सूक्ष्मैरपि।
अंभोदेन निरंतरं जलभरैस्तामुर्वरां सिंचता ॥
धौरेयेणधुरंत्वयाद्यवहता मन्येजगज्जीवति॥१९५

સ્થૂળ અથવા સુક્ષ્મ ચિંતામણી જે હમેંશાં પરોપકારમાંજ લીન છે, તેમજ કલ્પવૃક્ષ, કામ ધેનુ વીગેરે અન્ય સર્વ દેવતાઓ જેના મ્હોં આગળ કાંઇ ગણત્રીમાં નથી એવા જળથી ભરેલા નીરંતર પૃથ્વીને સિંચતા મેઘના કરતાં પણ ત્હમે વધારે કૃપાવાન છો એમ હું માનુ છું કારણકે આપની કૃપાથી આખું જગત્ જીવે છે!! ૧૯૫.

राजा लक्षं ददौ। कदाचेद्र जानं निरंतरं ददा-
नमालोक्य मुख्यामात्यो वक्तुमशक्तो राज्ञः शयन-
भवनभित्तौ व्यक्तान्यक्षराणि लिखितवान् ॥

આ સાંભળી રાજાએ ત્હેને એક લાખ રૂપીયા દાનમાં આપ્યા. આ પ્રમાણે રાજાને દાન આપતા જોઇ ત્હેમને વારવાને અસમર્થ મુખ્ય મંત્રીએ રાજાના શયન ગૃહમાં એક દિવાલ પર નીચે પ્રમાણે સ્પષ્ટ લખ્યુંઃ-

आपदर्थे धनं रक्षेत्,

વિપત્તિ માટે ધનનો સંચય કરવો જોઇએ.

राजा शयनादुत्थितो गच्छन् भित्तौ तान्यक्षराणि वीक्ष्य स्वयं द्वितीयचरणं लिलेख ॥

શયનમાંથી ઉઠતાં દિવાલ પર લખેલા ચરણને વાંચી રાજાએ ત્હેના પ્રત્યુત્તરમાં બીજુ ચરણ નીચે પ્રમાણે લખ્યું:-

श्रीमतामापदः कुतः ॥

શ્રીમાનને આપત્તિ હોય કયાંથી?

अपरेद्युरमात्यो द्वितीयं लिखितं दृष्ट्वा स्वयं तृतीयं लिलेख ॥

બીજે દિવસે પોતાના પ્હેલા ચરણના જવાબમાં લખાયલા બીજા ચરણને જોઇ મંત્રીએ ત્રીજુ ચરણ લખ્યું કે:-

सा चेदपगता लक्ष्मीः,

તે લક્ષ્મી જતી રહે ત્યારે?

परेद्यू राजा चतुर्थं लिखति ॥

આ ચરણના જવાબમાં રાજાએ ચોથુ ચરણ નીચે પ્રમાણે લખ્યું કે:-

संचितार्थो विनश्यति ॥ १९६ ॥

સંચીત કરેલુ દ્રવ્ય પણ નાશ પામે છે. ૧૯૬.

ततः मुख्यामात्यो राज्ञः पादयोः पतति। देव क्षंतव्योयं ममापराधः। अन्यदा धाराधीश्वरमुपरि सौधभूमौ शयानं मत्वा कश्चिद्विजचोरः

खातपातपूर्वं राज्ञः कोशगृहं प्रविश्य बहूनि विविधरत्नानि वैडूर्यादीनि हृत्वा तानि तानि परलोकऋणानि मत्वा तत्रैव वैराग्यमापन्नो विचारयामास॥

આ વાંચી મુખ્ય આમાત્ય રાજાના ચરણમાં પડયો અને કહેવા લાગ્યો કે હે દેવ! મ્હારો અપરાધ ક્ષમા કરશો. એક સમયે ભોજરાજા પોતાની અગાશીમાં સુતેલા હતા તે વખતનો લાભ લઇને એક ચોર બ્રાહ્મણ સુરંગમાંથી રાજાના દ્રવ્ય સંચય કરેલા સ્થળે ગયો ત્યાં અનેક પ્રકારનાં મણિ માણેક વીગેરે મુલ્યવાન રત્નો જોઇ આ એક પરલોકનું ઋણ છે એમ માની વૈરાગ્યને પ્રાપ્ત થયો. ત્યારે તે વિચાર કરવા લાગ્યો કે

यद्व्यंगाः कुष्ठिनश्चांधाः पंगवश्च दरिद्रिणः ॥
पूर्वोपार्जितपापस्य फलमश्नंति देहिनः ॥१९७॥

પ્રાણીઓ અપંગ, કોડીલાં, આંધળાં, પાંગળાં અને દરીદ્રી થઈને આ દુનીયાંમાં જે જે દુઃખ ભોગવે છે તે ત્હેમનાં પૂર્વ જન્મનાં પાપકર્મને લઈનેજ ભોગવે છે. ૧૯૭.

ततो राजा निद्राक्षये दिव्यशयनस्थितो विविधमणिकंकणालंकृतं दयितवर्गं दर्शनीयमालोक्य गजतुरगरथपदाति सामग्रीं च चिंतयन् राज्यसुखसंतुष्टः प्रमोदभरादाह ॥

પછી ભોજરાજા નિંદ્રામાંથી જાગૃત થયા ત્યારે પથારીમાં બેઠેલી પોતાને મણી માણેક તથા સુવર્ણનાં અલંકારોથી શોભાયમાન દર્શનીય રાણીઓને જોઇને તથા પોતાના સૈન્યનો વિચાર કરી રાજસુખથી અત્યંત

પોતાના પંડને સુખી માનતો અત્યાનંદથી કહેવા લાગ્યો

चेतोहरा युवतयः सुहृदोनुकूलाः ।
सद्बांधवाः प्रणयगर्भगिरश्च भृत्याः ॥
वल्गंति दंतिनिवहास्तरलास्तुरंगाः ।

મ્હારી સ્ત્રી ચિત્તને હરણ કરે તેવી છે અને મ્હારા મિત્ર પણ મ્હને ઘણાજ અનુકુળ છે. મ્હારા બાંધવો પણ શ્રેષ્ઠ નિતીવાળા છે અને નોકર નમ્ર, વિવેકી અને આજ્ઞાંકિત છે. મ્હારા હાથીઓ આનંદી અને ઘોડા ચંચળ છે.

इति चरणत्रयं राज्ञोक्तम् । चतुर्थचरणं राज्ञो मुखान्न निस्सरति तदा चोरेण श्रुत्वा पूरितम् ॥

આ પ્રમાણે ત્રણ ચરણ રાજા બોલ્યા અને ચોથું ચરણ બાકી હતું તેટલામાં ચોથું ચરણ તે ચોર બ્રાહ્મણે પુર્ણ કર્યું કે

संमीलने नयनयोर्नहि किंचिदस्ति ॥१९८॥

તેમ છતાં પણ જ્યારે નેત્ર મીચાયાં અર્થાત્ મરણ થયું ત્યારે સર્વનો નાશ પામે છે. ૧૯૮.

ततो ग्रंथितग्रंथो राजा चोरं वीक्ष्य तस्मै वीरवलयमदात् । ततस्तस्करो वीरवलयमादाय ब्राह्मणगृहं गत्वा शयानं ब्राह्मणमुत्थाप्य तस्मै दत्त्वा प्राह । विप्र एतद्राज्ञः पाणिवलयं बहुमूल्यं अल्पमूल्ये न विक्रेयम् । ततो ब्राह्मणः पण्यवीथ्यां

तद्विक्रीय दिव्यभूषणानि पट्टदुकूलानि च जग्राह। ततो राजकीयाः केचन एनं चोरं मन्यमानाः राज्ञो निवेदयंति। ततो राजनिकटे नीतः राजा पृच्छति विप्र धार्यं पटमपि नास्ति अद्य प्रातरेव दिव्यकुंडलाभरणपट्टदुकूलानि कुतः। विप्रः प्राह॥

આ પ્રમાણે પેતાનો શ્લોક પૂર્ણ થયેલો તથા તે ચોરને જોઈ રાજાએ તેને પોતાનું વિરકંકણ દાનમાં આપ્યું. આ વિરકંકણ લઈ તે ચોર બ્રાહ્મણને ઘેર ગયો અને સુતેલા બ્રાહ્મણને જગાડી કહેવા લાગ્યો. હો દેવ! રાજાનું આ કંકણ ઘણું મુલ્યવાન છે માટે થોડી કીમતે વેચશો નહી. પછી તે બ્રાહ્મણે બજારમાં તે કંકણને વેચી ત્હેના મુલ્યમાંથી સારાં ઉમદા રેશમી આભુષણો ખરીદવામાંડયાં જે જોઇ રાજાનાં માણસો ત્હેને ચોર સમજી રાજા પાસે લઈ આવ્યા ત્યારે રાજા ત્હેને પુછવા લાગ્યા કે ત્હમને ન છાજતાં આવાં ઉમદા વસ્ત્રાભુષણ સુંદર કુંડળ આદિક આ સ્હવારના પ્હોરમાં કયાંથી લઇ આવ્યા છો ?

भेकैः कोटरशायिभिर्मृतमिव क्ष्मांतर्गतं कच्छपैः।
पाठीनैः पृथुपंकपीठलुठनाद्यस्मिन् मुहुर्मूर्छितम्॥
तस्मिन् शुष्कसरस्यकालजलदेनागत्य तच्चेष्टितं।
यत्राकुंभनिमग्नवन्यकरिणां यूथैः पयः पीयते॥१९९

જયાં જળચરો મરણતોલ થઇને પૃથ્વીમાં પડેલી કરાડોમાં ભરાઇ પેઠેલાં છે, અને કાચબાઓ તથા માછલાંઓ સ્હેજસાજ ભેજવાળા કાદવમાં તરફડે છે એવા સુકા સરોવરમાં અકાળે મેઘની વૃષ્ટી થતાં તે સઘળાં

આનંદ કરવા લાગ્યાં એટલુંજ નહી પણ મ્હોટા મ્હોટા હાથીઓનાં ટોળાંઓ પણ ત્યાં સ્નાન કરી પાણી પીવા લાગ્યાં. ૧૯૯.

तुष्टो राजा तस्मै वीरवलयं चोरप्रदत्तं निश्चित्य स्वयं च लक्षं ददौ । अन्यदा कोपि कवीश्वरः विष्णवाख्यो राजद्वारि समागत्य तैः प्रवेशितो राजानं दृष्ट्वा स्वस्तिपूर्वकं प्राह ॥

આવી હકીકત સાંભળી ચોરને આપેલું વીરકંકણ ચોરે આ બ્રાહ્મણને આપ્યું છે એમ સમજી તે રાજાએ ત્હેને એક લાખ રૂપીયા આપ્યા.

એક સમયે વિષ્ણુ નામનો કોઇ કવિરાજ દ્વાર પર આવ્યો ત્હેને દ્વારપાળે રાજ સભામાં પ્રવેશ કરાવ્યો. જ્યાં રાજાને જોઇ સ્વસ્તિ કહીને કહેવા લાગ્યો:-

धाराधीश धरामहेंद्रगणनाकौतूहली यामयं ।
वेधास्त्वद्गणनां चकार खटिकाखंडेन रेखां दिवि ॥
सैवेयं त्रिदशापगा समभवत्त्वत्तुल्यभूमीधरा- ।
भावात्तुत्यजति स्म सोमयमवनीपीठे तुषाराचलः॥

હે ધારાપતિ ભોજરાજ! પૃથ્વીના મહાન્ રાજાઓની ગણત્રી કરવાની ઉત્કંઠાવાળા બ્રહ્માજી ખડીના કકડાથી આપનાં નામ લખતા હતા ત્હેની દિવ્ય રેખા આકાશમાં ઉત્પન્ન થઇ અર્થાત્ ત્હેની આકાશ વાહિની ગંગા થઇ અને પછી જ્યારે ત્હમારી સરખામણી કરવાને યોગ્ય પૃથ્વી પર અન્ય નૃપ ન મળતાં બ્રહ્માએ તે ખડીના ટુકડાને પૃથ્વીમાં નાંખી દીધો ત્યારે ત્હેનો હીમાચળ પર્વત થયો. ૨૦૦.

राजा लोकोत्तरं श्लोकमाकर्ण्य किं देयमिति व्यचिंतयत्। तस्मिन्क्षणे तदीयकवित्वमप्रतिद्वंद्वमाकर्ण्य सोमनाथाख्यकवेर्मुखं विच्छायमभवत्। ततस्स दौष्ट्याद्राजानं प्राह। देवासौ सुकविर्भवति परमनेन न कदापि विक्षितास्ति राजसभा। यतो दारिद्र्यवारिधिरयम्। अस्य च जीर्णमपि कौपीनं नास्ति। ततो राजा सोमनाथं प्राह॥

આ અપૂર્વ શ્લોક સાંભળતાં તે કવિને શું આપવું હેના વિચારમાં ગર્ક થઇ ગયેલો હતો તે પ્રસંગે કવિની કાવ્ય રચનાની અદ્‌ભુત્ શક્તિથી ચકિત થયેલા સોમનાથ કવિએ રાજાને દુષ્ટ બુદ્ધિથી કહ્યું કે હે રાજન્ અલબત આ કવિ કાંઈ અપાર શક્તિવાળો છે પરંતુ તેણે કોઈ પ્રસંગે રાજસભા જોઇ હોય તેમ જણાતું નથી અને તેનાજ કારણથી અદ્યાપિ પર્યંત તે નિરધનતાના સમુદ્ર રૂપ રહેલો છે. હેના અંગ ઉપર એક જીર્ણ કોપિન પણ નથી! આ સાંભળી રાજા સોમનાથ કવિને કહે છેઃ-

निरवद्यानि पद्यानि यद्य नाथस्य काक्षतिः?
भिक्षुणा कक्ष निक्षिप्तः किमिक्षु नीरसो भवेत्॥०१

કવિતાનો રચનાર ગમે તેવો નિરધન વા દરિદ્ર હોય છતાં પણ નિર્દોષ કવિતાને કાંઇ પણ દોષ લાગતો જ નથી. તેવી રીતે શેરડીને એક ભિક્ષુક કાખમાં ઘાલે તોપણ તેનો રસ જતો રહેતો નથી. ૨૦૧.

ततः सर्वेभ्यः ताम्बूलं दत्वा राजा सभाया उद

तिष्ठत्, ततः सर्वै रप्यन्योऽय मित्य भिधायि, अत्र विष्णु कवेः कवित्वमाकर्ण्य सोमनाथेन द्वौष्ट्य-मकारि, ततः समुत्थिता विद्वत् परिषत्। ततो विष्णु कविरेक पद्यं पत्रे लिखित्वा सोमनाथ कवि हस्ते दत्वा अत्र समायां त्वमेव चिरं नन्दे युक्ता प्रणम्य गंतु मारभत्॥ ततो वाचयति सोमनाथ कविः॥

પછી સર્વને તામ્બૂલ વિગેરે આપી રાજા સભામાં-થી વિદાય થયા અને વિદ્વાનો પણ આજે સોમનાથ કવિના કવિત્વથી ઘવાયલા વિષ્ણુ કવિએ તેના તરફ અદેખાઇ જણાવી તે ખોટું કર્યું એમ માંહો માંહે વાતો કરતા કરતા પોત પોતાને સ્થાનકે જવા લાગ્યા, ત્યારે વિષ્ણુ કવિએ એક પત્રમાં શ્લોકનું એક પદ લખીને સોમનાથ કવિને આપ્યું કે "હે કવિ તુજ ચિરકાળ સુધી આ રાજ સભામાં પ્રશંષાને પાત્ર રહેજે" અને પછી પ્રણામ કરી વિદાય થયો.

સોમનાથ કવિ તે શ્લોક વાંચે છેઃ—

एतेषु हा! तरुण मारुत धूयमान
दावानलैः कवलितेषु महीरु हेषु।
अम्लो नचेत् जलद? मुञ्चसि मा विमुञ्च
वज्रं पुनः क्षिपासि निर्दय! कस्य हेतोः?॥२०२॥

હે મેઘ પૃથ્વી ઉપર ઉત્પન્ન થયેલાં આ વૃક્ષો જે પવનથી ચારે તરફ દાવાનળથી ઘેરાઇ ગયાં છે ત્હેમને દાવાનળ રૂપી શત્રુથી રક્ષણ કરવાને માટે તુ વારી રૂપી

રક્ષણુ આપતો નથી તે શું છે? ત્હારે રક્ષણુ ના કરવું હોય તો તેમ પણુ વધારે ક્રૂર થઇ તેઓના ઉપર શા માટે તું વજ્રનો પ્રહાર કરે છે? ૨૦૨.

ततः सोमनाथ कविर्निखिला मपि पट्ट दुकूल वितहिरण्य रथ्य तुरङ्गमादि सम्पत्तिं कलत्र वस्त्रा वशेषां दत्तवान्, ततो राजा मृगया रस प्रवृत्तो गच्छन् तं विष्णु कवि मालोक्य व्यचिन्तयत्, मया अस्मै भोजन मपि प्रदत्तं, मामना दृत्य अयं सम्पति पूर्ण स्वदेशं प्रति यास्यति, पृच्छामि, विष्णुकवे! कुतः सम्पत्ति प्राप्ता? कविराह.

ઉપરનો શ્લોક વાંચી સોમનાથ કવિએ પોતાની પત્નીનાં વસ્ત્ર માત્ર રાખી બાકીનું સર્વ દ્રવ્ય, ઘોડા વિગેરે વિષ્ણુ કવિને દાન કર્યાં. તે વખતે રાજા મૃગયા રમવાને માટે જતો હતો તેણે વિષ્ણુ કવિને પોતાના દેશ તરફ પુષ્કળ દ્રવ્ય લઇને જતો જોયો અને મનમાં વિચાર કરવા લાગ્યા કે આ કવિને મ્હેં ખાવાને અન્ન સરખુ પણુ આપ્યું નહોતું પણુ અત્યારે તે પૂર્ણ સંપત્તિવાળો મ્હારો પણુ અનાદર કરીને ચાલ્યો જાય છે તે શું? આમ વિસ્મય પામતાં રાજાએ તે વિષ્ણુ કવિને પુછ્યું હે કવિ! ત્હમને આ દ્રવ્ય અને સંપત્તિ ક્યાંથી પ્રાપ્ત થયાં?"

सोमनाथेन राजेंद्र देव त्वद्गुणभिक्षुणा ॥
अद्य शोच्यतमे पूर्ण मयि कल्पद्रुमायितम् ॥२०३॥

હે રાજન, હે દેવ આપના ગુણુની ભીક્ષાવાળા

સોમનાથ કવિએ મ્હારા દળદરને દુર કરવાને માટે કલ્પ વૃક્ષની માફક વાંચ્છીત ફળ મ્હને આપ્યું છે. ૨૦૩

राजा पूर्वं सभायां श्रुतस्य श्लोकस्य अक्षरलक्षं ददौ। सोमनाथेन च यावद्दत्तं तावदपि सोमनाथाय दत्तवान्। सोमनाथः प्राह॥

રાજાએ પ્રથમે સભામાં જે શ્લોક સાંભળ્યો હતો ત્હેના પ્રત્યેક અક્ષર માટે તે બ્રાહ્મણને લાખ લાખ રૂપીયા આપ્યા અને સોમનાથ કવિએ વિષ્ણુ કવિને જે દ્રવ્ય આપ્યું હતું તેટલુ રાજા ભોજે શોમનાથ કવિને આપ્યું ત્યારે સોમનાથ કહેવા લાગ્યા કેઃ—

किसलयानि कुतः कुसुमानि वा।
क च फलानि तथा वनवीरुधाम्॥
अयमकारणकारुणिको यदा।
न तरतीह पयांसि पयोधरः॥२०४

જો કાંઇ પણ કારણવિના દયા કરનાર મેઘરાજ અત્રે જળ નહી વરસાવે તો વનનાં વૃક્ષ અને વેલાઓને પાંદડાં કયાંથી થશે તેમજ પુષ્પ અને ફળ પણ કયાંથી આવશે. ૨૦૪

ततो विष्णुकविः सोमनाथदत्तेन राज्ञा दत्तेन च तुष्टवान्। तदा सीमंतकविः प्राह॥

પછી વિષ્ણુ કવિ સોમનાથે તથા રાજાના આપેલા દાનથી પ્રસન્ન થયા ત્યારે સીમંત કવિ કહેવા લાગ્યા કેઃ—

वहति भुवनश्रेणीं शेषः फणाफलकस्थितां।
कमठपतिना मध्येपृष्ठं सदा स च धार्य्यते॥

तमपि कुरुते क्रोडाधीनं पयोनिधिरादरात् ।
अहह महतां निस्सीमानश्चरित्रविभूतयः ॥२०५॥

શેષનાગ પોતાની ફેણ ઉપર સારી સૃષ્ટીનો ભાર ધારણ કરે છે અને આવા શેષનાગને કુર્મ-કાચબો પોતાની પીઠપર ધારણ કરે છે અને તેવા તે કાચબાને સમુદ્ર પોતાના ઉદરમાં સત્કારથી રાખે છે એ કેવી મ્હોટી આશ્ચર્યની વાત છે અર્થાત્ મોટા માણસોની વિભૂતિ અપાર હોય છે. ૨૦૫

कदाचित्सौधतले राजानमेत्य भृत्यः प्राह । देव अखिलेष्वपि कोशेषु यद्वित्तजातमस्ति, तत्सर्वं देवेन कविभ्यो दत्तम् । परंतु कोशगृहे धनलेशोऽपि नास्ति ! कोपि कविः प्रत्यहं द्वारि तिष्ठति । इतः परं कविर्विद्वान् वा कोपि राज्ञे न प्राप्य इति मुख्यामात्येन देवसन्निधौ विज्ञापनीयमित्युक्तम् ॥ राजा कोशस्थं सर्वं दत्तमिति जानन्नपि प्राह । अद्य द्वारस्थं कविं प्रवेशय ततो विद्वानागत्य स्वस्तीति वदन् प्राह

એક સમયે ચાકર મ્હેલ નીચે આવીને રાજાને કહેવા લાગ્યો કે હે રાજન્ ધન કોશમાં જે કાંઇ ધન હતું તે આપ નામદારે કવિયોને અર્પણ કરી દીધું છે. અને હવે લેશ પણ દ્રવ્ય ખજાનામાં રહ્યું નથી અને રાજદ્વારમાં તો કોઈ નહી અને કોઇ કવિ પણ હરહમેશ ઉભો રહેલો હોય છે તેથી મુખ્ય આમાત્યે કોઇ પણ કવિને રાજદ્વારમાં પ્રવેશ ન કરાવવો એનો હુકમ કર-

માવવાની આપને અર્જ કરવા મ્હને મોકલ્યો છે. ખજાનાનું સર્વ દ્રવ્ય બ્રાહ્મણોને આપી દીધેલું છે તેવું જાણતાં છતાં તે નોકરને કહેવા લાગ્યા કે ઘરપર જે કોઇ કવિ ઉભો હોય ત્હેને અહીં મોકલ. પછી કોઇ વિદ્વાન રાજ્યદ્વારમાં આવી "સ્વસ્તિ" એમ કહી કહેવા લાગ્યો:—

नभसि निरवलंबे सीदता दीर्घकालं।
त्वदभिमुखविसृष्टोत्तानचंचूपुटेन ॥
जलधर जलधारा दूरतस्तावदास्तां।
ध्वनिरपि मधुरस्ते न श्रुतश्चातकेन ॥ २०६॥

હે જળધર! સ્થાન વિનાનાં આકાશ (વાદળાં) તરફ પોતાની ચાંચ પ્હોળી ધરીને ઘણા કાળથી દુઃખ પામતા બેઠેલા બપૈયાને જળની ધારા મળવી તો દુર રહી પણ ત્હારો સુધ્વની પણ મળતો નથી. ૨૦૬.

राजा तदाकर्ण्य धिक्जीवितं यद्विद्वांसः कवयश्च द्वारमागत्य सीदंतीति। तस्मै विप्राय सर्वाण्याभरणान्युत्तार्य ददौ। ततो राजा कोशाधिकारिणमाहूयाह। भांडारिक मुंजराजस्य तथा मे पूर्वेषां च ये कोशास्संति तेषां मध्ये रत्नपूर्णान्कलशानानय। ततः काश्मीरदेशान्मुचुकुंदकविरागत्य स्वस्तीत्युक्त्वा प्राह॥

આ સાંભળી રાજા વિચાર કરવા લાગ્યો કે મ્હારા દ્વારપર આવી નિરાશ થઇ કવિયો ઘણા દુઃખી થાય છે તેના જીવતરને ધીક્કાર છે. આવા વિચારથી રાજાએ પોતાના શરીરપર ધારણ કરેલા અલંકારો તે કવિને આપ્યા.

પછી રાજાએ પોતાના ખજાનચીને બોલાવીને કહ્યું કે મુંજરાજના તથા મ્હારા પૂર્વજોના ખજાનામાં જે રત્ન ભરેલા કળશો છે તે લાવો, એટલામાં કાશ્મીર દેશનો મુચુકુંદ કવિ આવીને કહેવા લાગ્યોઃ—

त्वद्यशोजलधौ भोज निमज्जनभयादिव ॥
सूर्येंदुबिंबमिषतो धत्ते कुंभद्वयं नभः ॥ २०७ ॥

હે! ભોજરાજ! ત્હમારા યશરૂપી સમુદ્રમાં ડુબી જવાશે એવા ભયથી ત્રાસ પામીને આકાશે પોતાના રક્ષણ માટે સૂર્ય અને ચંદ્ર એ બંનેને પોતાના તારનાર ઘડા-રૂપી ગણી પકડી રાખ્યા છે.

राजा तस्मै प्रत्यक्षरं लक्षं ददौ । पुनः कविराह ॥

આ કવિના શ્લોકના પ્રત્યેક અક્ષર માટે રાજાએ લાખ લાખ રૂપીઆ આપ્યા પછી તે કવિ બોલ્યા કેઃ-

आसन् क्षणानि यावंति चातकाश्रू तेऽम्बुद ॥
तावंतोपि त्वयोदार न मुक्ता जलबिंदवः ॥ २०८ ॥

હે મેઘ ત્હેં જળ છોડવામાં જેટલો વિલંબ કર્યો તેટલા સમયમાં બપૈયાએ જેટલાં આંસુ પાડ્યાં છે તેટલાં પણ તેં મેઘરૂપી જળનાં બિંદુ પાડ્યાં નહિ ૨૦૮

ततस्स राजा तस्मै शततुरगानपि ददौ । ततो भांडारिको लिखति ॥

આ શ્લોક સાંભળી રાજાએ મુચુકુંદને ૧૦૦ ઘોડા આપ્યા ત્યારે ખજાનચીએ ધર્મના ચોપડામાં લખ્યું કેઃ-

मुचुकुंदाय कवये जात्यानश्वान् शतं ददौ ॥
भोजः प्रदत्तलक्षोपि तेनासौ याचितः पुनः ॥ २०९ ॥

રાજાએ મુચુકુંદ કવિને શ્લોકના પ્રત્યેક અક્ષર માટે

લાખ લાખ રૂપીઆ આપ્યા. પરંતુ કવિએ ફરીથી યાચના કરી એટલે રાજાએ ત્હેને સો ઉત્તમ ઘોડા આપ્યા.

ततो राजा सर्वानपि वेश्म प्रेषयित्वांतर्गच्छति।
ततो राज्ञश्चामरग्राहिणा प्राह ॥

પછી સભા વિસર્જન કરી રાજા જનાનામાં ગયો ત્યાં ચામર ઢોળનાર દાશીએ નીચે પ્રમાણે શ્લોક રાજાને કહ્યો:-

राजन्मुंजकुलप्रदीप सकलक्ष्मापालचूडामणे।
युक्तं संचरणं तवाद्भुतमणिच्छत्रेण रात्रावपि ॥
मा भूत्त्वद्वदनावलोकनवशाद्व्रीडाविनम्रः शशी ।
मा भूच्चेयमरुंधती भगवती दुःशीलताभाजनम् ॥

રાજન! મુંજરાજના કુળને દિપાવનાર! સંપૂર્ણ રાજમંડળના ચૂડામણી! ત્હમારે રાત્રીના સમયે પણ અદ્ભૂત મણીવાળું છત્ર ધરવું જોઈએ. કારણ કે ત્હમારૂં મુખ જોવાથી ચંદ્રમા શરમાઈને નીચું જોઇ રહે છે ત્હે ને તેમ કરવું પડે નહિ અને ભગવતી અરૂંધતીના વૃતનો ભંગપણ ન થાય. ૨૧૦

राजा तस्यै प्रत्यक्षरं लक्षं ददौ। अन्यदा कुंडिन नगराद्गोपालो नाम कविरागत्य स्वस्तिकपूर्वकं प्राह ॥

આ દાશીએ કરેલા શ્લોકના પ્રત્યેક અક્ષરને માટે રાજાએ એ લાખ રૂપીઆ આપ્યા. પછી કુંડીન નગરથી ગોપાળ નામે કવિ રાજાને નમી કહેવા લાગ્યો:-

त्वच्चित्ते भोज निर्यांति द्वयं तृणकणायते ॥
क्रोधे विरोधिनां सैन्यं प्रसादे कनकोच्चयः ॥२११॥

હે ભોજરાજ ! ત્હમારા ચિત્તમાં બે વસ્તુતા તૃણ સમાન લેખાય છે. અર્થાત્ જ્યારે ત્હમારા હૃદયમાં ક્રોધ ઉત્પન્ન થાય છે ત્યારે ત્હમારા શત્રુનું સૈન્ય તૃણ સમાન આપને ભાસે છે, અને જ્યારે હર્ષ ઉત્પન્ન થાયછે ત્યારે કવિઓને અપાતા અમુલ્ય કનકની પણ તુલના આપને તૃણ સમાન ભાસે છે૨૧૧

राजा श्रुत्वापितुष्टो न ददाति । राजपुरुषैः सह चर्चां कुर्वाणस्तिष्ठति । ततः कविर्व्यचिंतयत् । किमु राज्ञा नाश्रावि । ततः क्षणेन समुन्नतेमवाव-लोक्य राजानं कविराह ॥

આ શ્લોક સાંભળી પ્રસન્ન થઈ રાજાએ કાંઇ આ-પ્યું નહિ પણ પોતાના મંત્રીઓની સાથે વાતચિત ક-રવામાં ગુંથાયા ત્યારે કવિ વિચાર કરવા લાગ્યો કે રાજાએ મ્હારો શ્લોક સાંભળ્યો નથી. પણ બીજીજ પળે રાજાને સ્વસ્થ થઇ આસન ઉપરથી ઉભા થતા જોઈ કહ્યું કેઃ-

हे पाथोद यथोन्नतं हि भवती दिग्व्यावृता सर्वतो ।
मन्ये धीर तथा करिष्यसि खलु क्षिराब्धितुल्यं सरः॥
किं त्वेष क्षमते नहि क्षणमपि ग्रीष्मोष्मणा व्याकुलः।
पाठीनादिगणस्त्वदेकशरणस्तद्वर्ष तावत्कियत् २१२

હે મેઘ ચારે તરફ પાણીથી ભરાયલી વાદળીઓ જોઇ મ્હને ખાત્રી થાય છે કે આજે ત્હારી કૃપાથી સરોવરોને ક્ષીર સાગર જેવાં તું ભરી મુકશે પરંતુ આ જળચર પ્રાણીયો જેઓ ગ્રીષ્મના તાપથી ઘણુંજ વ્યાકુળ અને અધીરાં થઈ ગયાં છે ત્હેમની શાન્તી માટે હમણાં જ તું થોડી વૃષ્ટી કર કારણ કે ત્હેમને ધીરજ રહેતી નથી.

राजा कविहृदयं विज्ञाय गोपालकवे दारिद्र्याग्निना नितांतं दग्धोसीति वदन् षोडश मणीननर्घ्यान् षोडश दंतींद्रांश्च ददौ। एकदा राजा धारानगरे विचरन् क्वचिच्छिवालये प्रसुप्तं पुरुषद्वयमपश्यत्। तयोरेको विगतनिद्रो वक्ति। अहो त्वं ममास्तरासन्न एव कस्त्वं प्रसुप्तोसि जागर्षि नो वा। ततस्त्वपर आह। विप्र प्रणतोस्मि अहमपि ब्राह्मणपुत्रः त्वामत्र प्रथमरात्रौ शयानं वीक्ष्य प्रदीप्ते च प्रदीपे कमंडलूपवितादिभिर्ब्राह्मणं ज्ञात्वा भवदास्तरासन्न एवाहं प्रसुप्तः। इदानीं त्वद्गिरमाकर्ण्य प्रबुद्धोऽस्मि। प्रथमः प्राह। वत्स यदि त्वं प्रणतोसि ततो दीर्घायुस्तव। वद कुत आगम्यते किं ते नाम अत्र च किं कार्यम्। द्वितीयः प्राह। विप्र भास्करः इति नाम। पश्चिमसमुद्रतीरे प्रभासतीर्थसमीपे वसतिर्मम। तत्र भोजस्य वितरणं बहुभिर्व्यावर्णितं ततो याचितुमहमागतः। त्वं मम वृद्धत्वात्पितृकल्पोसि। त्वमपि वद। स आह। वत्स शाकल्य इति मे नाम। मया एकशिलानगर्या आगम्यते भोजं प्रति द्रविणाशया। वत्स त्वयानुक्तमपि दुःखं त्वयि ज्ञायते। कीदृशं तद्वद। ततो

भास्करः प्राह । तात किं ब्रवीमि दुःखम् ॥

ઉપર પ્રમાણેનાં કવિનાં વાક્ય સુણી ભોજરાજા કહેવા લાગ્યા કે હે કવિ ત્હમો નિરધનતા રૂપી અગ્નિથી હમેશાં દગ્ધ થયેલા છો તેમ મ્હને સમજાય છે આ પ્રમાણે કહી રાજાએ ત્હેને સોળ ઉત્તમ મણી તથા હાથીનું દાન કર્યું.

એક સમયે ધારાનગરીમાં ફરતાં ફરતાં કોઇ એક શીવાલયમાં રાજાએ બે પુરૂષોને સુતેલા જોયા. આમાંથી એક જણે નિંદ્રામાંથી ઉઠતાં પોતાના બીછાના આગળ બીજા એક જણને સુતેલો જોઈ પુછવા માંડયું કે અરે તું કોણ છે? જાગે છે કે ઉંઘે છે? પેલા સુતેલા માણસે ઉત્તર આપ્યો કે હે વિપ્ર હું આપને નમસ્કાર કરૂં છું. હું પણ એક બ્રાહ્મણ છું. પ્હેલી રાત્રીમાં આપને અહીં સુતેલા જોઇને તેમજ દિવો બળતો હોવાથી આપની પાસે પડેલા લોટા તથા આપના અંગ પર યજ્ઞોપવિત જોતાં આપ બ્રાહ્મણ છો એમ મ્હારી ખાત્રી થતાં હું આપની પાસેજ સુઇ ગયો હતો, અને હમણાંજ આપના જગાઠવાથી જાગ્યો છું. આ સાંભળી પેલા બ્રાહ્મણે કહ્યું હે વત્સ તું દિર્ઘાયુષી થાવ પણ કહે તારૂ નામ શું છે અને કયાંથી આવ્યો છું અને શા કામે જાય છે? તે યુવાન બ્રાહ્મણે જવાબ આપ્યો વિપ્રવર! મારૂ ગામ પશ્ચિમ સમુદ્રને કિનારે આવેલા પ્રભાસતિર્થ પાસે છે ત્યાં આગળ ભોજરાજાના દાનની ભારે ખ્યાતિ સાંભળી યાચના કરવાને માટે હું આ તરફ આવ્યો છું. આપ વૃદ્ધ હોવાથી મ્હારે પિતા સમાન છો. તે વૃદ્ધ બ્રાહ્મણ બોલ્યો હે વત્સ મ્હારૂ નામ શાકલ્ય છે અને ભોજ પાસેથી દાન મેળવવાની આશાએ હું પણ એકશીલા નગરીથી આવ્યો છું. હે વત્સ તું ન કહે તોપણ ત્હારા મ્હોં ઉપરથી તું દુઃખી છે એમ સ્પષ્ટ

સમજાય છે માટે ત્હારે શું દુઃખ છે તે કહે-પછી ભાસ્કર કહેવા લાગ્યો. હે તાત્ શું કહું.

क्षुत्क्षामाः शिशवः शवा इव भृशं मंदाशया बांधवा।
लम्रा जर्जरघर्घरी जतुलवैर्नो मां तथा बाधते ॥
गेहिन्या त्रुटितांशुकं घटयितुं कृत्वा सकाकुस्मितं।
कुप्यंती प्रतिवेश्म लोकगृहिणी सूचिं यया याचिता॥

ભુખથી અતિ દુર્બળ થઇ ગયેલાં મ્હારાં બાળકો મડદા જેવાં થઇ ગયાં છે અને મ્હારા બાંધવો પોતાનાં દુઃખ મ્હારા આગળ વર્ણવી પણ શકતા નથી ઘરમાં પાણીની ગાગર પણ ઘણે ઠેકાણેથી કાણી થઇ જવાથી વખતો વખત લાખથી સમારી હું ચલાવું છું. આવી મ્હારી દીન અવસ્થા હોવા છતાં પણ હું દુઃખ ગણુતો ન હોતો પણ મ્હારી સ્ત્રીનાં વસ્ત્ર તદ્દમ ફાટી ગયેલાં હોવાથી તે વસ્તીમાં પોતાનાં કપડાં સાંધવા માટે સોય માગવા ગઇ ત્યાં ત્હેને ગામ લોક મશ્કરી કરી હસી કાઢવા લાગ્યા તેથી મ્હને અત્યંત દુઃખ થાય છે.

राजा श्रुत्वा सर्वाभरणान्युत्तार्य तस्मै दत्वा प्राह । भास्कर सीदंत्यतीव ते बालाः झटिति देशं याहि । ततः शाकल्यः प्राह ॥

આ સાંભળી રાજાએ પોતાનાં સર્વ વસ્ત્ર અને અલંકાર ઉતારી તે કવિને આપ્યાં અને કહ્યું કે હે ભાસ્કર કવિ ત્હમારાં બાળકો ઘણુંજ પીડા પામે છે માટે ત્હમે સત્વર ઘર તરફ વિદાય થાવ.

अभ्युद्धता वसुमति दलितोरिवर्गः ।
क्रोडीकृता बलवता बलिराजलक्ष्मीः ॥

एकत्र जन्मनि कृतं यदनेन यूना ।
जन्मत्रये तदकरोत्पुरुषः पुराणः ॥२१४॥

ત્યારપછી શાકલ્ય વિપ્રે કહ્યું કે આ ભોજરાજાએ જે કામ પરમપુરૂષ પુરાણ પરમેશ્વરે ત્રણ અવતાર ધારણ કરી પરીપૂર્ણ કર્યાં હતાં તે માત્ર એકજ જન્મમાં કર્યાં છે અર્થાત્ ભોજરાજાએ માત્ર એકજ જન્મમાં પૃથ્વીનો ઉદ્ધાર-અરિદળનો નાશ અને લક્ષ્મીનું આકર્ષણ કર્યાં છે. ૨૧૪.

ततो राजा शाकल्याय लक्षत्रयं दत्तवान् । अन्यदा राजा मृगयारसेन विचरन् तत्र रसमागतहरिण्यां बाणेन विद्धायामपि वित्ताशया कोपि कविराह ॥

આ સાંભળી ભોજરાજાએ શાકલ્યને ત્રણ લાખ ધન આપ્યું.

બીજા એક પ્રસંગે મૃગયાના રસે વિચરેલા રાજાએ એક હરિણીને બાણ માર્યું હતું તે સમયે શાંત ઉભેલી હરિણીને જોઇ દ્રવ્યની લાલસાવાળો એક કવિ કહેવા લાગ્યો.

श्रीभोजे मृगयां गतेपि सहसा चापे समारोपिते-।
प्याकर्णांतगतेपि मुष्टिगलिते बाणेऽगलभेपि च ॥
स्थानान्नैव पलायितं न चलितं नोत्कंपितं नोत्प्लुतं ।
मृग्या मद्वशगं करोति दयितं कामोयमित्याशया ॥

મૃગયાએ આવેલા રાજાએ ચઢાવેલા બાણથી, ત્હેમાંથી કર્ણ સુધી ખેંચેલી પણછમાંથી છુટેલા તીરથી, અંગમાં ઘા થવા છતાં પણ મૃગલી વખત છે મ્હને

શાક્ષાત્ અનંગ હશે અને જો તેમજ હોય તો જરૂર તે મ્હારા પતીને વશ કરી આપશે એમ અનુમાન કરતી ત્યાંથી નાશતી, કંપતી અથવા ખસતી પણ નથી ૨૧૫.

राजा तस्मै लक्षत्रयं प्रयच्छति । अन्यदा सिंहासनमलंकुर्वाणे श्रीभोजनृपतौ द्वारपाल आगत्य प्राह । देव जाह्नवीतीरवासिनी काचन वृद्धब्राह्मणी विदुषी द्वारि तिष्ठति । राजा प्राह प्रवेशय । तत आगच्छंतीं राजा प्रणमति । सा तं चिरंजीवेत्युक्त्वाह ॥

તે કવિને પણ રાજાએ ત્રણ લાખ ધન આપ્યું.

એક પ્રસંગે રાજા સિંહાસન પર બેઠેલા હતા તે સમયે દ્વારપાળે આવીને કહ્યું કે દ્વાર આગળ જાન્હવી નદીના કિનારા ઉપર નિવાસ કરતી એક વૃદ્ધ બ્રાહ્મણ સ્રી આવેલી છે. રાજાએ ત્હેને સત્વર પ્રવેશ કરાવો એમ આજ્ઞા થતાંજ તે વિદુષીએ ત્યાં આવી રાજાને "ચિરંજીવ રહો" એમ આશીર્વચનો કહ્યાં

भोजप्रतापाग्निरपूर्व एष ।
जागर्ति भूभृत्कटकस्थलीषु ॥
यस्मिन् प्रविष्टे रिपुपार्थिवानां ।
तृणानि रोहंति गृहांगणेषु ॥ २१६ ॥

હે રાજા ત્હમારો પ્રતાપ રૂપિ અગ્નિ તો કાંઇ અપૂર્વ કામ કરતો દિસે છે. સ્વભાવીક રીતે અગ્નિ જ્યાં પ્રસરે છે ત્યાં આગળના તૃણનો નાશ કરે છે પણ ત્હમારા પ્રતાપાગ્નિના પ્રસારથી તો ત્હમારા શત્રુઓના

ઘર આગળ તૃષ્ણાની વૃદ્ધિ થતી જાય છે. ૨૧૬.

राजा तस्यै रत्नपूर्णं कलशं प्रयच्छति । ततो लिखति भांडारिकः ॥

ઉપરનાં વચનોથી સંતુષ્ટ થએલા રાજાએ તે વૃદ્ધાને રત્નોથી ભરેલો કળશ દાન કર્યો અને ભાણ્ડારીએ તેની નોંધ કરી કેઃ-

भोजेन कलशो दत्तस्सुवर्णमणिसंभृतः ॥
प्रतापस्तुतितुष्टेन वृद्धायै राजसंसदि ॥२१७॥

પોતાના પ્રતાપની પ્રસંશાથી તુષ્ટ થયેલા રાજાએ વૃદ્ધ બ્રાહ્મણ સ્રીને રત્નોથી ભરપુર કળશ દાન કર્યો. ૨૧૭.

अन्यदा दूरदेशादागतः कश्चिच्चोरो राजानं प्राह । देव सिंहलदेशे मया काचन चा[ं]डालय राजकन्या दृष्टा । सा च मां दृष्ट्वा मालवदेशदेवस्य महिमानं बहुधा श्रुतं त्वमपि वदेति पप्रच्छ। मया च तस्या देवगुणा व्यावर्णिताः सा चात्यंततोषा-च्चंदनतरोर्निरुपमं गर्भखंडं दत्त्वा यथास्थानं प्रपेदे । देव गुणाभिवर्णनप्राप्तं तदेतद्गृहाण । एत-त्परि[म]लभरणे भृंगा भुजंगाश्च समायांति । राजा तद्गृहीत्वा तुष्टस्तस्मै लक्षं दत्तवान् । ततो दामोदरकविस्तन्मिषेण राजानं स्तौति ॥

એક દિવસે દુર દેશથી આવેલો એક ચોર રાજા પાંસે આવીને કહેવા લાગ્યો કે "હે રાજન્ સિંહલ

દેશમાં આવેલા દેવીના દેવાલયમાં મ્હેં એક રાજ કન્યાને જોઇ". આ રાજ કન્યા મ્હને જોઇને પૂછવા લાગી કે માલવાના રાજાનો મહીમા પૃથ્વીમાં સર્વત્ર સારો વખણાય છે એમ મ્હેં સાંભળેલું છે માટે મ્હને ત્હેનું વર્ણન કરી બતાવ. હે દેવ! મ્હેં ત્હેના મ્હોં આગળ આપનો મહીમા વર્ણવ્યો તેથી આનંદ પામેલી તે કન્યાએ મ્હને ચંદન વૃક્ષનો એક ઉત્તમ કટકો અર્પણ કર્યો અને પછી પોતાના સ્થાનકે જતી રહી. આપનાજ ગુણના વર્ણથી પ્રાપ્ત થયેલો આ ચંદન વૃક્ષનો કટકો આપજ સ્વિકારો. એની સુવાસ એવી ઉત્તમ છે કે ત્હેના વાસથી ભમરાઓને નાગ ત્હેની સમીપ ખેંચાઇ આવે છે. તે લેતાં રાજાએ તે ચોરને એક લખ ધન આપ્યું. આ પ્રસંગનો લાભ લઇ દામોદર કવિ રાજાની સ્તુતિ કરવા લાગ્યા.

श्रीमच्चंदनवृक्ष संति बहवस्ते शाखिनः कानने ।
येषां सौरभमात्रकं निवसति प्रायेण पुष्पश्रिया ॥
प्रत्यंगं सुकृतेन तेन शुचिना ख्यातः प्रसिद्धात्मना ।
योसौ गंधगुणस्त्वया प्रकटितः कासाविह प्रेक्ष्यते ॥

હે ઉત્તમ ચંદન વૃક્ષ! વનમાં જેઓનાં પુષ્પમાં સારી સુવાસ હોય છે તેવાં વૃક્ષો તો ઘણાંજ હોય છે પરંતુ પ્રત્યેક અંગમાં ગુણ તથા સુવાસવાળાં જે સુકૃત ત્હારામાં છે અને જેથી અત્યંત આનંદ થાય છે તે અન્ય વૃક્ષો તથા ત્હેનાં સુવાસિત પુષ્પોમાં જણાતો નથી. ૨૧૮.

राजा स्वस्तुतिं बुद्ध्वा लक्षं ददौ । ततो द्वारपाल आगत्य प्राह । देव काचित्सूत्रधारी स्त्री

द्वारि वर्तते । राजाह प्रवेशय । ततस्सागत्य राजानं प्रणिपत्याह ॥

પોતાની કરેલી સ્તુતિ સાંભળી રાજાએ દામોદર કવિને એક લાખ ધન આપ્યું પછી દ્વારપાળ આવીને કહેવા લાગ્યો કે રાજાજી બારણે એક સુતર વેચનારી બાઈ આવેલી છે. રાજાએ ત્હેને પ્રવેશ કરાવવાને આજ્ઞા આપતાં તે સ્ત્રી રાજા પાસે આવી પ્રણામ કરી કહેવા લાગી.–

बलिः पातालनिलयोधःकृतश्चित्रमत्र किम् ॥
अधःकृतो दिवस्थोपि चित्रं कल्पद्रुमस्त्वया ॥२१९॥

પાતાળ જેનું નિવાસ સ્થાન છે તેવા બલિરાજાને ત્હમે નીચો નમાવ્યો તેમાં તો કાંઈ આશ્ચર્ય જેવું નથી પરંતુ સ્વર્ગમાં વસતા કલ્પવૃક્ષને પણ ત્હમે નીચુ નમાવ્યું તે ઓછા આશ્ચર્યની વાત નથી. ૨૧૯.

राजा तस्यै प्रत्यक्षरं लक्षं ददौ । ततः कदाचिन्मृगयापरिश्रांतः राजा क्वचित्सहकारतरोरधस्तात्तिष्ठति स्म । तत्र मल्लिनाथाख्यकविरागत्य प्राह ॥

એક સમયે શીકારમાંથી પાછા ફરતાં શ્રમિત રાજા એક આમ્રવૃક્ષની છાયા તળે આરામ લેવાને બેઠેલા હતા તેવામાં ત્યાં આવી મલ્લિનાથ કવિ કહેવા લાગ્યા :–

शाखाशतशतविततः ।
संति कियंतो न कानने तरवः ॥
परिमलभरामिलदलिकुल- ।
दलितदलाः शाखिनो विरलाः ॥२२०॥

જંગલમાં અસંખ્ય શાખાવાળાં વૃક્ષો ક્યાં ઓછાં છે પરંતુ જેમાં અતીશય સુગંધ છે અને જેના પ્રભાવે અસંખ્ય ભ્રમરો ત્હેના પ્રતિ ખેંચાઇ આવી ત્હેનાં પાનનો પણ કેટલેક અંશે નાશ કરી નાંખે છે તેવાં વૃક્ષો તો ઘણુંજ ઓછાં હોય છે. ૨૨૦.

ततो राजा तस्मै हस्तवलयं ददौ । तत्रैव आसीने राज्ञि कोपि विद्वानागत्य स्वस्तीत्युक्त्वा प्राह । राजन्, काशीदेशमारभ्य तीर्थ यात्रय परिभ्राम्यते दक्षिणदेशवासिना मया। राजा त्वादृशां तीर्थवासिनां दर्शनात्कृतार्थोस्मि । स आह। वयं मांत्रिकाश्च। राजा विप्रेषु सर्वं संभाव्यते । पुनः प्राह । विप्र मंत्रविद्यया यथा परलोकफलप्राप्तिः तथा किमिह लोकेप्यस्ति । विप्रः । राजन् सरस्वतीचरणाराधनाद्विद्यावाप्तिर्ईश्वविदिता परं धनावाप्तिर्भाग्याधीना ॥

આ સાંભતાં રાજાએ તે કવિને પોતાના હાથનું કડું અર્પણ કર્યું. હજી રાજા તેજ સ્થાને બેઠેલો હતો. તેટલામાં એક બીજો વિદ્વાન ત્યાં આવી રાજાને આશીર્વચન આપી કહેવા લાગ્યો. હે રાજન્ દક્ષીણ દેશનો રહેવાશી હું કાશીથી માંડી સર્વ તીર્થો કરતો કરતો અત્રે આવેલો છું. રાજા આ સાંભળી કહેવા લાગ્યા કે આપના જેવા તિર્થ વાસીઓનાં દર્શનથી હું કૃતાર્થ થયો છું. તેણે કહ્યું હું મંત્ર શાસ્ત્ર પણ જાણું છું. રાજાએ કહ્યું હે મ્હારાજ બ્રાહ્મણોમાં તે સર્વ બની શકે તેમ છે પરંતુ મંત્ર શાસ્ત્રથી જેમ પરલોક સાધી શકાય છે તેમ આ

લોકમાં કાંઈ સ્વાર્થ સાધી શકાય કે નહી? બ્રાહ્મણ બોલ્યો. રાજન્ સરસ્વતિના ચરણની ઉપાસનાથી અખૂટ વિદ્યા મેળવાય છે તે વાત તો જગ જાહેર છે પરંતુ દ્રવ્ય પ્રાપ્તિ કરવી તે તો માત્ર ભાગ્યનેજ આધિન છે.

गुणाः खलु गुणा एव न गुणा भूतिहेतवः ॥
धनसंचयकर्तृणि भाग्यानि पृथगेव हि ॥ २२१ ॥

ગુણો તો માત્ર ગુણોજ છે અર્થાત્ તેથી કાંઈ દ્રવ્ય મેળવી શકાતું નથી. દ્રવ્ય મેળવવાને માટે ભાગ્યની જરૂર છે અને ભાગ્ય તે ગુણોથી નિરાળું છે. ૨૨૧

देव विद्यागुणा एव लोकानां प्रतिष्ठायै भवंति
न तु केवलं संपदः । देव ॥

દેવ લોકમાં પ્રતિષ્ઠા પામવાને માટે વિદ્યા અને ગુણ બન્ને જોઇએ છીએ સંપત્તિ માત્ર હોય તો તેથી કાંઈ પ્રતિષ્ઠા પમાતી નથી.

आत्मायत्ते गुणग्रामे नैर्गुण्यं वचनीयता ॥
दैवायत्तेषु वित्तेषु पुंसां का नाम वाच्यता॥२२२॥

ગુણોનો સમૂહ સંપાદન કરવો તે જીવાત્માને આધિન છે અર્થાત્ મનુષ્ય યત્નથી ગુણો મેળવી શકે છે અને જે મેળવી શકાય છે તે વસ્તુ મેળવવાને જે પુરૂષ પ્રયત્ન કરતો નથી તે નિંદાને પાત્ર ગણાય છે. દ્રવ્ય તે દૈવને આધિન છે અર્થાત્ પ્રયત્ન કરવા છતાં પણ પ્રારબ્ધમાં લખેલુ ન હોય તો દ્રવ્ય મેળવી શકાતું નથી. માટે તે વસ્તુ આપોઆપ ન મળે અથવા પ્રયત્ન કરવા છતાં પણ ન મળે તોપણ પુરૂષ તે માટે નિંદાને પાત્ર થતો ન.થી. ૨૨૨

देव, मंत्राराधनेनाप्रतिहता शक्तिः स्यात्। देव, एवं कुतूहलं यस्य। मया यस्य शिरसि करो निधीयते स सरस्वतीप्रसादेन अस्खलितविद्या-प्रसारः स्यात्। राजा प्राह। सुमते महतो देवता-शक्तिः। ततो राजा कामपि दासीमाकार्य विप्रं प्राह। द्विजवर अस्या व॰गाया॰ शिरसि करं निधेहि। विप्रस्तस्य॰ शिरसि करं निधाय तां प्राह। देवि यद्राजा ॰ापयाते तद्वद। ततो दासी प्राह। देवाहमद्य समस्तवाङ्मयजातं हस्तामल-कवत्पश्यामि। देवा॰॰श किं वर्णयामि। ततो राजा पुरः खड्गं वीक्ष्य प्राह। खड्गं मे व्यावर्ण-येति। दासी प्राह॥

હે દેવ મંત્રનું આરાધન કરવાથી અપાર શક્તિ પ્રાપ્ત થાય છે અને તેનું આશ્ચર્ય રૂપી દ્રષ્ટાંત હું આપને બતાવું છું કે મ્હારા પોતાનામાં એ શક્તી છે અને ત્હેના પરિણામે હું જો કોઈ પ્રાણીના મસ્તકપર હાથ ધરૂં છું તો ત્હેનામાં અસ્ખલિત્ વિદ્યા આવી જાય છે. રાજા કહેવા લાગ્યા કે હે સારી મતિવાળા વિપ્ર! દેવતાઓની શક્તિ અદ્‌ભુત હોય છે. પછી એક દાસીને બોલાવી રાજા કહેવા લાગ્યા કે હે વિપ્ર આ દાસીના માથા ઉપર હાથ મુકો રાજાની આજ્ઞા પ્રમાણે કરતાંજ તે દાસી કહેવા લાગી કે હે રાજા હું હવે સરસ્વતી દેવીના પ્રભાવે સર્વ શાસ્ત્રોને મ્હારી હાથેળીમાં જોઇ શકું છું માટે આપને જે પ્રશ્ન કરવા હોય તે સુખેથી કરો. આ ઉપરથી રાજાએ દાસીને

પોતાની પાસેજ પડેલા ખડ્ગનું વર્ણન કરવાને કહ્યું. દાસી બોલી—

धाराधर त्वदसि रेष नरेंद्र चित्रं ।
वर्षंति वैरिवनिताजनलोचनानि ॥
कोशेन संगतमसंगतिराहवेऽस्य ।
दारिद्र्यमभ्युदयति प्रतिपार्थिवानाम् ॥२२३॥

હે રાજન્! હે ખડ્ગને ધારણ કરનાર! આ ત્હમારા ખડ્ગને ધારા છે છતાં તે ત્હમારા શત્રુઓની સ્ત્રિયોની આંખોમાંથી ધારાઓ કાઢે છે. અર્થાત્ આંસુ પાડે છે. યુદ્ધમાં પણ તે કદિ પોતા કોશમાં પ્રવેશ કરતી નથી. છતાં પણ ત્હમારા શત્રુઓ દરિદ્રી રહે છે અર્થાત્ મ્યાન રૂપી કોશનો અંગીકાર ન કરતાં હમેશાં યુદ્ધમાં વ્હાલ રહે છે જેથી ત્હમારા શત્રુઓ ત્રાસના માર્યા દરિદ્રી જેવા દિન જણાય છે. ૨૨૩

राजा तस्यै रत्नकलशाननर्घ्यान् पंच ददौ । ततस्तस्मिन् क्षणे कुतश्चित् पंच कवयःसमाजग्मुः। तानवलोक्य ईशद्विच्छायमुखं राजानं दृष्ट्वा महेश्वरकविः वृक्षमिषेणाह ॥

આ સાંભળતાંજ રાજાએ તે દાસીને પાંચ અમૂલ્ય કળશ દાન કર્યા એટલામાં ત્યાં પાંચ કવિ આવી પહોંચ્યા ત્હેમને આવેલા જોઇ જેનું મુખ જરા વિલાઇ ગયું હતું તેવા રાજાને જોઇ વૃક્ષના મીશે મહાશ્વેર કવિ કહેવા લાગ્યા.

किं जातोसि चतुष्पथे घनतरच्छायोसि किं छायया
छन्नश्चेत् फलितोसि किं फलभरैः पूर्णोसि किं संवृतः॥

हे सद्वृक्ष सहस्व संप्रति चिरं शाखाशिखाकर्षणं।
क्षोभामोटनभंजनानिजनतस्त्वै रेवदुश्चेष्टितैः॥२२४॥

હે સુવૃક્ષ તું શામાટે ચાર રસ્તા વચ્ચે ઉત્પન્ન થયું છે અને છતાં જો ત્યાં ઉત્પન્ન થયું તો આવા વિસ્તાર વાળુ અને ઘાડી છાયા વાળુ શામાટે થયું છે. કદાપિ છાયાવાળુ થયું તો પછી આટલાં બધાં ફળ ફુલ વાળુ શામાટે થયું અને ઝુકી શામાટે ગયું છે. જ્યારે આજ પ્રમાણે ત્હારી સ્થિતિ છે તો પછી શા કારણથી તું શોચ પામે છે. માત્ર માણુસો ત્હારાં ડાળાં પાંદડાં ખેંચે-ફળ ફુલ તોડે તે સ્વાભાવિક રીતે ત્હારે સહન કરવાનાંજ છે.

ततो राजा तस्मै लक्षं ददौ। ततस्ते द्विजवराः पृथक्पृथगाशीर्वचनमुदीर्य यथाक्रमं राजाज्ञया कंबल उपविश्य मंगलं चक्रुः। तत एकः पठति॥

આ સાંભળી રાજાએ તે માહેશ્વર કવિને એક લાખ રૂપીઆ દાન આપ્યું પછી તે દરેક બ્રાહ્મણ રાજાને આશિર્વાદ આપી પોત પોતાના આસનપર બેસી ગયા અને આનંદ કરવા લાગ્યા ત્યારે ત્હેમાંનો એક કહેવા લાગ્યો:-

कूर्मः पातालगंगापयसि विहरतां तत्तटीरूढमुस्ता।
मादत्तामादिपोत्री शिथिलयतु फणामंडलं कुंडलींद्रः॥
दिङ्मातंगा मृणालीकवलनकलनां कुर्वतां पर्वतेंद्राः।
सर्वे स्वैरं चरंतु त्वयि वहति विभो भोज देवीं धरित्रीम्॥

હે સમર્થ ભોજરાજા ત્હમેજ માત્ર પૃથ્વીને ધારણ કરી રહેલા છો ત્યારે કાચબો પાતાળ ગંગામાં ક્રિડા

કરે અને વારાહ ગંગા નદીના તટપર ઉગેલી ઘાસ ખાય, અને શેષનાગ જે પૃથ્વીનો ભાર ધારણ કરનાર કહેવાય છે તેનો પણ માથેથી ભાર હમે ઉતારી લીધો છે તો નિશ્ચીંતે આરામ કરવા દો. અને હવે હસ્તીયોને પણ કમળ નાળ ખાઇને આનંદ કરવા દો અને પર્વતોને પણ ધ્યાનમાં આવે ત્યાં વિચરવા દો.

राजा चमत्कृतः तस्मै शताश्वान् ददौ । ततो भांडारिको लिखति ॥

આ સાંભળી આશ્ચર્ય પામેલા રાજાએ તે કવિને સો ઘોડા અર્પણ કર્યા પછી ખજાનચીએ નિચે પ્રમાણે લખી લીધું.

क्रीडोद्याने नरेंद्रेण शतमश्वा मनोजवाः ॥
प्रदत्ताः कामदेवाय सहकारतरोरधः ॥ २२६ ॥

ક્રિડા કરવાના ઉદ્યાનમાં રાજાએ કામદેવ કવિને ઘણાજ વેગ વાળા સો ઘોડા દાન કર્યા.

ततः कदाचिद्भोजो विचारयति स्म । मत्सदृशो वदान्यः कोपि नास्तीति । तद्गर्वं विदित्वा मुख्यामात्यो विक्रमार्कस्य पुण्यपत्रं भोजाय प्रदर्शयामास । भोजस्तत्र पत्रे किंचित् प्रस्तावमपश्यत् । तथाहि विक्रमार्कः पिपासया प्राह ॥

એક સમયે ભોજરાજા મનમાં વિચાર કરવા લાગ્યા કે મ્હારા સમાન દાન કરવા વાળો કોઇ નથી. ભોજરાજાનો આ પ્રમાણેનો ગર્વ જાણીને મુખ્ય મંત્રી રાજા પાસે

વિક્રમાદિત્યનું પુણ્ય પત્ર બતાવવાને લાવ્યો તે વાંચતાં ત્હેમાં નીચે પ્રમાણેનો ફકરો રાજાના વાંચવામાં આવ્યો કે વિક્રમને તરસ લાગતાં તે કહે છેઃ-

स्वच्छंस ज्जनचित्तवल्लघुतरं दीनार्तिवच्छीतलं ।
पुत्रालिंगनवत्तथैव मधुरं तब्दाभ्यभ्यसंजम्पवत् ॥
एलोशीरलवंगचंदनलसत्कर्पूरकस्तूरिका- ।
जातीपाटलिकेतकैः सुरभितं पानीयमानीयताम् ॥

સજ્જનના ચિત્ર જેવું સ્વચ્છ, દિન પ્રાણીના દુઃખ સમાન હળવું, પુત્રના સમાગમ સમાન ઠંડું, બાળકના શબ્દ સમાન મધુર અને ઇલાયચી, સારા ગંધ, કસ્તુરી વિગેરેથી સુવાસિત કરેલું જળ મારે માટે લાવો.

ततो मागधः प्राह ॥

આ સાંભળી એક માગધ કહેવા લાગ્યો.

वक्त्रांभोजं सरस्वत्यभिवसति सदा शोण एवाधरस्ते ।
बाहुः काकुत्स्थवीर्यस्मृतिकरणपटुदक्षिणस्ते समुद्रः ॥
वाहिन्यःपार्श्वमेताःकथमपिभवतोनैवमुंचंत्यभीक्ष्णं ।
स्वच्छेचित्तेकुतोभूत् कथयनरपतेतेंबुपानाभिलाषः ॥

હે રાજન્ ! ત્હમારા મુખમાં હમેશાં સરસ્વતિનો વાસ છે. ત્હમારા ઓઠમાં શોણદ્ રહેલું છે, ત્હમારી ભુજાઓ રામચંદ્રજીની ભુજા સમાન સમુદ્ર રૂપ છે અને ત્હમારી વાહીનીઓ ત્હમારો સંગ કદી પણ છોડતી નથી આવા સંત સમાન હોવા છતાં ત્હમને તૃષા લાગી અને જળ પિવાનું મન થયું તે આશ્ચર્યકારક છે.

ततो विक्रमार्क प्राह । तथाहि ॥

પછી વિક્રમાર્ક બોલ્યા એ પણ ઠીક છે. એમ કહી

अष्टौ हाटककोटयस्त्रिनवतिर्मुक्ताफलानां तुलाः ।
पंचाशन्मधुगंधमत्तमधुपाः क्रोधोद्धतास्सिंधुराः ॥
अश्वानामयुतं प्रपंचचतुरं वारांगनानां शतं ।
दत्तं पांड्यनृपेण यौतकमिदं वैतालिकायार्प्यताम् ॥

આજ્ઞા કરી કે આ માગધને આઠ કરોડ સુવર્ણ ૯૩ તોલા મોતી, મોટા મદોન્મત્ત અને ક્રોધથી ભરપુર એવા પચાસ હાથી; દશ હજાર ઘોડાઓ ને લીલા કરવામાં ઘણીજ કુશળ તેવી સો વારાંગનાઓ જે પાંડ્ય રાજા તરફથી ભેટ આવેલાં છે તે આપો.

ततो भोजः प्रथमत एव अद्भुतं विक्रमार्कचरित्रं दृष्ट्वा निजगर्वं तत्याज । ततः कदाचिद्धारानगरे रात्रौ विचरन् राजा कंचन देवालये शीतालुं ब्राह्मणमित्थं पठंतमवलोक्य स्थितः ॥

આ પ્રમાણેનું વિક્રમરાજાનું પ્રથમથીજ અદ્ભૂત વર્તન જોઈ તે રાજા ભોજે પોતાના ગર્વનો ત્યાગ કર્યો. પછી એક સમયે રાત્રીના ધારાનગરીમાં ફરતાં ફરતાં રાજા એક દેવળમાં ટાઢથી પિડાતા એક બ્રાહ્મણને કાંઈ બોલતો સાંભળી તે શું કહે છે એમ સાંભળવાની ઇચ્છાથી ત્યાં ઉભો રહ્યો.

शीतेनाध्युषितस्य माघजलवच्चिंतार्णवे मज्जतः ।
शांताग्नेः स्फुटिताधरस्य धमतः क्षुत्क्षामकुक्षेर्मम ॥

निद्रा काप्यवमानितेव दयिता संत्यज्य दूरंगता।
सत्पात्रप्रतिपादितेव कमला नो हीयते शर्वरी२३०

માઘ મહીનામાં ઠરી જતાં જળની માફક ટાઢથી પીડાતો, ચિંતા રૂપી સમુદ્રમાં દર ઘડી નીચે ડુબી જતો શાન્ત પડી ગયેલા અગ્નિને ઓઠની ફુંકોથી સળગાવવાને પ્રયત્ન કરતો, ભુખના દુઃખથી જેનું પેટ ચોંટી ગયેલું છે એવાનો નિદ્રા પણ તિરસ્કાર કરી સ્ત્રીની માફક મ્હારો ત્યાગ કરી જતી રહે છે જ્યારે સુપત્રને આપેલી લક્ષ્મી જેમ ક્ષીણ થતી જણાતી નથી તેમ રાત્રીનો પણ અંત આવતો નથી.

इति श्रुत्वा राजा प्रातस्तमाहूय पप्रच्छ । विप्र पूर्वेद्यू रात्रौ त्वया दारुणः शीतभारः कथं सोढः । विप्र आह ॥

આ પ્રમાણેનાં વાકય સાંભળી રાજાએ પ્રાતઃકાળમાં તે બ્રાહ્મણને બોલાવીને પુંછયું કે હે વિપ્ર રાત્રીના પડેલી દરૂણ તાઢ ત્હેં શી રીતે સહન કરી. બ્રાહ્મણ કહેછે-

रात्रौ जानुर्दिवा भानुः कृशानुः संध्ययोर्द्वयोः ॥
एवं शीतं मया नीतं जानुभानुकृशानुभिः ॥२३१॥

હે રાજન્-ત્રણ વસ્તુનો આશ્રય લઇ મ્હેં તાઢ સહન કરી છે. રાત્રીના બે ઘુંટણ વચ્ચે માથુ નાંખી બેસી રહ્યો. દિવસના સૂર્યના તાપમાં બેશી રહ્યો અને બે સંધ્યા સમયે અર્થાત્ પ્રાતઃ અને સંધ્યા કાળ વખતે અગ્નિનો આશ્રય લીધો હતો. ૨૩૧

राजा तस्मै सुवर्णकलशत्रयं प्रादात् । ततः कवी राजानं स्तौति ॥

આ સાંભળી રાજાએ તે બ્રાહ્મણને ત્રણ સુવર્ણ કળશ દાન કર્યા પછી તે બ્રાહ્મણે રાજાની નીચે પ્રમાણે સ્તુતિ કરી.

धारयित्वा त्वयात्मानं महात्यागधनायुषा ॥
मोचिता बलिकर्णाद्याः स्वयशोगुप्तवर्मिणः ॥२३२॥

હે મહારાજ આપે જન્મ લઇને એટલાં બધાં સુકૃત અને પુણ્ય કર્મ કરેલાં છે કે જેથી મોટા મોટા પરાક્રમી અને મહા દાન દેનારા બળિ, કર્ણ વિગેરેને પણ આપે ભુલાવી નાંખ્યા છે. ૨૩૨

राजा तस्मै लक्षं ददौ । एकदा क्रीडोद्यानपाल आगत्य एकमिक्षुदंडं राज्ञः पुरो मुमोच । तं राजा करे गृहीतवान् । ततो मयूरकविः नितांतं परिचयवशात् आत्मनि राज्ञा कृतामवज्ञां मनसि निधाय इक्षुमिषेणाह ॥

રાજાએ ઉપરની સ્તુતિ સાંભળીને બ્રાહ્મણને લાખ ધન આપ્યું.

એક સમયે માળીએ આવી રાજાની પાસે એક શેલડીનો સાંઠો મુકયો ને હાથમાં લેતાં રાજાને જોઈ મયુર કવિ જે હર હમેશાં સભામાં આવતો હતો તેણે એક પ્રસંગે મળેલા તિરસ્કારને યાદ કરી રાજાને કહ્યુ કે

कांतोसि नित्यमधुरोसि रसाकुलोसि ।
किं चासि पंचशरकार्मुकमद्वितीयम ॥

इक्षो तवास्ति सकलं परमेकमूनं ।
यत्सेवितो भजसि निरसतां क्रमेण॥२३३॥

હે શેલડીના સાંઠા તું સુંદર છે. ઘણોજ મીઠો છે. રસથી ભરપુર છે. કામદેવના ધનુષ્ય રૂપ છે ટુંકામાં ત્હારામાં સર્વે ગુણોનો સમાવેશ થયેલો છે. પરંતુ ત્હારામાં એક મોટો અવગુણ એજે કે નિરંતર ત્હારૂં પોષણ કરવામાં આવે છે છતાં પણ વધતાં વધતાં આગળના ભાગને તું આછો મીષ્ટ બનાવતો જાય છે. ૨૩૩

राजा कविहृदयं ज्ञात्वा मयूरं संमानितवान् । ततः कदाचिद्रात्रौ सौधोपरि क्रीडापरो राजा शशांकमालोक्य प्राह ॥

કવિનો કહેવાનો અર્થ શું છે તે બરાબર સમજવાથી રાજા મયુર કવિનું સન્માન કરવા લાગ્યા.

यदेतच्चंद्रांतर्जलदलवलीलां वितनुते ।
तदाचष्टे लोकः शशक इति नो मां प्रति तथा॥

એક સમયે ક્રિડામાં આશકત થયેલા રાજાએ ચંદ્રમા તરફ દૃષ્ટી પડતાં કહ્યું કે ચંદ્રની અંદર દેખાતા કાળા વાદળ જેવા ભાગને લોકો મૃગ લાંચ્છન કહે છે. પરંતું તેમ્હને વાસ્તવિક લાગતું નથી.

ततश्चाधोभूमौ सौधांतःप्रविष्टःकश्चिच्चोर आह॥

अहं त्विंदुं मन्ये त्वदरिविरहाक्रांततरुणी- ।
कटाक्षोल्कापातव्रणकणकलंकांकिततनुम् ॥२३४॥

આ સમયે મ્હેલમાં કોઇ એક ચોર દાખલ થયેલો હતો ત્હેના સાંભળવામાં ઉપર પ્રમાણેની રાજાની શંકા

આવતાં તે બોલી ઉઠયે કે મ્હારૂ ધારવું તો એમ છે કે ત્હમારા શત્રુઓના વિયોગની પીડા પામતી સ્રિયોનાં ચંદ્ર પ્રતિ મારવામાં આવેલાં વિજળી જેવાં કટાક્ષોના પડેલા ઘાના પરિણામે ચંદ્રમાં કાળાશ જણાય છે. ૨૩૪

राजा तत् श्रुत्वा प्राह । अहो महाभाग कस्त्व-मर्धरात्रे कोशगृहमध्ये तिष्ठसीति । स आह । देव अभयं नो देहीति । राजा तथेति । ततो राजानं स चोरः प्रणम्य स्ववृत्तांतमकथयत् । तुष्टो राजा चोराय दश कोटीः सुवर्णस्याष्टोन्मत्तान् । गजेंद्रांश्च ददौ । ततः कोशाधिकारी धर्मपत्रे लिखति ॥

રાજા આ સાંભળી કહેવા લાગ્યો કે ઘણા આશ્ચ-ર્યની વાત છે કે આ મધ્ય રાત્રીના સમયે મ્હારા કોશમાં છુપાયલો તુ કોણ મહા પુરૂષ છે. ચોર પ્રણામ કરીને બોલ્યો મ્હારાજ મ્હારો અપરાધ ક્ષમા કરો હું ચોરછું. પ્રસન્ન થયેલા રાજાએ તે ચોરને દશ કરોડ સુવર્ણ મ્હોર અને આઠ મદોન્મત હાથી ભેટ આપ્યા. અને કોશાધિ કારીએ તેની નોંધ લીધી કે-

तदस्मै चोराय प्रतिनिहतमृत्युप्रतिभिये ।
प्रभुः प्रीतः प्रादादुपरितनपादद्वयकृते ॥
सुवर्णानां कोटीर्दश दशनकोटिक्षतगिरीन् ।
गजेंद्रानप्यष्टौ मदमुदितकूजन्मधुलिहः ॥ २३५ ॥

જેના અપરાધને લીધેની મૃત્યુ સમાન ભિતિ દુર થઈ ગઇ છે એવા તસ્કરને માત્ર શ્લોકનાં પાછલાં બે ચરણ રચી ઉત્તર આપવાને કારણે રાજાજીએ પ્રસન્ન થઇ દશ કરોડ સુવર્ણ મ્હોર અને આગલા દંતુશળથી

पर्वतोने फाडवाने समर्थ तथा जेमना मदना गळवाथी हमेशां भमराओना टोळांओ तेमनी पाछळ गुंजारव करतां होय छे तेवा आठ हाथी आप्या. २३५

ततः कदाचित् द्वारपाल आगत्य प्राह। देव कौपीनावशेषो विद्वान् द्वारि वर्तत इति। राजा प्रवेशयेति। ततः प्रविष्टस्स कविर्भोजम लाक्य मे दारिद्र्यनाशो भविष्यतीति मत्वा तुष्टो हर्षाश्रूणि मुमोच। राजा तमालोक्य प्राह। कवे किं रोदिषि इति। ततः कविराह। राजन् आकर्णय मद्गृहस्थितिम्॥

एक समये द्वारपाळ आवीने कहेवा लाग्यो के कोई विप्र कोपीन बांधीने आवेलो छे अने मळवांने इच्छा जणावे छे. त्हेने प्रवेश करावावाने आज्ञा मळतां ते विप्रे राजानां दर्शन मात्रथी पोताना दारिद्रनो नाश थशे एम जाणुतां तेनी आंखोमां हर्षाश्रु आवी गयां. आ प्रमाणेनो बनाव जोइ राजा कहेवा लाग्या. हे कवि शा माटे शोच करोछो. ते विप्रे उत्तर आप्यो हे! राजा म्हारा कुटुंबनी स्थितीज एवी छे ते सांभळो.

अये लाजा उच्चैः पथि वचनमाकर्ण्य गृहिणी।
शिशोः कर्णौ यत्ना सुपिहितवती दीनवदना॥
मयि क्षीणोपाये यदकृत दृशावश्रुबहुले।
तदंतः शल्यं मे त्वमसि पुनरुद्धर्तुमुचितः॥२३६॥

हे राजन! एक समये रस्तामां धाणी वेचनारीनो अवाज सांभळतां रखेने ए अवाज छोकरांने काने

પડશે એવા ભયથી દીન મુખવાળી મ્હારી સ્ત્રિ છોક-રાંઓના કાનમાં આંગળીઓ ઘાલવા લાગી આવાં દુઃખ નિવારવાને પણ મ્હારામાં શક્તિ ન હોવાના કારણે તે બનાવ મ્હારા હૃદયમાં શલ્ય સમાન દુઃખ આપે છે અને તે શલ્યને કાઢવાને માત્ર આપજ શક્તિવાન છો. ૨૩૬

राजा शिव शिव कृष्ण कृष्णेत्युदीरयन् प्रत्यक्षर-लक्ष दत्त्वा प्राह। सुकवे, त्वरितं गच्छ येहं त्वद्गृहिणि खिन्नाभूदिति। ततः कदाचिन्मृगयापरिश्रांतो राजा कस्यचिन्महावृक्षस्य छायामाश्रित्य तिष्ठति स्म। तत्र शांभदेवो नाम कविः कश्चिदागत्य राजानं वृक्षमिषेणाह॥

આ સાંભળી હે શિવ–હે કૃષ્ણ એવા દુઃખના ઉદ્ગારો કાઢતાં રાજાએ તે બ્રાહ્મણને ત્હેના બોલેલા એક એક અક્ષર માટે એક એક લાખ રૂપીઆ આપ્યા અને કહ્યું કે હે સુકવિ હવે ત્હમે જલ્દી ઘેર જાવો અને ત્હમારા કુટુંબને નિર્ધનતાના દુઃખમાંથી મુક્ત કરો. એક સમયે શિકારથી થાકેલો રાજા એક મ્હોટા ઝાડની છાયા તળે આરામ લેવા બેઠો હતો. ત્યાં કોઇ સાંભદેવ નામનો કવિ વૃક્ષની ઉપમા આપી રાજાને કહેવા લાગ્યો.

आमं दैर्मरुतोमृगाःकिसलयोल्लासैस्त्वचा तापसाः।
पुष्पैःषट्चरणाःफलैःशकुनया धर्मार्दितारछायया॥
स्कंधैर्गंधगजास्त्वयैव विहिताः सर्वे कृतार्थास्ततः।
त्वं विश्वोपकृतिक्षमोऽसि भवता भग्नापदोऽन्ये द्रुमाः॥

હે મ્હોટા મનવાળા વૃક્ષ ત્હારી સુવાસથી પવનને કુંપળોથી મૃગોને વલ્કલથી તપસ્વીયોને પુષ્પોથી ભમરાઓને, ફળથી પક્ષીયોને શીતળ છાયાથી તાપથી પીઠાયલાઓને સારી સારી ડાળીઓ અને થડથી હાથીઓને તેં પૂર્ણ સંતોષ આપ્યો છે અર્થાત્ સર્વ કોઇને સુખી કરવાને તું સમર્થ છે અને ત્હારાજ પ્રતાપથી સવ ઝાડો સુખી છે. ૨૩૭

किंच—अविदितगुणापि सत्कविभणितिः कर्णे
सुवमति मधुधाराम् ॥ अनधिगतपरिम-
लापि च हरति दृशं मालतीमाला॥२३८॥

તેમજ—

જેવી રીતે માલતીની માળાના ધારણ કર્યા તેમજ સુંઘ્યા વગર પણ ત્હેનાં દર્શનથીજ મન આકર્ષાય છે તેમ સારા કવિની વાણીનો અર્થ સમજાયા વગર પણ શ્રવણ કરવાથી જ કાનમાં જાણે અમૃતની ધારા ઝરતી હોય તેમ આનંદ થાય છે. ૨૩૮

ताभ्यां श्लोकाभ्यां चमत्कृतो राजा प्रत्यक्षरं लक्षं ददौ । अन्यदा श्रीभोजः श्रीमहेश्वरं नंतुं शिवालयमभ्यगात् । तदा कोपि ब्राह्मणो राजानं शिवसन्निधौ प्राह । देव ॥

આ શ્લોકના ચમત્કારથી આશ્ચર્ય પામેલા રાજાએ તે બ્રાહ્મણને દરેક અક્ષર માટે લાખ લાખ રૂપીઆ આપ્યા. એક સમયે ભોજરાજા શ્રીમહેશ્વરનાં દર્શને ગયા હતા. ત્યાં શિવાલયમાં મહાદેવ પાસે એક બ્રાહ્મણને નિચે પ્રમાણે બોલતો સાંભળ્યો.

अर्धं दानववैरिणा गिरिजयाप्यर्धं शिवस्याहृतं ।
देवेत्थं जगतीतले पुरहराभावे समुन्मीलति ॥
गंगा सागरमंबरं शशिकला नागाधिपः क्ष्मातलं ।
सर्वज्ञत्वमधीश्वरत्वमगमत्त्वां मां तु भिक्षाटनम् २३९

હે દેવ! શંકરનું અડધું અંગ વિષ્ણુ લઈ ગયા છે અને અડધું પાર્વતિજી પાસે છે આ પ્રમાણે શંકર વિનાની પૃથ્વીને જોતાં ગંગાજી સાગરમાં જતાં રહ્યાં અને ચંદ્રકળા આકાશમાં જતી રહી. ફણા રૂપી છત્ર ધરનાર નાગ પૃથ્વી તળમાં જતા રહ્યા અને ઈશ્વર પણ આપની પાસે આવી સમાઈ ગયા ત્યારે મ્હારે ભિક્ષાને માટે ઘર ઘર ફરવાનું આવી રહ્યું. ૨૩૯

राजा अक्षरलक्षं ददौ । ततः कदाचिद् द्वारपाल आगत्य प्राह । देव कोपि विद्वान् द्वारि तिष्ठतीति। राजा प्रवेशयेति प्राह ।ततः प्रविष्टो विद्वान् पठति॥

આ પ્રમાણેનું સાંભળી રાજાએ તે કવિના પ્રત્યેક અક્ષરના લાખ લાખ રૂપીયા આપ્યા. એક સમયે દ્વારપાળ આવીને કહેવા લાગ્યો કે, દેવ! દ્વારપર એક વિદ્વાન આવેલા છે.

ત્હેમને અંદર લાવવાને આજ્ઞા મળતાં તે દ્વિજ આવીને કહેવા લાગ્યા કે:—

क्षणमप्यनुगृण्हाति यं दृष्टिस्तेनुरागिणी ॥
ईर्ष्ययेव त्यजत्याशु तं नरेंद्र दरिद्रता ॥२४०॥

હે નરેન્દ્ર! જેના ઉપર એક ક્ષણવાર પણ આપની સ્નેહ દ્રષ્ટી પડે છે તેનો દરિદ્રતા ઈર્ષાની માફક તત્ક્ષણ ત્યાગ કરી જાય છે. ૨૪૦

राजा लक्षं ददौ । पुनरपि पठति कविः ॥

રાજાએ ત્હેને એક લાખ રૂપીયા આપ્યા—પુનઃ તે કવિ કહેવા લાગ્યા.

केचिन्मूलाकुलाशाःकतिचिदपिपुनःस्कंधसंबंधभाज
श्छायां केचित्प्रपन्नाः प्रपदमपिपरे पल्लवा न्नयंति ।
अन्ये पुष्पाणि पाणौदधति तदपरे गंधमात्रस्य पात्रं
वाग्वल्ल्याः किंतु मूढाः फलमहहनहिद्रष्टुमप्युत्सहंते ।

હે દેવ કેવી આશ્ચર્યની વાત છે કે આ સંસારમાં કેટલાક વૃક્ષનાં મુળની આશા કરે છે જ્યારે કોઈ કુંપળો ડાંખળીયો, પલ્લવ અથવા પુષ્પ અથવા માત્ર છાયાથી પણ સંતોષ પામે છે ત્યારે કેટલાક તો એવા અપાર મૂર્ખત્વ ગ્રહણ કરીને બેઠેલા જણાય છે કે વાણી રૂપી વેલનાં ફળ જોવાને અર્થાત સારાં સારાં વાકયો સાંભળવાને પણ ઈચ્છા રાખતા નથી. ૨૪૧

एतदाकर्ण्य बाणः प्राह ॥

આ સાંભળી બાણ કવિ કહેવા લાગ્યાઃ—

परिच्छिन्नः स्वादोमृतगुडमधुक्षौद्रपयसां ।
कदाचिच्चाभ्यासाद्व्रजति ननु वैरस्यमधि ॥
प्रियाबिंबोष्ठे वा रुचिरकविवाक्येप्यनवधि ।
र्नवानंदः कोपि स्फुरति तु रसोसौ निरुपमः॥२४२

અમૃત, ગોળ, સાકર, મધ અને દુધના સ્વાદની કાંઇ પરિસિમા પણ છે; અર્થાત જો તે માપસર લેવામાં આવે છે તો સારા લાગે છે પણ જો માપ કરતાં વધારે લેવામાં આવે છે તો અંતમાં નિરસ પણ જણાય છે; પરંતુ પ્રિયાના અધરામૃતની અને કવિયોનાં રૂચિકર વાકયોની મધુરતાની તો હદજ હોતી નથી. ૨૪૨

ततो राजा लक्षं दत्तवान् । ततः कदाचित् सिंहासनमलंकुर्वाणे श्रीभोजे द्वारपाल आगत्य प्राह । देव वाराणसीदेशादागतः कोपि भवभूति- र्नाम कविर्द्वारि तिष्ठतीति । राजा प्राह । प्रवेशये- ति ततः प्रविष्टः सोपिसभामगात् । ततःसभ्याःसर्वे तदागमनेन तुष्टा अभवन् । राजा च भवभूतिं प्रेक्ष्य प्रणमति स्म । स च स्वस्तीत्युक्त्वा तदाज्ञयो- पविष्टो भवभूतिः प्राह । देव ॥

પછી એક સમયે રાજા સભા ભરી સિંહાસન ઉપર બેઠેલા હતા તે વખતે કાશી દેશથી ભવભુતિ નામના કવિ આવેલા છે એવી દ્વારપાળે ખબર આપતાં રાજાએ હેમને અંદર બોલાવ્યા. ભવભુતિને આવતા જોઇ સર્વ કવિ મંડળ તેમજ રાજા આનંદ પામ્યા રાજાએ પ્રણામ કર્યા અને કવિએ હેમને "સ્વસ્તિ" કરી આશિર્વાદ કહ્યા. પછી ભવભુતિ કહેવા લાગ્યાઃ--

नानीयंते मधुनि मधुपाः पारिजातप्रसूनै- ।
नभ्यर्थ्यंते तुहिनरुचिनश्चंद्रिकायां चकोराः ॥
अस्मद्वाङ्मधुरिमधुरमापद्य पूर्वावताराः ।
सोल्लासाःस्युःस्वयमिह बुधाःकिं मुधाभ्यर्थनाभिः॥

પારિજાતકનાં ખીલેલાં પુષ્પોના મધુનો સ્વાદ લેવા- ને માટે કોઇ કાંઇ ભમરાઓને આમંત્રણ કરતું નથી તેમજ ચંદ્રમા પણ પોતાની શ્વેત અને રમણીય ચાંદ- નીમાં ક્રિડા કરવાને ચકોરને વિનવવા જતો નથી પરંતુ તે સર્વે સ્વાભાવિક રીતેજ એક બીજા તરફ આકર્ષાય

છે તેજ પ્રમાણે મ્હારી મધુરી વાણી સાંભળવાને પંડીત લોકો આપ આપનાં ચિત્ત એક કરીને રાત્રી એ ઉત્સુક થઈને બેસશે એ બાબત વધારે પ્રસંશા કરવ.ને કાંઇ કારણ નથી. ૨૪૩.

नास्माकं शिबिका न कापि कटकाद्यालंक्रियासत्क्रिया
नोत्तुंगस्तुरगो न कश्चिदनुगो नैवांबरंसुंदरम् ॥
किंतुक्ष्मातलवर्त्यशेषविदुषां साहित्यविद्याजुषां ।
चेतस्तोषकरी शिरोगतिकरी विद्यानवद्यास्ति नः ॥

હે દેવ મ્હારી પાસે વાહન માટે પાલખી અથવા પ્હેરવા માટે કડાં જેવાં સારા અલંકારો નથી તેમજ મ્હારી પાસે સત્કાર કરે તેવા સારા નોકરો અથવા ઉમદા ઘોડાઓ પણ નથી માત્ર વિદ્વાનોનાં મનને પ્રસન્ન કરે તેવી અને સર્વના મુગટ રૂપ હોઈ સર્વને નમાવે તેવી નિર્દોષ વિદ્યા છે. ૨૪૪

इत्याकर्ण्य बाणपंडितपुत्रः प्राह । आः पाप धाराधीशसभायामहंकारं मा कृथाः ॥

આ પ્રમાણે સાંભળી બાણ પંડીતનો પુત્ર કહેવા લાગ્યો કે અત્યંત ખેદની વાત છે કે ધરાધીશની સભામાં આવી તું આવાં અહંકારનાં વચનો બોલે છે.

निःश्वासोपि न निर्याति बाणे हृदयवर्त्मनि ॥
किं पुनः प्रकटाटोपपदबद्धा सरस्वति ॥ २४५ ॥

હૃદય માર્ગમાં જ્યારે શલ્ય હોય છે ત્યારે શ્વાસ લેવો પણ ઘણોજ દુઃખદાયક થાય છે ત્યારે જ્યારે શાક્ષાત્ બાણ કવિ પોતેજ અત્રે હોય તો આડંબરથી રચેલી કવિતા પણ કેમ કરી બોલી શકાય. ૨૪૫

ततो भवभूतिः पराभवमसहमानः प्राह ॥

ત્યારે તિરસ્કાર ન સહન કરી શકાવાથી ભવભૂતિ કહેવા લાગ્યા.

हठादाकृष्टानां कतिपयपदानां रचयिता ।
जनः स्पर्धालुश्चेदहह कविना वश्यवचसा ॥
भवेदद्य श्वो वा किमिह बहुना पापिनि कलौ ।
घटानां निर्मातुस्त्रिभुवनविधातुश्च कलहः ॥२४६॥

જેને સરસ્વતિ વશ છે તેવા અપાર શકિતવાળા કવિની સાથે જો કોઇ એક મુશીબતે બીણી ચુંટીને સારા શબ્દની બનાવેલી કવિતા વાળો હરીફાઇ કરે તો તે ઘણીજ આશ્ચર્યની વાત છે આથી વધારે શું કહુ. અને જ્યાં તે પ્રમાણે થાય ત્યાં જેમ કુંભારને અને પ્રજાપતિ કહેતાં બ્રહ્માને હરીફાઇ થતાં કલેશ થાય તેમ થાય છે. ૨૪૬

पुनराह—

વળી કવિએ કહ્યું:-

कालिदासकवेर्वाणी कदाचिन्मद्गिरा सह ॥
कलयत्यद्य साम्यं चेद्भीता भीता पदे पदे ॥२४७॥

તેમજ જો કવિ કાલિદાસની વાણી પણ મ્હારી વાણી સાથે સરખામણી કરવાનો વિચાર કરે તો તેને પણ પગલે પગલે મ્હારી તરફથી ભય રહે છે. ૨૪૭

ततः कालिदासः प्राह । सखे भवभूते महाकविरसि अत्र किमु वक्तव्यम् ॥

આ સાંભળી કાલિદાસ કવિ કહેવા લાગ્યા કે હે ભવભૂતિ તમો મહા કવિ છો તેમાં કાંઇ પણ શંકા નથી.

एषा धारेंद्रपरिषन्महापंडितमंडिता ॥
आवयोरंतरं वेत्ति राजा वा शिवसन्निभः॥२४८॥

મહાપંડીતોની અલંકૃત થયેલી આ ભોજરાજની સભામાં મ્હારા ત્હમારા વચ્ચે શો તફાવત છે તે આ સદાશીવ સમાન રાજા પોતેજ જાણી શકે છે. ૨૪૮

तच्छ्रुत्वा राजा प्राह । युवाभ्यां र त्यंतो वर्णनिय इति । भवभूतिः ॥

આ સાંભળતાંજ રાજાએ પ્રશ્ન મુકયો કે આપ બન્ને સ્ત્રિના વિલાશના અંત ભાગનું વર્ણન કરો. જે સાંભળી ભવભૂતિ કહેવા લાગ્યા.

मुक्ताभूषणमिंदुबिंबमजनि व्याकीर्णतारं नभः ।
स्मारं चापमपेतचापलमभूदिंदीवरे मुद्रिते ॥
व्यालीनं कलकंठमंदरणितं मदानिलैर्मंदितं ।
निस्पंदस्तबकाच चंपकलता साभून्न जाने ततः२४९

ચંદ્ર બિમ્બ અલંકાર રહીત થઇ ગયું. અર્થાત્ પ્રફુલ્લીત મુખારવિંદ તેજ રહીત થઇ ગયું અને શ્વેદનાં બિન્દુઓથી શ્રમિત જણાવા લાગ્યું જેમ શ્વેત આકાશમાં સ્થળે સ્થળે વેરાયલાં નક્ષત્રો તારા જણાતા હોય તેમ જણાવા લાગ્યું. કામ દેવતા ધનુષ્ય રૂપી ભ્રમરો જે નિરંતર કટાક્ષ ફેંકતી હતી તે શાંત થઇ ગઇ નિલ કમળદલશમાન નેત્રો સ્થિર થયાં. શબ્દ સુસ્વર હતો તે ઘેરો થયો અને શ્વાસ ઉતાવળે ચાલવા લાગ્યો અને નાયિકા પોતે પણ સ્થિર ગુચ્છ થઇ ગઇ પછી શું શું તે હું કહી શકતો નથી. ૨૪૯

ततः कालिदासः प्राह ॥

આ સાંભળી કલિદાસ કહેવા લાગ્યા-

स्विन्नं मंडलमैंदवं विलुलितं स्रग्भारनद्धं तमः ।
प्रागेव प्रथमानकेतकशिखालीलायितं सुस्मितम् ॥
शांतं कुंडलतांडवं कुवलयद्वंद्वं तिरोमीलितं ।
वीतं विद्रुमसीत्कृतं नहि ततो जाने किमासीदिति ॥

ચંદ્ર મંડળ સમાન સુશોભિત વદનં પરસ્વેદનાં મોતી જેવાં બિંદુઓથી છવાઇ ગયું તે પ્હેલાં અંધારા સમાન કાળો કેશપાશ જે પ્રથમે સુવાસિત પૂષ્પોથી બાંધેલો હતો તે વિખરાઈ ગયો કેતકીના પ્રફુલ્લીત થતા પુષ્પની માફક મધુરૂ હાસ્ય લજ્જા પામવા લાગ્યું. કુંડળોની ગતિ જે ત્વરિત હતી તે પણ શાંત થઈ ગઇ નિલ કમળ સમાન નેત્રો પણ સ્થિર થઇ ગયાં અને ઓષ્ઠમાંથી શિત્કાર યુકત નિકળતો પ્રેમધ્વનિ પણ મંદ થઈ ગયો તે ઉપરાંત શું બન્યું તે હું જાણતો નથી. ૨૫૦

राजा कालिदासं प्राह । सुकवे भवभूतिना सह साम्यं तव न वक्तव्यम् । भवभूतिराह । देव किमिति वारयसि । राजा सर्वप्रकारेण कविरसि । ततो बाणः प्राह । राजन् भवभूति कविश्रेष्ठःकालिदासो वक्तव्यो वा । राजा बाणकवे कालिदासः कविर्न किंतु पार्वत्याः कश्चिदवनौ पुरुषावतार एव । ततो भवभूतिराह । देव किमत्र प्राशस्त्यम् भवति । राजा प्राह भवभूते किमु वक्तव्यम् प्राशस्त्यं कालिदास श्लोके यतः केतकशिखालीलायितं सुस्मितमिति पठितम् । ततो भवभूतिराह । देव पक्षपातेन

वदसीति । ततः कालिदासः प्राह । देव अपख्यातिर्मा भूत् भुवनेश्वरीदेवतालयं प्राप्य तत्र तत्सन्निधौ भवभूतिहस्ते घटं दत्त्वा श्लोकद्वयं च तुल्यपत्रद्वये लिखित्वा तुलायां मुमोच । ततो भवभूतिभागे लघुत्वोद्भूतां ईषदुन्नतिं ज्ञात्वा देवी भक्तपराधीना सदसि तत्परिभावो मा भूदिति स्वावतंसकल्हारम-करंदं वामकरनखाग्रेण गृहीत्वा भवभूतिपत्रे चिक्षेप । ततः कालिदासः प्राह ॥

ઉપરનાં વર્ણનો સાંભળી રાજા કહેવા લાગ્યા હે કાલિદાસભવભૂતિની સાથે ત્હમને સરખાવી શકાય નહી. ભવભૂતિ પુછવા લાગ્યા મ્હારાજ એમ કહેવાનો અર્થ શું છે. રાજા કહેવા લાગ્યા કે ત્હમે સંપૂર્ણ રીતે કવિ છો ત્યારે બાણ કવિએ કહ્યું કે ભવભૂતિ કવિ છે અને કાલિદાસ પણ કવિજ છે. રાજા કહે છે કાલિદાસ કવિ નથી પણ પુરૂષ રૂપે પાર્વતિનો અવતાર છે ત્યારે ભવભૂતિએ પ્રશ્ન કર્યો કે મ્હારાજ અત્રે કાલિદાસની શી શ્રેષ્ઠતા છે રાજા કહે છે કે કાલિદાસની કવિતામાં લજ્જીત સ્થિત હાસ્યને કેવડાની જે ઉપમા આપેલી છે તે ઘણીજ શ્રેષ્ઠ છે આ સાંભળતાંજ ભવભૂતિ બોલી ઉઠયા કે હે મહારાજ ત્હમે પક્ષપાત કરો છો ત્યારે રાજા કહેવા લાગ્યા કે મ્હારે હાથે કોઇનો પણ વિના કારણ તિરસ્કાર ન થાય માટે આપ સર્વ કવિ મંડળ ભુવનેશ્વરી દેવીના મંદિરમાં ચાલો ત્યાં આપણે કવિ કાલિદાસ તથા ભવભૂતિનો મુકાબલો દેવી સમક્ષ કરીશું. કવિ મંડળના ત્યાં આવ્યા પછી ભવભૂતિના હાથમાં કાંટો આપી સરખા વજનના કાગળોમાં તે બે શ્લોક લખી ત્રાજવાંમાં મુકતાં

ભવભૂતિ વાળો શ્લોક જેમાં હતો તે ત્રાજવું ઉંચું જવા લાગ્યું. પોતાના ભકતનો આ પ્રમાણે તિરસ્કાર થતો જોઈ ભકતોને આધિન જગદંબાએ પોતાના ડાબા હાથે મુગટ મંડળના રજકણોને ત્રાજવામાં ભવભૂતિનો શ્લોક હતો નાંખવાં શરૂ કર્યાં તે જોઇ કવિ કાલિદાસ કહેવા લાગ્યા-

अहो मे सौभाग्यं मम च भवभूतेश्च भणितं ।
घटाय मारोप्य प्रतिफलति तस्यां लघिमनि ॥
गिरां देवी सद्यः श्रुतिकलितकल्हार कलिका- ।
मधूलीमाधुर्यं क्षिपति परिपूर्त्यै भगवती॥२५१॥

અહો મ્હારાં પણ ધન્ય ભાગ્ય છે કે મ્હારી અને કવિ ભવભૂતિની સરખામણી થતાં કવિ ભવભૂતિ હારી જતા હોવાથી પોતાના મુગટમાંથી રજકણો ખેરવી સાક્ષાત્ વાણીની શકતી રૂપી દેવીને પણ ભવભૂતિને સહાય કરવી પડે. ૨૫૧.

ततः कालिदासपादयोः पतति भवभूतिः । राजानं च विशेषज्ञं मनुते स्म । ततो राजा भवभूतिकवये शतमत्तगजान् ददौ । अन्यदा राजा धारानगरे रात्रावेकाकी विचरन् कांचन स्वैरिणीं संकेतं गच्छंतीं दृष्ट्वा पप्रच्छ । देवि, का त्वमेकाकिनी मध्यरात्रौ क्व गच्छसीति । ततश्चतुरा स्वैरिणी सा तं रात्रौ विचरंतं श्रीभोजं निश्चित्य प्राह ॥

ત્યારે રાજાના સમીપ ભવભૂતિ કાલીદાસને પ્રણામ કરી મનમાં વિચારવા લાગ્યા કે રાજા પણ ઘણાજ

જ્ઞ ની છે. રાજાએ ભવભૂતિને મદોન્મત્ત સો હાથી દાન કર્યા. એક સમયે મધ્ય રાત્રીના સમયે ધારા નગરીમાં રાજા એકલો નગર ચર્ચા જોવાને માટે ફરતો હતો તેવામાં ત્હેને એક સ્વચ્છંદ ચારીણી મળી. અઘોર રાત્રીમાં આવે સમયે એકલી જતી જોઈ રાજા ત્હેને પુછવા લાગ્યો કે હે દેવી તું કોણ છે અને અત્યારે ક્યાં જાય છે. રાત્રીના આ સમયે જનાર તે પુરૂષ ભોજ રાજા છે એમ સમજી તે સ્વૈરીણી કહેવા લાગી:-

त्वत्तोपि विषमो राजन् विषमेषुः क्षमापते ॥
शासनं यस्य रुद्राद्या दासवन्मुर्ध्नि कुर्वते ॥२५२॥

હે રાજન્ ત્હમારાથી પણ વધારે અધિકાર ધારણ કરનાર કામદેવ છે અને ત્હેની આજ્ઞાની રૂદ્ર, બ્રહ્માદિક પણ અવગણના કરી શકતા નથી તેને વશ થઈ હું પ્રવર્તુ છું. ૨૫૨.

ततस्तुष्टो राजा दोर्दण्डादादाय अंगदं वलयं च तस्यै दत्तवान् । सा च यथास्थानं प्राप । ततो वर्त्मनि गच्छन् क्वचिद्गृहे एकाकिनीं रुदतीं नारीं दृष्ट्वा किमर्थमर्धरात्रौ रोदिति किं दुःखमेतस्या इति विचारयितुमेकमंगरक्षकं प्राहिणोत् । ततोंगरक्षकः पुनरागत्य प्राह । देव मया पृष्टा यदाह तच्छृणु ॥

આ ઉત્તરથી પ્રસન્ન થયેલા રાજાએ તે સ્ત્રીને પોતાના બાજૂબંધ અર્પણ કર્યા જે તે સ્ત્રી લેઈને માર્ગે વિદાય થઇ વળી માર્ગમાં જતાં જતાં એક સ્ત્રીના રૂદનનો અવાજ રાજાને કાને પડયો, રાજાએ તે સાંભળી પોતાના પટાવાળાને તે સ્ત્રી શા દુઃખથી આવા મધ્ય રાત્રીના સમયે વિલાપ કરે છે તે ખબર લાવવાને મોકલ્યો. ચપરાશી આવી કહે છે-

वृद्धो मत्पतिरेष मंचकगतः स्थूणात्रशेषं गृहं।
कालोयं जलदागमः कुशलिनी वत्सस्य वार्तापि नो॥
यत्नात्संचिततैलबिंदुघटिका भग्नेति पर्याकुला।
दृष्ट्वा गर्भभरालसां निजवधूं श्वश्रूश्चिरं रोदिति२५३

હે રાજા તે વૃદ્ધ સ્ત્રી છે અને શાથી વિલાપ કરે છે તેમ પુછતાં કહે છે કે મ્હારો વૃદ્ધ પતિ અશકત અને ખાટલે વશ થઇ ગયો છે ઘરમાં કોઇ નથી. વરસાદ માર મારનો આવે છે. મ્હારો પુત્ર પરદેશ ગયો છે અને ત્હેના કુશળ સમાચાર પણ ઘણા વખતથી મલ્યા નથી. ઘણા જતનથી ટીંપુ ટીંપુ કરીને જાળવી રાખેલા તેલની પાર ફુટી ગઈ. આવા પ્રસંગોથી વ્યાકુળ થયેલી અને ત્હેમાં પણ પુત્ર વધુની ગર્ભાવસ્થામાં છેલ્લા દિવસો જતા હોવાથી જેની ચિંતાનો પાર નથી તેવી હું નિરાધાર હોવાથી ઘભરાઉં છું. ૨૫૩.

ततः कृपावारिधिः क्षोणीपालः तस्यै लक्षं ददौ। अन्यदा कोंकणदेशवासी विप्रो राज्ञे स्वस्तीत्युक्त्वा प्राह॥

આ સાંભળી જેના હૃદયમાં દયા ઉત્પન્ન થઇ છે તેવા કરૂણાના સાગર રૂપ તે રાજાએ તે વૃદ્ધાને એક લાખ રૂપીઆ આપ્યા પછી એક સમયે કોકણ દેશનો રહીશ કોઇ એક બ્રાહ્મણ રાજાને આશીર્વાદ આપી કહેવા લાગ્યો—

शुक्तिद्वयपुटे भोज यशोब्धौ तव रोदसी॥
मन्ये तदुद्भवं मुक्ताफलं शीतांशुमंडलम्॥२५४॥

હે ભોજરાજા ત્હમારા યશ સમુદ્રનાં પૃથ્વી અને

આકાશ એ એક છીપનાં સંપૂટ રૂપ મ્હને ભાસે છે અને ચંદ્ર અને નક્ષત્ર મંડળ ત્હેમાં ઉત્પન્ન થયેલાં મોતી સમાન જણાય છે. ૨૫૪

राजा तस्मै लक्षं ददौ। अन्यदा काश्मीरदेशात्कोपि कौपीनावशेषो राजनिकटस्थकवीन् कनकमाणिक्यपट्टदुकूलालंकृतान् आलोक्य राजानं प्राह ॥

આ સાંભળી રાજાએ ત્હેને એક લાખ ધન આપ્યું. કોઇ એક સમયે કોપીન ધારણ કરી આવેલા કાસ્મીર દેશના એક કવિએ રાજાની સભામાં અમૂલ્ય અલંકારો તથા ઉમદા વસ્ત્રો પ્હેરેલા રાજાના કવિ મંડળને જોઇ રાજાને કહ્યું કે-

नो पाणौ वरकंकणक्कणयतौ नो कर्णयोः कुंडले
क्षुभ्यत्क्षीरधिदुग्धमुग्धमहसी नो वाससी भूषणम्॥
दंतस्तंभविकासिका न शिबिका नाश्वोपि विश्वोन्नतो
राजन्राजसभासु भाषितकलाकौशल्यमेवास्ति नः॥

હે રાજા મ્હારા હાથમાં કંકણ નથી તેમ કાનમાં કુંડળ પણ નથી અને સમુદ્રના ફીણ જેમાં ધોળાં વસ્ત્ર પણ પ્હેરવા નથી. હાથી દાંતથી બનાવેલી ધોળી પાલખી અથવા તો ઘોડા પણ નથી પણ માત્ર રાજ સભામાં બોલવા લાયક કવિતા તેમજ કળા કૌશલ્યજ મ્હારી પાસે છે. ૨૫૫.

ततस्तस्मै राजा लक्षं ददौ। अन्यदा राजा रात्रौ चंद्रमंडलं दृष्ट्वा तदंतःस्थकलंकं वर्णयति स्म ॥

આથી પ્રસન્ન થયેલા રાજાએ ત્હેને એક લાખ

રૂપીઆ આપ્યા. એક સમયે રાત્રોના ચંદ્ર મંડળને જોઈ ચંદ્રના મધ્ય ભાગે જણાતા કલંકનું રાજા વર્ણન કરવા લાગ્યા કે-

अंकं केपि शशंकिरे जलनिधेः पंकं परे मन्विरे।
सारंगं कतिचिच्च संजगदिरे भूच्छायमैच्छन्परे ॥

આ કલંક માટે લોક જુદી જુદી શંકાઓ બતાવે છે. કોઈ કહે છે કે સમુદ્રનો કીચ ત્યાં બાઝી રહેલો છે ત્યારે બીજા એને સસલું છે અને બાકીના એમ પણ માને છે કે તે પૃથ્વીની છાયા છે.

इति राजा पूर्वार्धं लिखित्वा कालिदास हस्ते ददौ। ततस्स तस्मिन्नेव क्षणे उत्तरार्धं लिखति कविः॥

ઉપર પ્રમાણેનું પૂર્વાર્ધ લખીને રાજાએ કાલિદાસને આપ્યું તેજ ક્ષણે કવિ કાલિદાસે નીચે પ્રમાણેનું ત્હેનું ઉતરાર્ધ લખી આપ્યું કે-

इंदौ यद्दलितेंद्रनीलश[illegible]लश्यामं दरीदृश्यते ।
तत्सांद्रं निशि पीतमंधतमसं कुक्षिस्थमाचक्ष्महे ॥

ચંદ્રમાં રહેલા ઇંદ્ર નીલમણીના કટકા જેવી શ્યામતા મ્હારા ધરવા પ્રમાણે તો ચંદ્ર આખી રાત જે અંધારૂ પીચે છે તેનાજ કારણે થઇ હોય તેમ જણાય છે.

राजा प्रत्यक्षरं लक्षमुत्तरार्द्धस्य दत्तवान् । ततो राजा कालिदासकवितापद्धतिं वीक्ष्य चमत्कृतः पुनराह । सखे अकलंकं चंद्रमसं व्यावर्णयेति । ततः कविः पठति ॥

આ ઉતરાર્દ્ધ સાંભળી રાજાએ પ્રત્યેક અક્ષરના કવિ કાલિદાસને લાખ લાખ રૂપીઆ આપ્યા આ પ્રમાણે કવિ કાલિદાસની કવિત્વ શકિત જોઇને રાજા તેમને કહેવા લાગ્યો કે હે સખે કલંક રહીત ચંદ્રમાનું વર્ણન કરો. કવિ કાલિદાસ કહે છે–

लक्ष्मीक्रीडातडागो रतिधवलगृहं दर्पणो दिग्वधूनां।
पुष्पं श्यामालतास्त्रिभुवनजयिनो मन्मथस्यातपत्रम्
पिंडीभूतं हरस्य स्मितममरधुनीपुंडरीकं मृगांकज्यो-
त्स्नापीयूषवापी जयति सितवृषस्तारकागोलकस्य॥

આ ચંદ્રમા સાક્ષાત લક્ષ્મીજીને ક્રીડા કરવાના સરોવર સમાન, રતિ કરવાના વિલાસ ભુવન, દશ દિશાઓના આયના રૂપ; શ્યામવેલના પુષ્પ રૂપ, જગતને જીતનાર કામદેવના છત્રરૂપ, મહાદેવજીના મંદ હાસ્ય રૂપ, આકાશ ગંગાના કમળ રૂપ, અમૃત રૂપી વાવથી ભરપુર, તારા રૂપી ગાયોના ટોળાના વૃષભ સમાન, આકાશમાં સર્વનાં મનને હરણ કરે તેવી ગતીથી પ્રયાણ કરે છે. ૨૫૭.

राजा पुनः प्रत्यक्षरं लक्षं ददौ। एकदा कश्चिद्दूरदेशादागतो वीणाकविराह ॥

ફરીથી રાજાએ કવિને અક્ષર અક્ષર માટે લાખ લાખ રૂપીઆ આપ્યા. એક સમયે ઘણા દુર દેશથી આવેલ વીણા કવિ રાજાને કહેવા લાગ્યા—

तर्कव्याकरणाध्वनीनधिषणो नाहं न साहित्यविन्नो
जानामि विचित्रकाव्यरचनाचातुर्यमस्यद्भुतम् ॥
देवो कापि विरिंचिवल्लभसुता पाणिस्थवीणाक्वल-।
क्वाणाभिन्नरवं तथापि किमपि ब्रूते मुखस्था मम ॥

ન્યાય વ્યાકરણ મ્હને આવડતાં નથી. તેમજ સાહિત્ય અને કાવ્યની અદ્‌ભુત રચનાઓ પણ મ્હને આવડતી નથી છતાં સાક્ષાત્ બ્રહ્માજીનાં પુત્રી સરસ્વતિ મ્હારા મ્હોંમાં સ્થિતિ કરીને રહેલાં છે અને ત્હેમના પ્રસાદે હું વિણામાં મળે તેવી મધુર ભાષા બોલી શકું છું ૨૫૮.

राजा तस्मै लक्षं ददौ । बाणस्तस्य सुललितप्रबंधं श्रुत्वा प्राह । देव ॥

રાજાએ ત્હેને લાખ રૂપીઆ આપ્યા. ત્યારે ત્હેના સુંદર પદબંધને સાંભળી બાણકવિ કહેવા લાગ્યા કે હે દેવ-

मातंगीमिव माधुरीं ध्वनिविदो नैव स्पृशंत्युत्तमां।
व्युत्पत्तिं कुलकन्यकामिव रसोन्मत्ता न पश्यन्त्यमी॥
कस्तूरीघनसारसौरभसुहृद्युग्मं तयोर्धुर्ययो ।
र्योगः कर्णरसायनं सुकृतिनः कस्यापि संपद्यते २५९

ધ્વનિનેજ જાણનારાઓ રસને અસ્પર્શ સ્ત્રિની માફક અનાદર કરે છે જ્યારે રસને જાણનારાઓ ધ્વનિ તથા રચનાને ઉત્તમ કુળની કન્યા છે એમ સમજી સ્વિકાર પણ કરતા નથી પરંતું બન્ને વસ્તુ જ્યારે હોય છે ત્યારેજ જેવી રીતે કર્પુર અને કસ્તુરીથી મીશ્રીત સુવાસ સ્વીકારવા યોગ્ય જણાય છે તેમ કવિતા પણ સાંભળવાને યોગ્ય ગણાય છે પરંતુ આ બન્ને વસ્તુ પુણ્યે કરીને કોઇનામાંજ જોવામાં આવે છે. ૨૫૯.

अन्यदा राजा सीतां प्रातः प्राह । देवि प्रभातं व्यावर्णयेति । सीता प्राह ॥

એક સમયે રાજા સ્હવારમાં સીતા નામની એક વિદ્વાન સ્ત્રિને કહેવા લાગ્યા કે હે બાઇ પ્રભાત વર્ણન કરો. સીતા કહેવા લાગી–

विरलविरलाः स्थूलास्ताराः कलाविव सज्जना ।
मन इव मुनेस्सर्वत्रैव प्रसन्नमभुन्नभः ॥
अपसरतिच ध्वांतं चित्तात्सतामि दुर्जनो ।
व्रजति च निशा क्षिप्रं लक्ष्मीर्निरुद्यमना इव ॥२६०॥

જેવી રીતે કળિયુગમાં મોટા પુરૂષો જવલેજ જોવામાં આવે છે તેમ તારાઓ પણ અત્યારે ભાગ્યેજ જોવામાં આવે છે અને મુનીનાં નિખાલસ હૃદયની માફક આકાશ પણ નિર્મળ જણાય છે, સજ્જનના ચિત્તમાંથી જેમ દુર્જન દુર થાય છે અને નિરૂદ્યમિ પાસેથી જેમ લક્ષ્મી જતી રહે છે તેમ રાત્રી પાસેથી અંધકાર પણ દુર જાય છે. ૨૬૦.

राजा लक्षं दत्त्वा कालिदासं प्राह। सखे सुकवे त्वमपि प्रभातं व्यावर्णयेति । कालिदासः ॥

રાજા સીતાને એક લાખ રૂપિયા ઉપરના વર્ણનને માટે આપી કવિ કાલિદાસને કહેવા લાગ્યા કે સખા ત્હમે પણ પ્રભાતનું વર્ણન કરો. કાલિદાસ કહે છે—

अभूत्पिंगा प्राची रसपतिरिव प्राश्य कनकं ।
गतच्छायश्चंद्रो बुधजन इव ग्राम्यसदसि ॥
क्षणात्क्षीणास्तारा नृपतय इवानुद्यमपरा ।
न दीपा राजंते विनयरहितानामिव गुणाः२६१

પારો જેમ સુવર્ણની સાથે મળતાં પીળો પડી જાય છે તેમ દિશાઓ પીળી પડી ગઇ છે, જેમ ગ્રા·

મ્ય લોકોની સભામાં પંડીત નિસ્તેજ જણાય છે તેમ ચંદ્રમા પણ કલાહિન થયેલો જણાય છે, ઉદ્યમ રહીત રાજા જેમ ક્ષિણ થાય છે તેમ તારાઓ પણ ક્ષિણ થતા જણાય છે અને સર્વ ગુણ હોવા છતાં નમ્રતા ન હોય તો ગુણોનો પ્રકાશ જણાતો નથી તેમ દિપક પણ પ્રકાશ વગરનો થઈ જાય છે. ૨૬૧.

राजा तस्मै प्रत्यक्षरलक्षं ददौ । अन्यदा द्वारपाल आगत्य प्राह । देव कापि मालाकारपत्नी द्वारि तिष्ठतीति । राजा प्रवेशयेति । ततः प्रवेशिता सा च नमस्कृत्य पठति ॥

રાજાએ કવિને પ્રત્યેક અક્ષર માટે લાખ લાખ ધન આપ્યું તેટલામાં દ્વારપાળે આવી કહ્યું કે મહારાજ બારણે એક માલણ આવેલી છે અને મળવા ઈચ્છા જણાવે છે. પ્રવેશ કરી તે બાઈ નમસ્કાર કરી કહેવા લાગી:-

समुन्नतघनस्तनस्तवकचुंबितुंबीफल- ।
क्वणन्मधुरवीणया विबुधलोकलोलभ्रुवा ॥
त्वदीयमपगीयते हरकिरीटकोटिस्फुर- ।
तुषारकरकंदलीकिरणपूरगौरं यशः ॥ २६२ ॥

હે મ્હારાજ આપનો યશ મહાદેવજીના મુકુટમાં રહેલા ચંદ્ર બિમ્બ જેવો સફેત છે અને સ્વર્ગ લોકની સ્ત્રિઓ ગુચ્છ રૂપી જેમના સ્તન ઉપર વિણાનાં તુંબડાં રહેલાં છે તેની સાથે હરહમેશ તે યશનું ગાન કરે છે. ૨૬૨.

राजा अहो महती पदपद्धतिरिति तस्यै प्रत्यक्षरलक्षं ददौ । अन्यदा रात्रौ राजा धारानगरे

विचरन् कस्यचिद्गृहे कामपि कामिनीं उलूखल-परायणां ददर्श। राजा तां तरुणीं पूर्णचंद्राननां सुकुमारांगीं विलोक्य तत्करस्थं मुसलं प्राह। हे मुसल एतस्याः करपल्लवस्पर्शेनापि त्वयि किसलयं नासीत् तर्हि सर्वथा काष्ठमेव त्वमिति। ततो राजा एकं चरणं पठति स्म॥

તે કવિતાના પદની રચના ઘણીજ આકર્શક અને અદ્ભુત જણાવાથી રાજાએ તે માલણને પ્રત્યેક અક્ષર માટે લાખ લાખ રૂપીઆ આપ્યા. એક સમયે રાત્રીના રાજા ધારાનગરીમાં ફરતા હતા ત્યારે કોઇ એક ઘરમાં એક સ્ત્રિને સાંબેલાવતી અન્ન છડતી જોઇ. આસ્ત્રિ ઘણીજ રૂપાળી અને યુવાન હતી. ત્હેનું ચંદ્ર સમાન મુખ કમળ અને તેના હાથમાં રહેલા સાંબેલાને જોઇ રાજા કહેવાલાગ્યા કે હે સાંબેલા આવી સુકોમળ સ્ત્રિના હસ્ત સ્પર્ષથી પણ જ્યારે ત્હને કુંપળો ફુટતી નથી ત્યારે સર્વથા તું કાષ્ઠ જ છે. પછી કવિતાનું એક ચરણ રાજા બોલ્યા—

मुसल किसलयं ते तत्क्षणाद्यन्न जातम्।

'હે સાંબેલા શામાટે તેજ ક્ષણે ત્હારામાં કુંપલો ઉત્પન્ન થઇ નહીં'.

ततो राजा प्रायस्सभायां समागतं कालिदासं वीक्ष्य 'मुसल किसलयं ते तत्क्षणाद्यन्न जातम्' इति पठित्वा सुकवे त्वं चरणत्रयं पठेत्युवाच। ततः कालिदासः प्राह॥

પછી પ્રાતઃકાળ થતાં જ્યારે રાજા સભામાં આવ્યા

ત્યારે કવિ કાલિદાસને જોઈ પોતે બનાવેલું એક ચરણ બોલી કાલિદાસને બાકીનાં ત્રણ ચરણ બનાવવાને કહ્યું ત્યારે કવિ કાલિદાસે નિચે પ્રમાણેના અર્થનાં ત્રણ ચરણ બનાવ્યાં–

जरगात विदितमेतत्काष्ठमेवासि नूनं ।
तदपि च किल सत्यं कानने वर्धितोसि ॥
नवकुवलयनेत्रीपाणिसंगोत्सवेऽस्मिन् ।
मुसल किसलयं ते तत्क्षणाद्यन्न जातम् २६३

હે સાંબેલા જગતમાં જે વાત પ્રસિદ્ધ છે કે તું કાષ્ઠ છું અને જંગલમાંથી ઉત્પન્ન થયેલું છે તે વાત કોમળ અંગ તથા નેત્ર વાળી સ્ત્રીના હસ્તાસ્પર્ષથી પણ ત્હને કુપળો ન ફુટી તેથી સિદ્ધ થાય છે. ૨૬૩.

ततो राजा चरणत्रयस्य प्रत्यक्षरं लक्षं ददौ । अन्यदा राजा दीर्घकालं जलकेलिं विधाप परिश्रांतस्तत्तीरस्थवटविटपिच्छायायां निषण्णस्तत्र कश्चित्कविरागत्य प्राह ॥

પછી ત્રણે ચરણો માટે અક્ષર દીઠ રાજાએ લાખ લાખ રૂપીઆ આપ્યા. એક સમયે ક્રિડાથી શ્રમિત રાજા સરોવરના તીર ઉપર એક વડના ઝાડના છાયા તળે આરામ લેવાને બેઠા હતા ત્યાં કોઈ કવિ આવીને કહેવા લાગ્યો.–

छन्नं सैन्यरजोभरेण भवतः श्रीभोजदेव क्षमा- ।
रक्षादक्षिण दक्षिणक्षितिपतिः प्रेक्ष्यांतरिक्षं क्षणात् ॥
निःशंको निरपत्रपो निरनुगो निर्बांधवो निःसुहृ-
न्निःस्त्रीको निरपत्यको ।न दजो निर्हाटको निर्गतः॥

હે ભોજરાજ! હે પૃથ્વીના રક્ષણકરનાર ત્હમારી સેનાના ભારથી ઉડેલાં રજકણોથી ઢંકાયલા આકાશને લીધે દક્ષિણ દેશનો રાજા શંકા, લજ્જા, સેવકો, બાંધવ, મીત્રો, સ્ત્રિ, સંતાન તથા નાનાભાઇ સુવર્ણ વિગરેનો ત્યાગ કરી જતો રહ્યો. ૨૬૪.

किंच—

अकांडधृतमानसव्यवसितोत्सवैस्सारसै- ।
रकांडपटुतांडवैरपि शिखंडिनां मंडलैः ॥
दिशस्समवलोकिताः सरसनिर्भर प्रोल्लस- ।
द्भवत्पृथुवरूथिनीरजनिभूरजःश्यामलाः ॥ २६५॥

તેમજ—

ઉપર પ્રમાણેની વિરરસથી ભરપુર અને અતિશય શોભાવાળી ત્હમારી સૈન્યા જ્યારે કુચ કરતી હોય છે ત્યારે ત્હેના ચાલવાથી ઉડતી ધુળથી દિશાઓ છવાઇ જાય છે તે જોઇને હંસો માનસરોવર તરફ આકરસાય છે અને મયુરો નાચ કરવા મંડી પડે છે. ૨૬૫.

ततो राज्ञा लक्षद्वयं ददौ । तदानीमेव तस्य शाखायामेकं काकं रटंतं प्रेक्ष्य कोकिलं चान्यशाखायां कूजंतं वीक्ष्य देवजयनामा कविराह ॥

આ સાંભળી રાજાએ વળી બે લાખ રૂપીઆ આપ્યા. તે વખતે તે ઝાડની એક શાખા ઉપર કોયલ અને બીજા ઉપર કાગડાને બોલતાં સાંભળી જયદેવ નામનો કવિ કહેવા લાગ્યો.—

नो चारू चरणौ न चापि चतुरा चंचुर्न वाच्यं वचो।
नो लीला चतुरा गतिर्न च शुचिः स्वक्षग्रहोयं तव॥

क्रूरकेंकृतिनिर्भरां गिरमिह स्थाने वृथैवोद्गिरन् ।
मूर्ख ध्वांक्ष न लज्जसेप्यसदृशं पांडित्यमुन्नाटयन् ॥

હે કાગડા ત્હારે નથી સુંદર પગ અથવા ચાંચ તેમજ ત્હારી વાણી પણ મધુર નથી અને ચાલ પણ સારી નથી ત્હારી પાંખો પણ ગ્રહણ કરવાને યોગ્ય નથી માત્ર ત્હારી ક્રુર વાણી રૂપ કાકા એવા શબ્દથી તું વૃથા જગતમાં ફર્યા કરે છે.

तत एनां देवजयकविना काकमिषेण विरचितां स्ववर्हणां मन्यमानस्तत्स्पर्धालुर्हरिशर्मा नामः कविः कोपेनेर्ष्यापूर्वं प्राह ॥

ઉપર પ્રમાણેની કવિતા પોતાના તરફ કટાક્ષથી રચી છે એમ જણાતાં જયદેવનો પ્રતિસ્પર્ધિ હરીશર્મા નામનો બીજો કવિ કહેવા લાગ્યો.

तुल्यवर्णच्छदैःकृष्णःकोकिलैस्सह संगतः ॥
केन व्याख्ययते काकः स्वयं यदि न भासते॥२६७

જો કોયલાના જેવા રંગવાળા અને પાંખો વાળા કાગડાએ પોતાના બોલથી બીજાને ઓળખાણ ન આપી હોત તો તે કાગડો છે તેમ શી રીતે જણાત. २६७

ततो राजा तयोर्हरिशर्मदेवजययोः अन्योन्यवैरं ज्ञात्वा मिथ आलिंगनादिवस्त्रालंकारादिदानेन च मित्रत्वं व्यधात् । अन्यदा राजा यानमारुह्य गच्छन् वर्त्मनि कंचित्तपोनिधिं दृष्ट्वा तं प्राह । भवादृशानां दर्शनं भाग्यायत्तम् । भवतां क्व स्थितिः । भोजनार्थं के वा प्रार्थ्यन्त इति । ततः

स राजवचनमाकर्ण्य तपोनिधिराह ॥

આવા કટાક્ષના શ્લોક એક બીજાને બોલતાં સાંભળી હરીશર્મા તથા જયદેવને વેર છે એમ જાણતાં રાજાએ તેઓને મીત્ર બનાવ્યા અને બન્નેનું સન્માન કરી સારૂ દાન આપ્યું. એક સમયે રાજા સવારી કરીને બ્હાર જતા હતા ત્યાં માર્ગમાં તેમને એક તપસ્વીનો સમાગમ થયો જે જોઈ રાજા પુછવા લાગ્યા કે હે મહાભાગ આપના જેવાનાં દર્શનનો લાભ મળે તે પણ એક ભાગ્યનું ચિન્હ છે આપ કોણ છો ક્યાં રહો છો અને ભોજન માટે શું કરો છો ? રાજાનાં વચનો સાંભળી તપસ્વી બોલ્યા.

फलं स्वेच्छालभ्यं प्रतिवनमखेदं क्षितिरुहां ।
पयः स्थाने स्थाने शिशिरमधुरं पुण्यसरिताम् ॥
मृदुस्पर्शा शय्या सुललितलतापल्लवमयी ।
सहंते संतापं तदपि धनिनां द्वारि कृपणाः॥२६८॥

હે રાજા પ્રત્યેક વનમાં વૃક્ષો હોય છે અને ત્હેમના ઉપરનાં ફળ વિનાપરિશ્રમે મળે છે માર્ગમાં શિશિર ૠતુથી મધુર થયેલુ સ્વચ્છ પાણી પણ દરેક નદીયોમાં હોય છે કુમળાં પુષ્પો તથા પલ્લવવાળી લતાઓ શય્યા માટે હરેક ઠેકાણે તૈયારજ હોય છે આટલી આટલી અનુકુળતા હોવા છતાં જે ધનિક લોકોના દ્વાર આગળ નિરધન થઇને હમેશાં યાચના કરે છે તે હમેશ માટે કંગાલજ રહે છે. ૨૬૮

राजान् वयं कमपि नाभ्यर्थयामः न गृह्णीमश्चेति राजा तुष्टो नमति। तत उत्तरदेशादागत्य कश्चिद्राजानं स्वस्तीत्याह। तं च राजा पृच्छाते।

विद्वन् कुत्र ते स्थितिरिति । विद्वानाह ॥

હે રાજન! અમો કોઇની પાસે ભિક્ષા માગતા નથી. અને કોઇ આપે છે તો ત્હેની પાસેથી કાંઇ લેતા નથી આ સાંભળી રાજા ઘણાજ પ્રસન્ન થઇ ત્હેને પ્રણામ કરવા લાગ્યા. એટલામાં ઉત્તર દેશમાંથી આવેલો કોઇ વિદ્વાન રાજાને સ્વસ્તિ કહી ઉભો રહ્યો. ત્હેને રાજા પુછવા લાગ્યા કે ત્હમે ક્યાંના રહીશ છો ત્યારે તે કહેવા લાગ્યા.

यत्रांबु निंदत्यमृतमंत्यजाश्च सुरेश्वराः ॥
चिंतामणिश्च पाषाणास्तत्र नो वसतिः प्रभो ॥२६९॥

હે પ્રભુ જ્યાં જળ અમૃતને નિંદે છે તથા નીચ લોકો ઇંદ્રની સરખામણી કરે છે અને જ્યાંના પથ્થરો આગળ ચિંતામણી પણ તુચ્છ છે એવા દેશમાં હું વસુછું. ૨૬૯

तदा राजा लक्षं दत्त्वा प्राह काशीदेशे का विशेषवार्त्तेति । स आह । देव इदानीं काचिदद्भुतवार्ता तत्र लोकमुखेन श्रुता, देवा दुःखेन दीना इति । राजा देवानां कुतो दुःखं विद्वन् । स चाह ॥

ઉપરનો શ્લોક સાંભળી રાજા ત્હેને એક લાખ રૂપીઆ આપી પુછવા લાગ્યા કે કાશીમાં હાલ શી સ્થિતિ છે? તે વિપ્રે જવાબ દીધો મ્હારાજ હાલમાં ત્યાંના અદ્‌ભુત સમાચાર મ્હેં સાંભળ્યા છે કે દેવતાઓ અત્યંત દુઃખી છે. રાજાએ પુછ્યું દેવતાઓને દુઃખ તે શું ?

निवासः क्वाद्य नो दत्तो भोजेन कनकाचलः ॥
इति व्यग्रधियो देवा भोज वार्त्तेति नूतना ॥२७०॥

વિપ્ર કહે છે કે ત્યાં સર્વત્ર દેવતામાં ગમગીની એ કારણથી ફેલાઈ ગઇ છે કે માલવ પતિ ભોજરાજે કનકાચલનું દાન કરી દીધું અર્થાત્ સર્વને સુવર્ણનું દાન કરવા માંડયું છે અને સુમેરૂ સે નાનો પર્વત તેજ દેવતાઓના નિવાસ રૂપ છે ત્યારે જ્યાં ત્હેનું સર્વ દાન આપી દેવામાં આવે છે તો હવે દેવોને ચિંતા થવા લાગી કે આપણે રહેવું કયાં? ૨૭૦.

ततो राजा कुतूहलोक्त्या तुष्टः सन् तस्मै पुनर्लक्षं ददौ। ततो द्वारपालः प्राह। देव श्रीशैलादागतः कश्चिद्विद्वान् ब्रह्मचर्यनिष्ठो द्वारि वर्तत इति। राजा प्रवेशयेत्याह। तत आगत्य ब्रह्मचारी चिरं जिवेति वदति। राजा तं पृच्छति। ब्रह्मन् बाल्य एव कलिकालाननुरुपं किं नाम व्रतं ते। अन्वहमुपवासेन कृशोसि। कस्यचित् ब्राह्मणस्य कन्यां तुभ्यं दापयिष्यामि। त्वं चेद्गृहस्थधर्ममंगीकरिष्यसीति। ब्रह्मचारी प्राह। देव त्वमीश्वर स्त्वया किमसाध्यम्॥

ફરી પાછા રાજાએ ઉપરનો શ્લોક સાંભળીને બ્રાહ્મણને એક લાખ રૂપીઆ આપ્યા. તે સમયે દ્વારપાળે આવી સમાચાર કહ્યા કે દ્વાર ઉપર એક બ્રહ્મચર્યનિષ્ઠ વિદ્વાન આપનાં દર્શનની ઈચ્છા ધરાવે છે. ત્હેને પ્રવેશ કરાવવાને આજ્ઞા થતાં તે બ્રહ્મચારીએ આવી રાજાને આશીર્વચન આપ્યાં. કુમારાવસ્થામાં દિન પ્રતિ દિન ઉપવાસના પરિણામે કૃશ થતા જતા શરીરને જોઈ રાજા ત્હેમને પુછવા લાગ્યા કે હે મહાભાગ કુ-

લિકાલમાં ન બની શકે તેવું કઠણ વૃત આપ કરો છો. માટે જો આજ્ઞા હોય તો ઉત્તમ કુળના બ્રાહ્મણની કન્યા સાથે આપનો યોગ કરાવી આપું અને આપ સંસાર સ્વિકારો. તે બ્રહ્મચારી કહેવા લાગ્યા કે નરેન્દ્ર આપથી કશું ન બની શકે તેમ નથી કારણકે ત્હમે સાક્ષાત્ ઈશ્વિરના અંશાવતારી છો.

सारंगाः सुहृदो गृहं गिरिगुहा शांतिः प्रिया गेहिनी।
वृत्तिर्वेह्निलताफलैर्निवसनं श्रेष्ठं तरूणां त्वचः ॥
त्वध्यानामृतपूरमग्नमनसां येषांमियं निर्वृत्ति-।
स्तेषामिंदुकलावतंसयमिनां मोक्षेपि नोन स्पृहा॥

હે દેવ! હું શીવનો પરમ ભક્ત છું અને જંગલમાં રહી તેની શેવા કરવી તેજ મ્હારો ઉત્તમ ધર્મ સમજું છું. પશુ પક્ષીઓ મ્હારાં પરમ સંબંધીઓ છે. મ્હારા સ્થાનક માટે પર્વતોની ગુફાઓ છે. મનની શાંતિ તે મ્હારી અર્ધાંગના છે. અગ્નિ, ફળ, ફુલ, પત્રો તે સર્વ મ્હારાં આજીવીકાનાં સાધનો છે અને વૃક્ષોની છાલ અને ત્હેનાં બનેલાં વલ્કલો મ્હારાં ઉત્તમ આભુષણો છે. ઉપરનાં સાધનોથી હું ગૃહસ્થોના અંત્યંત સુખને અનુભવું છું. અને તે ઉપરાંત ચંદ્ર જેના મુકુટમાં છે તેવા શીવજીને નમનાર ભકતોને મોક્ષ પણ ઉત્તમતર જણાતો નથી તો સંસાર સુખનો તો હીસાબ શો હોય ૨૭૧.

राजा उत्थाय पादयोः पतति आह च। ब्रह्मन् मया किं कर्त्तव्य मिति। स आह। देव वयं काशीं जिगमिषवस्तत एकं विधेहि। ये त्वत्सदने पंडित-वराः तान् सर्वानपि सपत्नीकान् काशीं प्रति प्रेषय।

ततोहं गोष्ठीतृप्तः काशीं गमिष्यामिति। राजा तथा चक्रे। ततस्सर्वे पंडितवरास्तदाज्ञया प्रस्थिताः। कालिदास एको न गच्छति स्म। तदा राजा कालिदासं प्राह। सुकवे त्वं कुतो न गतोसीति। ततः कालिदासो राजानं प्राह। देव सर्वज्ञोसि॥

રાજા ઉપર પ્રમાણેનો ખુલાસો સાંભળી ઉભા થઇ તે બ્રહ્મચારીને પ્રણામ કરી કહેવા લાગ્યા હે મ્હારાજ હવે મ્હને શી આજ્ઞા છે. તે કહે છે હે દેવ હું કાશી જવાની ઇચ્છા રાખું છું માટે આપની સભાના સર્વ પંડિતોને ત્હેમની સ્ત્રિઓ સાથે કાશી યાત્રા જવાને માટે વિનંતી કરો એટલે તેઓ સર્વની સાથે વાર્તા વિનોદ કરતો કરતો હું કાશી જઇશ. તે પ્રમાણે આજ્ઞા કરતાં સર્વ પંડિતો કાશી તરફ યાત્રા કરવા લાગ્યા માત્ર કાલિદાસ કવિ ગયા નહી ત્યારે રાજાએ કાલિદાસને પુછયું કે હે સખા શામાટે ત્હમો ગયા નથી. કાલિદાસે કહ્યું મ્હારાજ આપતો સર્વજ્ઞ છો છતાં સાંભળો—

ते यांति तीर्थेषु बुधा ये शंभोर्दूरवर्त्तिनः॥
यस्य गौरीश्वरश्चित्ते तीर्थं भोज परं हि सः॥२७२॥

હે મ્હારાજ જે પંડિતો શીવથી દુર છે તેમને શીવની યાત્રા કરવાની જરૂર છે પણ જે હમેશાં શીવ સમીપ છે અર્થાત્ જે હમેશાં પોતાના હૃદયમાં શીવનું ચિંતવન કર્યા કરે છે તે પોતે શીવ રૂપ પરમ તીર્થજ છે એટલે ત્હેને યાત્રા કરવાની કાંઈ જરૂર નથી ૨૭૨.

ततो विद्वत्सु काशीं गतेषु राजा कदाचित्स-भायां कालिदासं पृच्छति स्म। कालिदास अद्य

मापे श्रुतं किं ९ यति स । आह ॥

સર્વ વિદ્વાન કાશીમાં ગયા હતા ત્યારે એક દિવસે રાજા કાલિદાસને પુછવા લાગ્યા કે હે કવિ આજ કાલમાં કાંઇ નવિન સમાચાર સાંભળ્યા છે. કાલિદાસ કહેવા લાગ્યા.—

मेरौ मंदरकंदरासु हिमवत्सानौ महेंद्राचले ।
ल्कासस्य शिलातलेषु मलयप्राग्भारभागेष्वपि ॥
सह्याद्रावपि तेषु तेषु बहुशो भोज श्रुतं ते मया।
लोकालो विचारचारणगणैरुद्गीयमानं यशः २७३

હે રાજા સુમેરૂમાં મંદરાચળની ગુફાઓમાં હીમાચળમાં, મહેંદ્રાચળમાં, કૈલાશની શીલાઓમાં, મલયાચળના અંદરના ભાગમાં અને સંહ્યાદ્રિમાં સર્વ ઠેકાણે ઘણે ઘણે ભાગે વખતે વખત ફરનાર ચારણ લોક તુમારા યશનું ગાન કરે છે. ૨૭૩.

ततश्चमत्कृतो राजा प्रत्यक्षरलक्षं ददौ । ततः कदाचिद्राजा विद्वद्वृंदं निर्गतं कालिदासं च अनवरतवेश्यालंपटं ज्ञात्वाप्यचिंतयत् । अहह बाणमयूरप्रभृतयो मदीयामाज्ञां व्यदधुः । अयं च वेश्यालंपटतया ममाज्ञां नाद्रियते किं कुर्म इति । ततो राजा सावज्ञं कालिदासमपश्यत् । तत आत्मनि राज्ञोवज्ञां ज्ञात्वा कालिदासो बल्लालदेशं गत्वा तद्देशाधिनाथं प्राप्य प्राह । देव मालवेंद्रस्य भोजस्यावज्ञया त्वद्देशं प्राप्तोहं कालिदासनामकविरिति । ततो राजा तम सन उपवेश्य प्राह

सुकवे भोजसभाया इहागतैः पंडितैस्समुदितः शतशस्त गरिमा। सुकवे त्वां सरस्वतीं वदंति ततः किमपि पठेति। कालिदास आह ॥

આથી આશ્ચર્ય પામેલા રાજાએ તેને ફરીથી એક અક્ષર દીઠ એક લાખ રૂપીઆ આપ્યા. પછી એક સમયે પોતાના વિદ્વાનો જેઓ યાત્રાએ ગયા હતા ત્હેમ- નો તથા વેશ્યામાં આશક્ત કવિ કાલિદાસનો વિચાર કરતાં રાજા કહેવા લાગ્યા કે અરેરે-કાલિદાસ નિરંતર વેશ્યામાંજ આશક્ત રહે છે તે ઘણાજ ખેદની વાત છે. બાણ, મયુર વિગેરે કવિ જનો તો મ્હારી આજ્ઞાને અનુ- સરે છે પણ કાલિદાસ તો મ્હરી આજ્ઞાની પણ અવ- જ્ઞા કરે છે. આ પ્રમાણે રાજાને પોતાની કસુર માલુમ પડી છે, એ પ્રમાણે ભાન થતાં કાલિદાસ ભોજરાજાનો ત્યાગ કરી બલ્લાલ દેશમાં ગયા અને ત્યાંના રાજાને મળ્યા અને ત્હેને કહ્યું કે હે દેવ હું કાલિદાસ નામનો કવિ માલવેંદ્ર ભોજરાજાના હુકમને ન ગણકારતાં ત્હ- મારા દેશમાં આવ્યો છું. પછી તે રાજાએ કાલિદાસને આસન પર બેસાડી કહ્યું કે હે કવિરાજ ભોજરાજાની સભાના સેંકડો પંડિતો જે મ્હારી સભામાં આવેલા છે તેઓએ ત્હમારી પરિપૂર્ણ શ્લાઘા મ્હારી પાસે કરેલી છે. હે કવિ ત્હમને લોકો સરસ્વતિનો અવતાર માને છે માટે કાંઇ બોલો, ત્યારે કાલિદાસ બોલ્યા કે-

बल्लालक्षोणिपाल त्वदहितनगरे संचरंति किराती।
कीर्णान्यादाय रत्नान्युरुतरखदिरांगारशंकाकुलांगी
क्षीप्त्वा श्रीखंडखंडं तदुपरिमुकुलीतभ्रूनेत्रा धमंती।
श्वासामोदानुपातैर्मधुकरनिकरैर्धूमशंकां बिभर्ति॥

હે બલ્લાલ ભૂપાલ! ત્હમારા શત્રુના નગરમાં ફરતી એક ભીલ સ્ત્રિને વિખરાયલાં કેટલાંક અમુલ્ય રત્નો જડતાં આ અંગારા છે એમ ભ્રાન્તી થવાથી વ્યાકુળ થઇ ત્હેણે તેમને એકઠા કરી તેમના ઉપર ચંદન વૃક્ષનો એક ટુકડો મુકી ફુંક મારવા માંડી. આમ કરતાં ત્હેના શ્વાસપ્રશ્વાસથી અનેક ભમરાઓ તે સ્થળે ખેંચાઈ આવ્યા તે ભમરાઓને પણ તે ધુમાડો સમજી.

ततस्तस्मै प्रत्यक्षरलक्षं ददौ। ततः कदाचिद्बल्लालराजा कालिदासं पप्रच्छ। सुकवे एकशिलानगरीं व्यावर्णयेति। ततः कविराह॥

આ સાંભળી બલ્લાલ રાજાએ તે કવિના અક્ષરે અક્ષરના લાખ લાખ રૂપીઆ આપ્યા. પછી એક સમયે રાજાએ કાલિદાસને એકશીલા નગરીનું વર્ણન કરવાને કહેતાં કવિ કહેવા લાગ્યા કે—

अपांगपातैरपदेशपूर्वै- ।
रेणीदृश[illegible]शिलानगर्याः ॥
वीथीषु वीथीषु विनापराधं ।
पदे पदे श्रृंखलिता युवानः ॥ २७५ ॥

એકશીલા નગરમાં મૃગ નયનિઓ વિના કારણ શાહુકારીઓ ઉપર તીવ્ર કટાક્ષો નાંખે છે જેના પરિણામે રસ્તે રસ્તે અને પગલે પગલે ચઢતા લોહીના યુવાનો તેમના પાશમાં આવી પડે છે. ૨૭૫.

पुनश्च प्रत्यक्षरलक्षं ददौ। कविः पुनश्च पठति॥

આ સાંભળીને પણ બલ્લાલ રાજાએ તે કવિને અક્ષર દીઠ લાખ લાખ રૂપીઆ આપ્યા એટલે ફરીથી કવિ કહેવા લાગ્યા.—

अंभोजपत्रायतलोचनाना- ।
मंभोधिदीर्घास्विह दीर्घिकासु ॥
समागतानां कुटिलैरपांगै- ।
रनंगबाणैः प्रहता युवानः ॥ २७६ ॥

વળી આ સ્થળે સમુદ્ર જેવી મોટી વાવોમાં કમળ પત્ર જેવાં મોટાં નેત્રો વાળી સ્ત્રીયોનાં કુટીલ કટાક્ષોથી કામદેવનાં બાણોથી ઘણા યુવાનો વિંધાઈ જાય છે. २७६

पुनश्च बल्लालनृपः प्रत्यक्षरलक्षं ददौ । एवं तत्रैव स्थितः कालिदासः । अत्रांतरे धारानगर्यां भोजं प्राप्य द्वारपालः प्राह । देव गुर्जरदेशात्म घनामा पंडितवर आगत्य नगराद्बहिरास्ते । तेन च स्वपत्नी राजद्वारि प्रेषिता । राजा तां प्रवेशयेत्याह । ततो माघपत्नी प्रवेशिता सा राजहस्ते पत्रं प्रायच्छत् । राजा तदादाय वाचयति ॥

ફરીથી બલ્લાલ રાજાએ કાલિદાસને પ્રત્યેક અક્ષર માટે લાખ લાખ રૂપીઆ આપ્યા આ પ્રમાણે દિન પ્રતિ દિન કાલિદાસ કવિ ત્હેમના નવા સ્થાનકમાં દૃઢ થતા જતા હતા તે વખતે ધારા નગરીમાં ભોજરાજા પાસે દ્વારપાળ આવી કહેવા લાગ્યો કે હે દેવ ગુર્જર દેશથી માઘ નામના પંડીત નગર બ્હાર આવેલા છે અને ત્હેમણે પોતાની સ્ત્રીને અત્રે મોકલી છે. પછી તે સ્ત્રિએ રાજા પાસે આવી માઘ પંડીતે આપેલો પત્ર રાજાના હાથમાં આપ્યો—રાજા તે શ્લોક વાંચવા લાગ્યા—

कुमुदवनमपश्रि श्रीमदंभोजषंडं ।
त्यजतिमुदमुलूकः प्रीतिमांश्चक्रवाकः ॥

उदयमहिमरश्मिर्याति शीतांशुरस्तं ।
हतविधिलसितानां ही विचित्रो विपाकः॥२७७

દૈવના કર્મોની ગતિ કેવી વિચિત્ર છે સૂર્યનો ઉદય થાય છે એટલે ચંદ્રનો અસ્ત થાય છે કુમુદની શોભાનો નાશ થાય છે ત્યારે કમળો પ્રફુલ્લીત થાય છે. ધુવડ જ્યારે નિરાશ થાય છે ત્યારે ચક્રવાકને આનંદ થાય છે. ૨૭૭

इति राजा तद्गतं प्रभातवर्णनमाकर्ण्य लक्षत्रयं दत्त्वा माघपत्नीमाह । मातरिदं भोजनाय दीयते प्रातरहं माघपंडितं आगत्य नमस्कृत्य पूर्णमनोरथं करिष्यामीति । ततः सा तदादाय गच्छंति याचकानां मुखा त्स्वभर्तुः शारदचंद्रकिरणगौरान् गुणान् श्रुत्वा तेभ्य एव धनमखिलं भोजदत्तं दत्तवती । माघपंडितं स्वभर्तारमासाद्य प्राह । नाथ राज्ञ भोजेनाहं बहु मानिता धनं सर्वं याचकेभ्यस्त्वद्गुणानाकर्ण्य दत्तवती । माघः प्राह ॥ देवि साधु कृतं परमेते याचकाः समायांति किल तेभ्यः किं देयमिति । ततो माघपंडितं वस्त्रावशेषं ज्ञात्वा कोप्यर्थी प्राह ॥

આ પ્રમાણેનું પ્રાતઃકાળનું વર્ણન સાંભળી તે માઘ પંડીતની સ્ત્રિને રાજાએ ત્રણ લાખ રૂપીયા આપ્યા અને કહ્યું કે હે માત્ આ ત્હમારા ભોજન માટે છે અને પ્રભાત થતાં હું પંડીતજી પાસે આવીશ અને આપના સર્વ મનોરથ પરિપૂર્ણ કરીશ. આ ધન લઇ માઘ

પંડીતની સ્ત્રિ પોતાને સ્થાનકે જતી હતી ત્યારે રસ્તામાં ત્હેને ઘણા યાચકો મળ્યા જે માઘ પંડીતના યશ ગાતા હતા અને તેના પ્રાતઃકાળના વર્ણનને વખાણતા હતા- પોતાના પતિનાં વખાણ સાંભળતાં તે સ્ત્રિયે સર્વ ધન યાચકોને આપી દીધું. પછી માઘ પંડીત પાસે આવી તે કહેવા લાગી કે હે પ્રાણેશ ભોજરાજાએ મ્હારો સારો સત્કાર કર્યો અને પત્ર વાંચી ત્રણ લાખ રૂપીયા આપ્યા હતા અને કહ્યું હતું કે આ માત્ર ત્હમારા ભોજન માટે આપું છું પરંતુ રસ્તામાં આપના ગુણ ગાનાર યાચકોને મેં સર્વ ધન આપી દીધું છે. માઘે કહ્યુ દેવી તેતો તેં ઠીક કર્યું પણ હવે આવે છે તે યાચકોને આપણે શું આપીશું. હવે માત્ર માઘની પાસે પોતાનાં પ્હેરેલાં વસ્ત્ર શીવાય કાંઇ નથી એમ જોઈ એક કવિ કહેવા લાગ્યો-

आश्वास्य पर्वतकुलं तपनोष्णतप्त- ।
मुद्दामदावविधुराणि च काननानि ॥
नानानदीनदशतानि च पूरयित्वा ।
रिक्तोसि यज्जलद सैव तवोत्तमश्रीः॥२७८॥

હે મેઘ સૂર્યની ગરમીથી તપી ગયેલા પર્વતકુળને ઠંડા કરીને તેમજ અપાર તાપથી દાવાગ્નિથી બળેલાં વનોને શાંત કર્યા પછી અને સેંકડો મોટી નદીયો તથા નદને પરિપૂર્ણ કર્યા પછી તું વિત્ત વગરનો થાય તો તેમાં તારે કશું નિરાશ થવાનું નથી માત્ર તેતો તારી શોભાને ઉત્તમ બનાવે છે. ૨૭૮.

इत्येतदाकर्ण्य माघः स्वपत्नीमाह । देवि ॥

આ સાંભળી માઘ પોતાની સ્ત્રિને કહેવા લાગ્યા કે હે દેવી-

अर्था न संति न च मुंचति मां दुराशा ।
त्यागे रतिं वहति दुर्ललितं मनो मे ॥
याञ्चा च लाघवकरी स्ववधे च पापं ।
प्राणाः स्वयं व्रजत किं परिदेवनेन ॥२७९॥

મ્હારી પાસે દ્રવ્ય નથી અને આ ફોગટ લાલસા મ્હારો ત્યાગ કરતી નથી. અને ત્યાગમાં પણ દુર્બલીત એવું મ્હારૂં મન દાન દેવાની ઇચ્છા ધરાવે છે યાચવું તેમાં હલકાઇ જણાય છે અને આત્મ હત્યા એ પાપકર્મ છે ત્યારે વિલાપ કરીને મારે શું કરવું માટે હે મારા પ્રાણ તમો આપો આપ મ્હારો ત્યાગ કરો. ૨૭૯

दारिद्र्यानलसंतापश्शांतस्संतोषवारिणा ॥
याचकाशाविघातांतर्दाहः केनोपशाम्यतीति २८०

દારીદ્રયતાથી ઉત્પન્ન થયેલો અગ્નિ સંતોષરૂપી જળના સિંચનથી શાંત થાય છે પણ યાચકોને નિરાશ કરવાથી હૃદયમાં ઉત્પન્ન થયેલો અગ્નિ કોઇ પણ ઉપાયે શાંત થતોજ નથી. ૨૮૦

ततस्तदा म घपंडितस्य तामवस्थां विलोक्य सर्वे याचकाः यथास्थानं जग्मुः । एवं तेषु याचकेषु यथायथं गच्छत्सु माघः प्राह ॥

માઘ પંડીતની ઉપર પ્રમાણેની સ્થિતિ જોતાં ભિક્ષુક વર્ગ પોતપોતાને સ્થાનકે જતા રહ્યા. યાચકોને ગયેલા જોઇ માઘ પંડીત કહેવા લાગ્યા—

व्रजत व्रजत प्राणा अर्थिभिर्व्यर्थतां गतैः ॥
पश्चादपि च गंतव्यं क सोऽर्थः पुनरीदृशः ॥२८१॥

હે મ્હારા પ્રાણ ત્હમો મ્હારો ત્યાગ કરી જાવ મ્હારા યાચકો ખાલી ગયા તો તમારૂં શું પ્રયોજન છે. ત્હમારે આખરે પણ જવાનુ તો છેજ તો પછી આજ કારણે ત્હમો મ્હારો ત્યાગ કરો તે વધારે ઉત્તમ છે. ૨૮૧

इति विलपन् माघपंडितः परलोकमगात् । ततो माघपत्नी स्वामिनि परलोकं गते सति प्राह ॥

ઉપર પ્રમાણે વિલાપ કરતાં માઘ પંડીતે દેહનો ત્યાગ કર્યો પોતાના સ્વામીના સ્વર્ગવાસ થયા પછી માઘની સ્ત્રિ કહેવા લાગી–

सेवंते स्म गृहे यस्य दासवद्भूभुजस्सदा ॥
स स्वभार्यासहायोयं म्रियते माघपंडितः ॥२८२॥

રાજાઓ હમેશાં જેની શેવા કરતા હતા તેવા માઘ પંડીત આજ મરણ પામ્યા છે અને તેમને હમેશાં સહાયભુત થનાર તેમની પત્નિ પણ ત્હેમની પાછળજ જાય છે. ૨૮૨.

ततो राजा माघं विपन्नं ज्ञात्वा निजनगराद्विप्रशतान्वितो मौनी रात्रावेव तत्रागात् । ततो माघपत्नी राजानं वीक्ष्य प्राह । राजन् यतः पंडितवरस्त्वदेशं प्राप्तः परलोकमगात् ततोऽस्यकृत्यशेषं सम्यगाराधनीयं भवतेति । ततो राजा माघं विपन्नं नर्मदातीरं नीत्वा यथोक्तेन विधिना संस्कारमकरोत् तत्र च माघपत्नी वह्नौ प्रविष्टा । तयोश्च पुत्रवत् सर्वं चक्रे भोजः । ततो माघे दिवं गते राजा शोकाकुलो विशेषेण कालिदास-

वियोगेन च पंडितानां प्रवासेन कृशोभूद्दिने दिने बहुलपक्षशशीव । ततोमात्यैर्मिलित्वा चिंतितम् । बल्लालदेशे कालिदासो वसति । तस्मिन्नागते राजा सुखी भविष्यतीति । एवं विचार्यामात्यैः पत्रं किमपि लिखित्वा ततः पत्रं चैकस्यामात्यस्य हस्ते दत्त्वा प्रेषितम् । स कालक्रमेण कालिदास-मासाद्य राज्ञोमात्यैः प्रेषितोस्मीति नत्वा तत्पत्रं दत्तवान् । ततस्तत्कालिदासो वाचयति ॥

પછી માઘ પંડીતના સ્વર્ગ વાસના સમાચાર સાંભળી ખેદ પામેલો રાજા સેંકડો વિદ્વાનોને સાથે લઇ મૌન ધારણ કરી રાત્રીનાજ તે સ્થળે આવ્યો. રાજાને જોઈ પંડીતની સ્ત્રિ કહેવા લાગી રાજા ત્હમારા દેશમાં આવી પંડીતજી સ્વર્ગવાસી થયા છે માટે ત્હેમની ઉત્તર ક્રિયા પરિપૂર્ણ કરવાની પણ ત્હમારે જ છે અને તેવી મ્હારી આપને વિનંતી છે પછી માઘ પંડીતના શબને રાજા નર્મદાજીને કિનારે લઇ ગયા અને ત્યાં યથાવિધી ત્હેને અગ્નિ સંસ્કાર કર્યો ત્યારે માઘ પંડીતની સ્ત્રિયે પણ પોતાના ભર્તારના મૃત દેહની સાથેજ ગમન કર્યું પછી એક પિતાની ક્રિયા જેમ પુત્ર કરે તેમ રાજાએ માઘ પંડીતની સર્વ ક્રિયા કરી માઘ પંડીતનો સ્વર્ગવાસ પોતાના શ્રેષ્ટ કવિ કાલિદાસનો વિયોગ તથા વિદ્વાન મંડળનું યાત્રાર્થે જવું આ ત્રણે દુઃખથી રાજા કૃષ્ણપક્ષના ચંદ્રમાની માફક દીન દીન કૃશ થવા લાગ્યા ત્યારે મંત્રીયોએ માંહોમાંહે મસલત કરી કે જો કાલિદાસ પાછા આવે તો રાજાના તબીયતમાં કાંઇ સુધારો થાય પછી એક સમયે સર્વ મંત્રીયોએ એકઠા થઈ એક પત્ર લખી પોતામાંના

એકને તે પત્ર આપી બલ્લાલ દેશ કે જ્યાં કવિરાજ કાલિદાસ હતા ત્યાં મોકલ્યો તે મંત્રી કાળે કરી કાલિદાસ પાસે આવી તે પત્ર ત્હેના હાથમાં મુકી કહેવા લાગ્યો કે હે કવીરાજ મ્હને ભોજરાજના મંત્રીયોએ મોકલ્યો છે. પત્રમાં લખ્યું હતું કે-

न भवति भवति न चिरं भवति चिरं चेत्
फले विसंवादि ॥ कोपः सत्पुरुषाणां
तुल्यः स्नेहेन नीचानाम् ॥ २८३ ॥

સત્પુરૂષોનાં કામ નીચ પુરૂષોના સ્નેહ સમાન હોય છે અર્થાત્ સત્ પુરૂષોમાં કામ હોતો નથી અને નીચ પુરૂષોમાં સ્નેહ હોતો નથી અને જો હોય તો તે ઘણાજ ટુંકા આયુષ્યવાળો હોય છે અને જો બહુ વાર ટકે તેવો હોય તો ઉત્તમ ફળને આપનાર હોય છે.૨૮૩.

सहकारे चिरं स्थित्वा सलीलं बालकोकिल ॥
तं हित्वाद्यान्यवृक्षे विचरन्न विलज्जसे ॥२८४॥

હે બાલ કોકિલ ચિરકાળ સુધી આંબાના વૃક્ષપર રહીને ત્યાં ત્હારા મધુર અવાજ કર્યા પછી ત્હેનો ત્યાગ કરી અન્ય વૃક્ષો પર તું જાય છે તે શું ત્હને શરમાવા જેવું નથી ? ૨૮૪.

कलकंठ यथा शोभा सहकारे भवद्गिरः ॥
खदिरे वा पलाशे वा किं तथा स्याद्विचारयेति २८५

હે સુંદર કંઠવાળી કોયલ એટલો તો ત્હારા મનમાં વિચાર કર કે ત્હારો મધુર સ્વર જેટલો આંબાના ઝાડ પર મધુર લાગશે તેટલો ખેર અથવા ખાખરા ઉપર કદી પણ જણાશે. ૨૮૫.

ततः कालिदासः प्रभाते तं भूपालमापृच्छय

मालवदेशमागत्य राज्ञः क्रीडोद्याने तस्थौ। ततो राजा च तत्रागतं ज्ञात्वा स्वयं गत्वा महता परिवारेण तमानीय संमानितवान्। ततः क्रमेण विद्वन्मंडले च समायाते सा भोजपरिषत् प्रागिव रेजे। ततः सिंहासनमलंकुर्वाणं भोजं द्वारपाल आगत्य प्रणम्याह। देव कोपि विद्वान् जालंधरदेशादागत्य द्वार्यास्त इति। राजा प्रवेशयेत्याह। स च विद्वान गत्य सभायां तथाविधं राजानं जगन्मान्यान् कालिदासादीन् कविपुंगवान्वीक्ष्य बद्धजिह्व इवाजायत। सभायां किमपि तस्य मुखान्न निस्सरति। तदा राज्ञोक्तं विद्वन् किमपि पठेति। स आह॥

પછી કાલિદાસ રહુવાર થતાં બલ્લાલ રાજાની આજ્ઞા લઇ માળવામાં પાછા આવ્યા અને રાજાના બાગમાં ઉતર્યા પછી ભોજ રાજાને કાલિદાસ આવ્યા છે એવા સમાચાર મળતાં રાજા પોતાના માણસો તથા અધિકારી વર્ગને લઇ કાલિદાસનું સન્માન કરવાને આવ્યા. થોડા વખત પછી યાત્રાર્થે ગયેલું કવિમંડળ પણ પાછું આવ્યું અને ભોજરાજાની સભા પૂર્વવત્ શોભાયમાન થઇ રહી. ત્યાર બાદ એક સમયે દ્વારપાળ સભામાં આવી રાજાને કહેવા લાગ્યો કે હે દેવ જાળંધર દેશથી એક વિદ્વાન દ્વાર પર આવ્યા છે. વિદ્વાનને અંદર લાવવાને આજ્ઞા થતાં તે કવિ અંદર આવ્યા પણ ભોજરાજાને કાલિદાસ આદિ વિદ્વાન મંડળ સાથે સભામાંવિરાજ-

માન જોતાંજ જાણે હેની જીભજ બંધાઇ ગઈ હોય તેમ તે કવિ કાંઈ બોલી શકયો નહી. આ જોઇ રાજા કહેવા લાગ્યા મ્હારાજ કાંઇ બોલો- તે કહેવા લાગ્યા-

आरनालगलदाहशंकया ।
मन्मुखादपगता सरस्वती ॥
तेन वैरिकमलाकचग्रह ।
व्यग्रहस्त न कवित्वमस्ति मे ॥ २८६ ॥

હે શત્રુઓની લક્ષ્મીને કેશથી પકડવામાં તત્પર હાથવાળા ભોજરાજા કાંજીથી માત્ર જીવન ધારનાર શુષ્ક મુખમાં રહેવાથી કદાચ મ્હારો નાશ થશે એવી ભીતિથી સરસ્વતી પણ મ્હારો ત્યાગ કરી ગઈ છે એટલે શી કવિતા હું બોલું. ૨૮૬.

राजा तस्मै महिषीशतं ददौ । अन्यदा राजा कौतुकाकुलस्सीतां प्राह । देवि सुरतं पठेति सीता प्राह ॥

ઉપરની કવિતા સાંભળી રાજાએ તે બ્રાહ્મણને સો ભેંશો આપી. પછી એક સમયે આશ્ચર્યને આધિન થયેલો રાજા સિતા નામની પંડીતાને કહેવા લાગ્યો કે હે દેવી રતિ વિલાસનું વર્ણન કરો. તે બોલી-

सुरताय नमस्तस्मै जगदानंदहेतवे ॥
आनुषंगि फलं यस्य भोजराज भवादृशः॥२८७॥

હે રાજા જગત્ માત્રને આનંદ આપનાર આનંદ સ્વરૂપ વિલાસને હું નમસ્કાર કરૂં છું જેના પરિણામે આપ સરીખાનો લાભ થાય છે. ૨૮૭

ततस्तुष्टो राजा तस्यै हारं ददौ । राजा ततो

चामरग्राहिणीं वेश्यामवलोक्य कालिदासं प्राह। सुकवे वेश्यामेनां वर्णयेति तामवलोक्य कालिदासः प्राह ॥

પ્રસન્ન થયેલા રાજાએ સીતાને એક હાર દાન કર્યો પછી પોતાને ચમર ઢોળનાર દાસીને દેખી રાજા કાલિદાસ પ્રત્યે કહેવા લાગ્યા કે હે સુકવિ આ દાસીનું વર્ણન કરો. કવિ કાલિદાસ બોલ્યા—

कचभारात्कुचभारः कुचभाराद्भीतिमेति कचभारः ॥ कचकुचभाराज्जघनं
कोऽयं चंद्रानने चमत्कारः ॥ २८८ ॥

હે ચંદ્રમુખી આ શો ચમત્કાર હું દેખું છુ કે ત્હારા કેશ કલાપના ભારથી ત્હારાં કુચ કંપાયમાન થાય છે અને ત્હેમને વેગે વૃધી પામતાં જોતાં ત્હારા કચને પણ કંપ થાય છે અને વધારે આશ્ચર્યકારક તો બન્નેના વધતા જતા પ્રમાણુને લઇને ત્હારી જંઘા જે સર્વ ભાર વહન કરે છે તે પણુ કંપે છે. ૨૮૮.

भोजस्तुष्टस्सन् स्वयमपि पठति ॥

वदनात्पदयुगलीयं वचनादधरश्च
दंतपंक्तिश्च ॥ कचतः कुचयुगलीयं
लोचनयुगलं च मध्यतस्त्रसति ॥ २८९ ॥

આ વર્ણનથી પ્રસન્ન થયેલા ભોજરાજા બોલ્યા—

ત્હારા પ્રફુલ્લીત મુખકમળથી ત્હારાં પદ યુગલ બીએ છે. અને ત્હારી વાણીથી ઓઠ અને દાંતની પંક્તિ ડરે છે. ત્હારા કેશ કલાપથી ત્હારાં સ્તન યુગલ કંપે છે. અને ત્હારી કટી મેખળાથી ત્હારાં નેત્ર કમળ ડરે છે. ૨૮૯.

अन्यदा भोजो राजा धारानगरे एकाकी विचरन् कस्यचिद्विप्रवरस्य गृहं गत्वा तत्र काञ्चन पतिव्रतां स्वांके शयानं भर्तारमुद्वहंतीं पश्यन् ततः तस्याः शिशुस्सुप्तोत्थितः ज्वालायास्समीपमगच्छत् । इयं च पतिधर्मपरायणा स्वपतिं नोत्थापयामास । ततः शिशुं च वह्नौ पतंतं नागृह्णात् । राजा चाश्चर्यमालोक्यातिष्ठत् । ततस्सा पतिधर्मपरायणा वैश्वानरमप्रार्थयत् । यज्ञेश्वर त्वं सर्वकर्मसाक्षी सर्वधर्मान् जानासि मां पतिधर्मपराधीनां शिशुमगृह्णंतीं च जानासि ततो मदीयशिशुमनुगृह्य त्वं मा दहेती । ततः शिशुर्यज्ञेश्वरं प्रविष्य तं च हस्तेन गृहीत्वार्धघटिकापर्यंतं तत्रैवातिष्ठत् । ततश्चारोदीत् प्रसन्नमुखश्च शिशुः सा च ध्यानारूढातिष्ठत् । ततो [redacted] समुत्थिते भर्तरि सा झटिति शिशुं जग्राह । तं च परमधर्ममालोक्य विस्मयाविष्टो नृपतिराह । अहो मम भाग्यं कस्यास्ति । यदीदृश्यः पुण्यस्त्रियोपि मन्नगरे वसंतीति । ततः प्रातः सभायामागत्य सिंहासन उपविष्टो राजा कालिदासं प्राह । सुकवे महदाश्चर्यं मया पूर्वेद्यू रात्रौ दृष्टमस्तीत्युक्त्वा राजा पठति ॥

એક રાત્રીના ભોજરાજ એકલો ધારાનગરીમાં

ફરતો ફરતો એક બ્રાહ્મણના ઘર આગળ આવી પહોંચ્યો ત્યાં બ્રાહ્મણ અને તેની સ્ત્રિ સૂતેલાં હતાં તે સ્ત્રિ પૂર્ણ પતિવૃત ધર્મને પાળનારી હતી. તેમની પાસે એક બાળક હતું તે ઉઠીને પાસે બળતા અગ્નિ પાસે ગયું છતાં પણ તે પતિવૃતા સ્ત્રિએ પોતાના પતિને ઉઠાડયો નહી અને અગ્નિમાં પડતા બાળકને બચાવવા પણ ગઈ નહી આ જોઇ રાજા ઘણો આશ્ચર્ય પામ્યો. પછી પતિ ધર્મમાં તત્પર તે સાધ્વિ અગ્નિ દેવની પ્રાર્થના કરવા લાગી કે હે યજ્ઞેશ્વર તું સર્વ કર્મનો કર્તા તેમજ સાક્ષી છું અને મ્હારા પતિધર્મના પાલનને લઇને હું મ્હારા બાળકનો બચાવ કરવા જતી નથી. તે પણ તું જાણે છે માટે મ્હારા બાળકનું રક્ષણ કરજે ત્હેને દઝાડીશ નહી. પછી યજ્ઞેશ્વરે તે બાળકનો બચાવ કર્યો બાળક અરધી ઘડી સુધી દેવતામાં પડી રહ્યો પણ બીલકુલ દાઝયો નહી અને પ્રસન્ન મુખવાળોજ દેખાવા લાગ્યો. પછી જ્યારે સ્વાભાવિક રીતે ત્હેનો પતિ નિંદ્રા મુકત થયો ત્યારે તે સાધ્વિએ જઈ પોતાના બાળકને લીધો. આવો ઉત્તમ ધર્મ જોઇ આશ્ચર્ય પામેલા રાજા કહેવા લાગ્યા કે અહો મ્હારાં પણ શાં ધન ભાગ્ય છે કે મ્હારા નગરમાં આવાં પુણ્યશાળીઓ વસે છે પછી પ્રાતઃકાળ થતાં સભામાં આવી સીંહાસન ઉપર બેસી રાજા પાછલી રાતના જોયેલા આશ્ચર્યજનક દેખાવ વિશે કવિ કાલિદાસને કહેવા લાગ્યા–

हुताशनश्चंदनपंकशीतल इति ॥

અગ્નિ ચંદનના લેપ સમાન ઠંડો થઇ ગયો.

कालिदासस्ततश्चरणत्रयं झटिति पठति ॥

આ સાંભળતાં કવિ કાલિદાસે તરતજ બીજાં ત્રણ ચરણો ત્વરાથી રચી બોલી દેખાડયાં કે–

सुतं पतंतं प्रसमीक्ष्य पावके ।
न बोधयामास पतिं पतिव्रता ॥
तदाभवत्तत्पतिभक्तिगौरवात् ।
हुताशनश्चंदनपंकशीतलः ॥ २९० ॥

પોતાની નજીક દેવતામાં પડેલા બાળકને જોયા છતાં પણ એક પતિવૃતા પોતાના ભર્તાને કહેતી નથી તે સમયે તેની પતિ ભકિતના ગૌરવના પરિણામે અગ્નિ ચંદન જેવો શીતળ થઇ ગયો. ૨૯૦

राजा च स्वाभिप्रायमालोक्य निश्चिंतस्तमालिंग्य पादयोः पतति स्म । एकदा ग्रीष्मकाले राजा अंतःपुरे विचरन् धर्मतापतप्तः आलिंगनादिकमकुर्वन् ताभिः सह सरससँल्लापाद्युपाचारमनुभूय ततः सुप्तः प्रातरुत्थाय राजा सभां प्रविष्टः कुतूहलात् पठति ॥

પોતાના અભિપ્રાય પ્રમાણેજ કવિ કાલિદાસનું કહેવું થતાં રાજા ત્હેને ભેટી ત્હેના પગે પડયા એક સમયે ગ્રીષ્મ કાળમાં રાજા રણવાસમાં ગયા પણ અતિશય ધુપથી ગભરાતાં રાણીયો સાથે કાંઇ પણ વિહાર ન કરતાં માત્ર વાર્તા વિનોદ કરતા જે સ્થળે બેઠા હતા ત્યાંજ આરામ લેવા લાગ્યા પછી પ્રભાત થતાં સભામાં આવી આનંદથી કહેવા લાગ્યા—

मरुद्गागमवार्तयापि शून्ये ।
समये जाग्रति संप्रवृद्ध एव ॥

પવન આવવાની જ્યાં વાત સરખી પણ નહતી તેવો સંપ્રવૃદ્ધ સમય પ્રાપ્ત થતાં એટલુ સાંભળતાં

भवभूतिराह

ભવભૂતિ કહેવા લાગ્યા—

उरगी शिशवे बुभुक्षवे स्वा- ।
प्रदिशत्फूत्कृतिमाननानिलेन ॥ २९१ ॥

સર્પિણી પોતાનાં ભૂખ્યાં બાળકોને પોતાના શ્વાસની ફુંકો મારવા લાગી.

राजा प्राह । भवभूते लोकोक्तिस्सम्यगुक्तेति । ततोपांगेन राजा कालिदासं पश्यतिततस्स आह ॥

ભવભૂતિનું ઉત્તરાર્દ્ધ સાંભળી રાજા કહેવા લાગ્યા કે હે કવી લોકોક્તિ તો સારી કરી પછી કટાક્ષથી રાજાએ કાલિદાસના સ્હામું જોયું ત્યારે બોલ્યા કે—

अलसासु विलासिनोन्वभूव-
न्नयनैरेव नवोंगगूहनानि ॥ २९२ ॥

એવા સમયે વિલાસી પુરૂષો સ્ત્રિયો સાથ નયન મેળાપથીજ સુખ માણે છે અર્થાત્ સંયોગમાં ગરમી માલૂમ પડતાં માત્ર નેત્રથી સુખને અનુભવે છે. ૨૯૨

तदा राजा स्वाभिप्रायं ज्ञात्वा तुष्टः । कालिदासं विशेषेण सम्मानितवान् । अन्यदा मृगयापरवशो राजा अत्यंतमार्तः कस्यचित्सरोवरस्य तीरे निबिडच्छायस्य जंबूवृक्षस्य मूलमुपाविशत् । तत्र शयाने राज्ञि जंबोरुपरि बहुभिः कपिभिः जंबूफलानि सर्वाण्यपि चालितानि । तानि सशब्दं पतितानि पश्यन् घटिकामात्रं स्थित्वा श्रमं

परिहृत्य उत्थाय तुरंगमवरमारुह्य गतः। ततस्सभायां राजा पूर्वानुभूतकपिचलितफलपतनरवमनुकुर्वन् समस्यामाह। 'गुलुग्गुलुग्गुलु' तत आह कालिदासः

કાલિદાસે પોતાનોજ અભિપ્રાય કહ્યો તેથી રાજા અત્યંત પ્રસન્ન થયા અને ત્હેનું વધારે સન્માન કરવા લાગ્યા. એક સમયે શીકારને વશ થયેલો શ્રમિત્ રાજા સરોવરના તીર પર મ્હોટા જાંબુડા તળે આરામ કરવાને બેઠો ત્યાં રાજા નિદ્રા વશ થઇ ગયો ત્યારે જાબુડા પર ચઢેલાં વાંદરાંએ હુકાહુક કરી ઘણાં જાંબુ હલાવી પાડયાં અવાજ સાથે પડતાં જાંબુને જોતાં રાજા થોડો વખત ત્યાં સર્વ ખેદને દુર કરી રહ્યો પછી સવારી કરી રસ્તે પડયા અને પછી સભામાં આવી પડતાં જાંબુને અનુસરી "ગુલુ ગુગુલુ ગુગુલુ" એ પ્રમાણેની સમશ્યા કહી. જે સાંભળી કાલિદાસ સમશ્યા પુર્ણ કરી કહેવા લાગ્યા—

जंबुफलानि पक्कानि पतंति विमले जले ॥
कपिकंपितशाखातो गुलुग्गुलुग्गुलु ।२९३॥

વાનરાંઓથી કંપાયમાન થયેલી જાંબુડાની ડાળીયો ઉપરથી પાકાં જાંબુઓ પાણીમાં પડતાં 'ગુલુ ગુગ્ગુલુ ગુગ્ગુલુ' એવો અવાજ થયો. ૨૯૩.

राजा तुष्ट आह। सुकवे अदृष्टमपि परहृदयं कथं जानासि साक्षाच्छारदासीति मुहुर्मुहुः पादयोः पतति स्म। एकदा धारानगरे प्रच्छन्नवेषो विचरन् कस्यचिद्ब्राह्मणस्य गृहं राजा मध्याह्न-

समये गच्छन् तत्र तिष्ठति स्म । तदा वृद्धविप्रो वैश्वदेवं कृत्वा काकबलिं गृह्णन् गृहान्निर्गत्य भूमौ जलशुद्धायां निक्षिप्य काकमाह्वयति स्म । तत्र हस्तविस्फालनेन हाहेतिशब्देन काकास्समायाताः । कत्र कश्चित्काकस्तारं रारटीति स्म । तच्छ्रुत्वा तत्पत्नी तरुणी भीतेव हस्तं निजोरसि निधाय अये मातरिति चक्रंद । ततो ब्राह्मणः प्राह । प्रिये साधुशीले किमर्थं बिभेषीति । सा प्राह । नाथ मादृशीनां पतिव्रतास्त्रीणां क्रूरध्वनिश्रवणं सह्यं वा । साधुशीले तथा भवेदेवेति विप्र आह । ततो राजा तच्चरितं सर्वं दृष्ट्वा व्यचिंतयत् । अहो इयं तरुणी दुश्शीला नूनम् । यतो निर्व्याजं बिभेति स्वपातिव्रत्यं स्वयमेव कीर्तयति च । नूनमियं निर्भीता सती अत्यंतं दारुणं कर्म रात्रौ करोत्येव । एवं निश्चित्य राजा तत्रैव रात्रावंतर्हित एवातिष्ठत् । अथ निशीथे भर्तरि सुप्ते सा मांसपेटिकां वेश्याकरेण वाहयित्वा नर्मदातीरमनुगच्छत् । राजाप्यात्मानं गोपयित्वानुगच्छति स्म । ततस्सा नर्मदां प्राप्य तत्र समागतानां ग्राहाणां मांसं दत्त्वा नदीं तीर्त्वा अपरतीरस्थेन शूलाग्रा-

रोपितेन स्वमनोरमेण सह रमते स्म। तच्चरित्रं दृष्ट्वा राजा गृहं समागत्य प्रातस्सभायां कालिदास-मालोक्य प्राह। सुकवे शृणु ॥

રાજા પ્રસન્ન થઈ પુછવા લાગ્યા કે હે સુકવિ ત્હમો નગર જોયે પારકાના હૃદયને શી રીતે જાણોછો ત્હમો તો ખરે સાક્ષાત સરસ્વતિનો જ અવતાર છો આમ કહી વારંવાર ત્હેના પગે પડવા લાગ્યા એક સમયે રાજા ગુપ્ત વેશ ધારણ કરી ધારાનગરીમાં મધ્યાન્હ સમયે એક બ્રાહ્મણના ઘર આગળ આવી પહોંચ્યા જે સમયે બ્રાહ્મણ વિશ્વદેવ કરી કાગડાઓને માટે બલીદાન લઈ બહાર નીકળતો હતો ત્હેણે પાણી છાંટી વાસ નાંખી કાગડાઓને બોલાવ્ય તેમાં એક વૃદ્ધ કાગડાને કારમી ચીસો પાડતો જોઇ તે વૃદ્ધ બ્રાહ્મણની યુવાન સ્ત્રિ જાણે ભયભીત થઇ ગઈ હોય તેમ છાતી પર હાથ મુકી ઓ મારે! એ પ્રમાણે બુમ મારવા લાગી બ્રાહ્મણ બોલ્યો હે પ્રિયે! હે સાધ્વી સ્ત્રિ તું શા માટે ડરે છે તે બોલી નાથ મ્હારા જેવી પતિવૃતાથી આવી કારમી ચીસો સહન કરાતી નથી બ્રાહ્મણ બોલ્યો વાસ્તવિક છે. આ પૂર્ણ ચરિત્ર જોઇ રાજા વિચાર કરવા લાગ્યો કે નિશ્ચય આ યુવા સ્વચ્છંદી હોવીજ જોઇએ નહીં તો ભયનું મીષ કાઢી પોતાના પતિવૃત ધર્મની પ્રસંશા કરે નહી અને એમજ છે તો રાત્રીના તે જરૂર વિકર્મ કરતી હોવીજ જોઈએ. આ પ્રમાણે ધારણા કરી ત્હેની ખાત્રી કરવાને તે રાતના રાજા ભોજ સંતાઇ રહ્યા. પછી મધ્ય રાત્રી થઈ ત્યારે દાસીના હાથમાં માંસની એક છાબડી આપી ને તે નર્મદાના કિનારે આવી અને ત્યાં એકત્ર થયેલાં હિંસક જળચરોને માંસના ટુકડાઓ નાંખી પોતે સામે પાર જઈ ત્યાં શુળી ઉપર ચઢાવેલા પોતાના પ્રિયની

સાથે ક્રિડા કરવા લાગી રાજા પણ ગુપ્ત રીતે ત્હેની પાછળ પાછળ જઈ સર્વ ચર્ચા જોવા લાગ્યો અને પ્રાતઃકાળ થતાં સભામાં આવી કહેવા લાગ્યા—
હે સુકવિ સાંભળો.

दिवा काकरुताद्भीता,
ततः कालिदास आह—रात्रौ तरति नर्मदाम्॥
ततस्तुष्टो राजा पुनःप्राह—तत्र संति जले ग्राहाः,
ततः कविराह—मर्मज्ञा सैव सुंदरो२९४

દિવસે કાગડાના સાદથી ભય પામી ત્યારે કાલિદાસ બોલ્યા રાત્રીના નર્મદાને તીરે પહોંચી. આથી સંતોષ પામેલા રાજા પુનઃ બોલ્યા ત્યાં જળમાં હિંસક જળચરો મગર વિગેરે જોયાં. કવિ બોલ્યા તે પ્રથમથીજ તે સુંદરી જાણુતી હતી. ૨૯૪.

ततो राजा कालिदासस्य पादयोः पतति। एकदा धारानगरे विचरन् वेश्यावीथ्यां राजा कंदुकलीलातत्परां तद्भ्रमणवेगेन पादयोः पतितावतंसां कांचन सुंदरीं दृष्ट्वा सभायामाह। कंदुकं वर्णयंतु कवय इति। तदा भवभूतिराह॥

ફરીથી આવો સંતોષકારક ઉત્તર મળતાં રાજા કાલિદાસને નમસ્કાર કરવ લાગ્યા. પછી એક સમયે ધારાનગરીમાં ફરતાં ફરતાં રાજા વેશ્યાઓના મહોલ્લામાં આવી પહોંચ્યા ત્યાં અતિ રૂપવાન વેશ્યાને દડે રમતી જોઇ આ સ્ત્રિના કાનપરનું કમળ ફુલ ત્હેના દડો ખેલવાના વેગના પરિણામે ત્હેના પગ આગળ પડી ગયું તે જોઈ સભામાં રાજા કવિયોને દડાનું વર્ણન કરવાને કહેવા લાગ્યા-ત્યારે ભવભૂતિ બોલ્યા કે-

विदितं ननु कंदुक ते हृदयं ।
प्रमदाधरसंगमलुब्ध इव ॥
वनिताकरतामरसाभिहतः ।
पतितः पतितः पुनरुत्पतसि ॥ २९५ ॥

હે દડા ત્હારા હૃદયને હું સમજ્યુ છું તું તે સ્ત્રિના ઓઠને ચુમવાને માટે જાય છે વખતોવખત ત્હને તે સ્ત્રિના હાથથી તાડન કરવામાં આવે છે પણ તું ફરી ફરીને ઉછળે છે. ૨૯૫.

ततो वररुचिः प्राह ॥

પછી વરરૂચી નામના કવિ કહેવા લાગ્યા-

एकोपि त्रय इव भाति कंदुकोयं ।
कांतायाः करतलरागरक्तरक्तः ॥
भूमौ तच्चरणनखांशुगौरगौरः ।
स्वःस्थस्सन्नयनमरीचिनीलनालः ॥२९६॥

એક છતાં પણ હે દડા ત્હારાં ત્રણ સ્વરૂપ આ-લેખાય છે જ્યારે તું આ સ્ત્રિના હાથમાં હોય છે ત્યારે ત્હેના કર સંપુટની લીલાથી ત્હારો રંગ રાતો જણાય છે જમીન પર હોય છે ત્યારે ત્હેના પગના નખના પ્રભાવથી ગૌર વરણો જણાય છે અને જ્યારે ઉછાળવા-માં આવતાં ઉંચો જાય છે ત્યારે ત્હેનાં નેત્રો ત્હારી ગતીને નિહાળતાં હોવાથી તું નીલ વર્ણો જણાય છે.૨૯૬

ततः कालिदास आह ॥

ત્યારે કાલિદાસ બોલ્યા-

पयोधराकार धरो हि कंदुकः ।
करेण रोषादभिहन्यते मुहुः ॥

इतीव नेत्राकृतिभीतमुत्पलं ।
स्त्रियाः प्रसादाय पपात पादयोः ॥२९७॥

આ દડો સ્ત્રિના કુચ સમાન હોવાથી તે હેને વારંવાર મારે છે એવો ભાસ થતાં કર્ણ કુલ જે દડાના આકારમાં હતું તે ભયભિત થઈને સ્ત્રિના પગે પડવા લાગ્યું ૨૯૭.

तदा राजा तुष्टस्त्रयाणामक्षरलक्षं ददौ । विशेषेण च कालिदासमदृष्टावतंसकुसुमपतनबोद्धारं संमानितवान् । ततः कदाचिच्चित्रकर्मावलोकनतत्परो राजा चित्रलिखितं महाशेषं दृष्ट्वा सम्यग्लखितमित्यवदत् । तदा कश्चिच्छिवशर्मा नाम कविः शेषमिषेण राजानं स्तौति ॥

પછી પ્રસન્ન થયેલા રાજાએ કવિને પ્રત્યેક અક્ષરના લાખ લાખ રૂપીયા આપ્યા અને કાલિદાસ કવિએ જેણે મુકુટ પરનાં પુષ્પ જોયાં નહોતાં છતાં પણ તે ભાવ પોતાની કવિતામાં દર્શાવ્યો હતો તે માટે રાજાએ હેમનો ઘણોજ સતકાર કર્યો. પછી એક સમયે ચિત્ર જોવામાં કુશળ રાજા શેષનાગનું ચિત્ર જોઇ પોતાને પરમ સંતોષ દર્શાવતા હતા તે સમયે નાગના વિષે કોઇ એક શિવશર્મા નામનો બ્રાહ્મણ રાજાની પાસે સ્તુતિ કરવા લાગ્યો.

अनेके फणिनस्संति भेकभक्षण तत्पराः ॥
एक एव हि शेषोयं धरणीधरणक्षमः ॥२९८॥

દેડકાં ખાવાને તત્પર તો દરેક નાગ હોયજ પણ પૃથ્વીનો ભાર વહન કરવામાં તો માત્ર એક શેષ નાગ

જ છે. ૨૯૮.

तदानीं राजा तदभिप्रायं ज्ञात्वा तस्मै लक्षं ददौ। कदाचिद्धेमंतकाले समागते ज्वलंतीं हसंतीं संसेवयन् राजा कालिदासं प्राह। सुकवे हसंतीं वर्णयेति। ततः सुकविराह॥

રાજાએ તે કવિનો અભિપ્રાય સમજી તેને એક લાખ રૂપીયા આપ્યા. હેમંતકાળમાં જ્યારે રાજા હમેશાં પોતાની પાસે સળગતી સઘડી રાખતા હતા તે વખતે એકાદ દિવસ પાસે બેઠેલા કવિરાજને રાજા કહેવા લાગ્યા કે હે સુકવે આ સઘડી વિશેકાંઇ કહો. ત્યારે કાલિદાસ બોલ્યા—

कविमतिरिव बहुलोहा सुघटित-
चक्रा प्रभातवेलेव॥ हरमूर्तिरिव
हसंती भाति विधूमानलोपेता॥२९९॥

કવિની બુદ્ધિ સમાન ઘણાંજ લોહનાં પરમાણુંવાળી અર્થાત્ અતિ તર્ક વિતર્ક કરવાવાળી, પ્રભાતના સમાન સારી ઘટમાળની રચનાવાળી સારાં ચક્રના સમુહથી આનંદદાયી, ધુમાડા વગરની અને અગ્નિથી ભરપુર આ સઘડી હસતી શિવ સમાન શોભે છે. ૨૯૯.

राजा अक्षरलक्षं ददौ। एकदा भोजराजोतर्गृहे भोगार्हास्तुल्यगुणांश्चतस्रो निजांगना अपश्यत्। तासु च कुंतलेश्वरपुत्र्यां पद्मावत्यामृतुस्नानं, अंगराजस्य पुत्र्यां चंद्रमुख्यां क्रमप्राप्तिं, कमलानाम्न्यां च द्यूतपणजयलब्धप्राप्तिं, अग्र-

महिष्यां च लीलादेव्यां दूतीप्रेषणमुखेनाह्वानं च एवं चतुरो गुणान् दृष्ट्वा तेषु गुणेषु न्यूनाधिकभावं राजाप्यचिंतयत्। तत्र सर्वत्र दाक्षिण्यनिधी राजराजः श्रीभोजस्तुल्यभावेन द्वित्रिघटिकापर्यंतं विचिंत्य विशेषानवधारेण निद्रां गतः। प्रातश्चोत्थाय कृताह्निकः सभामगात्। तत्र च सिंहासनमलंकुर्वाणः श्रीभोजः सकलविद्वत्कविमंडलमंडनकालिदासमालोक्य सुकवे इमां त्र्यक्षरोनतुरीयचरणां समस्यां श्रुणु इत्युक्त्वा पठति ॥

ઉપરનું સઘડીનું વર્ણન સાંભળી રાજાએ મહા કવિ કાલિદાસને પ્રત્યેક અક્ષરના લાખ લાખ રૂપીયા આપ્યા. એક સમયે અંતઃપુરમાં આવતાં રાજાએ પોતાની ચાર રાણીયોને જોઇ અને ત્હેનો પ્રત્યેકનો તેજ રાત્રિ માટેનો અધિકાર હોવાથી કોના અધિકારને માન આપવું તેના વિચારમાં પડયા. આ ચાર રાણીયોમાંની પ્હેલી કુંતલરાયની પુત્રી હતી અને તે રૂતુ સ્નાન કર્યા પછી વિલાસ માટે રાજાનો હક ધરાવતી હતી, બીજી રાણી ચંદ્રમુખી જે અંગરાજની પુત્રી હતી ત્હેનો રાણીયોના ક્રમ પ્રમાણેનો તે નિરમાણ થયેલો દિવસ હતો, ત્રીજી રાણી કમલા નામે હતી તેણે દ્યૂત ખેલવામાં રાજા પાસેથી વચન મેળવેલું હતું અને ચોથી પટરાણી લીલાદેવીએ દાસી મોકલી રાજાને પોતાને આવાસે પધારવા તેડું મોકલ્યું હતું. આ પ્રમાણે ચાર રાણીના અધિકારમાં વધારે માન કોને આપવું તે સર્વ ચાતુર્યના કોશરૂપ રાજાને ત્રણ ચાર ઘડી વિચાર કરતાં પણ જણાયું નહિ

ત્યારે ભોજ વિચારમાંને વિચારમાં ત્યાંજ નિદ્રા વશ થઇ ગયા પછી પ્રાતઃકાલ થતાં પોતાના નિત્ય કર્મથી પરવારી રાજસભામાં સર્વ અલંકાર ધારણ કરી સિંહાસન ઉપર આવીને બેઠા, જ્યાં મહા કવિ કાલીદાસને જોઇ કહેવા લાગ્યા કે હે સુકવિ હું ત્રણ આ અક્ષર બાકી રાખી શમશ્યા કહું છું તે પુર્ણ કરો.

યુક્તિ ન જડવાથી મોહ પામેલું મન બે ત્રણ ઘડી સુધી વિચાર વમળમાંજ રહ્યું. આટલુંજ બોલી હવે સમશ્યા પૂર્ણ કરો એમ રાજાએ કાલિદાસને કહ્યું પછી રાજાનું હૃદય જેના હસ્તકમળમાં દેખાતું હતું તેવા કવિએ ત્રણ ચરણ અને ચોથા ચરણ યુક્ત શ્લોક રચી ત્રણ અક્ષર મુકી નીચે પ્રમાણે સમશ્યા પૂર્ણ કરી બતાવી—

स्नाता तिष्ठति कुंतलेश्वरसुता वरांगराजस्वसु- ।
र्द्यूते रात्रिरियं कृता कमलया गेवी प्रसाद्याधुना ॥
इत्यंतःपुरसुंदरीजनगुणे न्यूनाधिकं ध्यायता ।
देवेनाप्रतिपत्तिमूढमनसा द्वित्राः स्थिता नाडिकाः ॥

કુંતળેશ્વરની પુત્રીએ રૂતુ સ્નાન કરેલું છે અંગરાજની પુત્રીનો ક્રમ છે કમળાદેવીએ દ્યુતમાં રાજાને હરાવી તે રાત વચનથી માગેલી છે અને લીલાદેવીએ દાસી દ્વારા આવાસે તેડાવેલા છે આ મામલામાં કોને પ્રસન્ન કરવી અને કોનો અધિકાર ન્યુન વા અધિક ગણવો તે વિષયના વિચારમાં જેમનું ચિત્ત લીન થઇ ગયું હતું તેવા ભોજરાજને બે ત્રણ ઘડી સ્થિર ચિત્ત રહેવું પડયું. ૩૦૦

तदा राजा स्वत्हृदयमेव ज्ञातवतः कालिदासस्य पादयोः पतति स्म । कविमंडलं च चमत्कृत-

मजायत। एकदा राजा धारानगरे विचरन् कचित् पूर्णकुंभं धृत्वा समायांतीं पूर्णचंद्राननां कांचिद्दृष्ट्वा तत्कुंभजले शब्दं च कंचन श्रुत्वा नूनमेव तस्याः कंठग्रहेऽयं घटो रतिकूजितमिव कूजतीति मन्यमानः सभायां कालिदासं प्राह ॥

આ વિષયમાં પણ પોતાનાજ અભિપ્રાયને કવિયે દર્શાવ્યો તે જોઇ રાજા ત્હેના ચરણમાં પડયા અને આખું કવિ મંડળ પણ આશ્ચર્ય પામ્યું. એક સમયે ધારાનગરીમાં ફરતાં ફરતાં એક ચંદ્રમુખીને કેડ પર લીધેલા પણીના ઘડા સાથે આવતી રાજાએ જોઇ આ ઘડામાં પાણીનો અવાજ થતો સાંભળી રાજાને વિચાર થયો કે અરે આ ચંદ્રમુખીએ ઘડાના કંઠમાં હાથ નાંખેલો છે તેથી હવે તે ઘડો સંભોગ સુચક શબ્દ કહે છે. પછી રાજાએ કાલિદાસને કહ્યું.-

कूजितं रतिकूजितमिति ॥

તે અવાજ સંભોગ સુચક જણાય છે.

कविराह—

विदग्धे सुमुखे रक्ते नितंबोपरि संस्थिते ॥
कामिन्याश्लिष्टसुगले कूजितं रतिकूजितम् ॥३०१॥

કવિ કહેવા લાગ્યા

સુંદરરીતે પરિપકવ થયેલો, સારા મુખ વાળો, લાલ રંગનો, કટી પર આસન કરી રહેલો અને જેના ગળામાં સ્ત્રિનો હાથ છે તેવો ઘડો વિલાસ સમયના શબ્દ જેવોજ અવાજ કરે છે. ૩૦૧.

तदा तुष्टो राजा प्रत्यक्षरलक्षं ददौ ननाम च।

एकदा नर्मदायां महाह्रदे जालकैरेकः शिलाखंड ईषद्भ्रंशिताक्षरः कश्चिद्दृष्टः तैश्च परिचिंतितम् । इदमत्र लिखितमिव किंचिद्भाति नूनमिदं राजनिकटं नेयमिति बुद्ध्या भोजसदसि समानीतम् । तदाकर्ण्य भोजः प्राह । पूर्वं भगवता हनूमता श्रीमद्रामायणं कृतं तदत्र ह्रदे नूतनैः प्रक्षेपितमिति श्रुतमस्ति । ततः किमिदं लिखितमित्यवश्यं विचार्यमिति लिप्यानं कार्यं जतुपरीक्षयाक्षराणि परिज्ञाय पठति । तत्र चरणद्वयमानुपूर्व्याल्लब्धम् ॥

આથી પ્રસન્ન થઇ રાજાએ પ્રત્યેક અક્ષર માટે કવિને લાખ લાખ રૂપીયા આપ્યા. એજ સમયે નર્મદાના મ્હોટા ધરામાં જાળ નાંખનારાઓને ભાંગ્યા તુટા અક્ષર જણાતો એક શીલા લેખનો કડકો મળી આવ્યો. અક્ષર જણાતાં તે કડકો ભોજરાજાની સભામાં આપવો તેવો તેમણે વિચાર કર્યો અને સભામાં આવી તે રાજાના કર સંપૂટમાં મુકયો તે જોઇ ભોજરાજા વિચાર કરવા લાગ્યા—સાંભળવા પ્રમાણે શરૂઆતમાં હનુમાનજીએ શ્રી મહારામાયણ કરી તે નર્મદાજીમાં પધરાવી દીધું હતું. માટે આ શીલામાં શું લખેલું છે તે અવશ્ય જાણવું જોઇએ. પછી લાખ ગરમ કરી ત્હેના ઉપર તે અક્ષર પાડી વાંચતાં પ્હેલાં બે ચરણો નીચે પ્રમાણે જણાયા—

अयि खलु विषमः पुराकृतानां ।
भवति हि जंतुषु कर्मणां विपाकः ॥

હે મિત્ર! પ્રથમ કરેલાં પ્રાણી માત્રના કર્મોનાં પ-
રિણામ હમેશા ઘણાંજ દુઃખદ હોય છે.

ततो भोजः प्राह। एतस्य पूर्वार्धं कथ्यतामिति। तदा भवभूतिराह ॥

ત્યારે ભોજરાજાએ ઉપરના અર્ધ શ્લોકનું પુરવાર્ધ
માગ્યું એટલે ભવભૂતિ કવિ બોલ્યા કે—

क नु कुलमकलंकमायताक्ष्याः ।
क नु रजनीचरसंगमापवादः ॥ ३०२ ॥

વિશાળ નેત્રવાળી સુંદર સ્ત્રિનું કલંક રહીત કુળ
કયાં અને કયાં ત્હેની ઉપર રાક્ષસ જનના સંગનો
દોષ. ૩૦૨.

ततो भोजस्तत्र ध्वनिदोषं मन्वानस्तदेव पूर्वार्धमन्यथा पठति स्म ॥

આમાં ધ્વનિ દોષ કાઢી રાજા તે પૂર્વાર્ધને બીજી
રીતે બોલ્યા.

क जनकतनया क रामजाया ।
क च दशकंधरमंदिरे निवासः ॥ (३०२) ॥

કયાં જનકની પુત્રી-કયાં ત્હેનો રઘુનાથજીની અર્ધાં-
ગના થવાનો યોગ અને કયાં ત્હેનો રાવણના મંદીરમાં
વાસ કરવો.

अयि खलु०—०विपाकः। ततो भोजः कालिदासं प्राह। सुकवे त्वमपि कवित्हृदयं पठेति। स आह॥

પછી રાજાએ કાલિદાસને કહ્યું તમે પણ તમારી
શકિતના પ્રમાણમાં આ શમશ્યા પુર્ણ કરો. ત્યારે
કાલિદાસ બોલ્યા.

शिवशिरसि शिरांसि यानि रेजुः ।
शिव शिव तानि लुठंति गृध्रपादैः ॥ ३०३ ॥

ઘણા ખેદની વાત તો એ છે કે મહાદેવજીના મસ્તકની શોભા રૂપ રાવણનાં માથાં હાલમાં ગીધ પક્ષીઓના માટે જમીન પર રડવડે છે. ૩૦૩.

अयि खलु०—०विपाकः।ततस्तस्य शिलाखंडस्य पूर्वपुटे जतुशोधनेन कालिदासः पठति। तमेव दृष्ट्वा राजा भृशं तुतोष । कदाचिद्भोजेन विलासार्थं नूतनगृहांतरं निर्मितम् । तत्र गृहांतरे गृहप्रवेशात् पूर्वमेकः कश्चिद्ब्रह्मराक्षसः प्रविष्टः । स च रात्रौ तत्र ये वसंति तान् भक्षयति । ततो मांत्रिकान् समाहूय तदुच्चाटनाय राजा यतते स्म। स च आगच्छन्नेव मांत्रिकानेव भक्षयति । किं च स्वयं कवित्वादिकं पूर्वाभ्यस्तमेव पठन् तिष्ठति । एवं स्थिते तत्रैव रक्षसि राजा कथमस्य निवृत्तिरिति व्यचिंतयत्। तदा कालिदास प्राह। देव नूनमयं राक्षसः सकलशास्त्रप्रवीणस्सुकविश्च भाति । अतस्तमेव तोषयित्वा कार्यं साधयामि। मांत्रिकास्तिष्ठंतु मम। मंत्रं पश्येत्युक्त्वा स्वयं तत्र रात्रौ गत्वा शेते स्म। ततः प्रथमयामे ब्रह्मराक्षसः समागतः। स च

पूर्वं पुरुषं दृष्ट्वा प्रतियाममेकैकांसमस्यां पाणिनि-सूत्रमेव पठति । येनोत्तरं तद्धृदयंगतं नोक्तमयं न ब्राह्मणोऽतो हंतव्य इति निश्चित्य हंति । तदानीमपि पूर्ववदयमपूर्वः पुरुषः अतो मया समस्या पठनीया न चेद्वक्ति सदृशमुत्तरं तस्याः तदा हंतव्य इति बुद्ध्या पठति ॥

ઉપર પ્રમાણેનો શ્લોકનો અર્થ કહ્યા પછી શીલાના બીજા કડકાને લાખ ઉપર છાપી કવિ કાલિદાસ વાંચવા લાગ્યા ત્યારે પૂર્વાર્ધ કાલિદાસે રચ્યું હતું તેજ પ્રમાણેનુ છપાતાં રાજા ઘણાજ આશ્ચર્યે પામ્યા. એક સમયે રાજાએ પોતાને માટે એક વિલાસ ભૂવન બંધાવ્યું પણ તેમાં પ્રવેશ કરવા પ્હેલાં એક બ્રહ્મ રાક્ષસ પેશી ગયો હતો અને રાત્રીના જે કોઇ ત્હેમાં વાસો કરે તેને ખાઇ જતો હતો. થણા ઘણા માંત્રિકોને બોલાવી તેને કાઢવા માટે રાજા યત્નથી ઉપાય કરવા લાગ્યા પણ માંત્રિકોનો પણ ઘણાનો તેણે ભોગ લીધો અને પોતે પ્હેલાં કરેલા અભ્યાસનાં સુત્રો ભણતો હતો અને તેમાં રહેતો હતો. આ પ્રમાણે પોતાના વિલાસ ગૃહમાં નિરાંતે રહેલા રાક્ષસનો શી રીતે ઉદ્ધાર કરવો તેના ઉચાટમાં રાજા પડયો. એક વખતે રાજાને કાલિદાસે કહ્યું હે રાજેન્દ્ર આ બ્રહ્મ રાક્ષસ ઘણો વિદ્વાન અને કવિત્વ શકિતવાળો છે માટે હું તેને પ્રસન્ન કરી કામ પૂર્ણ કરીશ. હવે આપ મારૂં માંત્રિક બળ જુઓ એમ કહી તે રાતના કાલિદાસ તે ઘરમાં જઇને સુઈ રહ્યા. પ્હેલા પ્રહરમાં બ્રહ્મ રાક્ષસ આવીને પાણિનિનું સુત્ર બોલતો હતો અને તેનો પોતાના મનની ધારણા પ્રમાણેનો ઉત્તર ન મળતાં તે ઘરમાં સુતેલો માણસ બ્રાહ્મણ નથી

એમ ધારી તેને મારી નાંખતો. આ સમયે કાલિદાસને જોઇને પણ તેણે પોતાના નિયમ પ્રમાણે પાણિનિનું સુત્ર પ્હેલા પ્હોરમાં નીચે પ્રમાણે કહ્યું—

सर्वस्य द्वे—इति ॥

બ્રહ્મ રાક્ષસ—બે વસ્તુઓ સંપૂર્ણ છે.

तदा कालिदासः प्राह ॥

सुमतिकुमती संपदापत्तिहेतू ॥

કાલિદાસ—સંપતિ અને વિપત્તિ રૂપ સુમતિ અને કુમતિ બે છે.

ततस्स गतः । पुनरपि द्वितीययामे समागत्य पठति ॥

આટલું સાંભળી તે બ્રહ્મ રાક્ષસ ચાલી ગયો અને બીજા પ્રહરમાં આવી બોલ્યો.

वृद्धो यूना—इति ॥

બ્રહ્મરાક્ષસ—વૃદ્ધ પુરૂષ યુવા સાથે

तदा कविराह ॥

सह परिचयात्त्यज्यते कामिनीभिः, इति ॥

કાલિદાસ—પરિચય થતાં સ્ત્રિઓથી તેમનો ત્યાગ કરવામાં આવે છે.

तृतीययामे स राक्षसः पुनस्समागत्य पठति ॥

ઉપર પ્રમાણેનો જવાબ સાંભળી તે પ્રહરે પણ રાક્ષસ જતો રહ્યો પછી ત્રીજે પ્હોરે પાછો આવી કહેવા લાગ્યો.

एको गोत्रे—इति ॥

બ્રહ્મરાક્ષસ—ગોત્રમાં મુખ્ય.

ततः कविराह ॥

स भवति पुमान् यः कुटुंबं बिभर्ति ॥

કાલિદાસ—તેજ પુરૂષ કુટુમ્બને ધારણ કરેછે-પોષે છે.

ततश्चतुर्थयामे आगत्य स राक्षसः पठति ॥

પછી ચોથા પ્રહરમાં આવી બ્રહ્મરાક્ષસ કહેવા લાગ્યો.

स्त्री पुंवच्च-इति ॥

બ્રહ્મરાક્ષસ—સ્ત્રિ પુરૂષની માફક.

ततःकविराह॥

प्रभवति यदा तद्धि गेहं विनष्टम् , इति॥३०४॥

કાલિદાસ—જ્યારે પ્રભુ રણી પણી થઇ ગયો ત્યારે કુટુંબનો નાશ થયો. ૩૦૪

ततस्स राक्षसो याम चतुष्टयेपि स्वाभिप्रायमेव ज्ञात्वा तुष्टः प्रभातसमये समागत्य तमाश्लिष्य प्राह। सुमते, तुष्टोस्मि किं तवाभिष्टमिति। कालिदासः प्राह । भगवन्नेतद्गृहं विहायान्यत्र गंतव्यमिति । सोपि तथेति गतः । अनंतरं तुष्टो भोजः कविं बहु मानितवान् । एकदा सिंहासनमलंकुर्वाणे श्रीभोज सकलभूपालशिरोमणौ द्वारपाल आगत्य प्राह । देव दक्षिणदेशात्कोपि मल्लिनाथनामा कविः कौपिनावशेषो द्वारि वर्तते । राजा प्रवेशयेत्याह । ततः कविरागत्य स्वस्तीत्युक्त्वा तदाज्ञया चोपविष्टः पठति ॥

ચારે પ્રહરમાં પોતાનાજ અભિપ્રાયને જાણનાર પુ-રૂષને જોઇ પ્રસન્ન થઇ ગયેલો બ્રહ્મરાક્ષસ સહવારમાં આવી કાલિદાસને મળ્યો અને કહેવા લાગ્યો હે સુમતે હું આપના ઉપર પ્રસન્ન છું માટે જે વાંચ્છા હોય તે માગો. કાલિદાસ--હે ભગવંત્ કૃપા કરી આ સ્થાનકનો ત્યાગ કરી અન્ય કોઇ પણ સ્થળે આપ પધારો સંતુષ્ટ થયેલો બ્રહ્મરાક્ષસ કવિની તે માગણી સ્વીકારી તે વિલાસ ભુવનનો ત્યાગ કરી ગયો. આથી રાજાનો કાલિદાસ ઉપર અનુપમ ભાવ થયો. એક દિવસે રાજરાજેંદ્ર શ્રીભોજરાજા પોતાની સભા ભરી સિંહાસન ઉપર બેઠા હતા. તે સમયે દ્વારપાળ આવી કહેવા લાગ્યા કે મ્હારાજ દક્ષીણ દેશમાંથી માત્ર કોપીનજ જેણે ધારણ કરેલું છે તેવા મલ્લિનાથ કવિ આવ્યા છે. આજ્ઞા થતાં અંદર આવી તે કવિ કહેવા લાગ્યા- .

नागो भाति मदेन खं जलधरैः पूर्णेंदुना शर्वरी।
शीलेन प्रमदा जवेन तुरगो नित्योत्सवैर्मंदिरम्॥
वाणी व्याकरणेन हंसमिथुनैर्नद्यः सभा पंडितैः।
सत्पुत्रेण कुलं त्वया वसुमति भुवनत्रयं भानुना ३०५

હસ્તિયો મદથી, આકાશ મેઘથી, રાત્રી ચાંદનીથી, સ્ત્રી શીયળથી, ઘોડાઓ ત્વરીત ચાલથી, મંદિરો ઉત્સ-વોથી, વાણી વ્યાકરણથી, નદીઓ હંસો તથા સાર-સનાં, જોડાંથી સભા પંડીતોથી, કુળ સારા પુત્રથી, પૃથ્વી રાજાઓથી અને ત્રણે લોક શ્રી સૂર્યનારાયણના પ્રકાશથી શોભાયમાન થયો. ૩૦૫

ततो राजा प्राह। विद्वन् तवोद्देश्यं किमिति। ततः कविराह॥

આ સાંભળી રાજા પુછવા લાગ્યા કે હે કવિ આમાં ત્હમારો શો ઉદ્દેશ છે ત્યારે કવી બોલ્યા.

अंबा कुप्यति न मया न स्नुषया सापि नांबया न मया।
अहमपि न तया न तया वद राजन् कस्य दोषोयम् ॥

હે રાજન્ મ્હારી મા મ્હને અને મ્હારી સ્ત્રિને જોઇ ક્રોધ કરે છે, મારી સ્ત્રિ મ્હને અને મારી માતાને જોઇ ક્રોધ કરે છે અને મ્હને પણ મ્હારી માતા અને સ્ત્રિને જોઈ ક્રોધ થાય છે. ત્યારે ત્હેનું કારણ શું. ૩૦૬

इति राजा च दारिद्र्यदोषं ज्ञात्वा कविं पूर्णमनोरथं चक्रे। एकदा द्वारपाल आगत्य राजानं प्राह। देव कविशेखरो नाम महाकविर्द्वारि वर्तते। राजा प्रवेशयेत्याह। ततः कविरागत्य स्वस्तीत्युक्त्वा पठति ॥

પૂર્ણ દારિદ્ર તેજ તે બ્રાહ્મણની તેવી સ્થિતીનું કારણ છે એમ જાણી રાજાએ ત્હેના મનોરથ પુરણ કર્યા પછી એક દિવસ દ્વારપાળ આવી કહેવા લાગ્યો કે હે દેવ કવિ શેખર નામના કોઇ મહા પંડિત દ્વારપર આવેલા છે આ કવિને અંદર પ્રવેશ કરાવાની આજ્ઞા થતાં કવિ આવી આશીર્વાદ આપી કહેવા લાગ્યા—

राजन् दौवारिकादेव प्राप्तवानस्मि वारणम् ॥
मदवारणमिच्छामि त्वत्तोहं जगतीपते॥३०७॥

હે રાજન્ હાથી અથવા વર્જન તો મ્હને આપના દ્વારપાળથી અપાઇ ચુક્યાં છે પણ હવે આપની પાસેથી મ્હારી મત્તહસ્તી અને અવર્જન મેળવવાની ઇચ્છા છે તે પૂર્ણ કરો. ૩૦૭

तदा प्राङ्मुखस्तिष्ठन् राजातिसंतुष्टः तं प्राग्देशं सर्वं कवये दत्तं मत्वा दक्षिणाभिमुखोभूत् । ततः कविश्चिंतयति किमिदं राजा मुखं परावृत्य मां न पश्यतीति । ततो दक्षिणदेशे समागत्याभिमुखः कवि पठति ॥

આ સમયે રાજા પૂર્વ તરફ બેઠેલા હતા તે શ્લોક સાંભળી અતિ પ્રસન્ન થઇ કવિને સંપૂર્ણ પૂર્વ દેશ દાન થઇ ગયો છે એમ માની દક્ષીણ તરફ બેઠા આ જોઇ તે તે બ્રાહ્મણ વિચારમાં પડયો કે આ શો ચમત્કાર કે રાજા મ્હારા સામું પણ જોતા નથી. પછી તે કવિ જે દિશામાં રાજા બેઠા હતા તે તરફ જઇ કહેવા લાગ્યા—

अपूर्वेयं धनुर्विद्या भवता शिक्षिता कथम् ॥
मार्गणौघस्समायाति गुणो याति दिगंतरम् ॥३०८॥

હે રાજન્ આ અપૂર્વ ધનુર્વિદ્યા ત્હમે કયાંથી શીખ્યા. ધનુર્વિદ્યાયોનો માર્ગમાં આઘા જતાં જણાય છે અને ત્હમારી વિદ્યા પ્રમાણેના માર્ગમાં શીખી પાસે આવતી જાય છે. ૩૦૮

ततो राजा दक्षिणदेशमपि मनसा कवये दत्त्वा स्वयं प्रत्यङ्मुखोभूत् । कविस्तत्रागत्य प्राह ॥

ઉપર પ્રમાણે સાંભળતાં દક્ષિણ દિશા પણ તે વિપ્રને અર્પણ થઇ ચુકી છે એમ માની રાજા પોતાનું તે દિશામાંથી આસન ફેરવી પશ્ચિમ દિશામાં બેઠા ત્યારે કવિ તે દિશામાં આવી કહેવા લાગ્યા.

सर्वज्ञ इति लोकोयं भवंतं भाषते मृषा ॥
पदमेकं न जानीषे वक्तुं नास्तीति याचके ॥३०९॥

હે રાજન્ સંસાર ત્હમને સર્વજ્ઞ કહે છે તે મ્હને અસત્ય જણાય છે કારણ કે યાચકોને "નહી" એવા બે અક્ષરનો શબ્દ કહેતાં પણ ત્હમને આવડતો નથી. ૩૦૯

ततो राजा तमपि देशं कवेर्दत्तं मत्वा उदङ्मुखोभूत्। कविस्तत्रापि आगत्य प्राह॥

પછી તે દિશા પણ તે બ્રાહ્મણને દાન થઇ ગઈ જાણી રાજા ઉત્તરમાં મુખ કરીને બેઠા ત્યારે ત્યાં આવી કવિ કહેવા લાગ્યા.

सर्वदा सर्वदोसीति मिथ्यात्वं कथ्यसे बुधैः॥
नारयो लेभिरे पृष्ठं न वक्षः परयोषितः॥३१०॥

હે રાજા લોક તમને સંપૂર્ણ કાળમાં સર્વ વસ્તુઓ દાન કરો એવા છો એમ જે કહે છે તે પણ મ્હને અસત્ય લાગે છે. કારણ કે શત્રુઓ ત્હમારી પીઠ અને પર સ્ત્રીઓ તમારા અંતઃકરણને મેળવી શકતાં નથી. ૩૧૦

ततो राजा स्वां भूमिं कविदत्तां मत्वा उत्तिष्ठति स्म। कविश्च तदभिप्रायमज्ञात्वा पुनराह॥

આ સાંભળતાં પોતાનું સર્વ રાજ્ય તે કવિને અર્પણ થઇ ચુક્યું છે એમ માની રાજા આસન ઉપરથી ઉભા થયા પણ રાજાના આ અભિપ્રાયને ન સમજનાર કવી તેમ છતાં પણ કહેવા લાગ્યા.

राजन्कनकधाराभिस्त्वयि सर्वत्र वर्षति॥
अभाग्यच्छत्रसंछन्ने मयि नायांति बिंदवः॥३११॥

હે નરેન્દ્ર સારા સંસારમાં ત્હમો સુવર્ણની ધારાઓએ વરસો છો છતાં પણ અભાગ્ય રૂપ છત્રથી ઢંકાયલા મ્હારા ઉપર ત્હેના છાંટા સરખા પણ પડતા નથી. ૩૧૧

तदा राजा चांतःपुरं गत्वा लीलादेवीं प्राह।

देवि सर्वं राज्यं कवये दत्तं ततस्तपोवनं मया सहागच्छेति। अस्मिन्नवसरे विद्वान्द्वारि निर्गतः बुद्धिसागरेण वृद्धामात्येन पृष्टः। विद्वन् राज्ञा किं दत्तमिति। स आह। न किमपीति। तदामात्यः प्राह तत्रोक्तं श्लोकं पठ। ततः कविः श्लोकचतुष्टयपठति। अमात्यस्ततः प्राह। सुकवे तव कोटिद्रव्यं दीयते परं राज्ञा यदत्र तव दत्तं भवति तत्पुनर्विक्रीयतामिति। कविस्तथा करोति। ततः कोटिद्रव्यं दत्वा कविं प्रेषयित्वा अमात्यो राजनिकटमागत्य तिष्ठति स्म। तदा राजा च तमाह। बुद्धिसागर राज्यमिदं सर्वं दत्तं कवये पत्नीभिः सह तपोवनं गच्छामि। तत्र तपोवने तवापेक्षा यदि मया सहागच्छेति। ततोमात्यः प्राह। देव तेन कविना कोटि द्रव्यमूल्येन राज्यमिदं विक्रीतम्। कोटिद्रव्यं च विदुषे दत्तमतो राज्यं भवदीयमेव भुंक्ष्वेति। तदा राजा च बुद्धिसागरं विशेषेण सम्मानितवान्। अन्यदा राजा मृगयारसेनाटवीमटन् ललाटंतपे तपने खिन्नदेहः पिपासापर्याकुलस्तुरगमारुह्य उदकार्थी निकटतटभुवमटन् तदलब्ध्वा परिश्रांतः कस्यचिन्महातरोरधस्तादुपविष्टः। तत्र काचिद्गोपकन्या सुकुमारमनोज्ञसर्वांगा यदृच्छया

धारानगरं प्रति तक्रं विक्रेतुकामा तत्रभाण्डं चोद्वहती समागच्छति। तां आगच्छन्तीं दृष्ट्वा राजा पिपासावशादेतद्भांडस्थं पेयं चेत् पिबामीति बुद्ध्यापृच्छत्, तरुणि किमावहसीति। सा च तन्मुखश्रिया भोजं मत्वा तत्पिपासां च ज्ञात्वा तन्मुखावलोकनवशच्छंदोरूपेणाह ॥

પછી રાજા રાણીવાસમાં આવી પટરાણી લીલાદેવીને કહેવા લાગ્યા કે મ્હેં સંપૂર્ણ રાજ્ય એક વિદ્વાનને દાન કરી દીધું છે અને હવે તપોવનમાં જાઉ છું માટે ત્હમે પણ ચાલો આ અવસરે પેલો વિદ્વાન પણ આંગણામાં આવી પહોંચ્યો તેને રાજાના ઘણા ચતુર દિવાન બુદ્ધિસાગરે પુછ્યું કે હે વિપ્ર રાજાએ તમને શું આપ્યું. તેણે કહ્યું કાંઇજ નથી આપ્યું. દિવાને વળી પુછ્યું સભામાં શું શું થયું ત્યારે ત્યાં બોલેલા ચાર શ્લોકો તે વિપ્રે દિવાનને બોલી સંભળાવ્યા ત્યારે દિવાને કહ્યું હે વિપ્ર રાજાએ તમને અસંખ્ય દ્રવ્ય આપ્યું છે ત્હેને વેચવા ચહાતા હો તો એક કોટી દ્રવ્યથી વેચો. દિવાનનાં આવાં વચનો સાંભળતાં બ્રાહ્મણને રાજા તરફથી મળેલા દાનને કોટી દ્રવ્ય માટે વેચ્યું અને દિવાને રાજ્યને સ્વતંત્ર કર્યું અને પોતે રાજા પાસે ગયા ત્યારે રાજા કહેવા લાગ્યા કે હે મંત્રિ મ્હેં રાજ્ય બ્રાહ્મણને અર્પણ કરેલું છે અને હવે વનમાં જાઉછું. માટે તમારે મ્હારી સાથે આવવું હોય તો ચાલો ત્યારે મંત્રિ કહેવા લાગ્યા કે હે દેવ તે બ્રાહ્મણે તો કોટી દ્રવ્ય માટે રાજને વેચી નાંખેલું છે. માટે હવે રાજ્ય આપનું છે અને તે સુખે ભોગવો. ત્યાર પછી

રાજા બુદ્ધિસાગરને વિશેષ માન આપવા લાગ્યા. એક સમયે મૃગયા રમવામાં ઘણાજ ગુંથાયલા રાજાને ઘણો શ્રમ તથા તાપ લાગ્યો અને મધ્યાન થતાં તૃષાથી જીવ વ્યાકુળ થયો ત્યારે જંગલમાં પાણી માટે તપાસ કરવા લાગ્યા. પાણી કોઇ પણ સ્થળે ન મળતાં નિરાશ થઇ રાજા એક વૃક્ષની છાયામાં બેઠા એટલામાં ધારાનગરીમાં છાશ વેચવાની ઇચ્છાથી એક સર્વાંગે સુશોભિત ગોપ કન્યા માથા પર છાશનો ઘડો લઇ જતી રાજાએ જોઇ. તે ગોપ કન્યાના માથા પર ઘડો જોતાં તૃષાથી વ્યાકુળ રાજાએ આમાં કાંઇ પીવા જેવું હશે તેમ ધારી તે કન્યાને પુછ્યું. હે! તરૂણી ઘડામાં શું છે? ઉપરનો પ્રશ્ન સાંભળતાંજ મુખ શોભા પરથી પુછનાર ભોજરાજા છે અને તૃષાથી પીડીત છે એમ સમજી જઇ તે ગોપ કન્યાએ છંદ દ્વારા રાજાને ઉત્તર આપ્યો કે:

हिमकुंदशशिप्रभशंखनिभं ।
परिपक्वकपित्थसुगंधरसम् ॥
युवतीकरपल्लवनिर्मथितं ।
पिब हे नृपराज रुजापहरम् ॥ ३१२ ॥

હે નરેન્દ્ર આ ઘડામાં બરફ, કુંદ, અને ચંદ્રમ તથા શંખ સમાન સફેદ અને પાકેલાં કોઠ જેવો સુગંધીદાર, યુવાન સ્ત્રિયોને હાથે મંથન પામેલો અને સર્વ રોગનો હરનાર પદાર્થ છે જે આપ સુખેથી પીઓ. ૩૧૨.

इति । राजा तच्च तक्रं पीत्वा तुष्टः तां प्राह । सुभ्रुः किं तवाभीष्टमिति । सा च किंचिदाविष्कृतयौवना मदपरवशा मोहाकुलनयना प्राह । देव मां कन्यारत्नवावेहि । सा पुनराह ॥

છાશ પીવાથી જેની તૃષા શાંત થઇ હતી તેવા તે ભોજરાજા પ્રસન્ન થઇ પછી તે ગોપ કન્યાને પુછવા લાગ્યા કે હે નવયોવના ત્હારા શા મનોરથ છે? ઉપરના પ્રશ્નને મોહથી વ્યાકુળ તે મદોન્મત્ત સ્ત્રિએ ઉત્તર આપ્યો કે હે દેવ હું હજુ કન્યા છું અને

इंदुं कैरविणीव कोकपटलीवांभोजिनीवल्लभं।
मेघं चातकमंडलीव मधुपश्रेणीव पुष्पव्रजम्॥
माकंदं पिकसुंदरीव रमणीवात्मेश्वरं प्रोषितं।
चेतोवृत्तिरियं सदा नृपवर त्वां द्रष्टुमुत्कंठते॥२१२॥

હે નૃપવર જેમ કુમુદિની ચંદ્રને, ચક્રવાક સૂર્યને, ભ્રમરો પુષ્પના સમૂહને, કોયલો આંબાના મ્હોરને અને સ્ત્રિયો ઘણા દિવસના વિયોગ પામેલા પતિને મળવા માટે ઘણાંજ આતુર હોય છે તેવી રીતે મ્હારી ચિત્તવૃતિ આપના નિરંતર દર્શનનેજ ઇચ્છે છે.

राजा चमत्कृतः प्राह। सुकुमारी त्वां लीलादेव्या अनुमत्या स्वीकुर्मः। इति धारानगरं नीत्वा तां तथैव स्वीकृतवान्। कदाचिद्राजाभिषेके मदनशरपीडिताया मदिराक्ष्याः करतलगलितो हेमकलशस्सोपानपंक्तिषु रटन्नेव पपात ततो राजा सभायामागत्य कालिदासं प्राह। सुकवे एनां समस्यां पूरय। 'टंटंटंटंटंटटंटंटंटम्'। तदा कालिदासः प्राहः॥

ઉપરના ઉત્તરથી આશ્ચર્ય પામેલા રાજાએ તે ગોપ કન્યાને કહ્યું કે હે સુકુમારિ, પટરાણી લીલાદેવીની અનુમતિ લઇને હું ત્હારો સ્વિકાર કરીશ. પછી ધારાનગરીમાં તે કન્યાને લાવી રાણી લીલાદેવીની સલાહથી

રાજાએ તેનો અંગિકાર કર્યો. કોઇ એક પ્રસંગે રાજા સ્નાન કરવા બેઠેલા હતા ત્યારે કામદેવને વશ થયેલી કોઇ એક સ્ત્રિ વીહવલ થઇ જતાં તેના હાથમાંથી રાજાને સ્નાન કરાવતાં સુવર્ણ કળશ સરી પડયો અને તે પગથીયાં પર ટટંટટંટંટટટંટટંટમ્ અવાજ કરતો ગડબડવા લાગ્યો. પછી રાજાએ સભામાં આવી તે અવાજ પ્રમાણેની શમશ્યા પુર્ણ કરવા મહા કવિ કાલિદાસને આજ્ઞા કરી. કાલિદાસ કહેવા લાગ્યા—

राजाभिषेके मदविव्हलाया ।
हस्ताच्च्युतो हेमघटो युवत्याः ॥
सोपानमार्गेषु करोति शब्दं ।
टटंटटंटंटटटंटटंटम् ॥ ३१४ ॥

રાજાને અભિષેક કરતાં મદથી વીંહ્વળ થએલી કોઇ એક યુવાન સ્ત્રિના હાથમાંથી સુવર્ણ કળશ પડી ગયો અને પગથીયાં ઉપર ગડબડતાં ગડબડતાં તેનો ટટંટટંટંટટટંટટંટમ્ એ પ્રમાણેનો અવાજ થયો.

तदा राजा स्वाभिप्रायं ज्ञात्वाक्षरलक्षं ददौ । अन्यदा सिंहासनमलंकुर्वाणे श्रीभोजे कश्चिच्चोरः आरक्षकै राजनिकटं नीतः । राजा तं दृष्ट्वा कोयमित्यपृच्छत् । तदा आरक्षकाः प्राहुः देव अनेन कुभिल्लकेन कस्मिंश्चिद्वेश्यागृहे घातपातमार्गेण द्रव्वाणि अपत्हतानीति । तदा राजा प्राह । अयं दंडनीय इति । ततो मुक्कुंडो नाम चोर प्राह ॥

પોતાનાજ અભિપ્રાય પ્રમાણેની સમશ્યા પુર્ણ થયેલી જોઇ રાજાએ કવિને પ્રત્યેક અક્ષર માટે લાખ

લાખ રૂપીઆ આપ્યા. એક સમયે ભોજરાજા સભા ભરી બેઠેલા હતા ત્યારે રાજ દૂતો એક ચોર પકડી લાવ્યા. રાજાએ પુછયું કે આ કોણ છે ત્યારે તે દૂતો- એ કહ્યું કે મ્હારાજ આ ચોર છે અને તેણે વેસ્યાના ઘરમાં ખાતર પાડી મૂલ્યવાન પદાર્થો ચોર્યા છે. રાજા- એ કહ્યું અવશ્ય આને શીક્ષા કરવી જોઇએ. ત્યારે ભુકકુંડ નામે ચોર કહેવા લાગ્યો.

भट्टिर्नष्टो भारविश्चापि नष्टो ।
भिक्षुर्नष्टो भीमसेनोपि नष्टः ॥
भुक्कुंडोहं भूपतिस्त्वं हि राजन् ।
भब्भापंक्तौ कालधर्मः प्रविष्टः ॥ ३१५ ॥

હે રાજન્ ભભા પંકિતમાં કાળ પ્રવેશ કરી ચુકયો છે અને ભટ્ટિ, ભારવિ, ભિક્ષુ, ભિમસેન સર્વ મરણ પામ્યા છે માત્ર હું ભુકકુંડ, અને તમે ભોજરાજ બાકી છીએ.

तदा राजा प्राह । भो भुक्कुंड गच्छ गच्छ यथेच्छं विहर । कदाचिद्भोजो मृगयापर्याकुलः वने विचरन् विश्रमाविष्टहृदयः कंचित्तटाकमासाद्य स्थितवान् । श्रमात्प्रसुप्तः । ततोपरपयोनिधिकुहरंगते भास्करे ॥

આ સાંભળી રાજા કહેવા લાગ્યા હે ભુકકુંડ હું તને ક્ષમા કરૂં છું તારી ઇચ્છામાં આવે ત્યાં તું વિચરજે. કોઇ એક દિવસે શીકાર કરવા ગયેલા રાજા થાક લાગવાથી એક સરોવરના કિનારે આરામ લેવાને બેઠા ત્યાં નિદ્રાને વશ થઇ ગયા અને તે સમયમાં સૂર્યનારાયણ અસ્ત થવા લાગ્યા.

तत्रैवारोचत निशा तस्य राज्ञः सुखप्रदा ।
चंचच्चंद्रकरानंदसंदोहपरिकंदला ॥ ३१६ ॥

સૂર્ય અસ્ત થયો અને ત્યાં ચંદ્રનાં કીરણોથી ઘેરાયલી આનંદ આપનારી અને નિદ્રાવશ રાજાને સુખકર રાત પ્રસરી રહી.

ततः प्रत्यूषसमये नगरीं प्रति प्रस्थितो राजा चरमगिरिनितंबलंबमानशशांकबिंबमवलोक्य सकुतूहलस्सभामागत्य तदा समीपस्थान् कवींद्रान्निरीक्ष्य समस्यामेकामवदत् ॥

પ્રભાત થતાં રાજા નિદ્રા મુક્ત થતાં ધારાનગરી તરફ નીકળી પડ્યા તે સમયે પશ્ચિમ પર્વત તરફ લંબાતાં ચંદ્રમાના પ્રકાશને જોઇ સભામાં આવી પહોંચ્યા ત્યાં બેઠેલા કવિમંડળને જોઇ રાજા કહેવા લાગ્યા કે—

चरमगिरिनितंबे चंद्रबिंबं ललंबे ॥

"પશ્ચિમ પર્વત ઉપર ચંદ્ર બિંબ લટકે છે" એ સમસ્યા પૂર્ણ કરો.

तदा प्राह भवभूतिः ॥

પ્રત્યુત્તરમાં ભવભૂતિ કહેવા લાગ્યા.

अरुणकिरणजालैरंतरिक्षे गतर्क्षे ।

ततो दंडी प्राह ॥

સૂર્યનારાયણનાં કિરણોના પ્રકાશને લીધે નક્ષત્રો આકાશમાં જવા લાગ્યાં ત્યારે દંડી કવિ કહેવા લાગ્યા—

चलति शिशिरवाते मंदमंदं प्रभाते ॥

શિશિરનો મંદ મંદ પવન વાવા લાગ્યો.

ततः कालिदासः प्राह ॥

ત્યારે કાલિદાસ બોલ્યા-

युवतिजनकदंबे नाथमुक्तोष्ठबिंबे ।
चरमगिरिनितंबे चंद्रबिंबं ललंबे ॥ ३१७ ॥

હે નાથ ! સ્ત્રિ સંગમાંથી મુક્ત થતા પતિએ જ્યારે પત્નિના અધર બિંબનો ત્યાગ કર્યો ત્યારે પશ્ચિમ પર્વત ઉપર ચંદ્ર બિંબ થવા લાગ્યો.

ततो राजा सर्वानपि सम्मानितवान् । तत्र कालिदासं विशेषतः पूजितवान् । अथ कदाचिद्भोजो नगराद्बहिर्निर्गतः । नूतनेन तटाकांभसा बाल्यसाधितकपालशोधनादि चकार । तन्मूलेन कश्चन शफरशावः कपालं प्रविष्टो [illegible] निकटघटितो विनिर्गतः ततो राजा स्वपुरीमवाप । तदारभ्य राज्ञः कपाले वेदना जाता । ततस्तैस्तैर्भिषग्वरैः सम्यक्चिकित्सितापि न शांता । एवमहर्निशं नितरामस्वस्थे राज्ञि अमानुषविदितेन महारोगेण ॥

ઉપર પ્રમાણેની પોતાની શમશ્યા પુર્ણ થયેલી જોઈ સર્વ કવિજનોનો રાજા સત્કાર કરવા લાગ્યા તેહેમાં કવિ કાલિદાસનો વિશેષ સત્કાર કર્યો. પછી એક દિવસે નગર બ્હાર આવેલા તળાવપર રાજા આવી ચઢતાં ત્યાં આગળના પાણીથી બાલ્યાવસ્થામાં પોતે જે ક્રિયાથી દેહની અંતરસુધી કરતા હતા તે કરવા લાગ્યા તે પ્રસંગે નાકમાં થઇને એક માંછલું રાજાના શરીરમાં જતું રહ્યું અને

ત્યાંથી બ્હાર ન આવી શકવાથી રાજાને અત્યંત પીડા કરવા લાગ્યું. રાજા પોતાની નગરીમાં પાછા આવ્યા. પણ ત્હેમને મગજમાં વેદના અતિશય થવા લાગી. ઘણા ઘણા પ્રવિણ વૈદ્યોએ રોગની ચિકિત્સા કરી પણ કશાથી રાજાને શાંતિ થઈ નહી. અને આ મહા રોગ કોઇ પારખી શકયા પણ નહી.

क्षामक्षाममभूद्वपुर्गतसुखं हेमंतकालेऽजव- ।
ब्दक्रं निर्गतकांति राहुवदनाकांताब्जबिंबोपमम् ॥
चेतः कार्यपदेषु तश्य विमुखं क्लीबस्य नारोष्विव ।
व्याधिः पूर्णतरा बभूव विपिने शुष्के शिखावानिव ॥

દિવસે દિવસે સુકા વનમાં અગ્નિનું જોર જેમ વધતું જાય તેમ રોગ ગ્રસ્ત રાજાના કૃશ થતા શરીરમાં રોગનું જોર પ્રબળ થવા લાગ્યું રાજાનું મુખ કમળ હેમંત ૠતુના કમળ સમાન કરમાવા લાગ્યું અને પુરૂષત્વ હીણ પુરૂષનું જેમ સ્ત્રિયોમાં ચિત્ત રહે નહી તેમ રાજકાજમાંથી રાજા વિમુખ થવા લાગ્યા—

एवमतीते संवत्सरेपि काले न केनापि निवारितस्तद्गदः । ततः श्रीभोजो नानाविधसमानौषधभग्नरोगदुःखितमनास्समीपस्थं शोकसागरनिमग्नं बुद्धिसागरं कथमपि संमताक्षरामुवाच वाचम् । बुद्धिसागर इतःपरमस्मद्विषये न कोपि भिषग्वरो वसतिमातनोतु । बाग्भटादिभेषजकोशान् निखिलान् स्रोतसि निरस्यागच्छ, मम देवसमागमसमयः समागत इति तच्छ्रुत्वा सर्वेपि पौरजनाः

कवयश्च अवरोधसमाजाश्च विगलदस्रासारनयना बभूवुः । ततः कदाचिद्देवसभायां पुरंदरः सकलमुनिवृंदमध्यस्थं वीणामुनिमाह । मुने इदानीं भूलोके का नाम वार्तेति । ततो नारदः प्राह । सुरनाथ किमप्याश्चर्यं किंतु धारानगरवासी श्रीभोजभूपालः रोगपीडितो नितरामस्वस्थो वर्तते । स तस्य रोगः केनापि न निवारितः । तदनेन भोजनृपालेन भिषग्वरा अपि स्वदेशान्निष्कासिताः । वैद्यशास्त्रमपि अनृतमिति निरस्तमिति । एतदाकर्ण्य पुरुहूतस्समीपस्थौ नासत्याविदमाह । भोः स्ववैद्यौ कथमनृतं धन्वंतरीयं शास्त्रम् । तदा तावाहतुरमरेश देव न व्यलीकमिदं शास्त्रं किं त्वमरविदितेन रोगेण बाध्यतेसौ भोज इति । इंद्रः कोसाववार्यरोगः किं भवतोर्विदितः । ततस्तावूचतुः । देव कपालशोधने कृते भोजेन तदा प्रविष्टः पाठीनः तन्मूलोयं रोग इति । तदा इंद्रः स्मयमानमुखः प्राह । तदिदानीमेव युवाभ्यां गंतव्यं न चेदितः परं भूलोके भिषक्शास्त्रस्यासिद्धिर्भवेत् । न खलु सरस्वतीविलासस्य निकेतनं शास्त्राणामुद्धर्ता चेति । ततः सुरेंद्रादेशेन ता उभावपि धृतद्विजन्मवेषौ धारानगरं प्राप्य द्वारस्थं प्राहतुः ।

द्वारस्थ आवां भिषजौ काशीदेशादागतौ श्री-
भोजाय विज्ञापय तेनानृतमित्यंगीकृतं वैद्यशास्त्र-
मिति श्रुत्वा तत्प्रतिष्ठापनाय तद्रोगनिवारणाय
चेति । ततो द्वारस्थः प्राह । भो विप्रौ न कोपि
भिषक्प्रवरः प्रवेष्टव्य इति राज्ञोक्तम् । राजा तु
केवलमस्वस्थो नायमवसरो विज्ञापनस्येति । त-
स्मिन्क्षणे कार्यवशाद्बहिर्निर्गतो बुद्धिसागरस्तौ
दृष्ट्वा कौ भवंतावित्यपृच्छत् । ततस्तौ यथागतमू-
चतुः । ततो बुद्धिसागरेण तौ राज्ञः समीपं नीत्वा
ततो राजा ताववलोक्य मुखश्रिया अमानुषाविति
बुद्ध्वा आभ्यां शक्यतेयं रोगो निवारितुमिति
निश्चित्य तौ बहु मानितवान् । ततस्तावूचतुः ।
राजन्न भेतव्यं रोगो निर्गतः । किंतु कुत्रचिदे-
कांते त्वया भवितव्यमिति । ततो राज्ञापि तथा
कृतम् । ततस्तावपि राजानं मोहचूर्णेन मोहयित्वा
शिरःकपालमादाय तत्करोटिकापुटे स्थितं शफर-
कुलं गृहीत्वा कस्मिंश्चिद्भाजने निक्षिप्य संधान-
करण्या कपालं यथावदारचय्य संजीविन्या च तं
जीवयित्वा तस्मै तदर्शयताम् तदा तद्दृष्ट्वा राजा
विस्मितः किमेतदिति तौ पृष्टवान् । तदा तावूचतुः ।

राजन् त्वया बाल्यादारभ्य परिचितकपालशोधनतस्संप्राप्तमिति । ततो राजा तावश्विनौ मत्वा तच्छोधनार्थमपृच्छत् । किमस्माकं पथ्यमिति । ततस्तावूचतुः ॥

આવી સ્થિતિ એક વરસ ચાલી પણ કોઇથી રાજાનો રોગ મટાડાયો નહી. ત્યારે વ્યાધિના દુઃખથી તેમજ અસંખ્ય ઔષધિયોના સેવનથી કંટાળેલા અને શોક સાગરમાં ડુબેલા રાજા મહા કષ્ટે પોતાના પ્રધાન બુદ્ધિસાગરને કહેવા લાગ્યા કે હે પ્રધાન હવે આપણા રાજમાં કોઈ વૈદ્ય રહે નહી એવો અને સર્વ વૈદકના સંબંધના પુસ્તકોનો નાશ કરવામાં આવે તે પ્રમાણે કરી સત્વર મ્હારી પાસે આવો કારણ કે હવે મ્હારો કાળ આવી પહોંચ્યો છે. રાજાનાં આવાં વચનો સાંભળી સર્વ પુરવાસીયો, વિદ્વાનો અને રાણીયો વિલાપ કરવા લાગ્યાં. તે સમયે દેવ સભામાં સર્વ મુનિ ગણોમાં શ્રેષ્ઠ વિણાધારી નારદ ઇંદ્ર રાજા પુછવા લાગ્યા કે હે ભગવન્ મૃત્યુ લોકના શા સમાચાર છે તે કહો ત્યારે નારદજી કહેવા લાગ્યા કે હે સુરેન્દ્ર બીજા તો કાંઇ સમાચાર નથી. પણ ધારાપતિ ભોજરાજ મહા રોગથી ઘણા પીડીત અને અસ્વસ્થ છે. રાજાના આ મહા રોગને કોઇ વૈદ્ય મટાડી ના શકયો તેથી કાયર થઇ રાજાએ મ્હોટા પ્રવિણ વૈદ્યોને પણ પોતાના રાજમાંથી દેશનીકાલ કર્યા ને વૈદકના અમૂલ્ય ગ્રંથોનો પણ તેમાં કાંઈ સત્ય નથી એમ માની નાશ કરાવ્યો. આ સમાચાર સાંભળી પોતાની પાસેજ ઉભેલા અશ્વનિ કુમારોને પ્રબોધિ સુરરાય કહેવા લાગ્યા કે હે સ્વર્ગના વૈદ્યો વૈદકને શા આધારે અસત્ય કહેવાય. તે બોલ્યા અમરેશ શાસ્ત્ર જુઠું નથી.

પણ ભોજરાજા દેવો જાણી શકે છે તેવા રોગથી પીડાય છે. તેવો શો રોગ છે અને તમોએ તે શી રીતે જાણ્યો. ત્યારે અશ્વનિ કુમારો બોલ્યા કે હે સુરેન્દ્ર ભોજરાજા તળાવ ઉપર નેતીધોતી ક્રિયા કરતા હતા, તે પ્રસંગે એક નાનું માંછલું ત્હેના નાકમાં પ્રવેશી મગજમાં ચઢી ગયું છે આ વૃત્તાંત સાંભળી ઈંદ્ર રાજા હસવા લાગ્યા અને બોલ્યા કે જ્યારે આમજ છે ત્યારે તો ત્હમો સત્વર જાવ અને રાજાને આરામ કરો નહી તો ભવિષ્યમાં વૈદક શાસ્ત્ર અસત્ય છે એમ સિદ્ધ થશે. અને રાજા સરસ્વતિના મંદિરોનો તથા અમુલ્ય ગ્રંથોનો નાશ કરાવશે. પછી ઈંદ્રની આજ્ઞા લઈ અશ્વનિ કુમારો બ્રાહ્મણનો વેશ ધારણ કરી ધારાનગરીમાં આવી પહોંચ્યા અને રાજાના મ્હેલના દ્વારપાળને આવી કહેવા લાગ્યા કે દ્વારપાળ અમો વૈદ્ય છીએ અને કાશી દેશથી આવ્યા છીએ માટે રાજાને ખબર આપો કે ત્હેઓ વૈદ્ય વિદ્યાને અસત્ય માનો છો તે ખોટું છે તેમ ત્હમારી ખાત્રી કરી આપવા તથા ત્હમારો રોગ મટાડવાને અમો અત્રે આવ્યા છીએ. ત્યારે દ્વારપાળે કહ્યું કે હે બ્રાહ્મણો રાજા ઘણાજ બિમાર છે માટે એવી અરજ કરવાનો હાલમાં અવસર નથી તેમજ કોઇ પણ વૈદ્યને ન દાખલ કરવાનો ત્હેમનો ખાસ હુકમ છે. તે વખતે કાંઇ કારણસર પ્રધાન બુદ્ધિસાગર બ્હાર આવી પ્હોંચ્યા અને તે બ્રાહ્મણોને જોઈ પુછવા લાગ્યા કે તમો કોણ છો. અશ્વનિકુમારોએ પોતાનો વૃત્તાંત કહી સંભળાવ્યો ત્યારે બુદ્ધિસાગર ત્હેમને રાજાની સમક્ષ લાવ્યા. ત્હેમની મુખ શોભા જોતાંજ તેઓ સાધારણ માણસ નથી, તેવી રાજાની ખાત્રી થઇ અને ત્હેને એમ પણ લાગ્યું કે તેમનાથી રોગ નિવારણ થશે તેથી ત્હેમનો સારો સત્કાર કર્યો પછી અશ્વનિકુમારો કહેવા લાગ્યા કે હે રાજન્ ત્હમો ચિંતાનો ત્યાગ કરો રોગ

નિશ્ચય નિરઅુળ થશે પરંતુ આપણે એકાંત સ્થળમાં જવું જોઇએ. રાજા અશ્વિનિકુમારો સાથે એકાંત સ્થળમાં ગયો ત્યાં હેને તેઓએ મોહ ચુરણથી બેભાન કર્યો અને પછી ખોપરીનો ભાગ જુદો પાડયો, અને હેમાં વૃદ્ધી પામેલાં માછલાંઓને એક વાસણમાં કાઢી લીધાં અને પછી તે ભાગને પાછો સાંધી લીધો અને સંજીવીની નામની ઔષધી સુંઘાડી રાજાને ચૈતન્ય આપ્યું. સ્વસ્થ થયેલા રાજાને પેલાં મત્સ્યો બતાવ્યાં ત્યારે આશ્ચર્ય પામી રાજા આ શું છે એમ હેમને પુછવા લાગ્યા. અશ્વિનિકુમારો બોલ્યા હે રાજન્ બાલ્યાવસ્થાથી હમો કપાલ શોધન ક્રિયા કરતા હતા હેનુંજ આ પરિણામ છે. આ બન્ને વેશધારી વૈદો અશ્વિનિકુમારજ છે એમ જાણી હેમની ખાત્રી કરવાને રાજા પુછવા લાગ્યા કે હે બ્રહ્મ દેવો હવે મ્હારે પથ્ય શું છે તે કહો તેઓ બોલ્યા ગરમ જળથી સ્નાન કરવું, દુધ પીવું, શ્રેષ્ઠ સ્ત્રિયો સાથે રહેવું તે હે મનુષ્યો હમારે માટે પથ્ય છે.

ઉપર પ્રમાણેના અશ્વિનિકુમારોના ઉત્તરમાં મનુષ્યો એવા સંબોધનથી રાજા પુછવા લાગ્યા કે અમો જયારે મનુષ્યો છીએ ત્યારે આપ કોણ છો ? આ પ્રમાણે પ્રશ્ન કરતો રાજા પોતાના હાથ વડે તેમના હાથ ત્વરાથી પકડવા ગયો પણ તેટલામાં તો તેઓ અંતરધ્યાન થઇ ગયા અને કહેતા ગયા કે ચોથું ચર્ણ મહા કવિ કાલિદાસ પૂર્ણ કરશે. પછી રાજા સર્વ કોઇને બોલાવી ઉપરનો વૃત્તાંત કહેવા લાગ્યા જે સાંભળી સર્વ આશ્ચર્ય પામ્યા અને કવિ કાલિદાસે નીચે પ્રમાણે ચોથું ચરણ બનાવ્યું.

अशीतेनांभसा स्नानं पयःपानं वराः स्त्रियः ॥
एतद्वो मानुषाः पथ्यमिति ,

तत्रांतरे राजा मध्ये 'मानुषा' इति संबोधनं श्रुत्वा वयं चेन्मानुषाः कौ युवामिति तयोर्हस्तौ झटिति स्वहस्ताभ्यां अग्रहीत्। ततस्तत्क्षण एव तावंतर्धत्तां ब्रुवंतावेव कालिदासेन पूरणीयं तुरीयचरणमिति। ततो राजा विस्मितः सर्वानाहूय ...वीत्। तच्छ्रुत्वा सर्वेपि चमत्कृताः विस्मिताश्च बभूवुः। तत्कालिदासेन तुरीयचरणं पूरितम्॥

स्निग्धमुष्णं च भाजनं ॥ इति ॥ ३१९ ॥

તેમજ ચિકણું તથા ગરમ ભોજન પણ પથ્ય છે.

ततो भोजोपि कालिदासं लीलामा...षं मत्वा परं सन्मानितवान्। अथ भाजनृ...ः प्रतिदिनं संजातकल्लकीर्तिर्ववृधे धाराधीशः कृष्णेतरपक्षे चंद्र इव। ततः कदाचित्सिंहासनमलंकुर्वाणे श्रीभोजे कालिदासभवभूतिदंडिबाणम...रवररुचिप्रभृतिकवितिलक...लालंकृतायां सभायां द्वारपाल एत्याह। देव कश्चित्कविर्द्वारि तिष्ठति। तेनेयं प्रेषिता गाथासनाथा चीठिका देवसभायां निक्षिप्यतामिति तां दर्शयति। राजा गृहीत्वा तां वाचयति॥

પછી ભોજરાજા પણ કાલિદાસને કોઇ સ્વર્ગીય પ્રાણી છતાં માનુષિ લીલા કરનાર સમજી વધારે માન

આપવા લાગ્યા. તે દિવસ પછી ધારાધિશ ભોજરાજ શુકલ પક્ષના ચંદ્રની માફક દિન દિન શકતી તથા શોભામાં વૃદ્ધિ પામવા લાગ્યા. એક સમયે ભોજરાજા કાલિદાસ, ભવભૂતિ, દંડી, બાણુ, મયુર આદિ કવિવરોની સભા ભરી સિંહાસનપર બેઠેલા હતા ત્યારે દ્વારપાલ આવી કહેવા લાગ્યો કે હે દેવ કોઇ કવિ દ્વારપર આવેલા છે, અને તેણે કવિતા લખેલી આ ચીઠ્ઠી આપીને કહ્યું છે કે રાજસભામાં તે મૂકજો. રાજા તે ચીઠ્ઠી લઇને વાંચવા લાગ્યા—

काचिद्बाला रमणवसतिं प्रेषयंती करंडं ।
दासीहस्तात्सभयमलिखद्व्यालमस्योपरिस्थम् ॥
गौरीकांतं पवनतनयं चंपकं चात्र भावं ।
पृच्छत्यार्यो निपुणतिलको मल्लिनाथः कवींद्रः ३२०

કોઈ યુવાન સ્ત્રિ પરદેશમાં પોતાના પતિને એક પેટી મોકલતી હતી, પરંતુ દાસીના હાથમાં આપતા પ્હેલાં ભયથી તે ઉપર તેણે અનુક્રમે સર્પ, મહાદેવજી, હનુમાનજી, અને ચંપાનાં ચિત્ર પાડ્યાં તો હે કવિવરો અને શ્રેષ્ઠજનો તેમ કરવામાં ત્હેનો શો મુદ્દો હશે તે આપને મલ્લિનાથ કવી પૂછે છે તે કહો.

तच्छ्रुत्वा सर्वोपि विद्वत्परिषच्चमत्कृता । ततः कालिदासः प्राह । राजन्मल्लिनाथः शीघ्रमाकारयितव्य इति । ततो राजादेशात् द्वारपालेन स प्रवेशितकवी राजानं स्वस्तीत्युक्त्वा तदाज्ञयोप-

विष्टः । ततो राजा प्राह तं कवींद्रम् । विद्वन्मल्लि-
नाथकवे साधु रचिता गाथा । कालिदासः प्राह ।
किमुच्यते साध्विति । देशांतरगतकांतायाश्चारि-
त्र्यवर्णनेन श्लाघनीयोसि विशिष्य तत्तद्भावप्रति-
भटवर्णनेन । तदा भवभूतिः प्राह । विशिष्यते
इयं गाथा पंक्तिकंठोद्यानवैरिणो वातात्मजस्य
वर्णनादिति ततः प्रीतेन राज्ञा तस्मै दत्तं सुवर्णानां
लक्षं पंच गजाश्च दश तुरगाश्च दत्ताः । ततः
प्रीतो विद्वान् स्तौति राजानम् ॥

આવો પ્રશ્ન સાંભળતાં સર્વ સભા ચમત્કારને પામી ગઇ પછી કાલિદાસ કહેવા લાગ્યા કે હે દેવ, મલ્લિનાથને સત્વર બોલાવો પછી આજ્ઞા પ્રમાણે દ્વારપાળે તે કવિને સત્વર રાજા પાસે પ્રવેશ કરાવ્યો. મલ્લિનાથ રાજાને આશીર્વચન કહી બેઠા ત્યારે રાજા તેમને કહેવા લાગ્યા કે હે સુકવે ભાવનું વર્ણન ઘણુંજ પ્રશંશાને પાત્ર કર્યું છે. ભવભૂતિ કહેવા લાગ્યા કે હનુમાનજીના વર્ણનથી ત્હમારી ગાથા અનુપમ રસ ગુણ જણાય છે. આ પ્રમાણેનાં ત્હેમનાં વખાણથી પ્રસન્ન થયેલા રાજાએ તે મલ્લિનાથ કવિને લાખ સોનામ્હોર, પાંચ હાથી, અને દશ ઘોડા દાન કર્યા તેથી સંતુષ્ટ થયેલા તે મલ્લિનાથ કવિ રાજાની સ્તુતિ કરવા લાગ્યા—

व भोज तव दानजलौघैः ।
सोयमद्य रजनीति विशंके ॥

अन्यता तदुदितेषु शिलागो ।
भूरुहेषु कथमीदृशदानम् ॥ ३२१ ॥

હે રાજન્ હે ભોજદેવ ત્હમારાં અસંખ્ય દાનોના સંકલ્પોના જળના સમુહથીજ સમુદ્ર ઉત્પન્ન થયો હોય એમ મારૂં માનવું છે અને જો તેમ ન હોય તો સમુદ્રમાં ઉત્પન્ન થયેલાં પારસમણી, કામધેનું અને કલ્પવૃક્ષ ઇચ્છાનુસાર દાનને આપી શકેજ કેમ. ૩૨૧

ततो लोकोत्तरं श्लोकं श्रुत्वा राजा पुनरपि तस्मै लक्षत्रयं ददौ। ततो लिखति स्म भांडारिको धर्मपत्रे ॥

આવો સ્તુતિ પાત્ર શ્લોક સાંભળી પુનઃ તે બ્રહ્મણને ભોજરાજાએ ત્રણ લાખ રૂપીયા આપ્યા ત્યારે કોશાધિશે ધર્મ પત્રમાં લખ્યું કે--

प्रीतः श्रीभोजभूपस्सदसि विरहिणीगूढनमौक्तिक-पद्यं श्रुत्वा हेम्नां च लक्षं दश स च तुरगान् पंच नागानयच्छत् ॥ पश्चात्तत्रैव सोयं वितरणगुणस-द्वर्णनात् प्रीतचेता लक्षं लक्षं च लक्षं पुनरपि च ददौ मल्लिनाथाय तस्मै ॥ ३२२ ॥

વીરહીણીના ગુઢ શ્લોકથી પ્રસન્ન થયેલા રાજાએ મલ્લિનાથ કવિને લાખ મ્હોર, પાંચ હાથી અને દશ ઘોડા આપ્યા અને પુનઃ તેવા દાનની પ્રસંશાથી પ્રસન્ન

થયેલા રાજાએ તેજ મલ્લિનાથ કવિને બીજા ત્રણ લાખ રૂપીયા આપ્યા. ૩૨૨

ततः कदाचिद्भोजराजः कालिदासं प्रति प्राह । सुकवे त्वमस्माकं चरमग्रंथं पठ । ततः क्रुद्धो राजानं विनिंद्य कालिदासः क्षणेन तं देशं त्यक्त्वा विलासवत्या सह एकशिलानगरं प्राप । ततः कालिदासवियोगेन शोकाकुलस्तं कालिदासं मृगयितुं राजा कापालिकवेषं धृत्वा क्रमेण एकशिलानगरं प्राप । ततः कालिदासो योगिनं दृष्ट्वा तं सामपूर्वं पप्रच्छ । योगिन् कुत्र तेस्ति स्थितिरिति । योगी वदति सुकवे अस्माकं धारानगरे वसतिरिति । ततः कविराह । तत्र भोजः कुशली किम् । ततो योगी प्राह । किं मया च वक्तव्यमिति : ततः कविराह । तत्रातिशयवार्त्तास्ति चेत्सत्यं कथयेति । तदा योगी प्राह । भोजो दिवं गत इति । ततः कविर्भूमौ निपत्य प्रलपति । देव त्वां विनास्माकं क्षणमपि भूमौ न स्थितिः । अतस्त्वत्समीपमहमागच्छामि इति कालिदासः बहुशो विलप्य चरमश्लोकंकृतवान् ॥

પછી એક સમયે શ્રીભોજરાજ કાલિદાસને કહેવા લાગ્યા કે હે સુકવિ મ્હારા અંત સમયનું વર્ણન કહો જે સાંભળી ક્રોધાયમાન થઇ રાજાની નિંદા કરતા કવિ કાલિદાસ એક ક્ષણમાત્રમાં તે દેશનો ત્યાગ કરી વિલાસવતીની સાથે એકશિલા નામની નગરીમાં ગયા પછી કાલિદાસના વિયોગથી શોકાતુર થયેલા ભોજરાજ તે મહા કવિને શોધવાને માટે યોગિનું રૂપ ધારણ કરી આસ્તે આસ્તે એકશિલા નગરીમાં ગયા. યોગિને જોઇ વિનયથી કવિ પુછવા લાગ્યા કે હે મ્હારાજ આપ કયાંના રહીશ છો ? યોગિ બોલ્યા કવિવર અમારૂ રહેવાનું ધારાનગરીમાં છે તે સાંભળતાં કાલિદાસે રાજાના કુશળ સમાચાર પુછયા ત્યારે યોગિ બોલ્યા અરે તે વિશે હું આપને શું કહું ! ઉત્તર સાંભળી અધીરાઇથી કવિ કહેવા લાગ્યા કે હે મહારાજ જે કાંઇ નવીન હોય તે મ્હને સત્વર કહો ત્યારે યોગિએ કહ્યું કે મ્હારાજ ભોજરાજ સ્વર્ગવાસી થયા છે તે સાંભળતાંજ કાલિદાસ અસ્વસ્થ થઈ પૃથ્વીપર પડ્યા અને વિલાપ કરવા લાગ્યા કે હે દેવ ત્હમારા વિયોગે અમારાથી એક ક્ષણ પણ હવે કેમ રહેવાશે માટે હું પણ હવે આ સંસારનો ત્યાગ કરી આપનીજ સમીપ આવુંછું એમ બોલતાં બોલતાં છેવટનો એક શ્લોક ત્હેમણે રચ્યો-

अद्य धारा निराधारा निरालंबा सरस्वती ॥
पंडिताः खंडिताः सर्वे भोजराजे दिवंगते ॥२२३॥

આજ ભોજરાજના સ્વર્ગવાસથી ધારાનગરી તેમજ સરસ્વતિ દેવી નીરાધાર અને નિરાશ્રિત થઇ ગયાં છે અને સકલ પંડીત અને કવિ વર્ગ ખંડીત થઈ ગયા છે.

एवं यदा कविना चरणश्लोक उक्तस्तदैव स योगी भूतले विसंज्ञः पपात। ततः कालिदासस्तथा तं समवलोक्य अयं भोज एवेति निश्चित्य अहह महाराज तत्रभवताहं वंचितोस्मीत्यभिधाय झटिति तं श्लोकं प्रकारांतरेण पपाठ ॥

ઉપર પ્રમાણેનો છેવટનો શ્લોક કવિ બોલી રહ્યા કે તરતજ તે યોગિ બેભાન થઈ પૃથ્વીપર પડ્યા. આ બનાવથી તે યોગિનો વેશ ધારણ કરનાર ભોજરાજા છે તે સમજી કાલિદાસ કહેવા લાગ્યા કે હે મ્હારાજ હે શ્રી ભોજરાજા આ અત્યંત ખેદની વાત છે કે આપે મ્હને શરૂઆતમાં છેતર્યો એમ કહી પ્રથમે બોલેલા શ્લોકનો બીજો અર્થ કરી બતાવ્યો કે–

अद्य धारा सदाधारा सदालंबा सरस्वती ॥
पंडिता मंडितास्सर्वे भोजराजे भुवंगते ॥३२४॥

આજે ધારાનગરી શ્રેષ્ઠ આધારવાળી થઈ ગઈ અને દેવી સરસ્વતિને પણ સારો આશ્રય મળ્યો અને સર્વ પંડીત અને વિદ્વાનો પણ અલંકાર યુક્ત જણાવા લાગ્યા. આ સર્વ શ્રીમાન ભોજરાજાના પૃથ્વીપર વિરાજમાન થવાના પ્રતાપ છે.

ततो भोजस्तमालिंग्य प्रणम्य धारानगरं प्रति ययौ ॥

પછી શ્રી ભોજરાજ કવિ કાલિદાસને નમસ્કાર કરી ધારાનગરીમાં આવ્યા.

शैले शैलनिनिश्चलं च हृदयं मुंजस्य तस्मिन्क्षणे ।
भोजे जीवति हर्षसंचयसुधाधारांबुधौ मज्जति ॥
स्त्रीभिः शीलवतीभिरेव सहसा कर्तुं तपस्सत्वरे ।
मुंज मुंचति राज्यभारमभजत्त्यागैश्च भोगैर्नृपः ३२५

इति श्रीबल्लालपण्डितविरचितः श्रीमन्महाराजाधिराजस्य धारानगराधीश्वरस्य भोजराजस्य प्रबंधः समाप्तिमफाणीत् ॥

ઉપર પ્રમાણેના શ્રી ભોજરાજ જેમને ત્હેમના કાકા શ્રી મુંજરાજાએ મારાઓ પાસે મારી નંખાવવાને મોકલ્યા હતા. અને જે કાળે કરી બચી ગયા હતા અને જેના મોતના પંજામાંથી થયેલા બચાવના સમાચાર અંતે મુંજરાજને ઘણુજ આનંદમય થયા હતા તે ભોજરાજ જયારે ત્હેમના કાકા મુંજરાજ દ્રઢ નિશ્ચય કરી પોતાની શીલવતી રાણીઓ સાથે રાજ્યભારનો ત્યાગ કરી પર્વત-પર તપ કરવાને ગયા ત્યારે પૃથ્વીપર પોતાનું દાનયુકત અને પુણ્યશીલ રાજ કરવા લાગ્યા.

समाप्त.